# આગમજ્યોત



## આગમ જ્ઞાનીની મહત્તા

**सेवेयव्वा सिद्धांत–**
**जाणगा भत्तिणिब्भरमणेहिं ।**
**सोयव्वं णियमेणं,**
**तेसिं, वयणं च आयरियं**

ગુણાનુરાગ ભર્યા આંતરિક ઉલ્લાસવાળા વલણથી આગમના જાણકારોની ઉપાસના કરવી જોઈએ.

અને આત્મહિત કરનારૂં તેઓનું વચન અવશ્ય સાંભળવું જોઈએ.

શ્રીઉપદેશપદ

વર્ષ ૫ પુસ્તક ૫
વિ. સં. ૨૦૨૬

ઉસરે

— પ્રકાશક —
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
કપડવંજ [જિ. ખેડા]

# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે તાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપૂર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય ઉપાશ્રય જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

કોઈ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમા એ થાય છે. ચતુર્વિધશ્રી સંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ સાધ્વીજી, જ્ઞાન ભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિ ને વિના મૂલ્યે મોકલાય છે.

ધર્મપ્રેમીઓને સ્થાઇ કોશમાં ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
શ્રી આગમો. ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઇ શાહ
કાપડ બજાર
Po. કપડવંજ (જી. ખેડા)

પ્રાપ્તિસ્થાન :
'આગમ જ્યોત' કાર્યાલય
કીર્તિકુમાર એફ. શાહ
દિલીપ નોવેલ્ટી સ્ટોર
પોસ્ટ–મહેસાણા [ઉ. ગુ.]

॥ श्रीवर्द्धमानस्वामिने नमः ॥

શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાળાનું

卐 તાત્ત્વિક પ્રકાશન 卐

આગમ સમ્રાટ્ બહુશ્રુત ગીતાર્થસાર્વભૌમ

ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક

## આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

( સાગરજી મહારાજ )ના

તાત્ત્વિક વ્યાખ્યાનોના સંકલનરૂપ

# આગમ જ્યોત

[ પંચમ વર્ષ ]

॥ आगमदर्पणे हि समस्तं जगद् भासते ॥

વીર નિ. સં ૨૪૯૭ | આગમોદ્ધારક સં. ૨૦

વિ. સં. ૨૦૨૭ | ઈ. સ. ૧૯૭૦




પાંચ રૂપિયા

( ગ્રાહક ન હોય તેમના માટે )

જિન કેવલી પૂરવધર વિરહે
ફણી સમ પંચમ કાળજી ।
તેહનું ઝેર નિવારણ મણિસમ
તુજ આગમ તુજ બિંબજી ॥

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
આગમોદ્ધારક ગ્રંથમાળા
કાપડ બજાર,
મુ. કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
આગમજ્યોત કાર્યાલય
વ્યવસ્થાપક :
કીર્તિકુમાર ફુલચંદ પટવા
દિલીપ નોવેલ્ટી સ્ટોર્સ
મુ. મહેસાણા (ઉ. ગુ.)

## ન...મ્ર...નિ...વે...દ.....ન

- આગમજ્યોત પ્રતિવર્ષ જ્ઞાનપંચમીએ (ચારે અંક ભેગા) પુસ્તકરૂપે પ્રકટ થાય છે.
- વાર્ષિક લવાજમ યોજના બંધ કરી છે. પૂ. સાધુ-સાધ્વીજી મ. અને જ્ઞાન ભંડારોને તથા યોગ્ય જિજ્ઞાસુઓને ભેટ અપાય છે
- સ્થાયી કોશમાં રૂ. ૧૦૧ કે તેથી વધુ રકમ લેવાય છે.
- ભેટ યોજનામાં ગમે તેટલી રકમ લેવાય છે.

મુદ્રક
શક્તિ પ્રિન્ટરી,
પોપટલાલ ગોકળદાસ ઠક્કર,
૬, સુરેન્દ્ર હાઉસ, ઘીકાંટા રોડ,
અમદાવાદ-૧.

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત
**પૂ. આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ**

# ☆ પ્રાસંગિક ☆

અનંત ઉપકારી વીતરાગ પરમાત્માની વાણી ખરેખર ભવ-વનમાં ભટકતા અજ્ઞાનમૂઢ પ્રાણીઓ માટે સચોટ માર્ગદર્શકરૂપ છે.

વિષમ કલિકાલમાં વીતરાગ પ્રભુની વાણીને બાલજીવો તત્ત્વ દૃષ્ટિનો વિકાસ કેળવી સમજી શકે, તેવા અર્થગંભીર પૂ. આગમોદ્ધારકશ્રીના વ્યાખ્યાનો હૃદયંગમ અને માર્મિક છે, એ વાત આબાલગોપાલ પ્રસિદ્ધ છે.

એટલે વાત્સલ્યસિંધુ, પરમતારક, પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતની અનુગ્રહભરી કરૂણા-દૃષ્ટિથી પરિપૂર્ણ મંગલ આશીર્વાદ-મય પ્રેરણા પામીને "આગમજ્યોત"ના સંપાદનનો ભાર તાડના ફળને હાથથી મેળવવાના કુબ્જ-વામન માનવની પ્રવૃત્તિની જેમ પરમ પુનિત દેવગુરુની અચિંત્ય શક્તિ બળે સ્વીકાર્યો.

ગત ચાર વર્ષમાં યથામતિ-યથાશક્તિ પૂ. આગમોદ્ધારકશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનો આદિની સામગ્રી અનેક પુણ્યશાળી મહાનુભાવો પાસેથી મેળવી વ્યવસ્થિતરૂપે સંકલના કરી ત્રૈમાસિકના છૂટક ચાર અંકો તરીકે રજુ કરી.

પૂ. આગમોદ્ધારકશ્રીના ટંકશાળી ચિરસ્થાયી સાહિત્ય પ્રતિ હાર્દિક મમતા દાખવનારા કેટલાક મુરબ્બી મહાનુભાવોની પુણ્ય સૂચનાથી ચારે અંક સળંગ ભેગા-એક પુસ્તકાકારરૂપે ગત વર્ષથી પ્રકટ થાય છે, તેમાં એકંદરે સંપાદન અને સામગ્રીની સંકલના વ્યવસ્થિતરૂપે થાય તેમ લાગે છે.

છતાં આ સંકલનામાં પૂ. આગમોદ્ધારકશ્રીના આશયથી વિરૂદ્ધ અગર પંચાંગી કે પરંપરાથી વિપરીત કંઇ થયું હોય તો તેની આલોચના સાથે મિથ્યાદુષ્કૃત માંગું છું.

આ સંપાદન કાર્યમાં પ્રત્યક્ષ–પરોક્ષ ઘણી પુણ્યશાળી વ્યક્તિઓનો સહકાર છે, તે બધા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું.

વીર નિ. સં. ૨૪૯૧
વિ. સં. ૨૦૨૭
આસો વ. ૮
ગુમાનજી જૈન ઉપાશ્રય
પ્રતાપગઢ (રાજ.)

લિ.
સંપાદક




મ....ન....ની....ય સુ....વા....ક્યો

- પાપનું તંત્ર પુણ્ય–કારભારીથી ચાલે છે.
- કર્મ રાજાનો મોહ અધિકારી પાંચમી કતારનો મુખ્ય સભ્ય છે. દરેક રૂપ–રંગ કરીને જીવને પાછો પાડવો એજ એનું કામ!
- પાપને હઠાવવામાં પુણ્ય મદદગાર છે, પુણ્યને પડખે લીધું પછી પાપ કદી નુકશાન ન કરે.

—પૂ૦ આગમોદ્ધારકશ્રી

# પ્રકાશક તરફથી.....

દેવગુરૂકૃપાએ અમારી ગ્રંથમાળાના કાયમી સંભારણારૂપ **'આગમ જ્યોત'**ના પ્રકાશનનું પાંચમું પુસ્તક સુજ્ઞ જિજ્ઞાસુ તત્ત્વપ્રેમી વાંચકોના કરકમલમાં રજુ કરતાં ખૂબ આનંદ થાય છે.

વિ. સં. ૨૦૧૦ માં શાસ્ત્રૈદંપર્યબોધક, મૂળી નરેશ પ્રતિબોધક, વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મ.શ્રીના ચાતુર્માસમાં પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય **શ્રી સૂર્યોદયસાગરજી** મ.શ્રીની મંગળ પ્રેરણાથી અમારી ગ્રંથમાળાનો પાયો નંખાયો.

ત્યાર પછી પૂ. આગમોદ્ધારકશ્રીની નાની–મોટી તમામ કૃતિઓનું લગભગ પ્રકાશન પૂ ગચ્છાધિપતિશ્રીની દેખરેખ તળે અમારી ગ્રંથમાળા હસ્તક થયું.

વિ. સં. ૨૦૨૨ ના ચાતુર્માસમાં પૂ. આગમોદ્ધારકશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનોના પ્રકાશનની યોજનાના વિચારમાંથી **'આગમ જ્યોત'**નો ઉદ્ભવ થયો.

પ્રારંભમાં ત્રૈમાસિકરૂપે **'આગમ જ્યોત'**નું પ્રકાશન શરૂ કરેલ અને તેના માહ, વૈશાખ, શ્રાવણ અને કાર્તિક માસની સુદ પાંચમે પ્રગટ થતા ચાર અંકોમાં પૂ. આગમોદ્ધારકશ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનો, માર્મિક લેખો, ગહન કૃતિઓ, ટંકશાળી પ્રશ્નોત્તરો આદિ વિવિધ રસમય સામગ્રી આપવામાં આવતી.

પણ તાત્ત્વિક વ્યાખ્યાનોની ગ્રાહકતા ઓછી હોઈ ચાર વર્ષના અનુભવમાં **'આગમ જ્યોત'**ના છૂટક અંકોની આશાતના થતી જોઈ વર્ષની આખરે જ્ઞાનપંચમીએ ૪૦ ફર્માનું એક પુસ્તક જ (ચારે અંકો ભેગા બાંધીને) સુજ્ઞ વાંચકો સમક્ષ રજુ કરવામાં (ચોથા વર્ષથી) વધુ લાભ જણાયાથી આ વર્ષનું પણ એક સળંગ પુસ્તક રજુ કરી રહ્યા છીએ.

આ રીતે પ્રતિ વર્ષ જ્ઞાન પંચમીએ 'આગમ જ્યોત' પ્રકાશિત થશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

વાર્ષિક લવાજમ તરીકે પાંચ રૂપિયાની યોજના પણ બંધ કરી ગ્રાહકના બદલે પૂ. સાધુ-સાધ્વીજી, જ્ઞાન ભંડારો અને વિશિષ્ટ જિજ્ઞાસુ તત્ત્વરૂચિવાળા ગૃહસ્થોને ભેટ મોકલવાની યોજના વિચારી છે.

'આગમ જ્યોત'ના પ્રકાશન માટે મમતા ધરાવનારા સ્થાયી કોશ અને ભેટ યોજનામાં લાભ લેવા શ્રી સંઘોને અને ગૃહસ્થોને પ્રેરણા આપનારા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતની કૃપા દૃષ્ટિના અમે આભારી છીએ.

એકંદરે પ્રસ્તુત પ્રકાશનમાં ચતુર્વિધ શ્રી સંઘનો હાર્દિક સહકાર મળી રહ્યો છે, તે ખરેખર અમારા તાત્ત્વિક પ્રકાશનને ગૌરવ આપનાર છે.

વધુમાં અમારા કાર્યને મંગલ આશીર્વાદ તેમજ નિશ્રા-છત્ર છાયા દ્વારા અનેકવિધ સરળતા કરી આપનાર, મૂળીનરેશ પ્રતિબોધક પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટધર, વાત્સલ્યસિંધુ પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત, બહુમૂલ્ય વ્યાખ્યાનો આદિ સામગ્રીનો બહોળો સંગ્રહ આપી કૃતાર્થ કાર્ય કરનાર શાસનપ્રભાવક પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ., તથા વિવિધ સામગ્રી આપી પ્રકાશનને સમૃદ્ધ બનાવવા તત્પર ધર્મસ્નેહી પૂ. મુનિ શ્રી ગુણસાગરજી મ., મહત્ત્વના સૂચનો પૂ. આગમોદ્ધારકશ્રીની હ૦ લિ૦ અપ્રાપ્ય સામગ્રી વગેરે આપનાર પૂ. ધર્મસ્નેહી ગણિવર્ય શ્રી કંચનસાગરજી મ., પ્રકાશનને સર્વાંગ સુંદર બનાવવામાં પૂર્ણ કાળજી સેવનાર તથા આર્થિક સહયોગમાં સર્વાધિક પ્રેરણા આપનાર પૂ. ગણિવર્ય લબ્ધિસાગરજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રી સૂર્યોદયસાગરજી મ., તથા સંપાદન સંબંધી બધી જવાબદારી ઉઠાવનાર પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટવિનેય, શ્રી

સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક, સ્વ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિવર્યના શિષ્યરત્ન તપોમૂર્તિ, શાસનસંરક્ષક, સંઘસમાધિતત્પર, પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ના પૂ. શિષ્ય મુનિ શ્રી અભયસાગરજી મ. ગણી તથા પૂ. મહારાજ શ્રી હસ્તક સંપાદક કાર્યમાં વિવિધ રીતે ઉપયોગી થનાર પૂ. મુનિશ્રી અશોકસાગરજી મ૦, પૂ. મુનિશ્રી નિરૂપમસાગરજી મ., પૂ. મુનિશ્રી કલ્યાણસાગરજી મ. તથા પૂ. મુનિશ્રી રવીન્દ્રસાગરજી મ. આદિની ધર્મ સ્નેહભરી કૃપાદૃષ્ટિ બદલ અમે અમારી જાતને ગૌરવવંતી માનીએ છીએ.

દરેક કાર્યોમાં તનતોડ પરિશ્રમ-નિઃસ્વાર્થપણે મૂક સેવા આપી સારાભાઈ શેઠની ગેરહાજરી ન જણાય તેવું ધર્મસ્નેહભર્યું લાગણીપૂર્ણ વર્તન દાખવનાર એકંદર "આગમ જ્યોત" ના સુંદર પ્રકાશન માટે અહર્નિશ કાળજી અને લાગણી ધરાવનાર શ્રી બાબુલાલ કેશવલાલ શાહ, ચાણસ્માવાળા (૧૧, નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ)ના ધર્મપ્રેમની અનુમોદના જેટલી કરીએ તેટલી ઓછી છે.

આ ઉપરાંત શેઠ શ્રી લાલભાઈ એલ. પરીખ C. A. અમદાવાદ અને "આગમ જ્યોત"ના સ્થાયી કોષની યોજનાને મૂર્તસ્વરૂપ આપવામાં ખૂબજ સક્રિય ફાળો નોંધાવનાર શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાન મંદિર અને જૈન ધાર્મિક પાઠશાળાના માનદ્ શિક્ષક શ્રીયુત હરગોવનદાસ સંપ્રીતચંદ શાહના ધર્મપ્રેમની પણ નોંધ આ સ્થળે લેવી જરૂરી છે.

વળી "આગમ જ્યોત"નું નિઃસ્વાર્થપણે લાગણીથી વ્યવસ્થા તંત્ર સંભાળી હાર્દિક ધર્મપ્રેમ સૂચવનાર 'શ્રી આગમ જ્યોત કાર્યાલય', મહેસાણાના સંચાલક શ્રી કીર્તિકુમાર ફુલચંદ પટવા (દિલીપ નોવેલ્ટી સ્ટોર), મહેસાણા, તેમને સહયોગ આપનાર શ્રી સેવંતીભાઇ શાન્તિભાઇ શાહ બોરૂવાળાના

ધર્મપ્રેમની તથા આગમ જ્યોત શાખા કાર્યાલય ચાણસ્માના કાર્યકર શ્રી અશોકકુમાર મફતલાલ શાહ તથા કીર્તિકુમાર એસ. શાહના લાગણીભર્યા સહકારની વારંવાર અનુમોદના કરી કૃતાર્થતા અનુભવીએ છીએ.

આ વખતે સંયોગાનુસાર ૩૨ ફરમાનું જ પ્રકાશન કરવા પામ્યા છીએ. સર્વાંગ સુંદર પ્રકાશન કરવામાં યોગ્ય સહકાર આપનાર શ્રી શક્તિ પ્રિન્ટરીના માલિક ઠક્કર પોપટલાલ ગોકળદાસ, તથા સુંદર ટાઇટલ પેજ છાપનાર દીપક પ્રિન્ટરીનો તદ્ઉપરાંત અમારા પ્રકાશન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર દરેક પુણ્યશાળી મહાનુભાવોના ધર્મ સ્નેહની હાર્દિક અનુમોદના કરીએ છીએ, અને ભૂરિ ભૂરિ અનુમોદના કરી કૃતાર્થતા અનુભવીએ છીએ.

છેવટે પ્રસ્તુત પ્રકાશનમાં જાણ્યે-અજાણ્યે મતિમંદતાથી કે ક્ષયોપશમની વિચિત્રતાથી જિનાજ્ઞા, પરંપરાથી કે પૂ. આગમોદ્ધારક શ્રીના આશયથી વિરૂદ્ધ કંઇ થયું હોય તે સંબંધી ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિ....ચ્છા....મિ....દુ....ક્કડં માંગવા સાથે સુજ્ઞ વિવેકી તત્ત્વરૂચિ પુણ્યાત્માઓ આ પ્રકાશનમાં પૂ. આગમોદ્ધારકશ્રીની તત્ત્વનિષ્ઠાભરી શૈલીથી રજૂ કરાએલ સામગ્રીનો સદ્-ઉપયોગ ગુરૂનિશ્રાએ પોતાનું જીવન સ્વપર કલ્યાણકારી બનો એ હાર્દિક કામના.

કાપડ બજાર,
મુ. કપડવંજ (જિ. ખેડા)
વીર નિ. સં. ૨૪૯૭
વિ. સં. ૨૦૨૬
આસો વદ ૮

વિનીત
સંઘ સેવક
રમણલાલ જેચંદભાઈ શાહ
કાર્યવાહક
શ્રી આગમોદ્ધારક જૈનગ્રંથમાળા

# કહેવા જોગું

પરમ તારક શ્રી જિન શાસનની પ્રાપ્તિ થયા પછી જ્ઞાની ગુરૂની નિશ્રાએ યથાયોગ્ય તેની આરાધના કરી પોતાના જીવનને આરાધક ભાવમાં યથાયોગ્ય રીતે ઢાળી બીજા મુમુક્ષુ જીવોને યથાયોગ્ય રૂપે જિનશાસનનો યથાર્થ પરિચય મેળવે તેવો પ્રયત્ન કરવાની ફરજ પ્રત્યેક આરાધક પુણ્યાત્માની જ્ઞાનીઓએ દર્શાવી છે.

આ રીતે વીતરાગ પ્રભુની વાણીનું પંચવિધ સ્વાધ્યાયના મુખ્ય અંગ વાચના આદિ દ્વારા ભવ્યજીવોના હૈયામાં સાનુબંધ સ્થાપન કરવાનું પુનિત કાર્ય શ્રમણ ભગવંતો યથોચિતપણે કરતા હોય છે.

આજે આગમોનો અણમોલ વારસો તીર્થંકર-ભગવંતો પાસેથી આ રીતે અવિચ્છિન્નપણે ચાલ્યો આવે છે. પણ કાળબળે સંસ્કૃત-પ્રાકૃત ભાષાની જાણકારીની દુર્લભતા અને શક્તિ-ક્ષયોપશમ મહાશયી આગમિકપઠન-પાઠનની વિરલતા થતી હોઈ આગમોની છણાવટપૂર્વકની વિવેચનવાળા વ્યાખ્યાનોની મહત્તા આબાલગોપાલ થવા માંડી તેમાંથી ક્રમેક્રમે ઓછું ભણેલા સાધુ-સાધ્વીઓ અને સંસારની જંજાળમાં ફસાયેલ શ્રાવક-શ્રાવિકાઓને થોડા સમયમાં પ્રભુવાણીની હિતકરતાનો સચોટ પરિચય મળી રહે તેવા આગમિક વ્યાખ્યાનો લિપિબદ્ધ થઈ પ્રકાશિત કરવાની યોજના પરમતારક પૂ. આગમોદ્ધારકશ્રીની નિશ્રામાં વિ. સં. ૧૯૮૮થી "સિદ્ધચક્ર" પાક્ષિક રૂપે જિજ્ઞાસુ ભાવિકજનોના આગ્રહથી ચતુર્વિધ સંઘના લાભાર્થે અસ્તિત્વમાં આવી.

તેમાંથી ધીમે ધીમે આગમિક વ્યાખ્યાનોનો અપૂર્વ સંગ્રહ જુદા જુદા પુસ્તકાકારે પણ પૂ. આગમોદ્ધારકશ્રીની હયાતીમાં જ પ્રકટ થયેલ.

પૂ. આગમોદ્ધારકશ્રીના વ્યાખ્યાનો લિપિબદ્ધ થયેલા હજી પણ સેંકડોની સંખ્યામાં બાકી હતા.

તેથી વિ. સં. ૨૦૨૧ના ચાતુર્માસમાં પૂ. વાત્સલ્યસિંધુ તારક-વર્ય ગચ્છાધિપતિની નિશ્રામાં પૂ. આગમોદ્ધારકશ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનો તેમજ બીજી પણ તેઓશ્રીની અપૂર્વ શ્રુત ઉપાસનાનો પરિચય આપનારી નાની-મોટી કૃતિઓના સંગ્રહ રૂપે દર ત્રણ મહિને "આગમ જ્યોત" નામે ૮૦ પાનાનું નાનું પુસ્તક તૈયાર કરવાની યોજના વિચારાઈ અને તેના સંપાદનની સેવાનો લાભ આ પંક્તિના લેખકને મળ્યો.

યથાશક્તિ બનતી કાળજી રાખી પૂ. આગમોદ્ધારકશ્રીના આશયને જરા પણ આંચ આવવા દીધા વિના બનતા પ્રયત્ને અક્ષરશઃ (માત્ર વ્યવસ્થિત સંપાદન કરવા સાથે) પૂ. આગમોદ્ધારકશ્રીના પ્રવચનો વગેરે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

રસાયનની જેમ તાત્ત્વિક વાતો બધાને સુગ્રાહ્ય કે સુવાચ્ય ન બને તેથી ત્રણ વર્ષના અનુભવ પછી છેલ્લા બે વર્ષથી દર ત્રણ મહિને પ્રકટ થતા (ક્રમ-પદ્ધતિને જરા પણ ફેરવ્યા વિના) ચારે પુસ્તકો ભેગા બાંધીને પુસ્તક રૂપે જ વર્ષના અંતે જ્ઞાનપંચમી લગભગ ચતુર્વિધ શ્રીસંઘના કરકમળમાં રજૂ કરવાનું યોગ્ય ધાર્યું છે.

દેવગુરુકૃપાએ આગમિક પદાર્થોથી ભરપૂર આ સંપાદન યથાશક્તિ વ્યવસ્થિતપણે કરવા કાળજી અને પ્રયત્ન ચાલુ છતાં છદ્મસ્થ સુલભ ક્ષતિઓ બદલ સકલ સંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત દેવા સાથે આ સંપાદનમાં વિવિધ સામગ્રી આપી મારા ઉત્સાહને વધારનાર તેમજ વિવિધ સૂચનો આપી મારો માર્ગ સરળ બનાવનાર **પૂ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. પૂ. ગણિવર્ય શ્રી કંચનસાગરજી મ પૂ. ગણિવર્ય શ્રી સૂર્યોદયસાગરજી મ પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મ.** આદિ સઘળા મહાનુભાવોના ઉપકારનું કૃતજ્ઞતા ભાવે સ્મરણ કરી શ્રુત જ્ઞાનની અપૂર્વ ભક્તિ સમા આ સંપાદનથી થએલ નિર્જરાબળે મારો આત્મા શાસનની વફાદારી સાથે યોગ્ય આરાધના માર્ગે આગળ વધે તે કામના સાથે

આગમિક ગંભીર આ પુસ્તકના લખાણને ગુરૂગમથી વાંચી વિચારી પોતાનું આત્મશ્રેય ભવ્યાત્મા સાથે એ શુભ કામના સાથે વિરમું છું.

વીર નિ. સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬
ભા. વ. ૧૧ શુક્ર
ગુમાનજી જૈન મંદિર
જૈન ઉપાશ્રય
**પ્રતાપગઢ** (રાજસ્થાન)

વિનીત
શ્રમણસંઘ સેવક,
પૂ. ગુરુદેવ ઉપાધ્યાયશ્રી
**ધર્મસાગરજી મ.** ચરણોપાસક
**મુનિ અભયસાગર**

ટં...ક...શા...ળી...વ્યા...ખ્યા...યો...

**અગિયારમું ગુણસ્થાનક** =
**મોક્ષની સીડીનું લપસણું પગથિયું.**

**કર્મ** — સર્વ રીતે સાંસારિક રીતે અસાધ્ય વ્યાધિ.

**જન્મ** — વગર કબૂલાતે કબૂલ થયેલી ચીજ.

**જ્ઞાન** — જેમાં મોક્ષનું સાધ્ય હોય.

—**પૂ. આગમોદ્ધારકશ્રીના**
"પ્રશમરતિ" વ્યાખ્યાનોમાંથી

# આગમજ્યોત

## વર્ષ-૫
## પુસ્તક ૧-૨-૩-૪

# વિ....ષ....યા....નુ....ક્ર....મ

### પુસ્તક-૧
### પૃષ્ઠ ૧ થી ૮૦


**ધર્મ ઉપાદેય છે!** ૧ થી ૮૪

**આગમ રહસ્ય** ૫ થી ૮૦

| | પૃષ્ઠ |
|---|---|
| શ્રી નન્દિવર્ધનની માગણી કબુલ કેમ થઈ? | ૫ |
| શ્રી નન્દિવર્ધનની મનોદશા | ૫ |
| મહાવીર ભગવાનને બે વર્ષ રોકવામાં નિમિત્ત | ૬ |
| કુટુંબની કાકલુદી અન્ય મહાત્મા કેમ ન ગણે? | ૬ |
| ભગવાન મહાવીરની ગર્ભથી જ દીક્ષાની ધ્યેયતા | ૭ |
| ગૃહાવસ્થાની મુદતનો માર્મિક પ્રશ્ન | ૭ |
| માત્ર માતા-પિતાની હયાતી સુધીનો અભિગ્રહ કેમ? | ૮ |
| માતા-પિતાના સ્નેહથી અધિક કંઈ કારણ દીક્ષા રોધમાં છે? | ૮ |
| નંદિવર્ધનની મુદતનો તત્ત્વમાર્ગ | ૯ |
| બે વર્ષની મુદતના સ્વીકારવાની શરતો | ૧૦ |
| અભિગ્રહની મુદતના સ્વીકારનું રહસ્ય | ૧૧ |
| મહારાજા નન્દિવર્ધનની વિનંતી | ૧૨ |
| બે વર્ષનું ગૃહસ્થાવસ્થામાં સોપક્રમ મોહ કારણ કે? | ૧૩ |
| બે વર્ષ રહેવામાં અવધિનો ઉપયોગ | ૧૩ |
| ગર્ભાવસ્થાના અભિગ્રહ અને આ કબુલાતના કારણોનો ભેદ | |
| વિજ્ઞપ્તિ કબુલવાની યથાર્થતા | ૧૪ |
| તે અભિગ્રહ ઉપરથી જ્ઞાન | ૧૪ |
| ગર્ભાવસ્થાના અભિગ્રહ પહેલાં દીક્ષાકાલને જાણવા નહિ કરેલો ઉપયોગ | ૧૫ |
| ભગવાન હરિભદ્રસૂરજીના અષ્ટકનું સમર્થન? | ૧૫ |
| માત્ર માતાપિતાના અંગેજ અભિગ્રહ કેમ? | ૧૬ |
| યુવકોને જરૂરી ચેતવણી | ૧૭ |
| બાલદીક્ષા એ તો યુવકોનું બહાનું જ છે. | ૧૭ |
| દીક્ષાર્થીની દયાની અક્ષતા | ૧૮ |

| | પૃષ્ઠ |
|---|---|
| ગૃહાવસ્થાનમાં કરેલી શરતોની ભીષણતા | ૧૯ |
| પ્રભુ મહાવીરના અભિગ્રહનું રહસ્ય | ૧૯ |
| પ્રભુ મહાવીરના અભિગ્રહનો મર્મ | ૨૦ |
| સ્નેહાધીનતાનો બળાત્કાર | ૨૧ |
| સંવચ્છરી દાનની ભૂમિકા | ૨૨ |
| લોકાંતિક દેવોનું આસનો ચાલવાનું કારણ | ૨૨ |
| મિથ્યાદૃષ્ટિ જીવને સ્વાભાવિક દુઃખવૈરાગ્ય | ૨૨ |
| સમ્યદગૃષ્ટિ જીવોને બાહ્ય સુખથી વૈરાગ્ય | ૨૩ |
| સંવેગાદિ ચિહ્નો સમ્યક્ત્વ સાથે નિયમિત કે નહિ ? | ૨૪ |
| કોઈ પણ ગતિ મેળવવાની અભિલાષાનો અભાવ | ૨૪ |
| સાધ્ય અને પ્રાપ્ય પદાર્થને અંગે | ૨૫ |
| મોક્ષ સિવાયને સાધ્ય તરીકે ન માનનાર સમકીતિ | ૨૫ |
| કેવલ પોતાના આત્માને બચાવનાર મૂક કેવલી જ થાય | ૨૬ |
| ગણધરપદને પામનાર જીવોની સ્થિતિ | ૨૬ |
| સ્વ, સંબંધી અને અન્યને તારવાની ભાવનાવાળા તીર્થંકરો | ૨૭ |
| જિનેશ્વરોને વીશ સ્થાનકની આરાધના જરૂરી કે જગદુદ્ધારની ભાવના | ૨૮ |
| શાસનશબ્દના અર્થનો ખુલાસો | ૨૮ |
| લોકાંતિક દેવોની મહત્તા | ૨૯ |
| લોકાંતિક દેવોની મહત્તાને અંગે ભગવાન ઉમાસ્વાતિ | ૩૦ |
| તત્વાર્થ ભાષ્યના વિચિત્ર પ્રયોગનો ખુલાસો | ૩૦ |
| જગત સમક્ષ જિનેશ્વરોની આદ્યસ્તુતિ કરનાર લોકાંતિકો | ૩૧ |
| લોકાંતિકની વ્યુત્પતિ | ૩૧ |
| લોકાંતિક દેવોનું નિયમનવાળું સમ્યક્ત્વ | ૩૧ |
| જગત તારણની લોકાન્તિક ભાવના | ૩૧ |
| તીર્થ પ્રવર્તાવવાની લોકાન્તિકોની લાગણી માટે શ્રીભદ્રબાહુસ્વામી | ૩૨ |
| લોકાન્તિકોની વિનંતી અને દાનનું પૂર્વાપરપણું છે ? | ૩૩ |
| સંવત્સરી દાનથી ભવ્યત્વની છાપ | ૩૩ |
| ભવ્યત્વનું જ્ઞાન કેવલીઓને જ | ૩૪ |
| સંવત્સરીદાનથી ભવ્યત્વની નિશ્ચિતતાથી તીર્થંકરોની પરોપકારિતા | ૩૪ |
| દાનગ્રહણથી તત્ત્વદર્શિતા | ૩૫ |
| સંવચ્છરીનું દાન ગ્રહણ કરવાથી ધર્મ વિષે ઉદ્યમ | ૩૫ |
| તત્ત્વદૃષ્ટિ કરતાં ધર્મોદ્યમની મુશ્કેલી | ૩૬ |

| | પૃષ્ઠ |
|---|---|
| ત્રિલોકનાથ તીર્થંકરોનું સંવચ્છરીદાન તે મહાદાન | ૩૬ |
| માગનારની ઇચ્છા પ્રમાણે સંપૂર્ણ દાન | ૩૭ |
| દાન મળ્યાથી તૃષ્ણાનો નાશ | ૩૭ |
| લાભથી લોભ વધે એવા કુદરતી નિયમનો નાશ | ૩૮ |
| સંવચ્છરી દાનને લેનારા માત્ર પુરુષો જ | ૩૯ |
| મહાદાન છતાં સંખ્યાનું નિયમિતમિતપણું | ૪૦ |
| ભગવાનના દાનમાં દેવતાઓનો પ્રભાવ | ૪૦ |
| ભગવાન તીર્થંકરોનું દાન અધિકરણ કેમ નહિ ? | ૪૧ |
| સંવત્સરીદાન દાનના દુશ્મનોએ કરેલું વિપરિણામ | ૪૧ |
| સંવત્સરીદાન માટે અઢળક ધનને લાવનારા | ૪૨ |
| ત્રિલોકનાથના સંવત્સરીદાનમાં પણ ન્યાયનું સ્થાન | ૪૨ |
| મંદિર અને મૂર્તિ કરાવનારને પણ ન્યાયની અગત્ય | ૪૩ |
| આરંભીના આરંભ કરતાં પણ ન્યાયની અધિક કિંમત | ૪૩ |
| અન્યાયવાળાની મલિનતાનો સિક્કો | ૪૩ |
| અન્યાયથી આવેલું પાછું આપવું એ જ ઔદાર્ય | ૪૩ |
| વ્યાપારના અન્યાયને ન રોકવામાં આવતો પ્રસંગ | ૪૪ |

| | પૃષ્ઠ |
|---|---|
| અન્યાયની સંભાવનાને પણ સુધારવાની જરૂર | ૪૪ |
| શ્રી સંઘને એકત્ર કરવાની ફલિતાર્થતા | ૪૫ |
| ભગવાન જિનેશ્વરોના પૂજનમાં અલ્પ પાપ અને અલ્પ આયુષ્ય કેમ ? | ૪૫ |
| યોગ્યતાવાળી લાંબી જિંદગીનું કારણ | ૪૬ |
| સુપાત્રદાનમાં પણ ન્યાયની અગ્રેસરતા | ૪૬ |
| સંવત્સરીદાન માટે લવાતું માલીકી વિનાનું ધન | ૪૬ |
| પરોપકારી અને શુભોદયવાળા દાનમાં પણ ન્યાયની ઉત્તમ કોટી | ૪૭ |
| ભગવાન જિનેશ્વરોના રાજ્યકાલ અને રાજ્યાર્પણકાલમાં પણ પરોપકારિતા | ૪૮ |
| ઋષભદત્તને ઘેરે સુવર્ણાદિની વૃદ્ધિ કેમ નહિ ? | ૪૮ |
| ભગવાન મહાવીરના આગમનથી સુવર્ણાદિની વૃદ્ધિ | ૪૮ |
| શ્રી સિદ્ધાર્થનું મહારાજાપણું | ૪૯ |
| ભગવાન મહાવીર મહારાજાનો રાજ્યત્યાગ | ૪૯ |
| ક્ષત્રિયકુંડના સ્થાન ઉપરથી શ્રીમહારાજપણાની દૃષ્ટિ | ૪૯ |
| ગર્ભસંહરણ વખતે જ ઇન્દ્રે કરેલ રાજવીનો વિચાર | ૪૯ |
| મહારાજ સિદ્ધાર્થને સૂત્રકારોએ ક્ષત્રિય ઉપનામે કેમ કહ્યા ? | ૫૦ |

| | પૃષ્ઠ |
|---|---|
| જિનેશ્વરોની અધિક મુખ્યતા શાથી? | ૫૧ |
| વિદ્યમાન ગુણોના અકથન કરતાં અવિદ્યમાન ગુણોના કથનની ભય કરતા | ૫૧ |
| વિદ્યમાન રાજ્યની વૃદ્ધિમાં ગર્ભ-પ્રભાવ | ૫૨ |
| રાજ્યાદિ વૃદ્ધિદ્વારાએ પરોપ-કારીપણું | ૫૨ |
| ભગવાન ઋષભદેવજીની પણ દ્રવ્યથી પરોપકારિતા | ૫૩ |
| કોઈ કોઈ ગુણો કોઈ કોઈ તીર્થંકરમાં વધારે હોય ને કહેવાય તેથી અન્યનું અપ-માન નથી. | ૫૩ |
| ભાવ ઉપકાર કરનાર જિનેશ્વરો હોય તેમ દ્રવ્યોપકારી પણ હોય | ૫૪ |
| કલ્પનાના કોયડા ગોઠવનારને ચેતવણી | ૫૫ |
| યુગલિયાઓની આહારસ્થિતિ | ૫૫ |
| ભગવાનના વંશમાં શેલડીનો આહાર પણ શેષને કંદ વગેરે | ૫૬ |
| કાંદા પછી શાલિનો આહાર | ૫૬ |
| અગ્નિની વ્યવસ્થા બતાવવાથી જગદ્‌ઉદ્ધાર | ૫૬ |
| પ્રથમ વિવાહ ધર્મ ન હોવાનું કારણ | ૫૭ |
| વિવાહ ધર્મની શરૂઆત કરવામાં કુદરતનો હાથ | ૫૭ |
| નાભિરાજાની ઉત્તમતા પરાપૂર્વથી હતી. | ૫૮ |
| ભગવાન ઋષભદેવજીનો જન્મ પણ યુગ પલટાવાળો | ૫૮ |
| કુદરતે કરેલા વિવાહધર્મના કારણમાં સંકેતો | ૫૮ |
| સુનંદાને ભગવાનની પત્ની તરીકે કેમ લીધી? | ૫૯ |
| કુદરતે કરેલી વૈકારિક સ્થિતિની પરાવૃત્તિ | ૫૯ |
| સુનંદાને પત્ની તરીકે ભગવાને નથી લીધી | ૫૯ |
| સુનંદા માટે પુનર્લગ્ન કેમ ન માનવું? | ૬૦ |
| સુનંદાના ભગવાનની સાથેના લગ્નમાં દૈવી સંમતિ | ૬૦ |
| વચનથી આપેલી પણ ફેરવાય છે છતાં તે પુનર્લગ્ન તે નથી | |
| ચિરકાલ ભાઈ બ્હેન અને અન્ય કાલે પતિ પત્ની વ્યવહાર | ૬૧ |
| વિવાહ ધર્મથી નીતિ અને બ્રહ્મચર્ય | ૬૧ |
| વિવાહધર્મના અભાવે કુદરતનો કોયડો ઉકલત જ નહિ | ૬૧ |
| ઉપકારના ભેદો અને તેને અંગે સમજણ | ૬૨ |
| વિવાહ ધર્મના નિરુપક ભગવાન ઋષભદેવજી કેમ? | ૬૩ |
| વિવાહ ધર્મ આદિનું ક્વચિત્ સાવદ્યપણું | ૬૩ |

| | પૃષ્ઠ |
|---|---|
| ભગવાન જિનેશ્વરોને અનુબંધે સાવદ્ય ન હોય | ૬૪ |
| દેવ અને ભૂપપણાની લક્ષ્મી છતાં વૈરાગ્ય | ૬૪ |
| વીતરાગ શબ્દથી તીર્થંકરો જ કેમ લેવા? | ૬૪ |
| દેવભવમાં પણ ભગવાનની નિર્લેપતા | ૬૫ |
| જિનનામ નિકાચિત કરનાર તિર્યંચ કેમ ન થાય? | ૬૫ |
| જિનનામ નિકાચિત કરનારને ત્રણ જ ભવ | ૬૫ |
| ભગવાનના ભવમાં પણ દેવ-લક્ષ્મીના ભોગમાં વૈરાગ્ય | ૬૬ |
| રાજ્ય સમૃદ્ધિમાં પણ વૈરાગ્ય | ૬૬ |
| જિનેશ્વર ભગવાને ક્ષપક શ્રેણિ પહેલાં પણ સમકિત ક્ષાયિક જેવું જ હોય | ૬૭ |
| આમાં ભગવાનનું અનુકરણ ન લેવાનું કારણ. | ૬૭ |
| ભગવાન જિનેશ્વરો પણ આરાધક ભાવે | ૬૮ |
| આરાધ્યપણાની સાથે આરાધકતાનો વિરોધ નથી | ૬૮ |
| ભગવાન જિનેશ્વરોના આરાધકપણાને જણાવનાર સૂત્ર | ૬૯ |
| ભગવાન જિનેશ્વરોની આરાધકતા | ૬૯ |
| ભગવાન જિનેશ્વરોને આરાધક કેમ નથી માનતા? | ૭૦ |
| વિવાહ ધર્માદિ પણ દ્રવ્ય ઉપકાર | ૭૧ |
| પ્રભુ ઋષભદેવની પરોપકારિતા | ૭૧ |
| થયેલા અને કરેલા રાજામાં ફરક | ૭૧ |
| લક્ષ્મીની આવક કે લક્ષ્મીનો ઉપયોગ | ૭૨ |
| શમશેરની જરૂર ક્યાં? | ૭૨ |
| દુષ્ટ અને શિષ્ટની વ્યાખ્યાનો ફરક | ૭૨ |
| સારા-ખોટા રાજાઓની રીતભાતો | ૭૪ |
| ભગવાન ઋષભદેવજી કુલકર હતા કે? | ૭૫ |
| રાજ્યકાલ પહેલાની યુગલીઆઓની નૈતિક સ્થિતિ | ૭૫ |
| હાકારની નીતિના ઉત્પાદક | ૭૬ |
| માકારની નીતિની જરૂર | ૭૬ |
| ધિક્કારની નીતિની જરૂર કેમ પડી? | ૭૭ |
| રૂપ-રસાદિ ઉપર અવસર્પિણીનો પ્રભાવ | ૭૮ |
| ક્ષાયોપશમિકાદિ ભાવ ઉપર અવસર્પિણીના પ્રભાવનો અભાવ | ૭૮ |
| સર્વકાલે કેવલજ્ઞાનની સર્વદા સરખાવટ | ૭૮ |
| કેવલમાં ભવિષ્યના જ્ઞાનનું અધિક ન્યૂનપણું કેમ નહિ? | ૭૯ |
| ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ઉપર પણ કાલનો પ્રભાવ નથી | ૭૯ |
| શાસન અને જ્ઞાનની ઉત્પત્તિને ઉદ્યમની જરૂર | ૮૦ |
| ઝાંખા દીવાથી સારા દીવાનો દાખલો | ૮૦ |
| દુષમા કાલને લીધે હાનિ કેમ કહેવાય છે? | ૮૦ |

## પુસ્તક-૨
## પૃષ્ઠ ૮૧ થી ૧૬૦

### સંસારનું ઉપાદાન કારણ અવિરતિ ૮૧ થી ૯૪


| | પૃષ્ઠ |
|---|---|
| કર્મબંધનું કારણ શું ? | ૮૧ |
| છદ્મસ્થનું ચિહ્ન | ૮૨ |
| હિંસકપણું છતાં કર્મબંધનો નિયમ | ૮૪ |
| સર્વજ્ઞને હિંસા કેમ ? | ૮૫ |
| કર્મનો બંધક કોણ ? | ૮૫ |
| અહિંસા અને સંયમનો ભેદ | ૮૫ |
| જયણા-અજયણાની વિચારણા | ૮૬ |
| કષાય રહિતને છતી પ્રવૃત્તિ | ૮૭ |
| એ કર્મબંધ ન થાય તેવો સિદ્ધાંત | ૮૭ |
| મિથ્યાત્વને કષાય તે પાપના કારણો નહિં ? | ૮૭ |
| સંસારના કારણ તરીકે એકલી અવિરતિ કેમ ? | ૮૮ |
| અસંજમનું પ્રતિક્રમણ એકદેશીય કેમ નહિં ? | ૮૮ |
| મિથ્યાત્વ અને અજ્ઞાન ગૌણ કેમ ? | ૮૯ |
| અવિરતિથી મિથ્યાત્વ અને અજ્ઞાન કેમ લેવાય ? | ૯૦ |
| શાસ્ત્રોમાં સંયમની મહત્તા કેમ ? | ૯૩ |
| સંયમની શ્રદ્ધેયતા જ્ઞેયતા આદરણીયતા | ૯૩ |


## શ્રી આગમોદ્ધારક શ્રી વ્યાખ્યાન સંગ્રહ

શ્રી ષોડશક પ્રકરણનાં વ્યાખ્યાનો ૧ થી ૬-પા. ૯૫ થી ૧૫૬

### વ્યાખ્યાન-૧
### પૃષ્ઠ ૯૫ થી ૧૦૫


| | પૃષ્ઠ |
|---|---|
| સાંસારિક શક્તિઓમાં પ્રયત્નની જરૂર | ૯૫ |
| ક્ષાયો૦ અને ક્ષાયિક ભાવનું અંતર | ૯૬ |
| માધ્યમિક અવસ્થામાં ફેરફાર | ૯૬ |
| ક્ષાયોપશમિક ભાવ ઉપર કાચબાનું દૃષ્ટાન્ત | ૯૭ |
| કાચબાના દૃષ્ટાન્તનો ઉપસંહાર | ૯૮ |
| ક્ષાયો૦ ક્ષાયિક ભાવની ભેદરેખા | ૯૯ |
| ક્ષાયો૦ માં અનંત જાગૃતિની જરૂર | ૧૦૦ |

| | પૃષ્ઠ |
|---|---|
| ક્ષાયોપશમ ભાવ ટકાવવા જિનેશ્વરના ઉપદેશની જરૂર | ૧૦૧ |
| ઉત્તમ સામગ્રી મળી શાં રીતે ? | ૧૦૧ |
| આપકમાઉ શ્રેષ્ઠ પુત્રો | ૧૦૧ |
| સંજ્ઞી અસંજ્ઞીની વ્યાખ્યા | ૧૦૨ |
| સાચો સંજ્ઞી કોણ ? | ૧૦૨ |
| દૃષ્ટિવાદનું તત્ત્વ | ૧૦૨ |
| ભવિતવ્યતાનો ખોટો ભરોસો | ૧૦૩ |
| શાસન પ્રાપ્તિનો પરમાર્થ | ૧૦૩ |
| તીર્થ એટલે શું ? | ૧૦૪ |
| વચનની આરાધના એ ધર્મ કેમ ? | ૧૦૪ |
| સાપેક્ષ રીતે તીર્થંકર કરતાં પણ વચનની મહત્તા વધુ | ૧૦૪ |


## વ્યાખ્યાન-૨
## ૧૦૫ થી ૧૧૩


| | પૃષ્ઠ |
|---|---|
| શાસ્ત્રકારોનું ધ્યેય | ૧૦૫ |
| ધર્મ અઘરો કેમ ? | ૧૦૬ |
| પાપનો ભય ઔપચારિક | ૧૦૬ |
| સાપના દૃષ્ટાન્તે પાપની ભયંકરતા | ૧૦૬ |
| અર્થની મમતા | ૧૦૭ |
| મમત્વની વિશિષ્ટતા | ૧૦૭ |
| વિષયની વાસનાની સાહજિકતા | ૧૦૮ |
| જ્ઞાન સંજ્ઞા અને અનુભવ સંજ્ઞા | ૧૦૮ |
| અથકામનો ઉપદેશ એકાંત અનર્થકર | ૧૦૯ |
| આરંભ પરિગ્રહની પ્રવૃત્તિની વ્યાપકતા | ૧૦૯ |
| શાસ્ત્રકારોની ફરજ શી ? | ૧૧૦ |
| નારદવિદ્યા ઉપર સરસ દૃષ્ટાન્ત | ૧૧૦ |
| બડાઈની કળા અજમાવવી | ૧૧૦ |


## વ્યાખ્યાન-૩
## ૧૧૪ થી ૧૨૫


| | પૃષ્ઠ |
|---|---|
| અકામ નિર્જરાની મહત્તા | ૧૧૪ |
| વચન વ્યવહાર મનુષ્યપણામાંજ | ૧૧૪ |
| તીર્થંકરોની વાણીનું સર્વ ભાષારૂપ પરિણમન | ૧૧૫ |
| તીર્થંકરોની વાણી અનક્ષર ન હોય ! | ૧૧૬ |
| ગુરૂ એટલે ? | ૧૧૬ |
| ગણધરોની મહત્તા શાના અંગે ? | ૧૧૬ |

| | પૃષ્ઠ |
|---|---|
| ગણધરોનો ઉપકાર | ૧૧૭ |
| ગણધરોની મર્યાદા | ૧૧૭ |
| પ્રભુની વાણી તે અનક્ષરી હોય ? | ૧૧૮ |
| **વચનારાધયા૦**નો મર્મ | |
| ઈતર દર્શનીઓની દશા | ૧૧૮ |
| જૈન શાસનની વિશિષ્ટતા | ૧૧૯ |
| વચનની વિશેષતા | ૧૧૯ |
| તીર્થંકરપણું ક્યારે બંધાય ? | ૧૧૯ |
| તીર્થંકર નામકર્મની પૂર્વ ભૂમિકા | ૧૨૦ |
| તીર્થંકરના જીવની મનોદશા | ૧૨૦ |
| વચનદ્વારા પરહિતની શક્યતા | ૧૨૦ |
| તીર્થંકરપણાનું સ્વરૂપ શું ? | ૧૨૧ |
| છદ્મસ્થ છતાં મુનિ વ્યાખ્યાન કેમ આપે ? | ૧૨૧ |
| કેવળજ્ઞાન પૂર્વે તીર્થંકર ઉપદેશ કેમ ન આપે ? | ૧૨૨ |
| તીર્થંકરમાં દેવત્વ ક્યાંથી ? | ૧૨૨ |
| સ્વપ્નાવતરણ અપવાદમાં આશ્રયી છે. | ૧૨૩ |
| સંઘ ટ્રસ્ટી છે ! માલિક નહીં | ૧૨૩ |
| તીર્થંકરપણાનો ભોગ વિવિધ રીતે | ૧૨૩ |
| વચનના આધારે શાસન છે | ૧૨૩ |
| વચનની આરાધના–વિરાધનાનું રહસ્ય | ૧૨૪ |
| વચન એટલે શું ? | ૧૨૪ |
| જિનશાસનનું મુષ્ટિજ્ઞાન | ૧૨૪ |
| બિલ્લીને ગળે ઘંટ બાંધે કોણ ? | ૧૨૫ |
| વચનારાધના વિના આશ્રવ સમજાય નહીં | ૧૨૫ |


## વ્યાખ્યાન ૪
## ૧૨૬ થી ૧૩૫


| | પૃષ્ઠ |
|---|---|
| પારિભાષિક શબ્દોની ઓળખાણ જરૂરી | ૧૨૬ |
| પુદ્ગલ પરાવર્ત્ત એટલે ? | ૧૨૬ |
| અજ્ઞાનીઓની વિચિત્રતા | ૧૨૬ |
| અનાદિકાળની આપણી દશા | ૧૨૭ |
| નિગોદ સંબંધી કુતર્ક | ૧૨૭ |
| નિગોદના કુતર્કનો ખુલાસો | ૧૨૮ |
| અવ્યવહારાશિમાંથી નિકળ્યા શી રીતે ? | ૧૨૮ |
| ભવિતવ્યતાની પ્રબળતા | ૧૨૯ |
| બારમાં સુધી નિગોદના દરવાજા ખુલ્લા છે માટે સાવચેતીની જરૂર | ૧૨૯ |
| ઓઘો–મુહપત્તિ સારી એટલી મમતા પણ પાડે | ૧૩૦ |
| નિગોદ પછીની યોનિઓમાં ભ્રમણ કેવી રીતે ? | ૧૩૦ |
| અનાર્ય એટલે ? | ૧૩૧ |
| ભૌતિકવાદી જીવનમાં ધર્મ ક્યાં ? | ૧૩૧ |

| | પૃષ્ઠ |
|---|---|
| ધર્મ એટલે ? | ૧૩૨ |
| ધર્મની વ્યાખ્યામાં પાયાની ચીજ શી ? | ૧૩૩ |
| ચાર સામાયિકના ક્રમની માર્મિકતા | ૧૩૩ |
| જૈનેતરોમાં શ્રદ્ધામૂળક | ૧૩૩ |
| વિશ્વાસ છતાં પોકળદશા કેમ ? | ૧૩૩ |
| જૈનેતરોમાં વિવેકપૂર્વકની શ્રદ્ધા | ૧૩૪ |
| સ્વચ્છંદ પ્રવૃત્તિની અયોગ્યતા | ૧૩૪ |
| પોતાની પ્રધાનતા વિષે ડોશીનું દૃષ્ટાન્ત | ૧૩૫ |
| આજ્ઞા નિરપેક્ષ પ્રવૃત્તિ સારી છતાં અનુપાદેય | ૧૩૫ |


## વ્યાખ્યાન-૫

## ૧૩૫ થી ૧૪૭


| | પૃષ્ઠ |
|---|---|
| પુદ્‌ગલદૃષ્ટિ રખડપટ્ટીનું કારણ | ૧૩૫ |
| પૌદ્‌ગલિક પ્રેમની વ્યાપકતા | ૧૩૬ |
| 'હું' પ્રતીતિ છતાં આત્માનો ખ્યાલ જ નથી | ૧૩૬ |
| વાસનાના વ્હેણમાં 'હું' ભૂલાઈ ગયું | ૧૩૬ |
| આંખના દૃષ્ટાન્તે 'હું'ની વિસ્મૃતિનો સાર | ૧૩૭ |
| શ્રી આચારાંગ સૂત્રના નિર્દેશથી 'હું'ની વિચારણા | ૧૩૭ |
| અજ્ઞાતવાદીનો ભયંકર પ્રજ્ઞાપરાધ | ૧૩૭ |
| અજ્ઞાતવાદીનો વિચિત્ર કુતર્ક | ૧૩૮ |
| અજ્ઞાનવાદીના તર્કની પોકળ દશા | ૧૩૮ |
| અજ્ઞાન વિચિત્રવાદીની દલીલ | ૧૩૮ |
| બાળકના ઉદાહરણની વિચિત્ર રજુઆત | ૧૩૯ |
| વ્યાકરણ **અપાદાન** કારકની અવળી રજુઆત | ૧૩૯ |
| મહાવ્રતોની અજ્ઞાનવાદીની વિચિત્ર વ્યાખ્યા | ૧૪૦ |
| અજ્ઞાનવાદીના તર્કોનો ખુલાસો | ૧૪૦ |
| રાગદ્વેષનું કારણ જ્ઞાન નહીં, મમતા છે | ૧૪૧ |
| પચ્ચ૦ શા માટે ? | ૧૪૧ |
| અજ્ઞાનવાદીના મતની આલોચના | ૧૪૧ |
| અજ્ઞાનવાદીના મતનો મર્મ | ૧૪૨ |
| અજ્ઞાનવાદીનું એકાંગીપણું | ૧૪૨ |
| અજ્ઞાનવાદીના તર્કમાં પરસ્પર વિરોધ | ૧૪૨ |
| સમજણનો જેવો ઉપયોગ તેવું ફળ | ૧૪૩ |

| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| મતાગ્રહથી સત્યવાતની પણ વિકૃત રજુઆતનો ચિતાર | ૧૪૩ | શ્રી આચારાંગ સૂત્રના **અન્યતર** શબ્દનું રહસ્ય | ૧૪૫ |
| અજ્ઞાનવાદથી સન્માર્ગમાં રૂકાવટ | ૧૪૪ | પ્રાસાંગિક રીતે વક્રગતિનો વિચાર | ૧૪૬ |
| અનાદિકાલીન પ્રવૃત્તિમાં અજ્ઞાનવાદથી વધારો | ૧૪૪ | અન્યતર શબ્દથી ક્રિયાવાદીનું મહત્વ | ૧૪૬ |
| અજ્ઞાન વ્યવહારિક નથી વ્યવહાર જ્ઞાનથીજ ચાલે છે | ૧૪૪ | "હું"ને ઓળખવા શાસ્ત્ર વચનની જરૂર | ૧૪૬ |
| અજ્ઞાનવાદીના ઉપલક્ષણથી બીજા વિચાર | ૧૪૫ | | |

## વ્યાખ્યાન-૬
## ૧૪૭ થી ૧૫૬

| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| જીવને જન્મ-મરણ શી રીતે? | ૧૪૭ | શુકલપાક્ષિકનું સ્વરુપ | ૧૫૧ |
| જન્મ-મરણ અણસમજથી | ૧૪૭ | શુકલપાક્ષિક અને સમ્યક્ત્વમાં ઘણું અંતર છતાં નજીવું | ૧૫૨ |
| સૃષ્ટિવાદીઓએ ઈશ્વરના માથે જવાબદારી નાખી | ૧૪૮ | શુકલપાક્ષિકપણું યથાર્થ મોક્ષનું બીજ | ૧૫૩ |
| હકીકતમાં ઈશ્વરની આવી કલ્પના વ્યાજબી નથી | ૧૪૮ | શ્રદ્ધાની જરૂરિયાત | ૧૫૩ |
| ઈશ્વરની સૃષ્ટિ માનવામાં વિવિધ દોષો | ૧૪૯ | શ્રદ્ધા માટે શ્રવણ જરૂરી | ૧૫૩ |
| **કાર્યં કર્ત્રાયત્ત**નો પરમાર્થ | ૧૫૦ | જિનવચનની શ્રવણની રૂચિ પણ મહત્વની છે | ૧૫૪ |
| કારણ વગર કાર્ય ન થાય પણ કર્તા વગર તો થાય! | ૧૫૦ | ચરમાવર્ત્તની પ્રધાનતા | ૧૫૪ |
| ચિકીર્ષા પણ કારણ ક્યારે? | ૧૫૦ | મોક્ષની ઈચ્છા કાલાંતરે જવાની જ! | ૧૫૫ |
| હકીકતમાં કાર્ય ક્યારે થાય? | ૧૫૧ | જૈન અને જૈનેતરોની પાપની માન્યતા ભેદ | ૧૫૬ |
| શુકલપાક્ષિકની વ્યાખ્યા | ૧૫૧ | | |

**સાધુઓનું સંઘમાં સ્થાન** ૧૫૭
**સાચી ધાર્મિકતા** ૧૫૮
**શ્વેતાંબર જૈન આગમો અને દિગંબર આચાર્યો** ૧૫૯

## પુસ્તક-૩
## પૃ. ૧૬૧ થી ૨૧૪

**અજ્ઞાન કર્મબંધનું કારણ શી રીતે? ૧૬૧ થી ૧૭૪**


| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| મોક્ષનો માર્ગ અને સાધનમાં ફરક કેમ? | ૧૬૧ | સમ્યગ્દર્શનની જણાવાયેલી જરૂરિયાત | ૧૬૮ |
| સહભાવ કારણ કે સાધક કારણ? | ૧૬૨ | ગ્રંથિભેદ એટલે શું? | ૧૬૯ |
| જૈન સૂત્રોની રચના કોના માટે? | ૧૬૩ | આત્માનું સ્વરૂપ | ૧૭૦ |
| શિષ્યની જ યોગ્યતાએ દેશના | ૧૬૪ | ગુણોનો અભાવ જ કર્મનું કારણ | ૧૭૧ |
| દેશનાનો ક્રમ | ૧૬૫ | પ્રકૃતિ વિકૃતિપણાનો વિચાર | ૧૭૩ |
| આચાર અને જ્ઞાનની પ્રરૂપણા | ૧૬૭ | | |


**દીવાદાંડીનાં અજવાળાં ૧૭૫ થી ૨૧૪**

**(૧) લોકોત્તર દૃષ્ટિએ ધર્મનું મૂલ્ય ૧૭૬ થી ૧૯૯**


| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ધર્મનો સ્વતંત્રપણે ઉપયોગ કોણ કરી શકે? | ૧૭૬ | કર્મક્ષયના મુદ્દાની મહત્તા | ૧૮૫ |
| ધર્મ ઉપર માલિકી હક આત્માનો છે | ૧૭૭ | ધર્મ પણ નુકસાન કરે ખરો? | ૧૮૬ |
| વસ્તુની કિંમત જાણ્યાની મહત્તા | ૧૭૭ | રાગજન્ય ધર્મ મુશ્કેલીમાં મૂકી દે છે | ૧૮૭ |
| સારા-ખોટાનો વિવેક જરૂરી | ૧૭૮ | વ્યક્તિરાગ ભયંકર છે | ૧૮૭ |
| મિથ્યાત્વની ભયંકરતા | ૧૭૯ | સ્નેહ રાગથી ધર્મ અનર્થ કરે | ૧૮૮ |
| મિથ્યાત્વી સારો કે કીડી સારી? | ૧૭૯ | સ્નેહરાગ અગ્નિ જેવો છે! | ૧૮૯ |
| કીડીના દૃષ્ટાંતે પશુની મહત્તા | ૧૮૦ | રાગ-દ્વેષ મોક્ષ પણ અપાવે | ૧૮૯ |
| સમ્યક્ત્વની મહત્તા | ૧૮૧ | રાગ-દ્વેષથી મોક્ષ શી રીતે? | ૧૮૯ |
| સમકિતીની રખડપટ્ટી ન હોય | ૧૮૧ | શુદ્ધ દેવાદિના તીવ્ર રાગે તીવ્ર નિર્જરા | ૧૯૦ |
| સમકિતીનું લક્ષ્ય | ૧૮૨ | સામાયિક એટલે? | ૧૯૦ |
| ક્ષમાદિપાલન શા માટે? | ૧૮૩ | કર્મ તો ભયંકર શત્રુ છે | ૧૯૧ |
| ધર્મક્રિયાઓ શા માટે? | ૧૮૩ | જૈનો શત્રુ કોને કહે છે? | ૧૯૧ |
| કર્મક્ષયનું લક્ષ્ય જરૂરી છે | ૧૮૪ | પ્રશસ્તી રાગની મહત્તા | ૧૯૨ |
| વેપારીના દૃષ્ટાંતે લક્ષ્ય-જાગૃતિની કેળવણી | ૧૮૪ | પ્રશસ્ત રાગ-દ્વેષથી નિર્જરાનું સ્વરૂપ | ૧૯૨ |
| | | સ્નેહરાગથી સાવચેત રહેવાની જરૂર | ૧૯૨ |

| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ગુણાનુરાગ ક્યારેય કેવળ-જ્ઞાન ન રોકે | ૧૯૪ | કર્મક્ષયના લક્ષ્યની મહત્તા | ૧૯૬ |
| ગૌતમસ્વામીની વિશેષતા | ૧૯૪ | સમકિતીની દૃષ્ટિ | ૧૯૬ |
| ગૌતમસ્વામીની લબ્ધિનું રહસ્ય | ૧૯૫ | કર્મનિર્જરાના ધ્યેયનું મહત્ત્વ | ૧૯૭ |
| ગૌતમસ્વામીજીનો અનુતાપ | ૧૯૫ | સમ્યક્ત્વની ખબર | ૧૯૮ |

**(૨) સામાયિક આદિ ધાર્મિક ક્રિયાઓનું રહસ્ય ૨૦૦ થી ૨૧૪**

| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| અનુષ્ઠાનોનો ઉદ્દેશ | ૨૦૦ | મોક્ષના પગથીયા રૂપે દાનની મહત્તા | ૨૦૬ |
| પૂજાના પ્રકાર | ૨૦૧ | શીલ ધર્મનું મહત્ત્વ | ૨૦૭ |
| દ્રવ્યપૂજા અને ભાવપૂજાનું રહસ્ય | ૨૦૨ | પરિણામ શૂન્ય | ૨૦૮ |
| સામાયિક પહેલું કે પૂજા પહેલી? | ૨૦૩ | દાન દેવાની રીતિઓ | ૨૦૯ |
| સામાયિક કરતાં પૂજાની મહત્તા | ૨૦૪ | અનર્થકારી કલ્પનાઓ | ૨૧૦ |
| ત્યાગના કેંદ્ર ઉપર 'લ'ને સ્થાને 'દ' | ૨૦૫ | દાન-શીલનો પરસ્પરનો સંબંધ | ૨૧૧ |
| | | શીલની મહત્તા | ૨૧૨ |
| | | તપની મહત્તા | ૨૧૨ |
| | | ભાવની મહત્તા | ૨૧૩ |


**પુસ્તક ૪**

**પૃ. ૨૧૫ થી ૨૪૮**


| | |
|---|---|
| વર્તમાનકાળે જૈનશાસનની અદ્વિતીયતા | ૨૧૫ થી ૨૧૮ |
| **હૈયાનો ઝંકાર** | ૨૧૯ થી ૨૨૮ |
| **तारंगातीर्थपति श्री अजितजिन स्तुतिः** | ૨૧૯ |
| **श्री पोसिनातीर्थाधिपति-श्री पार्श्वस्तुतिः** | ૨૨૦ |
| **धर्ममहिमाख्यापिका स्तुतिः** | ૨૨૦ |
| **चमत्कृतिपूर्ण-श्लोकाः ( कूटश्लोकाः )** | ૨૨૧ |
| **आराधना मार्ग**ના સુંદર સુભાષિતો અર્થ સાથે | ૨૨૧ થી ૨૨૮ |
| **ગુરૂચરણમાંથી મળેલું** **तात्त्विक प्रश्नोत्तराणि** | ૨૨૯ થી ૨૩૭ |
| પ્ર૦ ૪૬ થી ૫૫ નો ગુજરાતી ભાવાર્થ | ૨૩૦ થી ૨૩૩ |
| **તાત્ત્વિક વિચારણા** **श्री तत्त्वार्थ सूत्र** પર સં૦ ટિપ્પણ ગુજ૦ ભાવાર્થ | ૨૩૪ થી ૨૩૭ |
| **"શ્રી આગમ જ્યોત"** સ્થાયીકોશની ભેટ આપનારની યોજના | ૨૩૭ થી ૨૪૭ |
| ક્ષમાપના | ૨૪૮ |

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૪૯૭
વિ. સં. ૨૦૨૭

## ધમ્મેણં ઉવાદેયે !
## ધર્મ ઉપાદેય છે?
### ગૂઢ માર્મિક વિચારણા

આગમો સં. ૨૦
વર્ષ-૫

દરેક આત્મા સ્વભાવે કરીને અનંતજ્ઞાન-દર્શનાદિવાળો હોવા-છતાં પણ તે જ્ઞાનાદિકનું આવરણ કરનાર કર્મોના ક્ષયાદિથી થયેલી શુદ્ધિની તરતમતાની અપેક્ષાએ ભિન્ન-ભિન્નરૂપે દેખાય છે, તેથી બારીકમાં બારીક ભેદની તપાસ કરીએ તો જોકે અનંતા ભેદો થાય, પણ શુદ્ધિ, પરિણામ અને જ્ઞાનાદિની તરતમતાની અપેક્ષાએ ભેદો ન પાડીએ પણ ધ્યેયની અપેક્ષાએ જો ભેદ પાડવામાં આવે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર ભેદો પડે છે.

એ ચાર ભેદોને એટલા જ માટે વર્ગ કહેવામાં આવે છે કે તેમાં સર્વ જીવોનું વર્ગીકરણ છે, પણ એ ચારે શ્રેષ્ઠ છે, એમ માનવું યોગ્ય નથી, પણ જગતભરમાં એ ચાર સિવાયનું કોઈપણ ધ્યેય નથી એટલું જ માત્ર ફલિતાર્થ થાય છે.

તત્ત્વથી બાહ્યસુખ અને તેના સાધનો તે કામ અને અર્થ તરીકે ગણાયા છે, અને તાત્ત્વિક અભ્યંતર એવું આત્મીયસુખ

અને તેના સાધનો માટે પ્રયત્ન અને સિદ્ધિ તે ધર્મ અને મોક્ષ તરીકે ગણાયા છે.

એ ઉપરથી સ્પષ્ટ સાબિત થશે કે આત્માની સિદ્ધિને અનુલક્ષીને ચાલનારાઓ બાહ્યસુખ અને તેના સાધનોની અસારતા અને વિપાકકટુકતા ગણીને હેય તરીકે જ ગણે, અને ધર્મની ઉપાદેયતા પણ માત્ર આત્મીયસુખોની સિદ્ધિના કારણો પૂરતી જ સમજે અને તેથી કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રસૂરિજીએ 'चतुर्वर्गेऽग्रणीर्मोक्षः' એમ કહી ચારે વર્ગમાં પરમાર્થદૃષ્ટિએ મોક્ષની જ ઉપાદેયતા જણાવી છે તે સ્પષ્ટ રીતે સમજાશે.

ધર્મની ઉપાદેયતા જે ગણવામાં આવી છે તે પણ વાસ્તવિક રીતે સ્વતંત્રપણે નથી, પણ માત્ર તે મોક્ષના કારણ તરીકેજ ઉપાદેય છે અને તેથીજ શાસ્ત્રકાર 'योगस्तस्य च कारणं' એમ જણાવી સ્પષ્ટપણે ધર્મ જેનું અપર નામ યોગ છે તેની ઉપાદેયતા મોક્ષના કારણ તરીકે જણાવે છે.

એટલે કે ખુદ ધર્મની ઉપદેયતા પણ સ્વતંત્રપણે નથી પરંતુ મોક્ષના કારણપણાને અંગેજ છે, અર્થાત્ આત્મીયસુખના કારણો પણ આત્મીયસુખની સાધ્ય દશાને અંગેજ ઉપાદેય થાય છે, પણ સ્વતંત્રપણે ઉપાદેય થતા નથી, તો પછી આત્માના સ્વરૂપનો બાધ કરનાર કર્મની જંજીરથી જકડનાર અને ચતુર્ગતિના ચક્કરમાં રખડાવનાર એવા બાહ્યસુખ અને તેના સાધનો તો ઉપાદેય તરીકે ગણવાના હોયજ કેમ ? અને બાહ્યસુખો અને તેના સાધનો કોઈપણ અંશે શાસ્ત્રકારો ઉપાદેય તરીકે ગણતા હોત તો 'सव्वाओ मेहुणाओ वेरमणं' કહી પાંચે પ્રકારના વિષયના ઉપભોગો બાહ્યસુખને વર્જવાનું જણાવત નહિ તેમજ તે બાહ્યસુખને કરનારા વિષયોના સાધનો તરીકે ગ્રહણ કરવા અને ધારણ કરવા લાયક પદાર્થોને પણ ત્યાગ કરવા માટે 'सव्वाओ परिग्गहाओ वेरमणं' અર્થાત્ સચિત્ત, અચિત્ત કે મિશ્ર એવા ગ્રહણ કરવાલાયક કે ધારણ કરવાલાયક પદાર્થોનું ગ્રહણ અને મમત્વરૂપ પરિગ્રહથી વિરમવાનું કહેત નહિ.

જો અર્થ અને કામને જૈનશાસ્ત્રકારોની અપેક્ષાએ હેય તરીકે ન માનતાં, ઉપાદેય તરીકે માનવામાં આવે તો તે જૈનશાસ્ત્ર પરસ્પર વિરૂદ્ધઅર્થને કથન કરનારૂં થાય. પણ જૈનશાસનની એ ખૂબી છે કે તેમાં પરસ્પરવિરૂદ્ધ-અર્થનું કથન હોતુંજ નથી, અને તેથીજ ભગવાન હેમચંદ્રસૂરિજીએ શાસનની સ્તુતિ કરતાં હેતુ તરીકે જણાવ્યું છે કે 'पूर्वापरार्थेऽप्यविरोधसिद्धेः' એટલે આગળ પાછળના પદાર્થોમાં વિરોધરહિતપણું હોવાથી ભગવાન જિનેશ્વરનું શાસન પ્રમાણભૂત છે. અર્થાત્ અર્થ અને કામની હેયતા માનીએ તોજ જિનશાસનની પ્રામાણિકતા રહે.

એટલે ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચાર વર્ગ પાડવામાં આવ્યા છે તે માત્ર વર્ગીકરણના હિસાબે છે, પણ ઉપાદેયતાના નથી.

આ ઉપરથી '**त्रिवर्गसंसाधनमंतरेण**' ઈત્યાદિ વાકયો માત્ર ધર્મની ઉપાદેયતા અન્યોએ પણ સ્વીકારી છે, એટલુંજ સિદ્ધ કરવા પૂરતા ઉપયોગી છે. કેમકે એમ ન માનીએ તો '**न तं विना यद् भवतोऽर्थकामौ**' એટલે ધર્મ વગર અર્થ અને કામ થતા નથી એમ જણાવી ધર્મની ઉપાદેયતા અર્થ અને કામના સાધન તરીકે જે જણાવવામાં આવી છે તે કોઈપણ પ્રકારે જૈનદષ્ટિને કે અધ્યાત્મવાદને અનુકૂળ થઈ શકે તેમ નહિ.

કદાચિત્ બાહ્યદૃષ્ટિવાળાને માર્ગપ્રવેશને માટે પ્રાથમિકદૃષ્ટિએ અર્થ અને કામના સાધન તરીકે પણ ધર્મનું કરવાલાયકપણું હોય તો પણ ઉપદેશકોએ તો અર્થ અને કામના વિષયને સાધ્ય તરીકે ગણાવાયજ નહિ, અર્થાત્ અર્થ અને કામના વિષયોનો સમગ્ર અધિકાર મુખ્યતાએ તો હેયજ હોય, છતાં કોઈક જગોએ અનુવાદ કરવા લાયક જણાય તો તે જુદી વાત છે, પણ વિધેય કે ઉપાદેય તો તે બે ગણાયજ નહિ.

અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારને પુરુષાર્થ કહો કે વર્ગ કહો પણ તેની મતલબ એટલીજ કે જીવો આ ચાર વસ્તુના ધ્યેયથી જ જગતમાં પ્રવર્તવાવાળા હોય છે, પણ તેટલા માત્રથી મોક્ષ કે ધર્મની માફક અર્થ અને કામની ઉપાદેયતા ગણાવાની તો ભૂલ થવી જોઈએજ નહિ.

જેવી રીતે સાધ્ય પદાર્થની અપેક્ષાએ જીવોના ચાર વર્ગો કરવામાં આવ્યા છે તેવી રીતે પ્રવૃત્તિ અને તેના ફળની અપેક્ષાએ જીવ માત્રના છ વર્ગો કરવામાં આવેલા છે. તેમાં પણ ઉત્તમોત્તમપણું અને ઉત્તમપણુંજ માત્ર સાધ્ય તરીકે ગણાય, પણ અધમાધમ, અધમ, વિમધ્યમ અને મધ્યમપણું તે આદરવાલાયક કે સાધ્ય તરીકે ગણવાલાયક નથી, અર્થાત્ એ છ ભેદ પણ અર્થકામ ધર્મ અને મોક્ષની માફક કેવળ વર્ગીકરણરૂપેજ છે.

### શ્રી સિદ્ધચક્ર સ્તુતિ

કોશ મધ્યે જિનપતિ છે
 વિમલ જ્ઞાન રમાધિકા,

સિદ્ધ શાશ્વત સૂરિ જિનમત
 ભાનુ વાચક પાઠકા।

મુનિરાજ શિવપદ સહાયકારી
 ચાર એ દિશિ પત્રમાં,

દર્શનાદિક ચાર વિદિશે
 સ્તવો શ્રીસિદ્ધચક્રમાં ॥

# પૂ. આગમોદ્ધારક શ્રી વ્યાખ્યાનસંગ્રહ

[ પૂ આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વ. આચાર્યદેવશ્રીએ પોતાના જીવન દરમ્યાન સૂક્ષ્મ રીતે ચિંતન-મનન બળે તેમજ પ્રૌઢ પ્રતિભા અને વિશિષ્ટ ક્ષયોપશમાનુસારે આગમિક પદાર્થોના રહસ્યનું આલેખન 'સિદ્ધચક્ર'માં વિ. સં. ૧૯૮૮માં સ્વતંત્ર નિબંધરૂપે શરૂ કરેલ, તેના ચાર હપ્તા પૂર્વના ચાર વર્ષના પ્રથમ પુસ્તકમાં આપેલ છે.

જિજ્ઞાસુઓએ ગુરૂગમથી આ નિબંધની બાબતો ખૂબ જ ગંભીરતાથી ધારવા જેવી છે. સં. ]

## શ્રી નન્દિવર્ધનની માગણી કબૂલ કેમ થઈ ?

ભગવાન મહાવીર મહારાજા દીક્ષા લેવાને માટે જે વખતે સંકલ્પ કરે છે, તે વખત પહેલાં એક વર્ષ પૂર્વે નંદિવર્ધનના દુઃખ નિવારણને માટે અને પોતાનો દીક્ષાકાળ અવધિજ્ઞાનથી બે વર્ષ પછી થવાનો દેખીને બે વર્ષ ઘરમાં રહેવાની માગણી કબૂલ કરેલી છે. આવી રીતે બે વર્ષ ઘરમાં રહેવું જો કે મહારાજા નંદિવર્ધનના આગ્રહને લીધે કબૂલ કર્યું છે, પણ તે કબૂલ કરવું કેટલું દુઃખિત મને (અરૂચિપૂર્વક) હશે તે તેમની કબૂલાતની વખતે કરેલી શરતોના વચનથી સમજી શકાય તેમ છે.

## શ્રીનંદીવર્ધનની મનોદશા

નંદિવર્ધન ! મેં ગર્ભઅવસ્થામાં કરેલી જે પ્રતિજ્ઞા હતી કે માતપિતાના જીવન પર્યંત હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ નહિ તે મારી પ્રતિજ્ઞા પૂરી થયેલી છે, માટે હવે મારે તે દીક્ષાનો પ્રયત્ન કરવો તે જ ઉચિત છે. આ વચન સાંભળીને નંદિવર્ધનજી વજ્ર-

ઘાતની જેમ મૂર્ચ્છિત થાય છે. કોઈપણ પ્રકારે ચેતના આવતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો વિયોગ થવાનું વિચારતાં હૃદય કકળી ઊઠે છે, છાતી ફાટી જાય છે, નેત્રથી આંસુની ધારા વહે છે, પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને સદાને માટે ગૃહસ્થપણામાં ધારી રાખવા ગંગાપ્રવાહને હાથથી રોકવા જેવું અશકય અને અસંભવિત લાગ્યું અને તેથી 'अशुभस्य कालहरणं' એમ ધારી ભગવાન મહાવીર મહારાજને વધારે નહિ તો થોડી મુદત પણ રોકવાનો વિચાર કર્યો.

### મહાવીર ભગવાનને બે વર્ષ રોકવામાં નિમિત્ત

તે રોકવાનાં કારણો વિચારતાં મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલા-માતાના મરણકાળને આગળ ધરવાનું સુગમ પડયું, અને તેથી મહારાજા નંદિવર્ધને રાજ્યાભિષેકની ક્રિયા કરવા માટે પોતે અને સમગ્ર પ્રજાએ શ્રમણ ભગવાન મહારાજને કરવાનો ઘણો આગ્રહ કર્યો, છતાં શ્રમણ ભગવાન મહાવીરે તે રાજ્યાભિષેકની ક્રિયા મંજુર કરી નહિ. અને નિરૂપાયે સમસ્ત પ્રજાએ રાજ્યા-ભિષેકની ક્રિયા મહારાજા નંદિવર્ધનની કરી હતી તે વાતને શ્રમણ ભગવાન મહાવીર મહારાજની દીક્ષા અભિલાષાના પૂર્વરૂપ તરીકે સ્પષ્ટપણે સમજી તે માતાપિતાના વિયોગના શોકને આગળ કરી ભગવાન મહાવીરની દયા ચાહવા વિનંતિ કરી કે માતાપિતાના વિયોગને લીધે મારૂં હૃદય ઘવાયેલું છે, તો તે અમારા ઘવાએલા હૃદય ઉપર તમારા જેવા સર્વગુણસંપન્નપુરુષના વિયોગરૂપી ક્ષારનું સિંચન થાય તે અમોને અસહ્ય વેદના કરનારૂં થઈ પડે તે સ્વાભાવિકજ છે, અને તેવી રીતનો બનાવ તમારા જેવા સર્વગુણસંપન્ન તરફથી કોઈપણ દિવસ થવો જોઈએ નહિ.

### કુટુંબની કાકલુદી અન્ય મહાત્મા કેમ ન ગણે?

આવી રીતની નંદિવર્ધન મહારાજાની કાકલુદીભરી વિનંતિ અને શેષ કુટુંબનો કકળાટ દેખીને શ્રમણ ભગવાન મહાવીર મહારાજને વિચારમાં ઉતરવાની જરૂર પડી.

કદાચ અન્ય સાધુ મહાત્મા વૈરાગ્ય દશામાં આવેલા હોય અને તેઓ કુટુંબનો ત્યાગ કરે તે વખતે વૈરાગ્ય ધર્મની મુખ્યતા ગણી લૌકિક ધર્મની ગૌણતા ગણવાથી કુટુંબની કાકલુદી તરફ ધ્યાન ન આપે, પણ જગતના હિતને માટેજ જેનો અવતાર છે. અને જેઓ જગતના દ્રવ્યદુઃખ અને ભાવદુઃખ બન્ને પ્રકારના દુઃખોથી રહિત કરવાને માટે મથવાવાળા છે, તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન કુટુંબની કાકલુદી ઉપર ધ્યાન આપે તે અનાવશ્યક તો નહિજ ગણાય, અને તેથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે મહારાજા નંદિવર્ધનની વિનંતિ ઉપર અને કુટુંબની કાકલુદી ઉપર જરૂરી ધ્યાન આપ્યું.

## ભગવાન મહાવીરની ગર્ભથીજ દીક્ષાની ધ્યેયતા

પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો આત્મા મોક્ષપ્રાપ્તિના અવ્યાહત સાધન તરીકે પ્રવ્રજ્યાનેજ ગણતો હતો, અને તે ગણતરી તેમની આ વખતેજ હતી એમ નહિ, પણ ગર્ભમાં હતા ત્યારે પણ માતાપિતાના સ્નેહના પ્રકર્ષના પ્રસંગે પણ પ્રવ્રજ્યાની પતિપત્તિ કરવાનું ધ્યેયજ તેમના હૃદયમાં રમી રહ્યું હતું, અને તેથીજ કહી શકીએ કે દુનિયાદારીની અવનવી વસ્તુના કે અવનવા પ્રસંગના વિષયમાં અભિગ્રહ નહિ કરતાં પ્રવ્રજ્યાના વિષયમાંજ અભિગ્રહ ગ્રહણ કર્યો; તેમાં પણ પ્રવ્રજ્યાના ગ્રહણને મુખ્ય તરીકે રાખી "માતાપિતાના જીવન સુધી મારે સાધુપણું નહિ લેવું" એવો અભિગ્રહ કર્યો, અર્થાત્ એ ઉપરથી પણ સાધુપણાની પ્રાપ્તિનું ધ્યેય ભગવાન મહાવીર મહારાજને ગર્ભથીજ હતું એમ ચોકખું જણાઈ આવે છે.

## ગૃહાવસ્થાની મુદતનો માર્મિક પ્રશ્ન

અત્યારે મહારાજા નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદીને લીધે પણ શ્રમણપણાના ધ્યેયને મુખ્ય રાખી જેમ શાસ્ત્રોમાં વિધિથી પ્રાપ્ત થયા પછીજ નિષેધથી પ્રતિષેધ કરવાનો હોય

છે, તેવી રીતે અહીં પણ સાધુપણાના પ્રતિબંધને નિયમિત કરવા માટે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પ્રશ્ન કર્યો કે તમારા માતાપિતા વિયોગને શોક અર્થાત્ તે વિયોગનો ઘા કેટલી મુદતે રૂંઝાશે કે જેથી મારે સાધુતાની પ્રતિપત્તિમાં પ્રતિબંધ નાખવાનું તમો જણાવો છો.

## માત્ર માતાપિનાની હયાતિ સુધીનો અભિગ્રહ કેમ?

આ સ્થળે એક વાત વિચારવાની છે કે મહારાજા નન્દિવર્ધનને શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો વિયોગ થાય તેનું દુઃખ અસહ્ય છે, અને તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જાણે પણ છે, પણ તે દુઃખને અંગે કંઈ પણ સાધુતાની પ્રતિપત્તિમાં રોકાણ નહિ કરવાનું ભગવાન મહાવીરે ઉચિતજ ધારેલું હશે, કેમકે એમ ન હોત તો માતાપિતાની હયાતિમાં સાધુપણું નહિ લેવાના અભિગ્રહની માફક નન્દિવર્ધન જીવે ત્યાં સુધી અગર યશોદા નામની જે તેમની સ્ત્રી છે તે જીવે ત્યાં સુધી કે સુપાર્શ્વ નામનો જે તેમનો કાકો છે તે જીવે ત્યાં સુધી સાધુપણું નહિ લેવાનો અભિગ્રહ કરવાનો પ્રસંગ આવત.

આ ઉપરથી કહેવું પડશે કે ભાઈ, સ્ત્રી, પુત્રી કે કાકા, આદિના અસહ્ય દુઃખને અંગે પણ ભગવાન મહાવીર મહારાજે સાધુપણાની પ્રાપ્તિ રોકવી ઉચિત ધારી નથી.

## માતાપિતાના સ્નેહથી અધિક કંઈ કારણ દીક્ષારોધમાં છે?

માતાપિતાના સ્નેહના પ્રકર્ષને અંગે પણ જે સાધુપણાની પ્રાપ્તિ રોકવી ઊચિત ધારી છે. તેમાં પણ શીલાંકાચાર્ય મહારાજ તો સ્પષ્ટપણે એ જ કારણ જણાવે છે કે મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતા એ બંને પુરુષાદાનીય ભગવાન શ્રીપાર્શ્વનાથજીના શ્રાવક–શ્રાવિકા હતાં છતાં પણ જો ભગવાન મહાવીર મહારાજા તે માતાપિતાની હયાતિમાં જો દીક્ષા ગ્રહણ કરી તેમનો ત્યાગ કરે તો જરૂર મરણ પામે એવું અવધિજ્ઞાનથી જોયું, એટલું જ નહિ

પણ તે વિયોગથી થતું મરણ નિયમિત મહા આર્ત્ત રૌદ્ર ધ્યાનને આપનારૂં અને નિશ્ચિતપણે તિર્યંચની ગતિમાં ઉપજાવનારું થાય એમ અવધિજ્ઞાનથી જાણ્યું, અર્થાત્ ટૂંકા શબ્દોમાં કહીએ તો ભગવાન મહાવીર મહારાજની દીક્ષા તેમના માતાપિતાની અધોગતિ કરવા સાથે મુખ્યત્વે સર્વદાને માટે ધર્મથી દૂર કરનારી થાય એવું અવધિજ્ઞાનથી જાણીને જ તેમની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરેલો છે, પણ એવું કાંઈપણ મહારાજા નંદિવર્ધન વિગેરેને માટે અસહ્ય વિયોગનું દુઃખ જણાયા છતાં પણ ભાવિ અનર્થ થવાનું નહિ જણાયું તેથી તેમને માટે કોઈપણ પ્રકારનો પ્રવ્રજ્યાનો પ્રતિબંધ ઉચિત ગણ્યો નહિ અને તેથી જ માત્ર વિયોગના દુઃખને જ રૂઝવવાનો પ્રયત્ન કર્યો.

## નંદિવર્ધનની મુદતનો તત્ત્વમાર્ગ

સ્વાભાવિક રીતે વિયોગના દુઃખને જ રૂઝવવાનો વખત માગેલો હોવાથી જગતની સ્થિતિથી બમણો કાળ નંદિવર્ધનજીએ જણાવ્યો. અર્થાત્ માતાપિતાના વિયોગનો થએલો શોક બે વર્ષે વ્યતીત થશે એમ જણાવ્યું. આવી રીતે મહારાજા નંદિવર્ધને બે વર્ષ માતાપિતાના વિયોગના દુઃખને શમાવવા માટે રહેવાનું જણાવ્યા છતાં તેટલી મુદત તે માટે જરૂરી છે કે કેમ અને તેટલું રહેવું કે કેમ? તે બધું ભગવાન્ મહાવીર મહારાજની મરજી ઉપર હતું.

## ભગવાન મહાવીર મહારાજે માંગણી કબુલ કરવા પહેલાં મ્હેલેલો અવધિનો ઉપયોગ

તેથી જ તે મહારાજા નંદિવર્ધનની મુદત કબૂલ કરવા પહેલાં ભગવાન્ મહાવીર મહારાજે પોતાની દીક્ષાનો વખત જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો, અપ્રતિપાતી નિર્મળ અને કેઇ રાજલોક સુધી જેનાથી દેખી શકાય એવા અવધિજ્ઞાનનને ધારણ કરવાવાળા ભગવાન્ મહાવીર મહારાજને અવધિજ્ઞાનથી માલમ પડયું કે મારી દીક્ષાનો વખત બે વર્ષ પછી છે. જ્યારે અવધિજ્ઞાનથી

આવી રીતે બે વર્ષની વાર માલમ પડી ત્યારે મહારાજા નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદીને બે વર્ષના અવસ્થાનમાં નિમિત્તરૂપે દાખલ કરી.

## બે વર્ષની મુદતના સ્વીકારવાની શરતો

પણ ભગવાન્ મહાવીર મહારાજે તે બે વર્ષ માટે જે શરતો કરાવી છે તે શરતોનો વિચાર સામાન્ય જનની દૃષ્ટિએ નહિ પણ રાજકુમારપણાની સ્થિતિને અંગે વિચારીએ તો ખરેખર તે સત્વનું કઠિનપણું વિયોગના દુઃખો કરતાં પણ અત્યંત તીવ્ર ગણાય.

(अ) બે વર્ષ દરમ્યાન અર્થાત્ ચોવીસ મહિના જેવા લાંબા કાળ સુધીમાં હું એક પણ વખત સ્નાન કરીશ નહિ.

(आ) ચોવીસ મહિના જેવી લાંબી મુદત હું ગૃહસ્થપણામાં રહું તો પણ સંપૂર્ણપણે બ્રહ્મચર્યને પાળીશ. ( મહાવીર મહારાજની હયાતી અને હાજરીમાં એક જ ભવનમાં ભગવાન મહાવીર મહારાજા બ્રહ્મચર્ય પાળે તેમાં યશોદાની શી સ્થિતિ થાય ? અને તે નંદિવર્ધનથી કેમ સાંખી જાય ? )

(इ) બે વર્ષ દરમ્યાન કોઈપણ દિવસ કે કોઇપણ વખત મારા માટે બનેલી કાંઈપણ રસોઈ વાપરવી નહિ. રાજકુમાર જેવી અવસ્થામાં સાધુની માફક અન્યને માટે જ કરેલું લેવાનો નિયમ કરવો અને તે પ્રમાણે જ વર્તવું એ સ્નેહાધીન કુટુંબીઓને દેખવું કેવું ભારે પડે ! એ સહેજે પણ કલ્પી શકાય તેવું છે. )

(ई) જેમ સાધુ મહાત્માઓ કે ઉત્કૃષ્ટ શ્રાવકો સચિત્ત જલનો આરંભ વર્જવા માટે પીવાને માટેનું પાણી પણ ફાસુ જ રાખે છે. તેવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા આખા કુટુંબની રીતિ કરતાં વિચિત્ર રીતિએ પોતાને માટે નહિં કરેલા એવા અને કેવળ ફાસુ પાણીના નિયમ ઉપર નિર્ભર રહે છે. ( આ વસ્તુ દેખતાં

**મહારાજા નંદિવર્ધન** અને આખા કુટુંબને હૃદયમાં શું થાય ? તે કલ્પનાની બહાર નથી.)

**અભિગ્રહની** મુદતના સ્વીકારનું રહસ્ય

આવી ભગવાન મહાવીર **મહારાજે** મૂકેલી શરતો **મહારાજા નંદિવર્ધન** અને તેમના કુટુંબીજનોએ કબૂલ કરી. (આ હકીકતને ખરો વિચાર ભગવાન મહાવીર મહારાજે માતાપિતાને અંગે દીક્ષા નહિ લેવાના કરેલા અભિગ્રહને આગળ કરનાર યુવકોએ કરવાનો છે. કેમકે દીક્ષાના અભિલાષીઓ આવી રીતે કુટુંબમાં વર્તે તોપણ કુટુંબીઓએ સગવડ કરી આપવી જોઈએ, પણ યુવકોના વિચાર પ્રમાણે તો દીક્ષા લેનારો જો પરણેલો હોય તો છતાં વૈધવ્ય માનવમાં આવ્યું છે, ત્યારે તે યુવકોના વિચાર પ્રમાણે આ તો ખરેખર પથારીમાં પોઢેલા ધણીએ જ વૈધવ્ય ગણાશે, પણ એવા પણ સમજુ યુવકોના વિચાર જડવાદના જોરે જ જામેલા હોઈ તે વખતે તેનું નામનિશાન નહોતું અને તેથી તેને આજકાલના યુવકો જેવી અસર મહારાજા નંદિવર્ધન વગેરેને નહોતી અને તેથી જ તે શરત કબુલ થયેલી.)

(દીક્ષાર્થીઓએ પણ એ ઉપરથી વિચાર કરવાની જરૂર છે કે મહારાજા નંદિવર્ધન જેવા શોકમાં ડૂબેલા અને સ્નેહને ધરનારાની લાગણી ઉપર કેવળ ધ્યાન નહિ રાખતાં કદાચ ઘેર રહેવું પડે તો ભગવાન મહાવીર મહારાજાની શરતોને અમલમાં મૂકે કે જેથી કુટુંબીઓનો ચાહે તેવો સ્નેહ હોય તો તે પીગળ્યા સિવાય રહે નહિ, અને દીક્ષાર્થીઓને પોતાના પરિણામની દઢતાની કસોટી કરવાનો અનાયાસે પ્રસંગ મળે.)

મહારાજા નંદિવર્ધન વિગેરે જો કે ભગવાન મહાવીર મહારાજાની શરતોને પ્રતિદિન અને પ્રતિપળ દાહ કરનારી અને દુઃખ કરનારી ગણે, પણ તેઓનો સ્નેહ અજ્ઞાનીઓની હોળીમાં હોમાતા આજકાલનાં સ્વાર્થાંધ સ્નેહીઓ જેવો ન હતો, પણ તેમનો સ્નેહ બીજા બાહ્ય

સ્વાર્થ વગરનો હોઈ કેવળ ગૃહસ્થાવસ્થા પૂરતોજ હતો અને તેથી કોઈ પણ ભોગે ભગવાન મહાવીર મહારાજનું મુખચંદ્ર દેખવું પરમ ઈષ્ટ ગણેલું હોઈ તેવી દુનિયાદારીના સુખની અપેક્ષાએ ભયંકર શરતો પણ મહારાજા નંદિવર્ધને તથા કુટુંબીઓએ કબૂલ કરી, અને એવી રીતે ભગવાનના બે વર્ષનું ગૃહસ્થાવસ્થાન ભગવાન મહાવીરે દયાબુદ્ધિથી આપ્યા એમ કબુલ કર્યું, એ અપેક્ષાએ ભગવાન્ મહાવીર મહારાજે નંદિવર્ધન ઉપર લૌકિક હિત કરી ઉપકાર કર્યો તેમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

## મહારાજા નન્દિવર્ધનની વિનતિ

ભગવાન મહાવીર મહારાજે ગૃહસ્થપણામાં બે વર્ષ રહેવાની કરેલી કબૂલાત કેવી ગૃહસ્થપણાની અરૂચિપૂર્વકતાની હતી? તે સમજનારને સહેજે લાગ્યા વગર નહિ રહે કે ભગવાન મહાવીર મહારાજે બે વર્ષ સુધી ઘરમાં રહેવાની નંદિવર્ધનની વિનંતિ કબૂલ કરી તે ફક્ત નંદિવર્ધનજીની દયા કરવાની ખાતર જ.

જો કે કુટુંબ ઉપરનો રાગ કે તેની દયા એ કેવળ કર્મબંધ કરાવનારી અને દુર્ગતિનું કારણ છે, અને એ વાત ભગવાન મહાવીર મહારાજાએ શ્રી નંદિવર્ધનને ઘેર રહેવાની કરેલી વિનંતિ વખતે સ્પષ્ટરૂપે જણાવેલી છે, છતાં શ્રી નંદિવર્ધનજીને તેવો સ્વપરનો બોધ ન હોય અને હોવા છતાં કદાચ મોહનો ઉછાળો હોય અને તેથી મોહમાં ઘેરાઈને ભગવાન મહાવીર મહારાજને સંસારમાં રાખવા માગે, પણ તેટલા માત્રથી ભગવાન્ મહાવીર મહારાજને સંસારમાં રહેવું ઉચિત ન લાગે તે ખરેખર સત્ય છે અને તેથી જ મહારાજા નંદિવર્ધનની બે વર્ષ ઘરમાં રહેવાની વિનંતિનો સ્વીકાર કરતાં પહેલાં પોતાના અવધિજ્ઞાનના ઉપયોગથી પોતાની દીક્ષાનો કાળ તપાસ્યો અને તે દીક્ષાનો કાળ તપાસતાં જ્યારે અવધિજ્ઞાનથી એમ માલમ પડ્યું કે મારી દીક્ષા થવાને હજી બે વર્ષની વાર છે.

## બે વર્ષનું ગૃહસ્થાવસ્થામાં સોપક્રમ મોહ કારણ કે?

ધ્યાનમાં રાખવું કે ભગવાન મહાવીર મહારાજનું આ બે વર્ષ ઘરમાં રહેવું તે પૂર્વે અઠ્ઠાવીસ વર્ષ ઘરમાં રહ્યા તેની માફક મોહનીય કર્મના ઉદયથી જ છે, છતાં તે મોહનીય કર્મ ટીકાકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે નિરૂપક્રમ એટલે જલદી નાશ ન કરી શકાય એવું હતું એમ નહિ, પણ તે સોપક્રમ એટલે ઉદ્યમથી જલદી નાશ કરી શકાય તેવું હતું, છતાં ભગવાન મહાવીર મહારાજે તે નંદિવર્ધનની વિનંતિ અને કુટુંબની કાકલુદી ઉપર દૃષ્ટિ રાખી અને તેથી જ તે નાશ કરી શકાય એવા પણ તે મોહનીય કર્મના નાશને માટે ઉદ્યમ કર્યો નહિ, અને અવધિજ્ઞાનથી કે બીજા કોઈ પણ તેવા અતિશયવાળા જ્ઞાનથી પદાર્થ બનવાની જેવી ભવિતવ્યતા જણાય છે, તેવી જ રીતે તેના કારણોનું જ્ઞાન પણ તે અતિશય જ્ઞાનથી થાય જ છે, અને તેથી દીક્ષાનો કાળ જાણવાની માફક મોહનીયની સોપક્રમતા, તેના ક્ષય માટે કરાતા ઉદ્યમનો અભાવ અને તેના કારણ તરીકે કુટુંબ ઉપરની દયાદૃષ્ટિ પણ પોતે અવધિજ્ઞાનથી જાણી લીધેલી છે.

## બે વર્ષ રહેવામાં અવધિનો ઉપયોગ:

ચૂર્ણિકાર વિગેરે મહાપુરુષોએ નંદિવર્ધનજીની વિનંતિ અને કુટુંબની કાકલુદીની વખતે પણ ભગવાન મહાવીર મહારાજની બે વર્ષ પછી જ દીક્ષા થવાની છે એમ જાણીને જ બે વર્ષ ઘરમાં રહેવાની વિનંતિનો સ્વીકાર કર્યો એ વસ્તુ જણાવી ભવ્ય જીવોને સ્પષ્ટ કરી દીધું કે ભગવાન મહાવીર મહારાજને જે નંદિવર્ધનજી આદિને લીધે રોકાણ થયું તે તેમના જ્ઞાનબળથી થએલો સ્વતંત્ર જ વર્તાવ ગણાય અને તેથી તે વર્તાવનો દાખલો કે અનુકરણ બીજા કોઈ જેવા તેવાઓએ કે જ્ઞાનશૂન્યોએ કરાય કે લેવાય નહિ, કેમકે એમ જો ન હોત તો ચૂર્ણિકાર મહારાજા વિગેરે દીક્ષાના કાળનો

ઉપયોગ દેવાનું અને તેમાં બે વર્ષની વાર હોવાનું અવધિજ્ઞાનથી જણાયું એમ કહેત જ નહિ.

## ગર્ભાવસ્થાના અભિગ્રહ અને આ કબુલાતના કારણોનો ભેદ

વળી એ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન મહાવીર મહારાજની ઉંમર આ વખતે અઠ્ઠાવીસ વર્ષની થયેલી છે, અને તેથી ગર્ભઅવસ્થામાં અભિગ્રહ કરતી વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ ન મેલ્યો, તેમ આ વખતે બને નહિ તે સ્વાભાવિક છે. ગર્ભઅવસ્થા એ માત્ર દીક્ષાના મનોરથની અવસ્થા ગણાય અને આ અઠ્ઠાવીસ વર્ષની ઉંમરની સ્થિતિ દીક્ષાના કાર્યને કરનારી ગણાય અને તેથી આ વખતે દીક્ષાનો કાળ અવધિજ્ઞાનથી જોવો પડે તે સ્વાભાવિક છે.

## વિજ્ઞપ્તિ કબુલવાની યથાર્થતા

સાથે એ પણ સમજવાનું કે અહીં નંદિવર્ધનજીની વિજ્ઞપ્તિ પછી પોતાની દીક્ષાના કાળનો ઉપયોગ મેલ્યો છે, અને તેમાં બે વર્ષ જે દીક્ષાનો વિલંબ જણાવ્યો અને તેથી જ નંદિવર્ધનજીની થએલી વિનંતિનો સ્વીકાર થયો, એટલે ખોટો ઉપકાર ગણાવ્યો એમ કહી શકાય નહિ, પણ ગર્ભઅવસ્થાની વખતે જે અભિગ્રહ કર્યો તે તેવા કારણસર અને તેવી રીતનો ન હોવાથી પોતે જ કર્યો છે.

## તે અભિગ્રહ ઉપરથી જ્ઞાપન

તે ગર્ભઅવસ્થાનો કરેલો અભિગ્રહ તો એમ સ્પષ્ટ કરે છે કે દીક્ષાર્થીને યોગ્ય ઉંમરે માબાપની રજાની જરૂરીઆત હોય જ નહિ,' કેમકે જો માબાપની રજાની યોગ્ય ઉંમરે પણ જરૂરીઆત જ હોય તો સહેજ સમજી શકાય તેમ છે કે મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતા ભગવાન મહાવીર મહારાજને દીક્ષા લેવાની રજા સ્નેહાધીનપણાને લીધે આપત જ નહિ, અને તેથી મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતાની હયાતિકાળમાં ભગવાન

મહાવીર મહારાજની દીક્ષા થવાની જ નહોતી, તો પછી માતપિતાની હયાતી સુધી દીક્ષા નહિ લેવાનો કરેલો અભિગ્રહ અસ્થાને જ ગણાત.

જગતમાં જેમ પુત્રીને વારસો આપવા વીલ કરવું પડે અને તેથી જગતનો રિવાજ સાબીત થાય કે પુત્રીનો રીતસર વારસાઈ હક નથી, તેવી રીતે અહીં પણ ભગવાન મહાવીર મહારજે માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો કરેલો અભિગ્રહ બુદ્ધિમાનોને સ્પષ્ટપણે જણાવી દે છે કે **યોગ્ય અવસ્થાએ માતાપિતાની રજાની દીક્ષામાં જરૂર જ હોય એમ નથી.**

**ગર્ભાવસ્થાના અભિગ્રહ પ્હેલાં દીક્ષાકાલને જાણવા નહિ કરેલો ઉપયોગ**

વળી કોઈપણ ગ્રંથકાર કે ટીકાકાર ગર્ભ અવસ્થાની વખતે અભિગ્રહ કરવા પહેલાં અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો હતો અને પોતાના માતપિતા કાળધર્મ પછીજ દીક્ષા થવાનું જાણ્યું હતું અને તેવું જાણ્યા પછી જ માતપિતાની હયાતિ સુધી દીક્ષા ન લઉં એવો અભિગ્રહ કર્યો છે એમ કહેલું જ નથી. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નંદિવર્ધનજીની વિનંતિના સ્વીકાર વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો છે, પણ ગર્ભઅવસ્થાના અભિગ્રહ વખતે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

આ બધી હકીકત બારીકીથી જોનારને સ્પષ્ટ માલમ પડશે કે **દીક્ષાર્થીને રોકવાનું કે રોકાવાનું ભગવાન મહાવીર મહારાજના દૃષ્ટાંતથી કહેવું કે કરવું તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી.**

**ભગવાન હરિભદ્રસૂરિજીના અષ્ટકનું સમર્થન**

જો કે ભગવાન હરિભદ્રસૂરિજી માતપિતાની સેવાને પરમ મંગલ ગણી દીક્ષાર્થીને પરમ પૂજ્ય એવા માતપિતાના ઉદ્વેગને ટાળવાને માટે જણાવે છે, પણ તેજ હરિભદ્રસૂરિજી પંચવસ્તુ વિગેરેમાં **દીક્ષાર્થીના કુટુંબના આક્રંદ, શોક વિગેરેનો સદ્ભાવ જણાવી તે થાય તો પણ દીક્ષાનું ગ્રાહ્યપણું જણાવે છે.**

તેમજ પંચસૂત્રની ટીકામાં " જંગલમાં માંદા માબાપોને ઔષધ માટે છોડવાં પડે તેની માફક નહિ સમજતા માબાપોને છોડી દેવા તે માબાપનો અત્યાગ છે, પણ નહિ સમજતા માબાપોને લીધે સંસારમાં રહેવું તે માબાપોને રખડતા કરવાનું જ છે" એમ જણાવે છે.

તેથી અષ્ટકજી વિગેરેનો વિષય તેવા પુરુષ વિશેષ કે જેઓ અચિંત્ય–પુણ્યપ્રાગ્ભારવાળા હોય, જગતના દ્રવ્ય–દુઃખને પણ દૂર કરવામાંજ જેના મહિમાનો અંશ સમાયો હોય, તેવા પુરુષને અંગેજ તેવું અનુકરણ ઉચિત ગણ્યું હોય તો તે વધારે સંભવતિ છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાન હરિભદ્રસૂરિજીએ તીર્થંકરોના ગર્ભથી ઉચિતપણાના વર્તનને પ્રસંગેજ જણાવેલું છે. એમ કહી શકીએ કે જો એ વર્તન સર્વને અનુકરણ કરીને ચલાવવાનું હોત તો વૈરાગ્યના પ્રસંગમાં, મહાવ્રતોના પ્રસંગોમાં, કે ભિક્ષા વિગેરેના પ્રસંગની સાથે આ ભગવાન મહાવીર મહારાજનો પ્રસંગ લઈ લેત, અર્થાત્ જેમ ભગવાન મહાવીર મહારાજના તીવ્ર પરિણામને લઈને અવિરતિને આપેલા દેવદૂષ્યનું સમર્થન તેવા પ્રકારની દયાને અંગે કર્યું છે. અને તેનું અનુકરણ માત્ર તેવાજ પુરુષોને માટેજ યોગ્ય હોય, તેવી રીતે દીક્ષાને રોકવી તે પણ માતપિતાની સેવા એ પણ દીક્ષાના મંગળ તરીકે તેવાજ પુરુષોએ ગણવાની છે. આવી રીતની વ્યવસ્થા વિચારીએ તો ભગવાન્ હરિભદ્રસૂરિજીના ગ્રંથોનો પરસ્પર બાધ રહે નહિ.

### માત્ર માતાપિતાના અંગેજ અભિગ્રહ કેમ ?

વળી એ પણ સમજવાની જરૂર છે કે ભગવાન્ મહાવીર મહારાજે મહારાજા નંદિવર્ધન કે સુદર્શનાબ્હેન કે સુપાર્શ્વ કાકાને અંગે તેઓ જીવે ત્યાં સુધી ઘરમાં રહેવું એવો અભિગ્રહ ન કર્યો, પણ માત્ર માતાપિતા જીવે ત્યાં સુધીજ ઘરમાં રહેવું એવો અભિગ્રહ જે કર્યો તેજ કહી આપે છે કે માત્ર માતાપિતા સિવાયના

કૌટુંબિક જનોને માટે કોઈએ કોઈ દિવસ પણ યત્કિંચિત્ માત્રા પણ ધર્મ કર્મથી દૂર રહેવું જરૂરી નથી.

## યુવકોને જરૂરી ચેતવણી

દીક્ષાથી પ્રતિકૂળ બનેલા વર્તમાનના યુવકોએ પત્નીની રજાને જે મોટું રૂપ અને પદ આપ્યું છે, તેઓએ અહીં વિચારવું જોઈએ કે ભગવાન્ મહાવીર મહારાજના આખા પ્રસંગમાં યશોદાની મરજી કે કલ્પાંત થયાનો ઉલ્લેખ સરખો નથી, અને તેના કલ્પાંતને કે મરજીને હિસાબમાં ગણ્યાનું નામનિશાન પણ નથી.

ટીકાકારો પણ આ અભિગ્રહથી યત્કિંચિત્ માતાપિતાની ભક્તિનું અનુકરણ કરવા જણાવે છે, પણ કોઈપણ જગો પર સ્રી, પુત્રાદિકના પ્રેમનું વિધાન કે તેનું અનુકરણ કરવાનું જણાવતા નથી.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે યુવકોનું સ્રીની રજાનું, તેની વિદ્યમાનતાનું કે તેના કલેશનું દીક્ષા રોકવા માટે લેવાતું આલંબન માત્ર કલિયુગની વિશેષ કલિયુગતાનેજ સૂચવે છે, કેમકે સામાન્ય કહેવત છે કે कलौ मनुष्याः संभूताः स्रीदेवाः कामकिंकराः। અર્થાત્ કલિયુગમાં સ્રીને દેવ તરીકે માનનારા અને કામના ચાકર એવા મનુષ્યો થયા છે, એટલે આ યુવકો સ્રીસેવક અને વિષયવમળમાં ડૂબેલા હોઈ સ્રીના આલંબનને દીક્ષા રોકવામાં આગળ ધરે તેમાં નવાઇ નથી.

## બાલદીક્ષા એ તો યુવકોનું બ્હાનું જ છે

આજકાલના યુવકો દીક્ષાનો વિરોધ કરતી વખતે સામાન્ય બાલદીક્ષાને રોકવા કે તે રોકાવવા પ્રયત્ન કરે છે અને કરાવે છે, પણ એ તો કેવળ દુનિયાને ભડકાવવાને માટે યુવકો બ્હાનું જ લે છે કેમકે કોઈપણ સગીર ઉંમરના બાળકને તેના પાલકની રજા સિવાય દેશી કે અંગ્રેજી કાયદો દીક્ષા થવા દેતો નથી અને થવા દે તેમ પણ નથી, એટલે બાલદીક્ષા રોકવામાં યોગ્ય રીતિએ તો યુવકો એક અંશે પણ સંમત થઈ શકતા નથી, પણ યુવકોના ટોળેટોળાં

મળીને શાસ્ત્રથી કે કાયદાથી દાદ ન મળી શકે તેવા સ્ત્રીના બ્હાનાથી દીક્ષા રોકવા માટે ઉદ્દામ પ્રયત્નો મુદ્દામ રીતિએ કરે છે, પણ તે યુવકોને આ યુગના ઇતિહાસે ચોકખા રૂપે જણાવી દીધું છે કે તેમના તેવા તે પ્રયત્નો માત્ર દીક્ષાર્થીને કે તેના સહાયકો કે અનુમોદકોને કોઈક કોઈક જગો પર કથંચિત્ અંશે હેરાનગતિ કરનારા થયા છે, પણ બાળકની કે પરણેલા એવા પુરૂષની દીક્ષા રોકવાને માટે કોઈપણ રીતે તેઓ સંમત થઈ શકયા નથી.

જોકે દીક્ષાર્થીઓને કુટુંબીઓ તરફથી તેમજ યુવકો તરફથી જે પીડાઓ અને અનર્થો દીક્ષા રોકવાને માટે કરવામાં આવ્યા છે, તે અતિશયોક્તિથી નહિ પણ સ્વાભાવિક રીતિએ આલેખવામાં આવે તો ઓછામાં ઓછું પચાસ ફર્માનું પુસ્તક થઈ જાય.

આ વાત જણાવવાની એટલા માટે જરૂર છે કે આરંભ પરિગ્રહ, વિષય અને કષાયમાં રક્ત રહેલા અને તેમાંથી વિરક્ત થવાને મથતા એવા મહાપુરુષોને વૈરાગ્યમાં અંતરાય કરી, તે આરંભાદિકમાં રક્ત કરી વૈરાગ્યમાર્ગથી પાડવા માગતા મનુષ્યોની પાપવાસનાની ત્રુટિ તરફ લક્ષ્ય આપી, દીક્ષાવિરોધી અને તત્ત્વથી શાસનવિરોધી લોકો દ્રવ્યના ઝરા વહેવડાવે છે, તેઓને વસ્તુસ્થિતિનો વિચાર કરવાને માટે અવકાશ મળે.

### દીક્ષાર્થીની દયાની અક્ષયતા

આ સ્થળે આ વાત પણ સ્પષ્ટ કહી દેવાની જરૂર છે કે દીક્ષાર્થી મહાપુરૂષ પોતાના વૈરાગ્યમાર્ગની સિદ્ધિ થાય કે ન થાય તેમાં પણ સંસારીસંબંધીઓને અંશે પણ હેરાન કરતો નથી, અને હેરાન કરવાની લેશે પણ ઈચ્છા ધરાવતો નથી, પણ મોહ-મદિરામાં મસ્ત બનેલા કુટુંબીઓ તો પોતાની પાપમય વાસનાને પ્રવર્તી રાખવા કે પોષવા માટે તે વૈરાગી મહાત્મા ઉપર સિતમ વર્ષાવવામાં કંઈપણ કમી રાખતા નથી, અને તેથીજ તે લોકોએ ખુલ્લી કહેવત રાખી છે કે, **'જમને દેવાય પણ જતિને ન દેવાય.'**

આ બાબતનો વધારે ઈતિહાસ આલેખવાનું આ સ્થાન નથી અને ચાલુ દશકામાં બંને બાજુનો ઈતિહાસ સારી રીતે આલેખાયો છે. જોકે દીક્ષાર્થીઓની વીતકનો ઈતિહાસ લખાયો નથી. છતાં ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો દીક્ષાને અંગે ઘણા સારી રીતે લગભગ બધા સારા પેપરોમાં ચર્ચાઈ ગએલા છે, માટે તેનો ઉલ્લેખ માત્ર કરવોજ બસ છે.

ટૂંકમાં, શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના દૃષ્ટાંતથી શ્રમણદીક્ષાને રોકવાવાળો વર્ગ કોઈ પ્રકારે ફાવ્યો નથી અને ફાવી શકે તેમ પણ નથી.

## ગૃહાવસ્થાનમાં કરેલી શરતોની ભીષણુતા

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે આગળ જણાવેલી જે શરતો છે, તે રાજકુટુંબમાં રહેતાં થકાં પાળવી તે કેટલી મુશ્કેલ છે, તે સહેજે સમજી શકાય તેમ છે. રાજકુટુંબમાં વસવું અને સ્નાન અને ઉપલક્ષણથી કેશનો સંસ્કાર સુદ્ધાં ન કરવો એ રાજકુંટુંબને કેટલું શરમાવનારૂં થાય.

આ વાત તો જાહેરજ છે કે સામાન્ય રીતે દરેક મનુષ્ય સ્નાન વગર રહી શકતો નથી, એટલુંજ નહિ પણ કેટલીક મુદતથી સ્નાન નહિ કરવાવાળી વ્યક્તિ જો પાસે બેઠી હોય તોપણ તેની તેને દુગંછા થાય છે, તો પછી જાહેર રીતે સ્નાન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી, વર્ષો સુધી રાજપર્ષદમાં પ્રવેશ રખાય તો તે પર્ષદને કેટલું બધું અકારૂં લાગે.

## પ્રભુ મહાવીરના અભિગ્રહનું રહસ્ય

વળી ભગવાન્ મહાવીર મહારાજે જે અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પછી અખંડ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે, તેમાં નંદિવર્ધનઆદિની કે તેમની સ્ત્રીઆદિની કોઈપણ પ્રકારે સંમતિ લીધી હોય એમ શાસ્ત્રકારો કહેતાજ નથી. આજકાલના તો કેટલાક વિષયમસ્ત યુવાનો એટલે સુધી આગળ વધ્યા છે કે તેમની ઈચ્છા પ્રમાણે તો સ્ત્રી અને માતાપિતા તો શું પણ

ગામના આખા સંઘની રજા મેળવે તોજ ચોથું વ્રત પણ લઈ શકે. આ તેમનું ઉન્માર્ગે વધવું કેવી વિષયાન્ધતા અને અધર્મ-રસિકતા સૂચવે છે? તે પાપભીરૂઓને સહેજે સમજાય તેમ છે.

## પ્રભુ મહાવીરના અભિગ્રહનો મર્મ

જોકે ધર્મપ્રેમીઓ શાસ્ત્રાનુસારે માન્યતા ધરાવનાર હોઈ તેવા વિષયવિચારના વમળમાં વહી રહેલાના વિચારો વ્યર્થજ જાય છે, પણ વર્તનમાં કે વ્યવહારમાં મેલી શકાતાજ નથી. **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે** સ્નાન કરવું નહિ. બ્રહ્મચર્ય પાળવું એ બે નિયમોની સાથે ત્રીજો એ પણ નિયમ રાખ્યો છે કે જેમ વર્તમાનમાં ગૃહસ્થપણામાં રહેલા શ્રાવકો અચિત્ત પદાર્થનો આહાર કરવા સાથે જલ પણ અચિત્ત જ વાપરે છે, તેવી રીતે ભગવાને પણ તે અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પછી સચિત્ત જલ બંધ કરીને અચિત્ત જલજ વાપરવાનું નિયમન કર્યું. સામાન્ય રીતે અચિત્ત જલ વાપરવામાં એટલી બધી અધિકતા ન માલમ પડે, પણ રાજકુંટુંબ અને રાજપર્ષદા તરફ વિચાર કરીએ તો સચિત્તનો સર્વથા ત્યાગ અને અચિત્ત જલના પાનનો નિયમ કેટલી બધી મુશ્કેલી ભરેલો છે તે સમજી શકાય.

એ ત્રણ નિયમોની સાથે અધિક કહીએ તો ચાલે એવો ચોથો નિયમ એવો કર્યો કે મારે નિમિત્તે કોઈએ કાંઇપણ રસોઈ કરવી નહિ, અર્થાત્ જે આધાકર્મી કે ઔદ્દેશિક આહારપાણી અન્યતીર્થી સાધુને છોડવાં અસંભવિત છે અને જૈનશાસન કે જે નવકોટિથી શુદ્ધ એવા આહારને લેવા ફરમાવે છે, તેવા જૈનશાસનને માનનારા અને ગામે ગામ વિચરનારા એવા શ્રમણ નિર્ગ્રંથોથી નિરપવાદ તરીકે પાળી શકાતો નથી, તેવો નિયમ **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા** રાજકુટુંબમાં અને રાજપર્ષદમાં વસતા છતાં વર્ષો સુધી પાળે એ કેટલું બધું આકરૂં ગણાય?

પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરીએ તો **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે** એવા નિયમો કર્યા કે જે નિયમો સાથેનું વર્તન દેખીને કુટુંબીઓનો તેમની ઉપરનો મોહ ગળી જાય એટલું જ નહિ, પણ તે કુટુંબીઓ જ **શ્રમણ ભગવાન મહાવીર મહારાજને** દીક્ષા લેવાની પ્રેરણ કરે.

## સ્નેહાધીનોનો બળાત્કાર

સામાન્ય રીતિએ દુનિયામાં પણ બને છે કે કોઈ પણ દીક્ષાર્થી બાઈ કે ભાઈ પર કેટલી જગો પર મોહાધીન કુટુંબીઓ બળાત્કાર કરે છે, જો તે દીક્ષાર્થીએ સામાયિક કરવા ઉપર માંડયું હોય, તો તેની થાપના ઉઠાવી લે, તેનો ચરવળો મુહપત્તિ ખેંચી લે, પુસ્તક ફાડી-તોડી નાખે, કરેલી તપસ્યાનો ભંગ કરાવવાને માટે તેનું ઉકાળ્યું પાણી ઢોળી નાખે, તેજ ઠામમાં કાચું પાણી ભરી દે, બળાત્કારે તેના મોઢામાં ચોકખી રીતે કાચું-પાણી રેડે, રાત્રિની વખતે પણ તેને પરાણે ખવડાવવા-પીવડાવવા માગે.

આવા ધર્મને ભ્રષ્ટ કરવામાં ભઠિયારા જેવા બનેલા કુટુંબીઓ ન હોય અને કંઇક સ્વત્વ ધરાવનાર દીક્ષાર્થીઓને રજા લેવાના રસ્તા કોઈક અંશે જો તે દીક્ષાર્થી બાઈ કે ભાઈ સ્વાધીનતા ભોગવતા હોય અને જ્યારે જ્યારે કુટુંબમાં દીવાળી, દેવદીવાળી વિગેરે ખાનપાનની સગવડના નામે પ્રસિદ્ધ થએલા તહેવારો કે વિવાહ વિગેરે વરાઓ પોતાને ઘેરે હોય, અને જો તે વખતે તેઓ ઉપવાસ વિગેરે કરી લે છે અને તે ફક્ત દીક્ષાની ઉમેદવારીને જ અંગે એમ જાહેર કરે છે. તો તે દીક્ષાર્થી ભાઈ કે બાઈનું વર્તન સ્નેહની સાંકળમાંજ સપડાએલા કુટુંબીઓને ઘણું જ અસહ્ય થઈ પડે છે, અને પરિણામે તે દીક્ષાર્થીને જોઈતી બધી સગવડો તે સ્નેહાધીન કુટુંબીઓને કરી દેવી જ પડે છે.

આ વસ્તુને ખ્યાલમાં રાખીએ તો **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની** ઉપર જણાવેલી ચારે પ્રતિજ્ઞાઓ સ્નેહાધીન

કુટુંબીઓના સ્નેહને કેવી સળગાવી દેનારી થાય? તે સહેજે સમજી શકાય તેમ છે, અને સાથે એ પણ આપણે સમજી શકીએ તેમ છે કે આવી રીતે દુષ્કર પ્રતિજ્ઞાઓ કરીને ગૃહસ્થાવાસમાં રહેવાવાળા **ભગવાન્ મહાવીર મહારાજની** પ્રવ્રજ્યાની પરિણતિની કોટિ કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચેલી હોવી જોઈએ? એવી તીવ્ર પ્રવ્રજ્યાની પરિણતિ છતાં **મહારાજા નંદિવર્ધનના** આગ્રહથી અને કુટુંબની કાકલુદીથી જે **શ્રમણ** ભગવાન્ **મહાવીર મહારાજે** ગૃહસ્થાવસ્થામાં બે વર્ષ રહેવું કબુલ કર્યું, તે કેવળ **મહારાજા નંદિવર્ધન** અને કુટુંબના દ્રવ્ય ઉપકારને માટે જ કર્યું એમ કહેવામાં કોઈ પણ પ્રકારે અતિશયોક્તિ નથી.

**સંવચ્છરીદાનની ભૂમિકા**

આવી રીતે પ્રતિજ્ઞાપૂર્વક ગૃહસ્થાવસ્થામાં રહેતાં **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને** બાર મહિના જેટલો લાંબો ટાઈમ પસાર થઈ ગયો અને દીક્ષા ગ્રહણ કરવાની મુદતમાં ફક્ત બાર મહિનાજ રહ્યા, તે વખતે કયા દેવતા કેમ આવ્યા? શું કહ્યું? અને તેથી ભગવાને શું કર્યું એ વિગેરે હકીકત પણ પાછી વિચારવા જેવી છે. અને તે આખું કર્તવ્ય પરોપકારને માટે કેવી રીતે થયું તે હવે વિચારી લઈએ.

**લોકાંતિક દેવોના આસનો ચાલવાનું કારણ**

પૂર્વે જણાવ્યા પ્રમાણે રાજકુમારની અવસ્થાને અંગે અત્યંત ભીષ્મ ગણાય તેવી ભીષ્મપ્રતિજ્ઞા લઈને તે પાળવાપૂર્વક **શ્રમણ ભગવાન મહાવીર** ગૃહસ્થ અવસ્થામાં કેઈ મહિનાઓ સુધી રહ્યા, તેવામાં શ્રમણ ભગવાન **મહાવીર મહારાજે** પહેલાના મનુષ્યભવમાં અન્ય જીવોના હિતને માટે જ જે તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું, તેના પ્રભાવે જ લોકાંતિક દેવોના આસન ચલાયમાન થયાં.

**મિથ્યાદૃષ્ટિ જીવને સ્વાભાવિક દુઃખવૈરાગ્ય**

સામાન્ય રીતે સમ્યક્ત્વ પામ્યા પછી તે સમ્યક્ત્વવાળો દરેક જીવ સંસારની ચારે ગતિને ભયંકર ગણનારો હોય છે. નારકી

અને તિર્યંચની ગતિથી તો દરેક જીવ મિથ્યાત્વી હોય કે સમ્યક્ત્વવાળો હોય તો પણ ભય પામે જ છે, અને તેનાથી દૂર રહેવા તો હંમેશા તે ઇચ્છા કરે જ છે, પરંતુ મનુષ્યગતિ અને દેવગતિથી પણ ભય પામે એવો વર્ગ તો કેવળ સમ્યગ્દષ્ટિનો જ હોય છે.

એટલે સામાન્ય રીતે અનાદિકાળથી જેમ આ જીવનો સ્વભાવ દુ:ખથી ભય પામવાનો છે, તેમ સામાન્ય રીતે દુ:ખના સ્થાનો એવા જે દુર્ગતિના આવાસો તેનાથી ભય પામવાનો હોય છે, પણ જેવી રીતે જીવ દુ:ખ અને તેના સ્થાનભૂત દુર્ગતિઓથી ડરે છે, તેવી રીતે તે દુ:ખ અને દુર્ગતિના કારણભૂત કર્મોથી તે સામાન્ય રીતે ડરતો નથી.

જો આ જીવ જેવો દુ:ખ અને દુર્ગતિથી ડરે છે એવો તેના કારણભૂત કર્મોને જાણી, માનીને તેનાથી ડરતો હોય તો આ જીવને આટલા પુદ્ગલપરાવર્તો સુધી રખડવું પડયું હોત નહિ.

અર્થાત્ કહેવું જોઈએ કે કાર્યથી જેટલો ભય તીવ્ર લાગે, તેટલો તેનાં કારણો સમજીને તે કારણોથી લાગવો જોઈએ, નહિતર તો કાંટાથી મનુષ્ય ડરે અને જાણે કે અજાણે બાવળીઆનું પોષણ કરે તેના જેવું થાય, અને અનાદિકાળથી આ જીવને તેમ બન્યું છે અને મિથ્યાદૃષ્ટિ જીવોને તેમ બને છે.

આ કારણથી દુ:ખથી કે દુ:ખના બાહ્ય કારણોથી હંમેશાં ડગલે ને પગલે વૈરાગ્ય સ્વાભાવિક રીતે આવે છે, પણ તેવા વૈરાગ્યો આત્માને કોઈ પણ જાતનો ગુણ ન કરતાં ત્યાં ભયંકર દુ:ખોના પરિણામને જ લાવનારા લૌકિક રીતિએ ગણાતા સુખો તરફ લલચાવનારા અને દોરવનારા થાય છે, અને તેથી જ તેવા દુ:ખના કારણોમાં વૈરાગ્યવાળાને શાસ્ત્રકારો આર્ત્તધ્યાનમાં મગ્ન થએલા ગણે છે.

## સમ્યગ્દષ્ટિ જીવોને બાહ્ય સુખથી વૈરાગ્ય

પણ સમ્યગ્દષ્ટિ જીવો જેવી રીતે પૌદ્ગલિક અનિષ્ટ સંયોગોને લીધે ભરેલા દુ:ખમય દુર્ગતિના સ્થાનોથી વિરક્તપણું ધરાવે, તેવી

જ રીતે પૌદ્ગલિક ઈષ્ટ સંયોગોના સ્થાનભૂત મનુષ્યગતિ અને દેવગતિ-રૂપ સદ્ગતિઓથી પણ વિરક્તપણું ધરાવતો જ હોય, અને તેથી જ શાસ્ત્રકારો સમ્યક્ત્વના લક્ષણને અંગે નિર્વેદ નામનું લક્ષણ જણાવતાં ચારે ગતિથી સમ્યગ્દષ્ટિને ઉદ્વેગ હોવો જોઈએ એમ જણાવે છે.

## સંવેગાદિ ચિહ્નો સમ્યક્ત્વ સાથે નિયમિત કે નહિ?

જો કે આ નિર્વેદ, સંવેગ વિગેરે લક્ષણ એટલે લિંગો છે અને સમ્યક્ત્વ એ લિંગી એટલે સાધ્ય છે, અને તેથી જેમ ધૂમાડારૂપ લિંગ ન હોય તો પણ અગ્નિરૂપી લિંગી એટલે સાધ્ય હોઈ શકે છે, તેમ નિર્વેદ, સંવેગ આદિ પણ સમ્યક્ત્વના લિંગો હોવાથી તે નિર્વેદ, સંવેગ આદિ ન હોય તો પણ સમ્યક્ત્વ હોઈ શકે અગર નિર્વેદ, સંવેગ માત્રના અભાવ માત્રથી સમ્યક્ત્વનો અભાવ ન કહી શકાય, પણ તે માત્ર સમ્યક્ત્વ થયા પછી જેમ કૃષ્ણઆદિક અશુભ લેશ્યાઓનો ઉદય નિરનુબંધ એટલે પરંપરા વધારવા વગરનો હોય છે, તેમ નિર્વેદ, સંવેગ આદિનો અભાવ કથંચિત્ નિરનુબંધ-પણે સમ્યક્ત્વવાળામાં હોય, તો પણ મુખ્યતાએ તો એમ કહી શકીએ કે સંજ્ઞી અને શ્રોતા એવા સમ્યગ્દષ્ટિઓને સંવેગ, નિર્વેદઆદિક લિંગોની આવશ્યકતા છે.

## કોઈ પણ ગતિ મેળવવાની અભિલાષાનો અભાવ

છતાં તેની આવશ્યકતાને અંગે બે મત માનીએ તો પણ જેમ અગ્નિ હોય ત્યાં ધૂમાડાનો નિયમ નથી એ વાત ખરી, પણ ધૂમાભાવની માફક જલીયત્વ તો અગ્નિની સાથે હોય જ નહિ, તેવી રીતે અહીં દેવ કે મનુષ્યગતિની તેના સુખની અપેક્ષાએ અભિલાષા સમ્યક્દષ્ટિને સાધ્યપણાવાળી હોયજ નહિ.

## ઉત્પન્ન થતા અને ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વને અંગે લિંગની સહચારિતાનો વિચાર

અર્થાત્ જ્યાં સુધી પરમપદની અભિલાષારૂપ સંવેગ અને ચારે ગતિથી ઉદ્વિગ્નતારૂપ નિર્વેદ થયા વિના તો સમ્યક્ત્વની ઉત્પત્તિ માનવી અસંભવિત છે, જેમ ઉત્પન્ન થએલો અગ્નિ ધૂમાડા વિના રહી શકે છે, પણ ઉત્પન્ન થતો અગ્નિ ધૂમાડા વગર હોતોજ નથી, તેવી જ રીતે ઉત્પન્ન થયેલા સમ્યક્ત્વનો નિર્વેદઆદિ લિંગ વગરના હોય, તો પણ ઉત્પન્ન થતા સમ્યક્ત્વમાં નિર્વેદઆદિ લિંગોનો નિયમિત ભાવ હોય એજ યુક્તિસંગત લાગે છે. આ હિસાબે સમ્યગ્દષ્ટિ જીવનું સાધ્ય મોક્ષ સિવાય બીજું હોયજ નહિ એ શાસ્ત્રોક્તિ નિશ્ચિતપણે સમજવા જેવી છે.

## સાધ્ય અને પ્રાપ્ય પદાર્થને અંગે

જો કે સમ્યગ્દષ્ટિને અર્થ અને કામ પુરુષાર્થો તથા દેવગતિ અને મનુષ્યગતિ રૂપ સંસાર પ્રાપ્ય જરૂર હોઈ શકે છે, પણ તે સાધ્ય તરીકે તો હોઈ શકેજ નહિ, અને તેથીજ અભવ્ય અને મિથ્યાદષ્ટિના અનંતી વખત ઉત્કૃષ્ટ ચારિત્રો પણ મોક્ષપ્રાપ્તિની અપેક્ષાએ નિરર્થક ગયાં.

## મોક્ષ શિવાયને સાધ્ય તરીકે ન માનનાર સમકીતિ

આ વસ્તુ ધ્યાનમાં રાખનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે સમ્યગ્દષ્ટિ માત્રની અવસ્થાને પામેલો જ્યારે સામાન્ય રીતે ચારે ગતિને પરમાર્થથી છોડવા લાયક ગણે, તો પછી અનાદિ તથા ભવ્યતાને લીધે ઉચ્ચતર અદ્વિતીય યોગ્યતાને ધારણ કરનારા એવા ભગવાન્ તીર્થંકર મહારાજના સમ્યગ્દર્શન ધારણ કરવાવાળા જીવો મોક્ષ સિવાય અને કોઈપણ પદાર્થની આકાંક્ષા વાળા ન હોય અને તેથી પૌદ્ગલિક દુઃખના સ્થાનરૂપ નરકગતિ અને તિર્યંચગતિરૂપી દુર્ગતિથી જેવી રીતે પોતાના આત્માને બચાવવા માગે, તેવી જ રીતે મનુષ્યગતિ અને દેવગતિને પણ કર્મરાજાના પાંજરા તરીકે ગણી તેનાથી હંમેશા દૂર રહેવા માગે તેમાં આશ્ચર્ય શું ?

## કેવલ પોતાના આત્માને બચાવનાર મૂક કેવલી જ થાય.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે કેટલાક વાસ્તવિક સમ્યગ્દર્શનને પામેલા જીવો જેટલો વીર્યઉલ્લાસ પોતાના આત્માને ચાર ગતિથી બચાવવા તે ચારે ગતિના ભ્રમણના કારણભૂત આરંભ-પરિગ્રહ, વિષય-અને કષાયને હેયપણે ધારવામાં અને છાંડવામાં વિચારવાળા અને ઉદ્યમવાળા થાય છે, પણ પોતે જે સંસારનું વૃક્ષ રોપીને પુત્રપુત્રીઆદિકરૂપ જે વેલાઓ વધારેલા છે, તેને આરંભ, પરિગ્રહ, વિષય, કષાયનો ત્યાગ કરાવવા માટે કે તે ચારેનો ત્યાગ કરવો તેજ હિતકર છે, એવું સમજાવવા માટે ઉલ્લાસવાળા થઈ શકતા નથી, તેવા જીવો પોતાના સમ્યક્ત્વના પ્રભાવે જો કે બીજા ભવે મોક્ષ પણ પામી શકે, તો પણ તે મોક્ષ પામવાના ભવમાં પણ બીજાનો ઉદ્ધાર નહિ કરનારા એટલે મૂકકેવલી અથવા અંતકૃત-કેવલી થઈને જ મોક્ષ સાધે છે.

## ગણધરપદને પામનાર જીવોની સ્થિતિ

પણ તેવા મૂક કેવલીના જીવો કરતાં કેટલાક સમ્યગ્દષ્ટિ જીવો ઘણી શુદ્ધ પરિણતિવાળા હોય છે અને તેથી તેઓ એવા વિચારવાળા હોય છે કે ચંદનાદિ સુગંધી વસ્તુઓ જો પોતાની પાસે આવેલાને પણ સુગંધ અર્પણ ન કરે, તો ખરેખર તેમના ચંદનાદિપણાને લાંછન લાગે, તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ સંસારથી વિરક્ત બનેલો હોય, તે અન્ય જીવોને તો શું પણ પોતાના સંબંધમાં આવનારા માતાપિતા, સ્ત્રી, પુત્ર, પુત્રી, ભગિની, વેપારી, આડતિયો, નોકર, ચાકર, મિત્ર, કુટુંબી વિગેરેને જો આરંભ, પરિગ્રહ અને વિષય-કષાયના હેયપણાને સમજાવે નહિ કે તેનો ત્યાગ કરાવે નહિ તો ખરેખર તે ઉચ્ચ સમ્યગ્દષ્ટિપણાના સમ્યગ્દર્શનને તે શોભતું જ નથી.

મારે આખા જગતને ઉદ્ધરવાનું ન બને તો પણ મારા ઉપર જણાવેલા સમસ્ત સંબંધીઓનો તો ઉદ્ધાર કરવો જ જોઈએ. આવી

ભાવનાથી તે મહાપુરૂષો ઘણાજ દોરાએલા હોય છે અને આજ ભાવનાનું તત્ત્વ હૃદયમાં ઉતારીશું ત્યારે કૃષ્ણ મહારાજ વિગેરેએ પોતાના કુટુંબ અને સંબંધી મનુષ્યોને આરંભ, પરિગ્રહ અને વિષય, કષાયના ત્યાગ તરફ કેમ દોર્યા શ્રી આર્યરક્ષિતસૂરિજી વિગેરેએ પોતાના આખા કુટુંબોને પ્રવ્રજ્યાને માર્ગે કેમ જોડયા ? એ સર્વનું તત્ત્વ મગજમાં ઊતારી શકાશે. આવા સબંધીને તારવાવાળા જીવો ગણધરનામક કર્મને બાંધી શકે છે.

તે ગણધરનામકર્મનો ઉદય જે ભવમાં થાય છે, તે ભવમાં તે મહાપુરુષો એટલા બધા ઉત્તમ હોય છે કે માત્ર જિનેશ્વર મહારાજના મુખારવિંદથી પોતે **किं तत्त्वम्** એમ ત્રણ વખત પ્રદક્ષિણા કરીને ત્રણે વખત પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં **उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा,** એવા માત્ર ત્રણ પદોથી એટલો બધો ક્ષયોપશમ પ્રાપ્ત કરી લે છે કે જે ક્ષયોપશમથી તે સર્વ ગણધરો ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની થાય છે અને ચૌદ પૂર્વ તથા બાર અંગની રચના કરે છે અને એવી રીતે કરેલી રચના જ શાસનની પ્રવૃત્તિ સુધી સંખ્યાતા કે અસંખ્યાતા પ્રાણીઓને સંસારસમુદ્રથી તારનારી બને છે, છતાં પણ આ જીવો જો કે પૂર્વે જણાવેલા મૂક કેવલીની અપેક્ષાએ ચઢિયાતા હોઈને ઉત્તમ હોવા છતાં આગળ જણાવીશું તેવા ઉત્તમોત્તમ જીવોની અપેક્ષાએ તો ઉતરતી પંક્તિના હોઈ મધ્યમ પંક્તિમાંજ ગણાય.

## સ્વ, સંબંધી અને અન્યને તારવાની ભાવનાવાળા તીર્થંકરો.

આવા ગણધરાદિ ભગવાનના જીવો કરતાં પણ જે જીવો પહેલા ભવમાં પોતાના આત્માને પોતાના સંબંધવાળા આત્માને અને યાવત્ જગતના સર્વ આત્માઓને આરંભ, પરિગ્રહ અને વિષય, કષાયથી દૂર રહેવા પણું સમજાવનારા અથવા દૂર રાખવાની ભાવનાવાળા જીવો જ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે.

જો કે સામાન્ય રીતે શાસ્ત્રકારો વીસસ્થાનકની આરાધનાથી જિનનામકર્મનો બંધ થવાનો જણાવે છે, પણ તે જ વીસસ્થાનકની આરાધના મોક્ષપદને દેવાવાળી છતાં તીર્થંકરનામકર્મને બંધાવનારી તો ત્યારે જ થાય કે પૂર્વે જણાવ્યા પ્રમાણે સ્વ–સંબંધી-અને જગતના સર્વ જીવોના ઉદ્ધારની ભાવનાવાળો તે વીસસ્થાનકને આરાધવાવાળો આત્મા થયો હોય.

( માત્ર અન્યને તારવાની વાતો કરે, પોતાને તારવાની ભાવના ન રહે, અથવા કુટુંબને તારવા તૈયાર ન થાય પણ ઉલટા વિઘ્ન કરનાર થાય તેઓને કઈ કોટીમાં ગણવા ? તે જ્ઞાની જાણે.)

## જિનેશ્વરોને વીસસ્થાનકની આરાધના જરૂરી
## કે જગદુદ્ધારની ભાવના

જો કે તીર્થંકરનામકર્મની નિકાચના તીર્થંકરપણાના ભવથી પાછલા ત્રીજે ભવે જ હોય છે, તોપણ સ્વ, સંબંધી, અને જગદુદ્ધારની ભાવના કે જે તીર્થંકરપણાનો મૂળ હેતુ છે, તે અનેક ભવોની આરાધનામાં હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી, અને તે જ અપેક્ષાએ ભગવાન્ ભાષ્યકાર મહારાજ **भावितभावो भवेष्वनेकेषु** એમ કહી **ભગવાન્ મહાવીર** મહાવીરના જીવને અનેક ભવમાં ઉત્તમ ભાવનાવાળા હતા એમ સ્પષ્ટપણે જણાવે છે.

આવી રીતે અનેક ભવોથી સ્વ અને સંબંધી તથા જગતના લોકોના ઉદ્ધારની ભાવનાની પ્રકૃષ્ટતાવાળો જીવ કેટલો બધો ભાગ્યશાળી હોય ? અને તેનું પુણ્યપરિમાણ પંડિતોના અને પરમાર્થ જ્ઞાનીઓના પણ વચનથી પર હોય તે સમજવું મુશ્કેલ નથી.

### શાસનશબ્દના અર્થનો ખુલાસો

કેટલાક **'સવિ જીવ કરૂં શાસનરસી એસી ભાવદયા મન ઉલ્લસી'** એ વાક્યની ઉદ્ઘોષણા કરતા અને શાસનપ્રેમીઓનું નામ ધરાવતા લોકો શાસનશબ્દથી માત્ર સંતોષ પામે છે તેઓએ સમજવું

જોઈએ કે **ત્યાગમયપણાને લીધે નિર્ગ્રંથ પ્રવચન એ જ શાસન** છે અને આનન્દાદિક શ્રાવકોનાં વૃત્તાંતો જોશે કો પ્રથમ જ તેઓને **सद्दहामि णं भंते! णिग्गंथं पावयणं पत्तियामि० रोएमि०** એ પ્રતિજ્ઞાઓ અંતઃકરણપૂર્વક જાહેર કરવી પડે છે અને પછી તેઓ **इणमेव णिग्गंथे पावयणे अट्ठे १ परमट्ठे २** અને **सेसे अणट्ठे ३** એ વિચારવાળા સદાને માટે થાય છે અને તે નિર્ગ્રંથ પ્રવચનને અંગીકાર કરવાની અશક્તિ તેઓ **घण्णा णं जे इमे राईसर०** વગેરે અન્ય નિર્ગ્રંથ પ્રવચનને આદરનારાઓનું બહુમાન જાહેર કરવાપૂર્વક જણાવી પોતાની શક્તિ મુજબ વ્રતાદિકને ગ્રહણ કરે છે અને પોતાના આશ્રિતોને પણ તત્કાલ તેવો અંગીકાર કરાવે છે.

અર્થાત્ શાસનશબ્દથી કેવલ ધારેલ વાતો લેતાં નિર્ગ્રંથતાની રૂચિ કરવી અને આખા જગતને તે નિર્ગ્રંથતાની રૂચિ તથા આચરવા પ્રયત્નશીલ થવું અને કરવા તે અર્થ લેવો.

## લોકાંતિક દેવોની મહત્તા

આ સર્વ હકીકત એટલા જ માટે જણાવી છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચ્યવનાદિક કલ્યાણકના મહોત્સવને પ્રસંગે તીર્થંકર ભગવાનોની અભિલાષા સિવાય માત્ર તેમના પુણ્ય પ્રતાપે ઇંદ્રાદિકના આસનો કેમ ડોલે છે? તેની શંકા થાય નહિ અને જો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચ્યવનાદિ વખતે જ્યારે ઇંદ્રોના આસનો ડોલે તો પછી પરોપકારને માટે અપાતા સંવચ્છરીદાનની પહેલાં લોકાંતિક દેવતાઓ કે જેઓ બહુધા અનંતર ભવે જ મોક્ષે જનારા છે અને જેઓનો પરંપરાગત રિવાજ જ એવો છે કે ત્રિલોકનાથ તીર્થંકરોને ત્રિલોકહિતકારી એવા તીર્થને પ્રવર્તાવવા માટે જરૂર વિનંતિ કરવી. એવાઓના આસનો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પુણ્ય પ્રતાપે ડોલે તેમાં આશ્ચર્ય જ શું? આવા લોકાંતિકોના આસનો ડોલાવવામાં જેનો પુણ્ય પ્રતાપ જાજ્વલ્યમાન

હોય તેવા મહાપુરુષોના આત્માઓ કેવા પરહિતમાં રક્ત હશે? તે સમજવું શ્રદ્ધાળુઓને માટે તો ઘણું સહેલું છે.

## લોકાન્તિક દેવોની મહત્તાને અંગે ભગવાન ઉમાસ્વાતિ

જો કે લોકાંતિક નામના દેવતાઓ કોઈ પણ દેવલોકના ઇંદ્ર-પદે નથી, તેમજ ઇંદ્ર જેવી સ્થિતિ, રિદ્ધિ અને સમૃદ્ધિવાળા જે સામાનિકો એટલે ઇંદ્રની સમાન રિદ્ધિવાળા ગણાય છે તેવી સ્થિતિમાં પણ તેઓ નથી, તોપણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જગજીવના ઉદ્ધારને માટે તીર્થ પ્રવર્તાવે તેની અત્યંત લાગણીવાળા જૈનશાસનમાં વિશેષતઃ જુદા ઉલ્લેખનું સ્થાન પામેલા છે, અને તેથી જ તેઓ માત્ર પાંચમા દેવલોકમાં રહેવાવાળા છતાં તેમનું વર્ણન ભાષ્યકાર ઉમાસ્વાતિવાચકજી મહારાજે **ब्रह्मलोकालया लोकान्तिकाः** એ સૂત્ર અને **सारस्वता-दित्य-वह्न्य-रुण-गर्दतोय-तुषिताऽव्याबाध-मरूतः** એમ ભિન્નપણે જણાવી નિર્દેશ કર્યો છે. તત્ત્વાર્થમાં આખો ચોથો અધ્યાય જો કે દેવતાઓનો અને તેના પેટાભેદોનો છે, તોપણ અંતર્ગતભેદને જો કોઈને માટે પણ સ્થાન મળ્યું હોય તો તે માત્ર આ લોકાંતિકોનેજ છે.

## તત્ત્વાર્થ ભાષ્યના વિચિત્ર પ્રયોગનો ખુલાસો

વળી તેજ ઉમાસ્વાતિવાચકજી લોકાંતિક દેવતાઓને કેટલા બધા અગ્રપદમાં મેલે છે તે એટલા ઉપરથી સમજાશે કે તેઓજ આજ તત્વાર્થનું ભાષ્ય કરતાં **सेन्द्रैर्लोकांतिकैर्देवैः** એવો વિચિત્ર પ્રયોગ વાપરે છે. આ પ્રયોગને વિચિત્ર એટલા જ માટે કહેવામાં આવે છે કે **सह** શબ્દના યોગે ગૌણ નામથી તૃતીયા થાય અને **इन्द्र** તથા **लोकान्तिक** એ બેમાં ઈન્દ્રો સમગ્ર દેવલોકના માલિક અને લોકાંતિકના પણ માલિક હોઈને મુખ્ય છે, અને લોકાંતિક દેવતાઓ ઇંદ્રની આજ્ઞાને આધીન હોઈ, ઇંદ્ર કરતાં તે ગૌણ જ હોય અને તેથી **सलोकांन्तिकैरिन्द्रैः** એવો પ્રયોગ બનવો જોઈએ, છતાં લોકાંન્તિક દેવતાઓને જે મુખ્ય બનાવવામાં આવ્યા છે, તે મુખ્યતાએ

ત્રિલોકનાથ તીર્થંકરોના શાસનપ્રવૃત્તિના કાર્યને આગળ કરનારા હોવાને લીધે જ હોવું જોઈએ.

## જગત સમક્ષ જિનેશ્વરોની આદ્યસ્તુતિ કરનાર લોકાંતિકો

જો કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની આરાધના ઇંદ્ર મહારાજાઓ ચ્યવન દિવસથી કરે છે, પણ તે બધી આરાધનાઓ માત્ર સ્વજાતીય સાક્ષીવાળી હોય છે. નિયમિત રીતે જગતની સાક્ષીથી ભગવાન તીર્થંકરોની જો કોઇને પણ લાગલાગટ અભિનંદન અને સ્તુતિ કરવાનો પ્રસંગ મળતો હોય તો તે આ લોકાંતિકોને જ મળે છે.

## લોકાંતિક વ્યુત્પત્તિને અંગે

આ દેવતાઓને લોકાંતિક એટલા માટે કહેવામાં આવે છે કે તેઓ સંસારલોકના છેડા ઉપર રહેલા ગણાય છે, અથવા બ્રહ્મલોકરૂપી લોકના સમીપ ભાગમાં રહેલા હોવાથી લોકાંતિક ગણાય છે. (તિર્ચ્છાલોકમાંથી શરૂ થતો જે તમસ્કાય તેનો છેડો પણ તે લોકાંતિકોના વિમાન આગળ જ આવે છે.)

## લોકાંતિક દેવોનું નિયમનવાળું સમ્યક્ત્વ

કોઇ પણ પ્રકારે તે સારસ્વત વિગેરે દેવતાઓ લોકાંતિક કહેવાય છે, અને તે સર્વલોકાંતિક દેવતાઓ સર્વ સમ્યગ્દૃષ્ટિ હોય છે અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના જન્માદિકને વખતે અત્યંત આનંદ પામનારા હોઈ અત્યંત નિર્મળ ભાવવાળા હોય છે. તેઓનો તે કલ્યાક સંબંધી આનંદ એકલો પોતાના કલ્પને લીધે હોય એમ નહિ, પણ જિનેશ્વર મહારાજના ધર્મના બહુમાનને લીધે હોય છે.

## જગત તારણની લોકાન્તિક ભાવના

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો ઘણા ભવોથી જગતના જીવોનો ઉદ્ધારની ભાવનાવાળા હોય છે, પરંતુ આ લોકાંતિક દેવતાઓ પણ

સંસારના દુઃખથી પીડાએલા પ્રાણીઓની અનુકંપાની અત્યંત લાગણી-વાળા હોવાથી જ જિનેશ્વર ભગવાનના જન્માદિક કલ્યાણકોની વખત અત્યંત આનંદ પામે છે, પરંતુ ભગવાન તીર્થંકરો જ્યારે જગતના ઉદ્ધારની નીસરણીરૂપ પ્રવ્રજ્યા લેવાનો સંકલ્પ કરે છે, ત્યારે તો તે લોકાંતિક દેવતાઓના મનમાં હર્ષનો પાર રહેતો નથી, તેથી તે વખત ભગવાનની સ્તુતિ કરે છે અને સાક્ષાત્ તીર્થંકરોની પૂજામાં તત્પર થઈ જાય છે.

આવી રીતે ધર્મની અત્યંત લાગણી ધરાવનાર નિયમિત સમ્યગ્દર્શન ધારણ કરનાર લોકાંતિક દેવતાઓની દીક્ષા ગ્રહણ કરવા પૂર્વક તીર્થ પ્રવર્તાવવાની વિનંતિ થાય છે.

## તીર્થ પ્રવર્તાવવાની લોકાન્તિકોની લાગણી માટે શ્રી ભદ્રબાહુ સ્વામી

એ વિનંતિ માટે ભગવાન ભદ્રબાહુસ્વામીજી પણ સ્પષ્ટ શબ્દોમાં શ્રી કલ્પસૂત્રમાં આવી રીતે લખે છે:

**जय जय नंदा ! जय जय भद्दा ! भद्दं ते जय जय खत्तिय-वरवसहा? बुज्झाहि भयवं लोगनाह?, सयलजगज्जीवहियं पवत्तेहि धम्मतित्थं हियसुहणिस्सेयसकरं ! सव्वलोए सव्व-जीवाणंभविस्सइ त्तिकट्टु जयजयसद्दं पउंजंति।**

હે ભગવાન્! જયવંતા વર્તો ! હે ભગવાન્! સમૃદ્ધિવાળા થાઓ! હે ભગવાન્ કલ્યાણવાળા થાઓ! (હે સમૃદ્ધિવાળા ભગવાન્ જયવંતા વર્તો ! હે કલ્યાણવાળા ભગવાન્ જયવંતા વર્તો) તમારું કલ્યાણ થાઓ હે ! ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ વૃષભસમાન ભગવાન્ જયવંતા વર્તો ! હે ભગવાન્ લોકનાથ ! તમે ચારિત્ર અંગીકાર કરો અને સકલ જગતના જીવોને હિત કરનાર એવા ધર્મતીર્થને પ્રવર્તાવો ! કેમકે સકલ જગતમાં સર્વ જીવોને તમારું પ્રવર્તાવેલું ધર્મતીર્થ જ હિત, સુખ અને મોક્ષને કરનારૂં થશે એમ કહી જય જય શબ્દનો ઉદ્-

ઘોષ કરે છે. આવી રીતે લોકાંતિકોએ કરાતી સ્તુતિ અને પ્રેરણા થયા પછી ભગવાન્ સંવચ્છરીદાન પ્રવર્તાવે છે,

## લોકાંતિકોની વિનતિ અને દાનનું પૂર્વાપરપણું છે?

જો કે કેટલીક જગો પર સંવચ્છરીદાન પછી પણ લોકાંતિકની આ હકીકત થઈ એમ જણાવવામાં આવે છે, અને તેથી કેટલાક આચાર્યો લોકાંતિકોનું સંવચ્છરીદાન પછી આવવું કે પહેલાં આવવું થાય છે એમ વૈકલ્પિક રીતે નિર્ણય આપે છે. જો તે જગો પર લોકાંતિકોનું સંવચ્છરીદાનના અને દીક્ષાના આરંભમાં એમ બંને વખત આવવું મનાય તો કંઇ અડચણ જેવું લાગતું નથી. આચાર્યોએ આપેલું સમાધાન માત્ર વર્ણનના દ્વારોને અંગેજ ઉપયોગી હોય તો કાંઈ અડચણ જેવું નથી.

**ભગવાન ભદ્રબાહુસ્વામીજી** સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **ભગવાન મહાવીર મહારાજાને** જો કે પહેલેથી દીક્ષાના સમયને જાણી શકે એવું જ્ઞાન હતું, પણ આ લોકાંતિકની વિનંતી થયા પછી પોતાના દીક્ષાના કાળને જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકયો અને તે ઉપયોગથી દીક્ષાકાળ નજીક જણાયો અને સંવચ્છરીદાન પ્રવર્તાવ્યું.

આ બધી હકીકત જણાવવાનું કારણ એટલું જ કે ત્રિલોકનાથ તીર્થંકરની પરોપકારનિરતપણાની પરાકાષ્ટાને અંગે એટલું બધું માહાત્મ્ય છે કે જેને અંગે ઉપર જણાવેલી લોકાંતિક દેવતાઓ સંબંધી હકીકત બનવા પામી છે.

હવે ભગવાન્ તીર્થંકરો સંવચ્છરીદાનથી કેવી રીતે પરોપકારનિરત સિદ્ધ થાય છે તે વિચારીએ.

## સંવચ્છરીદાનથી ભવ્યત્વની છાપ

દરેક ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પોતાના દીક્ષાકાળથી પહેલાં સંવચ્છરીદાન પ્રવર્તાવે છે, તે સંવચ્છરીદાનનો એવો

વિચિત્ર પ્રભાવ છે કે તે દાનને લેવાની બુદ્ધિ કે તે દાનનું મળવું અભવ્યોને હોય જ નહિ.

## ભવ્યત્વનું જ્ઞાન કેવલીઓનેજ

અર્થાત્ એમ કહીએ તો ચાલે કે તે સંવચ્છરીદાન જો કે સુવર્ણાદિરૂપ દ્રવ્યના દાન સ્વરૂપે છે, તો પણ તત્ત્વથી ભવ્યજીવોમાં અનાદિકાળથી રહેલ ભવ્યપણું કે જે માત્ર કેવળજ્ઞાનીઓને જ સાક્ષાત્ ગમ્ય છે, કેમકે ભવ્યપણું કે અભવ્યપણું એ જીવ અને અજીવપણાની માફક પરસ્પરરૂપે નહિ પલટવાવાળા જીવના અનાદિકાળના પારિણામિક ભાવો છે, અને તે જીવના સ્વભાવરૂપ હોવાથી સાક્ષાત્ સ્વરૂપે જીવને જાણવા દેખવાવાળા કેવળ જ્ઞાની મહારાજ જ જાણી શકે.

આ કારણથી શાસ્ત્રકારો ભવ્યત્વ અને અભવ્યત્વ સ્વભાવને આજ્ઞાગ્રાહ્ય એટલે કેવળજ્ઞાની મહારાજાના વચનથી જ જાણવા લાયક છે એમ જણાવે છે. અર્થાત્ મનઃપર્યવ સુધીના ચાર જ્ઞાનોમાંથી કોઈપણ જ્ઞાનથી જીવમાં રહેલું ભવ્યપણું જાણી શકાય તેમ નથી. તેવા ભવ્યપણાનો નિશ્ચય ભગવાન્ તીર્થંકર મહારાજના સંવચ્છરીદાનથી થાય છે.

## સંવચ્છરીદાનથી ભવ્યત્વની નિશ્ચિતતાથી તીર્થંકરોની પરોપકારિતા

અર્થાત્ જે જે ભાગ્યશાળીઓ ભગવાન્ જિનેશ્વર મહારાજના હાથથી સંવચ્છરીદાન લે છે, તે સર્વજીવો ભવ્ય જ હોય એવો નિર્ણય થાય છે, એટલે કેવળજ્ઞાની ભગવાનને પૂછવાથી જે નિર્ણય થઈ શકે તે નિર્ણય જિનેશ્વર ભગવાનો સંવચ્છરી- દાનને આપીને કરી દે છે, તો એ દાનદ્વારાએ ભવ્યપણાની છાપ કરાતી હોવાથી પરોપકારનિરતપણું કંઈ ઓછું કહેવાય નહિ.

## દાનગ્રહણથી તત્ત્વદર્શિતા

જો કે સામાન્ય રીતે દાન લેનારના ભવ્યપણાનોજ નિર્ણય થાય છે એમ કહેવાય છે, પણ તે ભવ્યપણું તો ઘણા પુદ્ગલ-પરાવર્તો પછી પણ જેઓને મોક્ષ મળવાનો હોય તેઓને પણ ભવ્યપણાવાળા કહી શકાય, પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના દાનનો વિચિત્ર પ્રભાવ એ પણ છે કે તે દાન લેનારા જીવો તે દાનને પ્રભાવે તત્ત્વદૃષ્ટિવાળા થાય છે. અર્થાત્ ધર્મપ્રધાન ચર્ચાવાળા મહાપુરુષોના ઉપદેશામૃતથી પણ જે કાર્ય તેના પાન કરનારાઓમાં વ્યાપકપણે થઈ શકતું નથી, અર્થાત્ ઉપદેશક એવા મહાપુરુષના વચનામૃતથી સર્વશ્રોતાઓ તત્ત્વદૃષ્ટિવાળા થઈ શકતા નથી.

તેથી ભાષ્યકાર **શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકજી** મહારાજ સ્પષ્ટ રીતે ફરમાવે છે કે-**न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हित-श्रवणात्** અર્થાત્ સર્વે શ્રોતાઓને હિતકારી ઉપદેશ સાંભળવાથી પણ એકાંતથી ધર્મ થાય તેવો નિયમ નથી, પણ ત્રિલોકનાથ તીર્થંકરના દાનને લેવાથી એ દાન લેનારાઓ બધા તત્ત્વદૃષ્ટિવાળા થાય એ જેવો તેવો ઉપકાર નથી. જેવી રીતે ભવ્યપણાની છાપ દાનથી થાય છે, તેવી જ રીતે દાન એ જાણે હૃદયનું અંજન જ હોય નહિ તેવી રીતે અજ્ઞાનપડલોને દૂર કરીને તે દાન લેનારા-ઓને તત્ત્વદૃષ્ટિવાળા બનાવે છે, તેથી દાન લેનારાઓને તત્ત્વદૃષ્ટિવાળા બનાવનાર એવું દાન જે ત્રિલોકનાથ તીર્થંકરો અર્પણ કરે છે, તે મહાપુરુષોના ઉપદેશ કરતાં પણ મોટા ઉપકારવાળુ થાય છે, અને તેથી તીર્થંકરોનું દાન તેમના પરહિતપણાની પૂરેપૂરી વિજય-પતાકા છે.

## સંવચ્છરીનું દાન ગ્રહણ કરવાથી ધર્મ વિષે ઉદ્યમ

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તત્ત્વોને તત્ત્વો તરીકે ઓળખવાનું કાર્ય ઘણું જ દુષ્કર છે, અને તેથી જ શાસ્ત્રકારો

કહે છે કે **सुत्त्वाते जियलोए जिणवयणं जे नरा याणंति** । અર્થાત્ તત્ત્વમય એવાં જિનેશ્વર ભગવાનોના વચનોને જેઓ જાણતા નથી, તેઓ ખરેખર દયાને પાત્ર હોઈ અફસોસ કરવાને લાયક છે. અર્થાત્ તત્ત્વદષ્ટિ થવી તે પણ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને થવી મુશ્કેલ છે, છતાં તેવા કોઈ તથા-ભવ્યત્વના પરિપાકને લીધે કદાચિત્ તત્ત્વદષ્ટિ કે જે ચોથા ગુણ-ઠાણાની શરૂઆતથી જ થાય છે તે કદાચિત્ થઈ પણ જાય તો પણ ત્યાગધર્મમાં અને સંયમ ધર્મમાં ઉદ્યમવાળા થવાનો વખત આવવો એ જીવને માટે ઘણું જ મુશ્કેલ છે.

## તત્વદષ્ટિ કરતાં ધર્મોદ્યમની મુશ્કેલી

શાસ્ત્ર સાંભળવાળા શ્રદ્ધાળુઓને માલમ હશે કે ભવચક્રમાં જીવને તત્વદષ્ટિ (સમ્યકૃત્વ) અસંખ્યાતી વખત થઈ જાય છે, પણ વિરતિ કે જે ખુદ ધર્મરૂપ છે તેની પ્રાપ્તિ ભવચક્રમાં અસંખ્યાતી વખત હોતીજ નથી. તેવી ધર્મમાં ઉદ્યમ કરવાની દશા જીવોમાં જાગ્રત કરી દે તેવું ત્રિલોકનાથ તીર્થંકરોનું સંવચ્છરીદાન છે, અર્થાત્ તે દાનને લેવાવાળા નિશ્ચિતપણે ભવ્ય હોય છે, અને તે દાન મળવાથીજ તે દાન લેવાવાળાઓ તત્ત્વદષ્ટિવાળા અને ધર્મમાં ઉદ્યમ કરવાવાળા થાય છે.

આ ત્રણ ગુણોવાળું દાન ભગવાન્ જિનેશ્વર મહારાજ કરે છે, તેથી તેઓનું પરહિતરતપણું વર્ણવી ન શકાય તેવું છે એમ માનવામાં કોઈપણ જાતની શંકાને અવકાશ નથી.

## ત્રિલોકનાથ તીર્થંકરોનું સંવચ્છરીદાન તે મહાદાન

આવા અપૂર્વ ગુણોને અંગે ભગવાન્ જિનેશ્વરોના દાનને મહાદાન કહેવામાં આવે છે. અર્થાત્ સર્વ તીર્થંકરો કંઈ ચક્રવર્તી હોતા નથી કે ચક્રવર્તીના કુળમાંજ અવતરવાવાળા હોતા નથી, અને તેથી તેઓને ચક્રવર્તીના નવ નિધાનનો જોગ ન હોય તથા

તે જોગ ન હોવાને લીધેજ અગણિત ધન તેઓ પાસે ન પણ હોય અને તે અગણિત ધન ન હોવાને લીધે અગણિત દ્રવ્યનું દાન ન પણ કરી શકે, તોપણ ઉપર જણાવેલા ત્રણ અપૂર્વ ગુણોને કરનારૂં આ દાન હોવાથી ખરી રીતે મહાદાન કહેવાય, તેમાં ભક્તિ કે અતિશયોક્તિ છે જ નહિ.

## માગનારની ઈચ્છા પ્રમાણે સંપૂર્ણ દાન

એક બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ તીર્થંકર મહારાજા પરહિતરતપણાવાળા હોઈને પરોપકારને માટેજ દાન આપે છે, અને તે દાન માંગનારે મોઢે માગ્યું હોય તેટલું સંપૂર્ણપણે આપવામાં આવે છે. અર્થાત્ જેને જે જોઈએ તે માંગો એવી દેશ અને ગ્રામમાં ઉદ્ઘોષણા કરીને સર્વ જનતાને ખબર આપવામાં આવે છે, અને એવી રીતે ખબર જે આપવામાં આવે છે, તે ગ્રામ અને નગરના ત્રિકોણ સ્થાનો, ચતુષ્કોણ સ્થાનો, સંઘોડાના આકારવાળા સ્થાનો, રાજમાર્ગો અને દેવમંદિરોમાં દેવતાઓદ્વારાએ અને મનુષ્યો દ્વારાએ ઉદ્ઘોષણા કરવાથી જેઓ તે દાન લેવા આવે તે બધાને તે આપવામાં આવે છે.

અર્થાત્ વર્તમાનમાં જેમ જાહેરખબરદ્વારાએ કે અન્ય કોઈરીતિએ જાહેરાત કરીને પોતાના માલનો ઉઠાવ કરાય છે, તેવી રીતે ગ્રામ અને નગરના સર્વસ્થાનોમાં માગનારની ઈચ્છા પ્રમાણે દેવાની જાહેરાત કરીને આવેલા સર્વ જીવોને તેઓ માગે તે પ્રમાણે દેવામાં આવે છે.

## દાન મળ્યાથી તૃષ્ણાનો નાશ

આવી રીતે માંગનારને તૃપ્ત કરવાવાળું ભગવાન્ જિનેશ્વરોનું દાન હોવાથી ભગવાન્ જિનેશ્વરોનું દાન તૃષ્ણાવેલડીનો વધ કરનાર થાય અને તેથી મહાદાન કહેવાય એમાં કાંઈપણ આશ્ચર્ય નથી.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે મરજી પ્રમાણે માંગવાનું કહ્યા છતાં પણ તે માંગનારનું વચન અને મન નિયમિત રીતેજ

પ્રવર્તે છે, કોઈપણ માગનાર પોતાની ઇચ્છાએ વચનને પ્રવર્તાવતો નથી એવી રીતે મોં માંગ્યું દેવાનું કહ્યા છતાં પણ નિયમિત મર્યાદાસર જે માગવાનું થાય છે, અને તેનાથી માંગનારને નિઃસીમ દ્રવ્ય મળ્યું હોય અને તેનાથી જે સંતોષ થાય તેવો સંતોષ આ દાનથી થતો હોવાને લીધે આ દાન તૃષ્ણાવિચ્છેદક હોઈ પરોપકાર કરનારૂં હોય તેમાં આશ્ચર્યજ નથી.

## લાભથી લોભ વધે એવા કુદરતી નિયમનો નાશ

જગતનો સામાન્ય નિયમ એ છે કે સો મળવાના થાય ત્યારે સહસ્રની ઈચ્છા, સહસ્ર મળે ત્યારે લાખની ઈચ્છા અને લાખ મળે ત્યારે ક્રોડની ઈચ્છા, ક્રોડ મળે ત્યારે રાજાપણાની ઇચ્છા, રાજાપણું મળે ત્યારે દેવપણાની ઈચ્છા અને દેવપણું મળે ત્યારે ઇંદ્રપણાની ઈચ્છા થાય છે અને તેથી ઈચ્છાને આકાશ સરખી અનંત પ્રમાણવાળી કહેવામાં આવે છે.

આ વાત બે માસા સોનું આશીર્વાદથી મેળવવા માટે નીકળેલા છતાં ક્રોડો સોનૈયા મળવાનું થયા છતાં જેને વિકલ્પની શાંતિ થઈ ન હોતી, તેવા કપિલનું વૃત્તાંત જેઓ જાણતા અને માનતા હશે તેઓની સમજમાં સહેજે આવી જાય તેમ છે, તેથી શાસ્ત્રકારો પણ નિયમ તરીકે એજ જણાવે છે કે **जहा लाहो तहा लोहो** અર્થાત્ મનુષ્યને જેમ જેમ નવા લાભો મળે છે તેમ તેમ નવો લોભ ઉત્પન્ન થાય છે.

આવી રીતે જગતના જીવોની સ્થિતિ અને શાસ્ત્રવચન છતાં પણ ભગવાન્ જિનેશ્વરોના દાનમાં તેથી ઉલટું જ હોય છે. અર્થાત્ જિનેશ્વર ભગવાનના દાનમાં લાભ વધવાથી લોભનું વધવું થતું નથી, પણ તે મેળવનારાઓ મનોરથ પૂર્ણ થયા માની તૃષ્ણાના ભયંકર ભાવનો ભૂકો કરી નાખનારા હોય છે, અને તેથી જિનેશ્વર ભગવાનનું દાન એ પરહિતરતપણાને અંગે હોઈ મહાદાન કહેવાય છે.

## સંવચ્છરી દાનને લેનારા માત્ર પુરુષોજ

વળી એ પણ બીના ધ્યાનમાં રાખવાની છે કે સમગ્ર દેશ અને શહેરમાં મોં માગ્યું લેવાની ઉદ્દ્ઘોષણા કર્યા છતાં પણ કહેવાય છે કે માત્ર પુરુષોજ તે દાનને લેવા આવે અને તેથીજ શ્રીપર્યુષણાકલ્પના જુના સંવચ્છરીદાનના ચિત્રોમાં માત્ર દાન લેનાર તરીકે પુરુષોનોજ પરિચય કરાવવામાં આવેલો છે. કોઈપણ સંવચ્છરીદાનના ચિત્રમાં સ્ત્રીઓને દાન લેતી ચિતરવામાં આવેલી નથી. સામાન્ય રીતે જોકે એમ કહી શકાય કે સ્ત્રીઓનું સ્થાન અને અવસ્થાન માત્ર ઘરમાંજ હોય, બહુલતાએ બહાર હોયજ નહિ, પણ નજીકમાં રહેવાવાળી અને તેવી બહાર ફરવાવાળી સ્ત્રીઓ દાન લેવા આવી શકે, અને ઉદ્દ્ઘોષણામાં પણ સ્ત્રીઓનો નિષેધ કરવામાં આવેલો નથી, તોપણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દાનનો એટલો બધો અતિશય છે કે તેથી સમગ્ર દેશ અને શહેરમાં ઉદ્દ્ઘોષણા છતાં માત્ર પુરુષોજ દાન લેવા આવે છે, આ વાત પ્રશ્નોત્તરકારે બહુલતાના હિસાબે કરેલી છે.

શ્રમણ ભગવાન મહાવીર મહારાજના ચરિત્રમાં પણ સાંભળીએ છીએ કે ભગવાનના મિત્ર બ્રાહ્મણનેજ તેની સ્ત્રીએ પ્રેરણા કરીને મોકલ્યો, પણ તે સ્ત્રીએ સંવચ્છરી દાન લેવામાં કોઇપણ પ્રકારનો પ્રયત્ન કર્યો નહોતો, અને વસ્તુતઃએ બ્રાહ્મણને પણ પોતાની સ્ત્રીએ સંવચ્છરીદાનનો લાભ નહિ લીધેલો અને તેથી દરિદ્ર દશા તેમની તેમ સ્થિરવાસ કરી રહેલી, તેથીજ પોતાના ભર્તારને શ્રમણ ભગવાન મહાવીર મહારાજા શ્રમણદશામાં દાખલ થયા છતાં પણ તેમની પાસે માંગવા મોકલ્યો. આ પુરુષોજ દાન ગ્રહણ કરવા આવે એ વાતને જો નિયમ તરીકે લઇએ તો ભગવાન્ જિનેશ્વરોના દાનનો અપૂર્વ મહિમા અને મહાદાનપણાની સિદ્ધિ સહેજે સમજાઈ જાય, અને પુરુષોને કરાતા દાનને અંગે પુરુષોની અપેક્ષાએ પરોપકારીપણું ઘણીજ ઉંચી દશામાં દાખલ થયેલું ગણાય.

## મહાદાન છતાં સંખ્યાનું નિયમિતપણું

જિનેશ્વર મહારાજના પરહિતરતપણાને અંગે નોઆગમ દ્રવ્યનંદીના વ્યતિરિક્ત ભેદના પ્રસંગમાં ભગવાન્ જિનેશ્વરોની સ્નાનાદિ પદાર્થોથી દ્રવ્યપૂજા કરતાં વિચારવાના ગુણોમાં સંવચ્છરીદાનનો ગુણ વિચારતાં તે પરોપકારને માટે દેવાતું સંવચ્છરીદાન મોં માંગ્યું દેવાય છતાં સંખ્યાવાળું કેમ છે એ વિચારવું અપ્રાસંગિક નથી.

જિનેશ્વર ભગવાન્ જ્યારે સંવચ્છરીદાન પ્રવર્તાવે છે ત્યારે પ્રતિદિન સવારે પ્રાતરાશ એટલે પ્રભાતકાલનો ભોજનવખત એટલે એક પહોર સૂર્યોદય સુધીના વખતમાં એક ક્રોડ ને આઠ લાખ સોનૈયા જેટલું દાન કરવામાં આવે છે, અને તેવી રીતે એક વર્ષ એટલે ત્રણસો સાઠ દહાડા સુધી તેવી રીતે અવિરતણે દાનની ધારા પ્રવર્તે છે.

આ સંવચ્છરીદાનને અંગે ગણેલું વર્ષ, તે નક્ષત્ર વર્ષ, ચંદ્રવર્ષ, સૂર્યવર્ષ કે અભિવર્ધિત વર્ષ નથી, પણ માત્ર ઋતુવર્ષ એટલે કર્મ-વર્ષજ છે, અને તેથીજ શાસ્ત્રકારો આખા સંવચ્છરીદાનની સંખ્યા જણાવતાં ૩ અબજ ૮૮ ક્રોડ ૮૦ લાખની જણાવે છે.

આવી રીતે નિયમિત સંખ્યામાં દાન દેવું, નિયમિત મુદત સુધી દાન દેવું અને મનુષ્યના માગ્યા પ્રમાણે દાન દેવું, આ બધી વસ્તુ વિચારકને વિરોધવાળી લાગશે, પણ તેજ દાનનો મોટો અતિશય છે કે માંગનારાઓની ઈચ્છા તેટલાજ પ્રમાણમાં થાય અને તેટલા પ્રમાણથીજ તીર્થંકરોને દાન દેવાનું બને. જગતમાં પણ પુણ્યશાળી મહાત્માઓની સ્થિતિ દેખીએ છીએ કે તેના દાન દેવાના પરિણામની સ્થિતિએજ માંગનારાઓની ઈચ્છા થાય છે.

## ભગવાનના દાનમાં દેવતાઓનો પ્રભાવ

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જિનેશ્વર મહારાજના સંવચ્છરીદાનરૂપી મહાદાનમાં દેવતાઓની કાર્યવાહી પૂરેપૂરી હોય છે, અને તેથી દેવતાઈ પ્રભાવ પણ એવી અસર કરનારો હોય કે જેથી માગનારને મર્યાદા ચૂકવાનું ન થાય.

આ બધું કહેવાનું કારણ એજ કે ઇચ્છા પ્રમાણે દાન આપવાનું અને તેની સાથે નિયમિત સંખ્યામાં દાન આપવાનું કેમ સંગત થાય? કેમકે એક જ મનુષ્ય એકી વખતે કદાચ કરોડોના સોનૈયા કેમ માગી ન લે? એવી શંકાને અવકાશ નથી.

## ભગવાન તીર્થંકરોનું દાન અધિકરણ કેમ નહિ?

વળી તીર્થંકર મહારાજાઓ વડે દેવાતું દાન હિરણ્યરજતાદિ દ્રવ્યરૂપ હોઈને કેટલાક અજ્ઞ જીવો અધિકરણ એટલે પાપકારણરૂપ માને છે, અને સૂત્રના ઐદંપર્યાર્થને નહિ સમજતાં जे उ **दाणं पसंसंति०** એ બિચારા ગાથાને આગળ કરે છે, પણ તે સંબંધમાં **ભગવાન હરિભદ્રસૂરિજી** વિગેરેએ **અષ્ટકજી** વિગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે એ ઉપર જણાવેલી **સુયગડાંગસૂત્રની** ગાથા અવસ્થાવિશેષને માટે છે, પણ ભગવાન્ જિનેશ્વરોનું દાન શુભ ઉદય કરનારૂં છે, મમત્વભાવને નાશ કરનારૂં છે, તથા દાન એ ધર્મનું અંગ છે, એ સ્પષ્ટ કરવા માટેજ ભગવાન્ જિનેશ્વરો સંવચ્છરીદાન આપે છે. અર્થાત્ ભગવાન્ જિનેશ્વરોનું સંવચ્છરીદાન જોકે રજતસુવર્ણાદિ દ્રવ્યરૂપ છે, તોપણ તે અંશે પણ પાપરૂપ નથી, પણ તેનાથી તો શુભના ઉદય વિગેરેજ ફળો થાય છે.

## સંવચ્છરીદાનનું દાન દુશ્મનોએ કરેલું વિપરિણામ

કેટલાક દાન અને દયાના દુશ્મનો ભગવાન **મહાવીર મહારાજના** મૂળસૂત્રમાં નિરૂપણ કરેલા દાનને નિષેધી શકતા નથી, પણ તે દાનને પાપરૂપ માની, ભગવાન મહાવીર મહારાજને થયેલા ઉપસર્ગોનું કારણ તે તેમને દીધેલા સંવચ્છરીદાનથી થએલા પાપના ફળરૂપે પોકારે છે પણ તેઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે સંવચ્છરીદાન તો **ભગવાન મહાવીર મહારાજના** સંવચ્છરીદાનની માફક સર્વ તીર્થંકરોએ દીધેલું છે, અને સર્વ તીર્થંકરોને તેવા ઘોર ઉપસર્ગો થયેલા નથી. એટલે જો સંવચ્છરીદાન શુભના ઉદયને કરનારૂં ન

હોત, મમતાને છેદનારૂં ન હોત, અને ધર્મના અંગરૂપ ન હોત; પણ અંશે જો પાપના કારણભૂત હોત અને તેનાથી ઉપસર્ગો જો થતા હોત તો સર્વ તીર્થંકરોને સંવચ્છરીદાન હોવાથી ઘોર ઉપસર્ગ થાત, પણ સર્વ તીર્થંકરોને સંવચ્છરીદાન દેવાનું તો બન્યું છે, પણ ઘોર ઉપસર્ગો સર્વ તીર્થંકરોને થયા નથી. માટે દાન-દયાના દુશ્મનોનું તે કથન માત્ર બકવાદરૂપ છે.

વળી **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને** જે જે ઘોર ઉપસર્ગો થએલાં છે, તેમાં શાસ્ત્રકારોએ તેમાં **ભગવાન્ મહાવીર મહારાજાના** પૂર્વભવોના કર્તવ્યોની જવાબદારી ચોકખા શબ્દોમાં જણાવેલી છે. કોઈપણ શાસ્ત્રકારે કોઇપણ સ્થાને આ દાન-દયાના દુશ્મનોની માફક તે ઘોર ઉપસર્ગના કારણ તરીકે તે સંવચ્છરી-દાનને જણાવેલું જ નથી, છતાં કર્મના પ્રપંચના કુટિલ કાવત્રાખોર દાન અને દયાના દુશ્મનો શાને આધારે આવો બકવાદ કરે છે? સત્ય રીતિએ વિચારતાં આ ભિખમપંથીઓને જુઠી કલ્પના અને જુઠા બકવાદો કરી ગપ્પાં હાંકવાની ટેવ જ પડેલી છે.

## સંવચ્છરીદાન માટે અઢળક ધનને લાવનારા

આ સંવચ્છરીદાનમાં જે અઢળક ધનનો વ્યય કરવામાં આવે છે, તે અઢળક ધન તીર્થંકર મહારાજના રાજ્યભંડારમાં હોતું નથી, પણ તે અઢળક ધન ઇન્દ્ર મહારાજના ભંડારી જે **વૈશ્રમણ** નામના દેવ છે, તેમની આજ્ઞાને આધીન રહેનારા તિર્યંગ જૃંભક નામના દેવતાઓ તે અઢળક ધનને લાવી ભંડારમાં દાખલ કરે છે.

## ત્રિલોકનાથના સંવચ્છરીદાનમાં પણ ન્યાયનું સ્થાન

આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન્ જિનેશ્વરના શાસનની ધુસરીને ધારણ કરનારા આચાર્ય ભગવાનો દેવ, ગુરુ, કે ધર્મ એકે માટે પણ અન્યાય થાય તે ઉચિત ગણનારા નથી.

## મંદિર અને મૂર્તિ કરાવનારને પણ ન્યાયની અગત્ય

અને તેથી જ ભગવાન્ જિનેશ્વરોની મૂર્તિ અને મંદિર કરાવનારા અધિકારીઓને અંગે સ્પષ્ટપણે જણાવ્યું કે તેઓએ પ્રથમ નંબરે પોતાના દ્રવ્યની શુદ્ધિ કરવી, અર્થાત્ કોઈનું કંઇપણ દ્રવ્ય અન્યાયથી લીધું હોય કે આવ્યું હોય તો તે તેને પાછું આપવું.

## આરંભીના આરંભ કરતાં પણ ન્યાયની અધિક કિંમત

અર્થાત્ ન્યાયની કિંમત એટલી બધી મોટી ગણી કે આરંભ, પરિગ્રહ, વિષય-કષાયમાં માચેલો કે મહારંભ અને મહાપરિગ્રહના કાદવમાં ખૂંચાયેલો મનુષ્ય તે અધિકારીએ અન્યાયથી લઇને પાછા આપેલા દ્રવ્યથી તે આરંભાદિક કે મહારંભાદિકનું પોષણ કરે અને તેનાથી જે પાપ થાય તેનું કારણ તે પાછું આપનારો બને, તોપણ તે ક્ષંતવ્ય તરીકે ગણી અધિકારીઓને અન્યાયનું દ્રવ્ય શાસ્ત્રકારોએ પાછું જ આપી દેવાનું ફરમાન કર્યું.

## અન્યાયવાળાની મલિનતાનો સિક્કો

વાચકોએ ધ્યાન રાખવું કે અન્યાય કરનારો પોતાના આત્માને ન્યાયમાં સ્થાપ્યા સિવાય જે કાંઈ કરે તેમાં તે પોતાના પાપને કોઈપણ પ્રકારે ધોતો નથી, અને આરંભ અને મહારંભાદિકમાં રાચેલો તો મનુષ્ય પાપમય આત્મા છે તેથી તે અન્યાયવાળું દ્રવ્ય પાછું ન આવે તેટલા માત્રથી તે પાપબંધથી બચી જતો નથી, માટે જ શાસ્ત્રકારોએ શ્રી જિનેશ્વર ભગવાનના મંદિર અને મૂર્તિ કરાવનારને અન્યાયથી આપેલું દ્રવ્ય પાછું આપી પોતાના દ્રવ્યની શુદ્ધિ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાન કરેલું છે.

## અન્યાયથી આવેલ પાછું આપવું એ જ ઔદાર્ય

ધર્મના પ્રેમી સજ્જનોએ ધર્મમાર્ગમાં દ્રવ્ય ખર્ચવું એ જ કર્તવ્ય તરીકે છે, એવી અક્કલ ધરાવતાં ધર્મમાર્ગે ખર્ચાતા દ્રવ્યના લાભ કરતાં પણ અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી દેવું એ ધર્મનો પહેલો પાયો છે, એમ સમજવાની જરૂર છે.

ધર્મમાર્ગમાં ખર્ચવું એ જ ઔદાર્ય છે, અને તેથી જ ધર્મ થાય છે એવી ઓઘવૃત્તિ રાખવા કરતાં અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી શેષ પોતાના ન્યાયવાળા શુદ્ધ દ્રવ્યને ખર્ચવાથી જ લાભ થાય છે, એ વાત ખરેખર સમજવા જેવી છે.

## વ્યાપારના અન્યાયને ન રોકવામાં આવતો પ્રસંગ

જો વણિકવૃત્તિએ આવેલા અન્યાય દ્રવ્યને ધર્મમાર્ગે ખર્ચીને પણ જો મોટો લાભ માનવામાં આવે તો પછી વિશ્વાસઘાત, ધાડ, ચોરી કે તેવાં બીજાં અપકૃત્યો કરીને જેઓ દ્રવ્ય મેળવે અને તે દ્રવ્ય તેઓ ધર્મમાર્ગે ખર્ચે તો તેને પણ ઉદાર, ધર્મિષ્ટ અને ભાગ્યશાળી માનવો પડે, પરંતુ કોઈપણ શાસ્ત્રકાર તેવી રીતે ચોરી આદિ અન્યાયથી દ્રવ્ય મેળવી ધર્મ માર્ગે ખર્ચનારને પણ ઉદાર કે ધર્મિષ્ઠ તરીકે ગણતા નથી.

## અન્યાયની સંભાવનાને પણ સુધારવાની જરૂર

જૈન શાસ્ત્રકારોએ આવી રીતે અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપવાનું ફરમાન કરીને જ માત્ર ન્યાયપ્રિયતા દર્શાવી છે એમ નહિ, પણ તેઓ ન્યાયપ્રિયતામાં એટલા બધા આગળ વધે છે કે—

જિનેશ્વર ભગવાનના મંદિર અને મૂર્તિને બનાવવા તૈયાર થએલા મનુષ્યે અન્ય કોઈના પણ અન્યાયથી આવેલા દ્રવ્યને પાછું આપી, પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના દ્રવ્યની શુદ્ધિ કર્યા છતાં પણ તે જિનમંદિર અને મૂર્તિ કરવાની ઇચ્છાવાળાએ પૂર્વોક્ત પ્રમાણે દ્રવ્યની શુદ્ધિ કર્યા છતાં પણ શ્રીસંઘને એકત્ર કરવો, અને તેમાં જાહેર કરવું કે 'મારી બુદ્ધિ પ્રમાણે મને જે જે અન્યાયનું દ્રવ્ય લાગ્યું. તે તે બધું મેં તે અસલ માલિકોને આપી દીધું છે, અને મારા દ્રવ્યની મેં શુદ્ધિ કરી છે, છતાં પણ મારી જાણ બહાર જો કોઈનું પણ અન્યાયથી આવેલું દ્રવ્ય મારા દ્રવ્યમાં રહી ગયું હોય અને તે ખર્ચાય, તો

તેનું ફળ તે અસલ દ્રવ્યના માલિકને છે, પણ તે અન્યાયથી આવેલા મારી જાણ બહાર રહેલા પણ દ્રવ્યનું ફળ લેવાનો મારે કોઈ પણ પ્રકારે અધિકાર નથી.'

## શ્રીસંઘને એકત્ર કરવાની ફલિતાર્થતા

આ ઉપરથી સંઘને ધર્મકાર્યોની પહેલાં કેમ એકત્ર કરવો પડતો હતો ? તેનું પ્રયોજન સમજાશે.

વર્તમાનકાળમાં સંઘસમુદાયનું એકત્રપણું થાય, છતાં પણ તેમાં દ્રવ્યશુદ્ધિ કે આત્મશુદ્ધિના વિચાર કે વર્તતને સ્થાન જ ન હોય તો તે ખરેખર જિનેશ્વર ભગવાનના માર્ગને અનુસરનારા શ્રીસંઘને વિચારવા જેવું છે. જમણમાં પીરસાતી ચીજોની જાતો અને નંખાતા ઘીના તોલોનો નિર્ણય કરવા તરફ શ્રીસંઘ દોરાય તે કરતાં ઉપર જણાવેલા શુદ્ધ વિચારો અને વર્તનો તરફ દોરાય તો તે માર્ગપ્રેમીઓને અત્યંત ઇચ્છવાયોગ્ય છે.

## ભગવાન્ જિનેશ્વરોના પૂજનમાં અલ્પપાપ અને અલ્પઆયુષ કેમ ?

આ વાતને સૂક્ષ્મદૃષ્ટિથી વિચારશું તો શાસ્ત્રકારો જે ભગવાન્ જિનેશ્વરની પૂજા અને જ્ઞાનાદિકને અંગે કરાતી અનાવશ્યક હિંસા અને બોલાતાં જુઠોને જરૂર ભોગવવાં પડે એવા પણ અલ્પ પાપનું કારણ જણાવે છે તેનો ચોક્ખો ખુલાસો થઇ જશે, અને તેવી અનાવશ્યક હિંસા અને જુઠથી ભલે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની પૂજા વિગેરે કરવામાં આવેલાં હોય તોપણ તેનાથી ભલે મનુષ્યાદિકના પણ આયુષ્ય અલ્પજ બંધાય એ સૂત્ર પણ સહેજે સમજાશે. અર્થાત્ સુખી અને સમૃદ્ધિસંપન્ન જિંદગી મળ્યા છતાં પણ તે અન્યાયથી આવેલા દ્રવ્યનો ધર્મમાર્ગે વ્યય કરનારો મનુષ્ય ચિરાયુષી થઈ શકે જ નહિ.

## યોગ્યતાવાળી લાંબી જિંદગીનું કારણ

માટે સારી જિંદગી અને સમૃદ્ધિ સાથેનું ચિરાયુષ મળવાનું કોઈપણ દાનમાર્ગમાં કારણ હોય, તો પૂર્વે જણાવ્યા પ્રમાણે શોધેલું દ્રવ્ય ધર્મમાર્ગે ખર્ચાય તે જ છે.

## સુપાત્રદાનમાં પણ ન્યાયની અગ્રેસરતા

જેવી રીતે જિનેશ્વર મહારાજના મંદિર અને મૂર્તિને અંગે જૈનશાસ્ત્રકારે ન્યાયપ્રિયતા રાખવાનું ફરમાન કર્યું છે, તેવી જ રીતે સુપાત્ર દાન કે જે જૈનધર્મનો મૂળ પાયો છે, તેને અંગે પણ શાસ્ત્રકારોએ તેટલી જ ન્યાયપ્રિયતા દર્શાવી છે, અને તેથી જ અતિથિસંવિભાગવ્રતના નિરૂપણની અંદર દાનમાં દેવાતી આહારાદિક વસ્તુને અંગે પણ **णायागयाण** એવું વિશેષણ મેલી સુપાત્ર દાને દેવાતી ચીજો પણ ન્યાયના કિલ્લામાં રહે તો જ તે સારી મનાએલી છે.

અર્થાત્ અન્યાયથી આવેલી આહારાદિક વસ્તુ પણ ન્યાયના વાડામાં જ હોવી જોઈએ એમ સ્પષ્ટ જણાવે છે, અને આજ વસ્તુ સમજાશે ત્યારે અન્યાયથી લવાયેલા માત્ર દેવતા જાગતો રાખવા માટે છાણના ભૂકાથી બનેલી રસોઈથી સોનાના દાગીનાના દાબડાની ચોરીની સ્થિતિવાળું *દષ્ટાંત બરોબર સમજી શકાશે.

## સંવચ્છરીદાન માટે લવાતું માલીકી વિનાનું ધન

આવી રીતે દેવ અને ગુરુને માટે કરાતા વ્યયને અંગે પણ જે શાસ્ત્રકારો ન્યાયપ્રિયતાના ચીલાને ચૂકે નહિ તે શાસ્ત્રકારો જિનેશ્વર મહારાજના સંવચ્છરીદાનને અંગે પણ ન્યાયના ચીલાને ન ચૂકે તે સ્વાભાવિક છે, અને તેથી જ સાંવત્સરિક દાનને અંગે લવાતું દ્રવ્ય પણ ન્યાયના ચીલાથી વિરૂદ્ધ નથી, અને તે વાત જણાવવા માટે જ દક્ષિણના અર્ધલોકના સ્વતંત્ર માલિક ઈન્દ્ર મહારાજની આજ્ઞાને આધીન રહેવાવાળો તેમનો ભંડારી પોતાને આધીન રહેલા દેશોના નવા નવા સ્થાનોમાંથી જે દ્રવ્ય તિર્યગ્

---

* આ દષ્ટાંત પ્રસિદ્ધ નથી, પણ યોગ્ય ગુરૂગમથી જાણવા પ્રયત્ન કરવો. સં.

જૃંભકદેવોદ્વારાએ ભગવાન્ જિનેશ્વરોના દાનને માટે મંગાવે છે, તે દ્રવ્ય એવું હોય છે કે જેના માલિકો અલ્પ થયા હોય એટલું જ નહિ પણ સર્વથા અભાવ પામેલા હોય, કેવળ માલિકોની એ દશા હોય એમ નહિ, પણ તે માલિકના વંશજો કે જેઓ દ્રવ્યોના નિધાનો ઉપર નવું દ્રવ્ય નાખીને નિધાનોની વૃદ્ધિ કરનારા હોય તેઓનું પણ કેવળ અલ્પપણું નહિ પણ સર્વથા અભાવ થયેલો હોય, તેવું જ દ્રવ્ય ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને માટે રાજ્યભંડારમાં એકઠું કરવામાં આવે છે.

એ એકઠું કરવામાં આવતું દ્રવ્ય કેવળ માલિકો અને વંશજોના અભાવવાળું હોય એટલું જ નહિ પણ તેના વંશો, તેના ઘરો વિગેરે પણ અલ્પ થયેલા અને સર્વથા નાશ પામેલા હોય, તેવું સર્વથા સ્વામિત્વપણાથી રહિત એવુંજ દ્રવ્ય સંવચ્છરીદાન માટે રાજ્યભંડારોમાં લાવવામાં આવે છે. સ્વામી, સિંચનાર અને વંશનું અલ્પપણું કે અભાવજ થએલો હોય તેવું દાટેલું દ્રવ્ય પણ કોઈ માલિકીવાળા સ્થાનમાં રહેલું હોય તો તે અજાણ એવો પણ માલિક તે ધનનો સ્વામી ગણાય, એમ ગણીને તે દેવતાઓ ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને માટે જે દ્રવ્ય લાવે છે તે સ્મશાન, શૂન્યગૃહ વિગેરે તેમજ ત્રિક, ચતુષ્ક વિગેરે જે સ્થાનો કે જેની ઉપર કોઈપણ વ્યક્તિનું સ્વામિત્વ હોય નહિ કે હોવાનો સંભવ ન હોય, તેવા સ્થાનકોથી પૂર્વે જણાવેલી રીતિ પ્રમાણેનું દ્રવ્ય તિર્યગ્ જૃંભકો ભગવાન્ જિનેશ્વરોના સંવચ્છરીદાનને રાજ્યભંડારોમાં દાખલ કરે છે.

## પરોપકારી અને શુભોદયવાળા દાનમાં પણ ન્યાયની ઉત્તમ કોટી

આ ઉપર જણાવેલી શાસ્ત્રોક્તિ વિચારનારો વિચક્ષણ વિપુલ વિચારશ્રેણિના સોપાન ઉપર આરૂઢ થશે તો સ્પષ્ટ માલમ પડશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો સાંવત્સરિક દાનદ્વારા પરોપકાર

કરતા છતાં પણ કેટલા બધા અન્યાય અને અપકારથી દૂર રહે છે, અને આ બધી હકીકત વિચારતો મનુષ્ય જિનેશ્વર મહારાજના શાસનમાં ન્યાયનો ધ્વજ ન નમાવી શકાય તેવો અદ્વિતીય છે એમ માનવા તરફ જરૂર દોરાશે.

## ભગવાન જિનેશ્વરોના રાજ્યકાલ અને રાજ્યાર્પણકાલમાં પણ પરોપકારિતા

જેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકરો સાંવત્સરિકદાન દેવાદ્વારા પરોપકાર કે પરાર્થવ્યસનીપણું આદરે છે, તેવીજ રીતે રાજાપણામાં રહેલા જિનેશ્વરો રાજ્ય અવસ્થામાં અને સર્વસાધનો ત્યાગ કરતી વખતે રાજ્ય જે પોતાના પુત્રાદિકોને આપે છે, તેમાં પણ તેઓનું પરોપકારપણું અને પરાર્થવ્યસનીપણું અબાધિતપણે રહેલું છે અને તે કેવી રીતે છે એનો વિચાર કરવો તે અસ્થાને ગણાશે નહિ, તેથી હવે તે સંબંધી વિચાર કરીએ.

## ઋષભદત્તને ઘેરે સુવર્ણાદિની વૃદ્ધિ કેમ નહિ ?

જો કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ તો શ્રી દેવાનંદાની કૂખમાં ૮૨ દિવસ રહ્યા, તો પણ ઇંદ્ર મહારાજાને રત્ન, સ્વર્ણાદિકે કરીને પ્રાસાદ વિગેરેને ભરવાનું થયું નથી, અને ભગવાન બાલબ્રહ્મચારી શ્રીઅરિષ્ટનેમિ ભગવાન તો જ્યારથી ગર્ભે આવ્યા ત્યારથી તેમનું ભુવન ઇંદ્રાદિકોએ રત્નઆદિથી ભરેલું છે, તેમ અહીં ઋષભદત્તને ઘેરે ભગવાન દેવાનંદાની કુખે હતા ત્યારે તેમ ન બન્યું, તેમાં ભગવાનનું ત્યાં જન્મ ગ્રહણ કરી ચિરસ્થાયીપણું થવાનું નથી એ હેતુ હોય તો કાંઈ ના કહી શકાય નહિ.

## ભગવાન મહાવીરના આગમનથી સુવર્ણાદિની વૃદ્ધિ

પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જ્યારથી સિદ્ધાર્થ મહારાજાને ઘેરે ત્રિશલાદેવીની કુખે આવ્યા ત્યારથી તે કુલ ધન, ધાન્ય, સ્વર્ણ, રજત, મણિ, મોતી આદિ સારભૂત દ્રવ્યોથી અને જશકીર્તિદ્વારાએ ઘણી વૃદ્ધિ પામવા લાગ્યું.

## શ્રીસિદ્ધાર્થનું મહારાજાપણું

એટલુંજ નહિ પણ સિદ્ધાર્થ મહારાજાને જે સામંત રાજાઓ પહેલાં વશ આવતા નહોતા, તે સર્વ સામંતો ભગવાન મહાવીર મહારાજાના ગર્ભમાં આવવા માત્રથી વશ આવી ગયા. આ વાત સ્પષ્ટપણે શ્રીકલ્પસૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું વર્ધમાન નામ સ્થાપન કરતી વખતે મહારાજા સિદ્ધાર્થ અને મહારાણી ત્રિશલાએ સ્પષ્ટપણે ઉચ્ચારણ કર્યું છે.

## ભગવાન મહાવીર મહારાજનો રાજ્યત્યાગ

આ ઉપરથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના પિતા એક ગામના ઠાકોર હતા કે સર્વથા સામાન્ય રાજા હતા એમ કહેવું તે એક જૈનશાસ્ત્રની સત્ય વાતને ઉથલાવી દેવા જેવું છે.

વળી શ્રમણ ભગવાન મહાવીર મહારાજની દીક્ષા વખતે પણ **चिच्चा रज्जं चिच्चा रट्ठं** એ શબ્દો મહાવીર મહારાજે રાજ્ય અને દેશને છોડયો એ હકીકત સ્પષ્ટપણે જણાવે છે.

વળી ભાષ્યકાર મહારાજ પણ **स्फीतमपहा राज्यं** એવા કારિકાના સ્પષ્ટ અંશથી જણાવે છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે દીક્ષા લેતી વખતે ઘણું બહોળું રાજ્ય છોડેલું હતું.

## ક્ષત્રિયકુંડના સ્થાન ઉપરથી શ્રીમહારાજાપણાની દૃષ્ટિ

વળી જે મનુષ્યોએ વર્તમાનમાં પણ ક્ષત્રિયકુંડના પર્વત ઉપરના અસલ સ્થાનની મુલાકાત લીધી હશે અને સૂક્ષ્મ દૃષ્ટિએ તે સ્થાનના પ્રભાવનું અવલોકન કર્યું હશે તેને સ્પષ્ટપણે માલમ પડયું હશે કે તે સ્થાનનું આધિપત્ય કરનાર જો સામંત રાજાઓનું આધિપત્ય કરતો હોય તો તે ખરેખર મોટો રાજા હોવો જોઈએ.

## ગર્ભસંહરણ વખતે જ ઇન્દ્રે કરેલ રાજવીનો વિચાર

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને દેવાનંદાની કુખમાંથી શ્રી ત્રિશલાની

કુખમાં લાવતી વખતે **रज्जसिरिं कारेमाणेसु** એ વાક્યથી **મહાવીર** મહારાજનું સિદ્ધાર્થ રાજાને ઘેર સંહરણ જ રાજ્યશ્રીના પ્રભાવે જ થએલું છે. અર્થાત્ સંહરણની વખતેજ સારી રાજ્યશ્રી હતી, ભગવાનની ગર્ભાવસ્થા વખતે પણ સામંત રાજાઓ વશ આવી ગયા તેથી રાજ્યશ્રી સારી રીતે વૃદ્ધિ પામેલી હતી, અને ભગવાને દીક્ષા લીધી તે વખતે પણ રાજ્યની ઘણીજ ચઢતી કળા હતી.

શ્રી કલ્પસૂત્રમાં સિદ્ધાર્થ મહારાજાનો સ્નાનમંદિરમાંથી નીકળતી વખતે જે પરિવાર જણાવવામાં આવ્યો છે અને નરેન્દ્ર તરીકે જે વર્ણન કરવામાં આવ્યું છે, તે પણ સિદ્ધાર્થ મહારાજાની મોટી રાજ્યસ્થિતિ સમજવાને માટે બસ છે.

### મહારાજા સિદ્ધાર્થને સૂત્રકારોએ ક્ષત્રિય ઉપનામે કેમ કહ્યા ?

જો કે શ્રી કલ્પસૂત્રમાં ઘણી જગો પર સિદ્ધાર્થ મહારાજાને રાજા તરીકે જણાવેલા છેજ, છતાં કેટલેક સ્થાને સિદ્ધાર્થ મહારાજાને ક્ષત્રિય તરીકે અને ત્રિશલારાણીને ક્ષત્રિયાણી તરીકે જણાવવામાં આવેલાં છે, અને તેથી જૈનશાસ્ત્રની શૈલી અને તત્ત્વને નહિ સમજનારાઓ પૂર્વાપર સૂત્રનો વિચાર કર્યા સિવાય માત્ર ક્ષત્રિય અને ક્ષત્રિયાણીશબ્દ દેખીને એમ માનવા તરફ દોરાઇ જાય છેકે તેઓ સામાન્ય ઠાકોર-ઠકરાણી તરીકેજ હતાં, પણ તેઓનું માનવું કોઈપણ પ્રકારે વ્યાજબી નથી.

કારણ કે ભગવાન્ મહાવીર મહારાજનું સિદ્ધાર્થ મહારાજાને ઘેરે સંહરણ જેવું રાજ્યલક્ષ્મીની મહત્તાને અંગે છે, તેવુંજ બલ્કે તેથી અધિકપણે તે સંહરણ બ્રાહ્મણકુલથી તે ક્ષત્રિયકુલના ઉચ્ચપણાને અંગે કરવામાં આવેલું છે, અને તેથી તે ક્ષત્રિયકુલને કારણ તરીકે સૂચવવા ક્ષત્રિય અને ક્ષત્રિયાણી શબ્દ પણ કુલની ઉત્તમતા જણાવવા માટે સૂત્રકારને વાપરવા પડે તે યોગ્યજ છે.

## જિનેશ્વરોની અધિકતા મુખ્યતાએ શાથી?

જોકે જૈન શાસ્ત્રકારોને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મોક્ષ-માર્ગના ઉપદેશકપણાને અંગેજ અધિક સંબંધ છે, રાજ્યના અધિક-પણાને અંગે જૈનધર્મ કે જૈનધર્મને માનવાવાળાઓને કોઈપણ જાતે સંબંધ નથી, વળી આખ્યાયિકા એટલે કથા કે ચરિત્રને અંગે કરાતા અછતા ગુણોનું વર્ણન પણ જૈનશાસ્ત્રકારો મૃષાવાદ તરીકે ગણે છે.

## વિદ્યમાન ગુણોના અકથન કરતાં ગુણોના કથનની ભયંકરતા અવિદ્યમાન

તેમાં પણ છતા ગુણોનું કથન નહિ કરવું તેને અંગે જેટલી અધમતા જૈનશાસ્ત્રકારો ગણે છે, તેના કરતાં અછતા ગુણોને પ્રગટ કરવામાં શાસ્ત્રકારો ભયંકર મૃષાવાદ ગણે છે, કારણ કે છતા ગુણો નહિ કહેવાય તોપણ શોધક મનુષ્ય તે વિદ્યમાન ગુણોને અનુભવદ્વારા કે અનુમાનદ્વારા જાણી શકશે, પણ અછતા ગુણો કહેવાથી પોતાની ઉપર ભરોસો રાખનારા મનુષ્યોને અવળે રસ્તે જોડી કેવો વિશ્વાસઘાત કરનારો બને છે તે સહેજે સમજી શકાય તેમ છે, **તેથીજ છતા ગુણને નહિ કહેવાની ભયંકરતા કરતાં પણ અછતા ગુણોને કહેવાની ભયંકરતા મૃષાવાદદ્વારાએ હદબહારની થાય તે સ્વાભાવિકજ છે.**

તેથીજ જૈનશાસ્ત્રકારોએ નથી તો સર્વ તીર્થંકરોને ચક્રવર્તી માન્યા કે નથી તો પાંચ, ચાર, ત્રણ બે કે એક ખંડના પણ નિયમિત સ્વામિપણે માન્યા એટલુંજ નહિ પણ સર્વ તીર્થંકરોને રાજ્યાભિષેકવાળા માનવાને પણ જૈનશાસ્ત્રકારો તૈયાર થયા નથી. જો રાજ્યને અંગેજ તીર્થંકરોની મહત્તા માનવી હોત કે સ્થાપવી હોત તો આવી રીતે જુદા જુદા તીર્થંકરોની જુદી જુદી સ્થિતિ જે સત્ય હકીકત તરીકે જણાવવામાં આવી છે તે જણાવત જ નહિ.

## વિદ્યમાન રાજ્યની વૃદ્ધિમાં ગર્ભપ્રભાવ

આ સર્વ કહેવાનું તત્ત્વ એટલુંજ કે શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજાનું **ત્રિશલાદેવીની** કુક્ષિએ આવવું થયું, ત્યારે મહારાજા **સિદ્ધાર્થ** એ એક સમર્થ રાજા હતા. છતાં તેમના રાજ્યમાં રિદ્ધિ, સમૃદ્ધિ અને રાજ્યનો ચળકતો વિસ્તાર તે ગર્ભકાલના છ મહિનામાં એટલે બધો થયો કે મહારાજા **સિદ્ધાર્થ** અને **ત્રિશલા** મહારાણીથી તે વિસ્તાર પોતાના કે પોતાના રાજ્યના અન્ય મનુષ્યોના ઉદ્યમથી થયો છે એવું માની શકાયુંજ નહિ, અને અદૃશ્યપણે કોઇક ચમત્કારી પુરુષનો પુણ્યપ્રભાવ છે એમ માનવાની જરૂર પડી અને અન્વય-વ્યતિરેકથી તે સર્વ વૃદ્ધિનું કારણ ભગવાન્ **મહાવીર** મહારાજ કે જેઓ ચૌદ સ્વપ્નાની સાથે ગર્ભમાં આવેલા છે તેમનેજ તે વૃદ્ધિના કારણ તરીકે માનવા તરફ દોરાયા.

તે ધન, ધાન્યાદિ અને રાજ્યઋદ્ધિની સ્થિતિ શ્રી **સિદ્ધાર્થ** મહારાજાને એટલી બધી નિશ્ચયવાળી અને લાગણી ખેંચનારી લાગી કે જેથી શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજના જન્મ પછી બારમે દિવસે સકલ મિત્રમંડળ, કુટુંબીજન, સંબંધી અને સર્વ જ્ઞાતકુલના ક્ષત્રિયોની આગળ તે વૃદ્ધિ કે જે બધાઓની જાણમાં આવેલી હતી, તેનો અનુવાદ કરી, તે વૃદ્ધિના કારણ તરીકે ભગવાન **મહાવીર** મહારાજનું ગર્ભમાં આવવું જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજના તે ઉપકારને સર્વ મિત્રમંડળઆદિ સમક્ષ જાહેર કરી તે ઉપકારને ચિરસ્મરણીય બનાવવા વર્ધમાન એવું નામ સ્થાપન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને તે પ્રમાણે વર્ધમાન એવું નામ સ્થાપન કર્યું.

### રાજ્યાદિ વૃદ્ધિદ્વારાએ પરોપકારીપણું

અર્થાત્ દ્રવ્યઉપકારની અપેક્ષાએ શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજે ગર્ભદશાથી પણ ઉપકારપરંપરા કરવામાં કે થવામાં નિમિત્તપણું લીધું છે, એમાં બે મત થઈ શકે તેમ નથીજ. આ રીતે

શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પ્રવર્તેલા રાજ્યને વધારવા દ્વારા પરોપકારિતા કે ઉત્તમતા ધ્વનિત કરી છે.

## ભગવાન ઋષભદેવજીની પણ દ્રવ્યથી પરોપકારિતા

આ પરોપકારિતા અન્ય તીર્થંકરોમાં અસ્પષ્ટપણે હોય તો પણ ભગવાન ઋષભદેવજીમાં તો તે દ્રવ્યપણે પણ પરોપકારની દશા ઘણીજ સ્પષ્ટપણે છે એમ સૂત્રકારો અને ગ્રંથકારો સ્પષ્ટપણે જાહેર કરે છે. તેથી ભગવાન ઋષભદેવજીની તે તે પરોપકારિતાને અંગે કંઇક વિચારણા કરીએ તો તે અસ્થાને ગણાશે નહિ, પણ તે ભગવાન ઋષભદેવજીની પરોપકારિતા જણાવવા પહેલાં એ વાતનો ખુલાસો કરવાની ઘણીજ આવશ્યકતા છે.

## કોઇ કોઈ ગુણો કોઇ કોઈ તીર્થંકરમાં વધારે હોય ને કહેવાય તેથી અન્યનું અપમાન નથી

પ્રથમ વાત તો એ છે કે સત્ય સ્વરૂપની ખાતર એકલા ભગવાન ઋષભદેવજીની જે પરોપકારિતા જણાવીશું તે તેમના યુગાદિદેવપણા આદિની માફક જોકે તેમને એકલાનેજ લાગુ થશે અને તે પરોપકારિતા બીજા તીર્થંકરોને તેવી રીતે લાગુ નહિ થાય, પણ તેથી આ લેખક ભગવાન ઋષભદેવજીનું જ સન્માન કરી અન્ય તીર્થંકરોનું અપમાન કરવા માગે છે એવી જુઠી અને બેહુદી કલ્પના કરવાને કોઇપણ મનુષ્ય મનમાંકડાને તૈયાર કરે નહિ, કેમકે દરેક તીર્થંકરો કેવલજ્ઞાનાદિ ગુણોને અંગે સરખા હોય છે, છતાં દુન્યવી વિગેરે સર્વ બાબતોમાં સર્વ તીર્થંકરો સરખાજ હોય એવું કોઈ પણ જૈનશાસ્ત્ર ફરમાવતું નથી. કોઈપણ શાસ્ત્રપ્રેમી તેમ માનતું પણ નથી.

જિનેશ્વરોના ચરિત્રને જાણનાર મનુષ્યો શું એમ નહિ માને કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજને જેવાં અસાતાવેદનીના કર્મો પરિસહ ઉપસર્ગ દ્વારાએ ભોગવવાં પડયાં છે, તેવાં તેમના સિવાય બીજા કોઈપણ તીર્થંકરને ભોગવવા પડયાં નથી, અને ભગવાન્

યુગાદિદેવને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યાના બીજા દિવસથીજ આરંભીને લાગલાગટ બાર મહિના સુધી જેવો આહારના અંતરાયનો ઉદય સહન કરવો પડયો છે, તેવો બીજા કોઈપણ તીર્થંકરને અંતરાયનો ઉદય સહન કરવો પડયો નથી.

અર્થાત્ જૈનશાસ્ત્રને જાણનારો તો સ્પષ્ટપણે જાણી અને માની શકે તેમ છે કે ઔદયિક, ક્ષાયોપશમિક ભાવોમાં એકજ પ્રકારપણાનો નિયમ રહી શકે નહિ. એકપ્રકારપણાનો નિયમ જો કોઈપણ જગો પર રહી શકતો હોય તો તે ક્ષાયિકભાવને અંગેજ રહી શકે, અને તેથી શાસ્ત્રાનુસારી જીવો સર્વ તીર્થંકરોના કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ગુણોને એક સરખા માનવા તૈયાર થાય તે સ્વાભાવિક છે, અને તે સિવાય બીજી બાબતોમાં વિચિત્રતા હોઇ, કોઈ તીર્થંકરોમાં કોઇ બાબત, અને કોઈક તીર્થંકરોમાં કોઈ બાબત અધિક હોય તેમાં આશ્ચર્ય નથી.

તેથી અધિક બાબત તે તે તીર્થંકરોની સ્તુતિ કરતાં અન્ય તીર્થંકરોનું અપમાન થયું એમ કહેવું એ પરમાર્થથી ગુણસ્તુતિનો દ્વેષ કરવા જેવુંજ ગણાય, માટે તે તરફ વાચકોએ ભૂલેચૂકે પણ દોરાવું વ્યાજબી નથી, અને લેખકનો આશય પણ સ્વપ્નાંતરે અન્ય તીર્થંકરોની અવનતિ કરવાનો હોયજ નહિ, માટે અવનતિની કલ્પના કરનારોજ અવનતિ કરવા તૈયાર થયો છે એમ માનવું પડશે.

### ભાવ ઉપકાર કરનાર જિનેશ્વરો હોય
### તેમ દ્રવ્યોપકારી પણ હોય

બીજી વાત એ છે કે મોક્ષમાર્ગને પ્રવર્તાવવા દ્વારા સર્વ તીર્થંકરો જે ભાવ થકી ઉપકાર કરે છે, તે એકાંત હિતકારી અને પર્યવસાને પરમ પદ રૂપી ફળે કરીને ફળવાળો થનારો હોય છે, પણ ભગવાન્ જિનેશ્વરે કે બીજા કોઈએ પણ કરેલો દ્રવ્ય ઉપકાર એકાંત હિતનેજ કરનારો કે પરમપદ રૂપી ફળનેજ કરનારો હોય એવો નિયમ નથી અને તેથીજ તેવા ઉપકારને દ્રવ્ય ઉપકાર કહેવામાં આવે છે, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તેવા

પુણ્યના પ્રાગ્ભારના ઉદયવાળા હોય છે કે જેના ઉદયથી તેઓ કંઈક દોષવાળા એટલે સાવદ્ય એવા પણ લોકોને ઉપકાર કરનારા એવા કાર્યને કરનારા હોય છે, અને તેથીજ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ **હેમચંદ્રસૂરીશ્વરજી** ભગવાન યુગાદિદેવે શિલ્પકળાદિનું કરેલું પ્રવર્તન સ્વરૂપે કરીને સાવદ્ય છે, છતાં લોકોના ઉપકારને માટે કર્યું છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

અર્થાત્ ભગવાન **ઋષભદેવજી** તરફથી થએલી લોકોપકાર પ્રવૃત્તિને જે પરોપકાર તરીકે અમે આગળ જણાવીશું તેમાં સાવદ્ય, નિરવદ્ય, સાધિકરણ આદિના વિચારપ્રવાહને વહેવડાવવા પહેલાં જો શાસ્ત્રાનુસારી હોય તો શાસ્ત્રો તરફ નજર નાખવા પ્રયત્ન કરે.

## કલ્પનાના કોયડા ગોઠવનારને ચેતવણી

પરંતુ તેમ નહિ કરતાં માત્ર પોતાની કલ્પનાથી ધારેલ અને કહેલ શાસ્ત્રવિરૂદ્ધ વાકયોને વળગી રહેવા કે વળગાડી રાખવા પ્રયત્ન કરવામાં આવશે તો તે પ્રયત્ન કરનારને જ ભારભૂત છે. લેખક એના નિમિત્તરૂપ પણ નહિ બને એમ સ્પષ્ટ કરી હવે ભગવાન્ ઋષભદેવજી મહારાજના પરોપકારિપણાને અંગે કાંઇક વિચાર કરીએ.

## યુગલિયાઓની આહારસ્થિતિ

ભગવાન્ **ઋષભદેવજીને** અંગે પ્રથમ જો પરોપકારિપણું વિચારીએ તે એજ છે કે તેઓએ અગ્નિના સંબંધમાં મૂળથી બધી વ્યવસ્થા કરી.

હકીકત એવી છે કે ભગવાન્ **ઋષભદેવજી** મહારાજના જન્મઅવસરની લગભગમાં કાળની પડતીને લીધે કલ્પવૃક્ષનો મહિમા ઓછો થઈ ગયો અને કલ્પવૃક્ષથી મળતી વસ્તુઓ બંધ થઈ એમાં બાહ્ય ભોગનાં સાધનો કલ્પવૃક્ષનો મહિમા ઘટવાથી મળવાં બંધ થયાં તેની જેટલી અડચણ તે જુગલીઆઓને પડી

નહોતી તેના કરતાં કલ્પવૃક્ષ તરફથી મળતો ખોરાક બંધ થવાને લીધે જુગલીઆઓને ઘણી જ હાડમારી ભોગવવી પડી.

## ભગવાનના વંશમાં શેલડીનો આહાર પણ શેષ ને કંદ વગેરે

ભગવાન્ ઋષભદેવજીના પૂર્વજોને જો કે શેલડીની સંપત્તિ કોઈ પણ સંજોગોને અંગે થતી હતી અને તેથી તેઓ કાશ્યપ તરીકે ગણાતા હતા, પણ બાકીના જુગલીઆઓને તે શેલડી જેવી ઉત્તમ વસ્તુનો સંયોગ હતો નહિ, અને તેથી તેઓ વૃક્ષના કાંદાઓનો આહાર કરતા હતા.

જો કે વનસ્પતિ એ મનુષ્યનો મુખ્ય ખોરાક છે એમ કહીએ તોપણ નહિ પકાવેલી વનસ્પતિ મનુષ્યની જઠરને સતત અનુકૂળ આવવી મુશ્કેલ પડે અને તેજ સ્થિતિ વિચારતાં સતત કાંદાઓનો આહાર કરતા જુગલીઆઓને કેવી મુશ્કેલીમાંથી પસાર થવું પડતું હશે! તે સમજવું મુશ્કેલ પડે તેમ નથી.

## કાંદા પછી શાલિનો આહાર

અને તેવી મુશ્કેલીને લીધે તેજ જુગલીઆઓને તે કાંદાનો આહાર છોડી શાલિ ( ડાંગર ) નો આહાર શરૂ કરવો પડયો હોય તે સ્વાભાવિકજ છે.

જો કે કાંદા અને શાલિ બંનેનું પ્રાપ્ત થવું, ખેતીની પ્રક્રિયા નહિ પ્રવર્તેલી હોવાથી કેટલું દુર્લભ અને અલ્પ હશે? તે સ્હેજે સમજી શકાય તેમ છે, છતાં તેઓને પણ શાલિનો આહાર પચવા નહિ લાગ્યો પછી તેના ફોતરાં ઉતારીને ખાવા લાગ્યા, તે પણ નહિ પચતાં ભીંજવીને વળી કાખમાં રાખીને તથા બે ત્રણ રીતિઓ ભેળી કરીને તે જુગલીઆઓ જેમ તેમ ખોરાક ખાતા હતા.

## અગ્નિની વ્યવસ્થા બતાવવાથી જગદુદ્ધાર

આ સ્થિતિને વિચારસૃષ્ટિમાં વહેવડાવનારો મનુષ્ય જો ભગવાન્ ઋષભદેવજીએ અગ્નિ કે જે સ્વયં ઉત્પન્ન થયો હતો તેની

વ્યવસ્થા અને રક્ષા તથા ઉત્પત્તિ વિગેરે ન બતાવ્યાં હોત તો સમગ્ર જગતની શી દશા થાત? એ સહેજે સમજી શકાય તેમ છે. આવી સ્થિતિમાં વનમાં વાંસના સંઘર્ષણથી ઉત્પન્ન થએલ અગ્નિની વ્યવસ્થા કરવા માટે ભગવાન્ ઋષભદેવજીએ માટીના ભાજનોની વ્યવસ્થા કરી અને તે ભાજનોની વ્યવસ્થા કરવાદ્વારા અગ્નિની વ્યવસ્થા રક્ષા અને ઉત્પત્તિ વિગેરે બધું જણાવ્યું.

આ બધું તેમનું કાર્ય શાસ્ત્રકારો પરોપકારને માટે થએલું છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને લોકો પણ તેઓને અનુક્રમે જગદીશ્વર, જગત્કર્તા, જગદ્ઉદ્ધર્તા માનવા લાગે તેમાં નવાઈ નથી.

## પ્રથમ વિવાહધર્મ ન હોવાનું કારણ

વળી જુગલીઆપણાની વખતમાં સાથે જોડલાંને જન્મવાનું નિયમિત હોવાથી તેમજ સ્ત્રી અને પુરુષરૂપે જ જોડલું નિયમિતપણે જન્મતું હોવાથી કોઈપણ પ્રકારે વિવાહધર્મની યોજના કરવાની જરૂર ન હતી, તેમજ કલ્પવૃક્ષ નીચે રહેતા યુગલીઆઓ માત્ર જુદી જુદી દૂરની જગ્યા ઉપર જોડલે રહેતા હોવાથી તેમ જ એટલા બધા મોટા આયુષ્યો છતાં માત્ર જિંદગીના છેલ્લા છ માસ રહે ત્યારે તે પુત્ર અને પુત્રીરૂપી યુગલનો જન્મ થતો હતો અને તેથી તે જુગલીઆઓ બ્રહ્મચર્યવ્રતને નહિ ધારણ કરવાવાળા છતાં પણ પાતળા રાગદ્વેષવાળા હોવાથી તથા ઉપરના જણાવેલા સંજોગથી તેઓમાં વ્યભિચારનું નામ-નિશાન પણ નહોતું.

## વિવાહધર્મની શરૂઆત કરવામાં કુદરતનો હાથ

આવી સ્થિતિમાં કુદરતે બે બાજુનો ફટકો આપ્યો. એક તો સુનંદા નામની જુગલાણીનો સહચારી પુરુષ અત્યંત બાલ્યાવસ્થામાં જ અર્થાત્ કેવળ છ મહિનાની અંદરમાં તાડનું ફળ પડવા માત્રથી મરણ પામ્યો, જુગલીઆ જેવી ઉત્તમ સંઘયણવાળા તાડનું ફળ પડવા

માત્રથી મરી જાય એ કેટલી બધી નાની ઉંમર હોય તેને અંગેજ આ અત્યંત નાની ઉંમર જણાવી છે.) હવે સહચારી પુરુષ મરી જવાથી તે સુનંદા એકલી પડી. હવે તે સુનંદાની શી વ્યવસ્થા થાય? એ પ્રશ્ન તે વખતે પણ અત્યંત ગુંચવાડાવાળો જ રહ્યો. નજીકમાં રહેલા બીજા જુગલીઆઓ તે ગુંચવાડો કાઢી શકયા નહિ.

## નાભિમહારાજની ઉત્તમતા પરાપૂર્વથી હતી.

પણ તે વખતે સર્વ લોકમાં અધિક ગણાતા અને કુલકરની સ્થિતિવાળા હોઈને અખિલ જુગલીઆઓને માન્ય હોવાથી તે સુનંદાને લઈને તે જુગલીઆઓએ નાભિમહારાજને સોંપી. નાભિમહારાજનું કુલ અસલથી સર્વ યુગલીઆઓમાં અધિક હોવાથી હાકાર માકાર અને ધિક્કારની નીતિને પ્રવર્તાવનારું અને ચલાવનારું હોવાથી સર્વ કુલોમાં મુરબ્બી તરીકે હતું. અર્થાત્ તે વખતના સમુદાયમાં નાભિમહારાજના કુલનીજ પ્રવર્તાવેલી નીતિ જ સર્વને માન્ય થતી હતી. તે નાભિમહારાજે તે સુનંદાનો સંગ્રહ કરતી વખતે જ ભવિષ્ય વિચારી લીધું.

## ભગવાન્ ઋષભદેવજીનો જન્મ પણ યુગપલટાવાળો

નાભિમહારાજ અને મરૂદેવાને ઘેરે યુગલિકધર્મને લાયકના કાલના પલટાને લીધે ભગવાન્ ઋષભદેવ અને સુમંગલાનો જન્મ માતા મરૂદેવાના લાખો પૂર્વ જીવનમાં બાકી રહ્યા હતા ત્યારે જ થઈ ગયો હતો, અર્થાત્ પ્રથમ જે માબાપરૂપી જુગલીઆનું છ મહિના આયુષ્ય બાકી રહે ત્યારે જ સ્ત્રી-પુરુષરૂપી જોડલું જન્મતું હતું, ત્યારે માતા મરૂદેવાની જિંદગીના લાખો પૂર્વ બાકી રહ્યાં હતાં તોપણ ભગવાન્ ઋષભદેવજી અને સુમંગલાનું જોડલું જન્મ્યું.

## કુદરતે કરેલા વિવાહધર્મના કારણમાં સંકેતો

અર્થાત્ કહેવું પડશે કે ભગવાન્ ઋષભદેવજી તરફથી કાંઈ-પણ કાર્યભાર શરૂ થાય તેની પહેલાં કુદરતે આ બે વસ્તુઓ નવી

જ ખડી કરી. એક તો સુનંદાના પતિ જુગલીઆનું મરણ અને બીજું ભગવાન્ ઋષભદેવજીને ઘણા કાળ અગાઉ જન્મ.

## સુનંદાને ભગવાનની પત્ની તરીકે કેમ લીધી?

આ બે સ્થિતિની સાથે નાભિમહારાજાને જુગલીયાઓએ અર્પણ કરેલી સુનંદાના રક્ષણને ભાર વહન કરવો તે પણ ઘણું જ વિચારને પાત્ર હતું. સામાન્ય રીતે સરખી ઉંમરના બાળકો પરસ્પર સ્નેહની ગાંઠથી સંકળાય છે એ હકીકત બાળકોના સામાન્ય સ્વભાવને અને જગતના અનુભવને સમજનારાઓને જાણવી મુશ્કેલ નથી અને તેથી જ ઋષભદેવજી મહારાજની સરખી ઉંમરવાળી સુનંદા, ઋષભદેવજી મહારાજ અને સુમંગલાની સાથે જોડાય તે ઘણું સંભવિત જ છે. નાભિમહારાજાને ઘેરે ભગવાન્ ઋષભદેવજી અને સુમંગલા સિવાય બીજું કોઈ જોડલું જ હતું જ નહિ કે જેના સંસર્ગમાં સુનંદા આવી શકે.

## કુદરતે કરેલી વૈકારિકસ્થિતિની પરાવૃત્તિ

વળી પહેલાંના જુગલીઓમાં ક્રોડ વર્ષનું આયુષ્ય છતાં પણ છેવટના પંદર–સોળ મહિના જેવા ટૂંક વખતની જિંદગી બાકી રહેતી ત્યારે જ વૈકારિક પ્રવૃત્તિ થતી હતી, પણ નાભિમહારાજાને ત્યાં તે પ્રવૃત્તિ ઘણી વહેલી થયેલી હોઈ કુદરતને પરાવર્ત જ જણાઈ આવતો હતો અને તેને જ અનુસારે ભગવાન્ ઋષભદેવજીનું કુમારપણું અત્યંત અલ્પ હોય તે નાભિમહારાજની ધ્યાન બહાર ન રહે, અને તેથી નાભિમહારાજે સુનંદાને લઈને આવેલા જુગલીઆઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવવું વ્યાજબી ગણ્યું હતું કે આ સુનંદા ઋષભદેવજીની પત્ની થશે.

## સુનંદાને પત્ની તરીકે ભગવાને નથી લીધી

ધ્યાનમાં રાખવું કે ભગવાન્ ઋષભદેવજીએ સુનંદાને પત્ની તરીકે લેવાની શરૂઆત કરી નથી, પણ નાભિમહારાજાએ જ સર્વ જુગલીઆની સમક્ષ સુનંદાને ઋષભદેવ ભગવાનની

પત્ની તરીકે રાખવાનું જાહેર કરેલું છે, એટલે જેમ માતાપિતાનો કરેલો વિવાહ વર્તમાનકાળમાં પણ પુત્રને કબુલ કરવો પડે છે અને કાયદો પણ તેમ કબુલ કરાવે છે, તેમ ભગવાન્ **ઋષભદેવજીએ નાભિકુલકર** મહારાજાએ જુગલીઆ સમક્ષ જાહેર કરીને પત્ની તરીકે અર્પણ કરેલી **સુનંદાને** યુગલધર્મના નિવારણના સમયમાં પત્ની તરીકે રાખી તેમાં કોઈપણ પ્રકારે અનુચિત કર્યું છે એમ કહી શકાય જ નહિ.

## સુનંદા માટે પુનર્લગ્ન કેમ ન માનવું ?

ધ્યાન રાખવાની જરૂર છે કે તે વખતે લગ્ન જેવી ક્રિયા જ જગતમાત્રમાં પ્રવર્તતી નહોતી, માત્ર લગ્નની ક્રિયા જો પહેલવહેલી પ્રવર્તી હોય તો તે ભગવાન **ઋષભદેવજીના** લગ્ન **સુનંદા** અને **સુમંગલાની** સાથે થયાં તે જ વખતે પ્રવર્તેલી છે.

## સુનંદાના ભગવાનની સાથેના લગ્નમાં દૈવી સંમતિ

અને તે લગ્નપ્રવૃત્તિ એકલા **નાભિ** મહારાજા કે **ઋષભદેવજી** ભગવાનના અભિપ્રાયે થએલી જ નથી, પણ તેજ લગ્નક્રિયા કરનાર અને પ્રવર્તાવનાર તો ઇંદ્ર અને ઇંદ્રાણી જેવી દેવ અને દેવીઓ છે. અર્થાત્ લગ્નક્રિયાનું સમર્થન અને પ્રવર્તન **સુનંદાને** લાવવાવાળા જુગલીઆ, **નાભિમહારાજા** અને ભગવાન **ઋષભદેવજી** કરતાં પણ વધારે તો ઇંદ્ર ઇંદ્રાણી વિગેરેને અંગે જ છે.

આવી રીતે પ્રવર્તેલી વિવાહક્રિયાને માન્ય કરનારો મનુષ્ય આ સુનંદાની બાબતમાં પુનર્લગ્ન કે નાતરા જેવા અધમશબ્દો ઉચ્ચારીને પોતાની અધમતા જાહેર કરવા સિવાય બીજું કાંઈ કરતાં હોય એમ આ લેખકનું માનવું નથી.

## વચનથી આપેલી પણ ફેરવાય છે છતાં તે પુનર્લગ્ન તે નથી

વર્તમાનકાળમાં પણ વચનમાત્રથી દીધેલી કન્યા કે જેને આપણે સગપણ કે વિવાહ કહીએ છીએ, તે થયા છતાં જો લગ્ન

થયા પહેલાં વરની જિંદગીની હયાતિને કાંઈપણ જાતનો ધક્કો પહોંચે કે તેવો સંજોગ ઊભો થાય તો તે કન્યાનું સગપણ કે વિવાહ બીજી જગ્યા પર કરી તે બીજે સ્થાને તેના લગ્ન કરવામાં આવે છે અને તેને કોઈપણ આર્યસજ્જન પુનર્લગ્ન કે કે નાતરૂં કહેતો નથી તો પછી **સુનંદા** કે જેના વિધિસર લગ્ન થયાં નથી એટલું જ નહિ પણ વચનદત્ત તરીકે પણ પહેલાંના જુગલીઆં સાથે જોડાયેલી નથી, તેવીનું પૂર્વે જણાવેલી રીતિ પ્રમાણે લગ્ન થાય તેમાં પુનર્લગ્ન કે નાતરાપણાનો સવાલ રહેતો નથી.

## ચિરકાલ ભાઈબ્હેન અને અંત્યકાલે પતિપત્ની વ્યવહાર

જુગલીયાઓમાં સાથે જન્મેલા સ્ત્રી અને પુરુષ લાખ્ખો પૂર્વો સુધી નિર્વિકારપણે રહેવાથી ભાઈ-બ્હેન માફક જ રહેતા હતા. તેઓમાં પતિ-પત્નીપણાનો વ્યવહાર તો માત્ર જિંદગીના છેલ્લા ભાગમાં જ થતો હતો એ વાતને ધ્યાનમાં રાખનારો મનુષ્ય તે **સુનંદા** તે મરી ગએલા જુગલીઆની પત્ની હતી એમ બોલવાનું ન્યાયયુક્ત છે એમ કોઈ દિવસ પણ ધારી શકશે નહિ. આ બધી હકીકત વાસ્તવિક રીતે વિચારનારો મનુષ્ય પોતાની અનીતિના સાધન તરીકે આ દૃષ્ટાંતને લાવી શકે જ નહિ.

## વિવાહધર્મથી નીતિ અને બ્રહ્મચર્ય

આવી રીતે ભગવાન્ **ઋષભદેવજી**નો થએલો અર્થાત્ તેમનાથી પ્રવર્તેલો વિવાહધર્મ ખરેખર નીતિને યોગ્ય સ્થાને ગોઠવનારો જ થયો છે, અને તેજ દિવસથી જગતમાં માતાપિતાએ માનેલી કન્યાની સાથેજ પુત્રના લગ્ન કરવાની રીતિ પ્રવર્તેલી છે. આવી રીતિ પ્રવર્તેલી હોવાથી જ યૌવનાવસ્થા પ્રાપ્ત થાય ત્યાં સુધી નીતિને ખાતર પણ પુત્રોને બ્રહ્મચર્ય પાળવાનું નિયમિત થાય છે.

## વિવાહધર્મના અભાવે કુદરતનો કોયડો ઉકલતજ નહિ

જો આવીજ વ્યવસ્થા ન હોત તો ભગવાન્ **ઋષભદેવજી**ની વખતે જ ૪૯ જોડલાં એકલા પુત્રના જ જન્મ્યાં એટલે ૯૮

જેવી મોટી સંખ્યામાં એકલા કુંવરોજ જન્મ્યા એ કુદરતી બનાવની વખતે શું કરી શકાત? અને તેવી રીતે એકલા એકલા પુત્રો જન્મ્યા કે પુત્રીઓ જન્મી તે વખત પણ શી રીતે સંસારની સ્થિતિ ચલાવી શકાય? કહો કે કુદરતે પલટાવેલી રીતિને બંધબેસતી રીતિએજ આ વિવાહધર્મની પ્રવૃત્તિ થએલી છે અને તેથી તે વિવાહધર્મની રીતિની પ્રવૃત્તિ થવી તે પણ ભગવાન્ ઋષભદેવજી તરફનો ગૃહસ્થપણાને અંગે મોટો ઉપકાર છે.

જો એવી રીતે વિવાહધર્મની નિયમિતતા ન થઈ હોત તો જે કોઈપણ જગો પર પુત્ર-પુત્રીનું જોડલું સાથે જન્મ્યું હોત અને પતિ-પત્ની તરીકે જો ગણવામાં આવત તો વિવાહધર્મની પ્રવૃત્તિ સુધી વૈકારિક પ્રવૃત્તિ રોકાત તે માનવું અસંભિવત જ છે, માટે નિયમિત સમયથી પહેલાં સ્વાભાવિક રીતે વૈકારિક પ્રવૃત્તિને રોકવામાં વિવાહધર્મની પ્રવૃત્તિજ મુખ્ય કારણ તરીકે ભાગ ભજવનારી હોઈ તે વિવાહપ્રવૃત્તિને ઉપકારક ગણવામાં સમજુ મનુષ્યો તરફથી બે મત થઈ શકે જ નહિ.

## આગળ હવે શું?

અગ્નિની વ્યવસ્થા અને વિવાહધર્મની માફક શિલ્પકર્મ, સ્ત્રીઓના ૬૪ ગુણ અને રાજસંગ્રહ અને રાજ્ય વ્યવસ્થાથી પણ ભગવાન્ ઋષભદેવજીએ પ્રજાનું હિતજ કરેલું છે એ વાત આગળ ઉપર વિચારીશું.

## ઉપકારના ભેદો અને તેને અંગે સમજણ

(વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારો ઉપકારના બે ભેદ જણાવતાં જે દ્રવ્ય ઉપકાર અને ભાવ ઉપકાર એવા બે ભેદો જણાવે છે અને તેમાં દ્રવ્ય ઉપકારને ઐકાંતિક અને આત્યંતિક નહિ એવો ઉપકાર તે દ્રવ્ય ઉપકાર એમ જણાવી સર્વથા

નિરવદ્ય તરીકે જણાવતા નથી, માટે આ ઉપર જણાવેલા ઉપકારો અને આગળ જણાવીશું તે ઉપકારોનું કથંચિત્ સાવદ્યપણું હોય તેટલા માત્રથી તેનું ઉપકારપણું ચાલ્યું જતું નથી, માટે આ જણાવેલા ઉપકારો અને આગળ જણાવીશું તે ઉપકારો સુજ્ઞપણાની દૃષ્ટિએ વાંચવા તે જ યોગ્ય છે.)

## વિવાહધર્મના નિરૂપક ભગવાન ઋષભદેવજી કેમ?

ભગવાન્ ઋષભદેવજીએ સાક્ષાત્ વિવાહધર્મનું નિરૂપણ કરેલું નથી, પણ ભગવાન્ ઋષદેવજીના વિવાહધર્મને દેખીનેજ જગતમાં વિવાહધર્મ પ્રવર્ત્યો છે એમ કહેવામાં કોઈ પણ જાતની અતિશયોક્તિ નથી તેમ શાસ્ત્રથી વિરુદ્ધ પણ નથી.

કારણકે આવશ્યકભાષ્યકાર મહારાજ ચોકખા શબ્દોથી એમ જણાવે છે કે ભગવાન્ ઋષભદેવજીના વિવાહને લીધેજ જગતમાં વિવાહની પ્રવૃત્તિ થઈ અને ભગવાન્ હરિભદ્રસૂરિજી પણ एवं विवाहधर्मादौ तथा शिल्पनिरुपणे એ વાકયથી ભગવાન ઋષભદેવજીનું સ્પષ્ટપણે જગતના વિવાહધર્મનું નિબંધનપણું જણાવે છે અને પંચવસ્તુમાં પણ ભગવાન હરિભદ્રસૂરિજી સ્પષ્ટપણે ભગવાનને જગતના વિવાહના કારણભૂત તરીકે જણાવે છે.

એટલે કહેવું જોઈએ કે જગતમાત્રની વિવાહપ્રવૃત્તિ ભગવાન્ ઋષભદેવજીના વિવાહને અંગે થએલી છે, અને તેથી તે વિવાહધર્મ નિરૂપણ ભગવાને જ કર્યું કે પ્રવર્તન ભગવાનેજ કર્યું એમ માનવામાં કોઈ પણ જાતની અતિશયોક્તિ નથી.

## વિવાહધર્માદિનું કથંચિત્ સાવદ્યપણું

તે વિવાહધર્મ અને શિલ્પાદિ નિરૂપણ જો કે કથંચિત્ પાપ-યુક્ત છે અને તેથી સાવદ્ય છે એમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી શ્રી ઋષભદેવજી ભગવાનના ચરિત્રમાં અને ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીઅષ્ટકજી નામના પ્રકરણમાં તથા

પંચવસ્તુમાં સ્પષ્ટપણે જણાવે છે. પણ સાથે એ પણ સ્પષ્ટપણે જણાવે છે કે એ સર્વ પ્રવૃત્તિ ઉત્તમ પુણ્યના ફળને લીધે અને પરોપકારને માટે હતી.

વળી જેમ દ્રવ્યસ્તવની અંદર કથંચિત્ સ્વરૂપ–સાવદ્યતાને અવકાશ છે, પણ અનુબંધથી સાવદ્યપણાને અવકાશ ન હોવાથી ગૃહસ્થ કે જે સાવદ્યનો સર્વથા ત્યાગી નથી તેને તે દ્રવ્યસ્તવ નહિ કરવા લાયક છે એમ કહી શકાય નહિ, તેવીજ રીતે જગતના ઉદ્ધારક અને જગતમાં પરમેશ્વર તરીકે પૂજાવા લાયક એવા ભગવાન જિનેશ્વરોની પણ આ પરોપકારને માટે થતી પ્રવૃત્તિ તેમને અંગે સર્વથા છોડવા લાયક હોય એમ કહી શકાય નહિ.

## ભગવાન જિનેશ્વરોને અનુબંધે સાવદ્ય ન હોય

જો કે કથંચિત્ દ્રવ્યથકી સાવદ્યપણું તેમાં હોય તેની ના કહેવાય નહિ; પણ ત્રિલોકનાથ તીર્થંકરોને તે બધી વિવાહ આદિ પ્રવૃત્તિઓમાં અનુબંધે સાવદ્યપણું ન હોય તે સ્વાભાવિક છે.

## દેવ અને ભૂપપણાની લક્ષ્મી છતાં વૈરાગ્ય

અને તેથીજ ભગવાન હેમચંદ્રસૂરિજી વીતરાગ ભગવાનની સ્તુતિ કરતાં સ્પષ્ટપણે જણાવે છે કે "હે ભગવાન (તમે દેવતાની અને રાજાની લક્ષ્મી ભોગવી તેમાં જો કે જગતના જીવોને સાવદ્ય અનુબંધવાળી રતિ હોય છે તોપણ તમે તો તે અવસ્થામાં પણ વિરક્ત એટલે તેવી રાગદષ્ટિ વગરના જ હતા."

## વીતરાગશબ્દથી તીર્થંકરોજ કેમ લેવા ?

આ સ્થાને વીતરાગશબ્દથી સામાન્ય રીતે સર્વ ઉપશાંત કે ક્ષીણ મોહનીયવાળા જીવો લઈ શકાય, પણ તેજ વીતરાગ મહારાજને અંગે જન્માદિક પાંચ કલ્યાણકોમાં નારકીઆદિના જીવોને પણ હર્ષ થવાનું જણાવેલું હોવાથી સામાન્ય શબ્દો પણ વિશિષ્ટ

અર્થને જણાવવાવાળા હોય છે એ ન્યાયને અનુસરીને માત્ર તીર્થંકર પરમાત્મા જ લેવાના છે.

## દેવભવમાં પણ ભગવાનની નિર્લેપતા

વળી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે જો તીર્થંકરના પહેલા ભવમાં અત્યંત મોહમાં આસક્ત થએલા હોય અને સ્વસ્વરૂપનું જ્ઞાન છુટી ગએલું હોય તો તેવા દેવતાઓ પણ ભવનપતિ, વ્યંતર જ્યોતિષ્ક તો શું પણ સૌધર્મ અને ઈશાનના ઉંચી ઉંચી સ્થિતિવાળા દેવતાઓ પણ એકેંદ્રિયપણામાં ચાલ્યા જાય અને આઠમા દેવલોક જેવી ઉંચી સ્થિતિએ પહોંચેલા દેવતાઓ પણ પંચેંદ્રિય તિર્યંચમાં ઉતરી પડે આ રીતે એકેંદ્રિય કે પંચેદ્રિય તિર્યંચમાં ઉતરી જવાનું કોઈપણ દિવસ તીર્થંકરનામકર્મ નિકાચિત કરવાવાળાને હોય નહિ.

## જિનનામ નિકાચિત કરનાર તિર્યંચ કેમ ન થાય ?

જો કે તિર્યંચની ગતિમાં યાવત્ એકેંદ્રિયપણામાં પણ તીર્થંકરનામકર્મ સત્તામાં હોય છે, એમ શાસ્ત્રકારો જણાવે છે, અને તે જ તીર્થંકરનામકર્મની સત્તાના પ્રભાવે તે તીર્થંકરનામકર્મની સત્તાને ધારણ કરનારા જીવો તેવી એકેંદ્રિય આદિ તિર્યંચની સ્થિતિમાં ગયા હોય તો પણ ચિંતામણિ, કલ્પવૃક્ષ કે તેવા ઉત્તમ પદાર્થો તરીકે જ તે જીવો જન્મ ધારણ કરે છે, પણ આ બધી હકીકત નિકાચિત નહિ કરેલા એવાજ જિનકર્મની સત્તાને અંગે સમજવી.

## જિનનામ નિકાચિત કરનારને ત્રણ જ ભવ

પણ નિકાચિત કરેલા જિનનામકર્મવાળા જીવો તો સામાન્ય તિર્યંચગતિ તો શું પણ યુગલિક તિર્યંચની ગતિમાં પણ જાય નહિ, પણ દેવગતિમાંથી કેવળ મનુષ્યભવમાં જ આવે અને

તેથી જ શાસ્ત્રકારો તીર્થંકરનામકર્મ નિકાચવાની વખતે તે નિકાચનના ભવ સાથે માત્ર ત્રણ જ ભવ સંસાર બાકી રાખે તો જ તીર્થંકરનામગોત્ર નિકાચિત થાય એમ સ્પષ્ટપણે જણાવે છે.

એ બધી હકીક્ત વિચારતાં તીર્થંકરનામકર્મને નિકાચિત કરવાવાળો જીવ દેવભવમાં હોય તો પણ સ્વસ્વરૂપના ભાનને ભૂલેલો હોય જ નહિ, સામાન્ય રીતે સમ્યક્ત્વ ધારણ કરવાવાળા સર્વ જીવો અને વિશેષે તીર્થંકરના ભગવાન જીવો નારકીમાં સ્વસ્વરૂપને ભૂલતા નથી, પણ તેનો અહીં અધિકાર વિચારવાનો નથી અને તેથીજ વીતરાગ પરમાત્મા એટલે તીર્થંકર મહારાજને ઉદ્દેશીને ભગવાન્ હેમચંદ્રસૂરિજી દેવપણામાં પણ જે વૈરાગ્યની સ્થિતિ જણાવે છે તે સમ્યગ્દર્શનના પ્રભાવને અંગે અણઘટતી હોય તેમ કહી શકાય એમ નથી.

## ભગવાનના ભવમાં પણ દેવલક્ષ્મીના ભોગમાં વૈરાગ્ય

અથવા તો તીર્થંકરના ભવમાં પણ ગર્ભથી આરંભીને ઇંદ્ર વિગેરે દેવતાઓ ભગવાનની જે દુન્યવી ભક્તિ કરે છે, તે પણ દેવતાઈ લક્ષ્મી ગણીએ તો તે મનુષ્યમાં નહિ સંભવતી એવી પણ દેવતાઈ લક્ષ્મીને ભગવાન્ તીર્થંકરો મનુષ્યપણામાં અનુભવે છે, તો પણ તેમાં તે વૈરાગ્યથી દૂર ગએલા હોતા નથી.

## રાજ્યસમૃદ્ધિમાં પણ વૈરાગ્ય

તેમ જ તીર્થંકરો રાજકુલમાંજ જન્મે અને ઘણા ભાગે રાજ્યઋદ્ધિને ભોગવવાવાળા જ હોય, છતાં પણ તે રાજ્યઋદ્ધિમાં રજ પણ રતિયુક્તપણાને ન અનુભવે અને સ્વસ્વરૂપના ખ્યાલમાં સતત રહે, એમ ભગવાન્ હેમચંદ્રસૂરિજીના કથનનું તત્ત્વ સહેજે સમજાય તેમ છે.

## જિનેશ્વર ભગવાનોને ક્ષપકશ્રેણિ પહેલાં પણ સમકિત ક્ષાયિક જેવું હોય.

આવા જ કોઈ કારણસર ભગવાન્ મહાવીર મહારાજના સાધુપણું લેવાની પહેલાં કે કેવળજ્ઞાન થવાની પહેલાંના સમ્યક્ત્વને અંગે ભગવાન્ હરિભદ્રસૂરિજી क्षायिककल्पं क्षायिकमेव वा એવા વિકલ્પવાળા વ્યાખ્યાનમાં ક્ષાયોપશિક સમ્યક્ત્વ હોય તો પણ તેની શુદ્ધતાને અંગે ક્ષાયિક જેવું સમ્યક્ત્વ માનવાનું શ્રીતત્ત્વાર્થની ટીકામાં કહે છે.

આ ઉપરથી તીર્થંકર મહારાજના જીવો કેવળજ્ઞાનને માટે મંડાતી ક્ષપકશ્રેણિની પહેલાં પણ ક્ષાયિકવાળા ન હોય તો પણ ક્ષાયિક જેવા શુદ્ધ સમ્યક્ત્વવાળા હોવાથી કેવી શુદ્ધ આત્મપરિણતિને ધારણ કરવાવાળા હશે? તે સહેજે સમજી શકાશે.

આ રીતે જેઓ દેવ, દેવેન્દ્ર કે નરેન્દ્રપણાની સમૃદ્ધિમાં આસક્ત ન થાય, તેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને વિવાહધર્માદિકની અંદર અનુબંધ સાવદ્યપણું હોય નહિ અને તેથી તે મહાપુરુષો તેવી રીતે લોકોપકાર કરવાદ્વારા પરહિત કરનારા થાય તેમાં આશ્ચર્ય નથી.

### આમાં ભગવાનનું અનુકરણ ન લેવાનું કારણ

પણ એ તીર્થંકર મહારાજના પ્રવર્તન અને નિરૂપણને અનુસરીને જે અન્ય તેવા પ્રકારની નિશ્ચિત પરિણતિ સિવાયના જીવો લગ્ન, વ્યાપાર, ખેતી વિગેરે સંસારની ક્રિયામાં પ્રવર્તે અને તેને પરહિતની પ્રવૃત્તિ છે એમ ગણાવે તો તે ખરેખર માર્ગને ભૂલે છે અને હંસની સ્થિતિને નહિ વિચારનારો વાયસ જેમ માનસ સરોવરમાં તરવા જતાં ડૂબી જાય, તેવી રીતે ભગવાન્ તીર્થંકરોની સ્થિતિને વિચાર્યા સિવાય માત્ર પોતાની સ્થિતિને હલકી છતાં પણ મોટા રૂપમાં ગણી દઈ તેમની માફક કહેવાતા સ્વરૂપથી સાવદ્ય અને અનુબંધથી પણ સાવદ્ય એવા કાર્યોમાં પ્રવૃત્તિ કરી અન્યનું હિત મનાવવા જાય તે કોઈ પણ પ્રકારે શોભે તેમ નથી.

## ભગવાન જિનેશ્વરો પણ આરાધક ભાવે

જો કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો વીતરાગપણે જન્મ પામતા નથી અને વીતરાગપણું તો દીક્ષા લીધા પછી પણ મોક્ષમાર્ગની આરાધનાની પરમ કોટિવાળું આરાધકપણું મેળવે ત્યારે જ થવાનું છે, અને તે આરાધકતા ક્ષપકશ્રેણિ માંડવાવાળા સર્વ જીવોને એક સરખી છે.

અર્થાત્ જે જીવો તીર્થંકરના ભવમાં તીર્થંકરોને આરાધકપણું હોતું જ નથી. એમ મનાવવા તૈયાર થાય છે, તેઓ ખરેખર જૈનશાસન અને તેની પ્રરૂપણાને ભૂલી જઇ અન્ય મતોએ પણ वीतरागजन्मादर्शनात् અર્થાત્ વીતરાગને કોઈ દિવસ જન્મ પામવાનું હોય નહિ એવી રીતે જણાવી વીતરાગનો જન્મ હોય નહિ એમ માનેલું છે.

છતાં તીર્થંકરોના ભવમાં આરાધકપણું હોય જ નહિ એમ માનનારને પોતાનું જૈનપણું કે સાધુપદ કે તેવા ઉંચાપદમાં સ્થિતિપણું જાહેર કરવા છતાં જૈનમાર્ગ કે તેવા કથંચિત્ સારા અન્ય માર્ગથી પણ ઘણે દૂર જઈ પડવાનું થાય છે.

## આરાધ્યપણાની સાથે આરાધકતાનો વિરોધ નથી

જો કે ત્રિલોકનાથ તીર્થંકરોમાં એમની ગર્ભ અવસ્થાથી આરંભીને આખી જિંદગી સમ્યગ્દૃષ્ટિઓને આરાધવાલાયકપણું હોવાથી આરાધ્યતા છે, એમાં શાસ્ત્રાનુસારીઓના બે મત હોય નહિ, પણ આરાધ્યતાપણાનો સ્વભાવ એ આરાધકપણાના સ્વભાવની સાથે વિરોધને ધારણ કરવાવાળો નથી.

કેમકે જો આરાધ્યતાના સ્વભાવને આરાધકપણાના સ્વભાવથી વિરૂદ્ધ માનીએ તો સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય એ ત્રણ પદોમાં રહેલા મહાપુરુષોને કોઈ દિવસ પણ આરાધ્ય ગણી શકશે નહિ, કારણકે તે ત્રણ પદમાં રહેલા મહાપુરુષો કેવળજ્ઞાન પામીને

કૃતાર્થ થઈ ગયા હોય અને તેઓમાં આરાધકપણું ન હોય એમ કોઈપણ સમજદાર મનુષ્ય માની શકે તેમ નથી.

અર્થાત્ તે સાધુ આદિક ત્રણ પદોમાં આરાધકપણાની સાથે આરાધ્યપણું રહે છે એમ જૈન માત્રને માનવું પડે છે.

**ભગવાન જિનેશ્વરોના આરાધકપણાને જણાવનાર સૂત્ર**

વળી ભગવાન્ તીર્થંકરોને માટે પણ તેઓના દીક્ષાકલ્યાણકની વખતે સ્પષ્ટપણે સૂત્રકારોએ જણાવ્યું છે કે "અષ્ટ કર્મશત્રુનું મર્દન કરવું, ઈન્દ્રિયોનું જીતવું, ત્રૈલોક્યરંગમાં આરાધનાપતાકા ગ્રહણ કરવી, તપ અને ધૃતિમાં કટિબદ્ધ થવું, પરિષહકટકનો પરાજય કરવો અને તીર્થંકર મહારાજાઓએ કહેલા ઉત્તમ શુક્લધ્યાનમય માર્ગથી લોકાલોકને ઉદ્યોત કરનાર એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવું–" આવા અનેક પ્રકારના આશીર્વાદો જે જણાવેલા છે, તે જો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની આરાધકદશા કોઈ પણ અંશે ન હોય અને સર્વથા આરાધ્યદશાજ હોય તો તે ઘટી શકે નહિ તે સ્વાભાવિક છે.

**ભગવાન જિનેશ્વરોની આરાધકતા**

યુગપ્રધાન શ્રુતકેવલી ભગવાન્ **ભદ્રબાહુસ્વામીજી** મહારાજ **આચારાંગનિર્યુક્તિમાં** તથા ભગવાન્ **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજ શ્રી **પંચવસ્તુમાં** તેમજ આચાર્યપ્રવર શ્રી**મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી** વગેરે **પુષ્પમાલા** વગેરે પ્રકરણોમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે ભગવાન જિનેશ્વરોએ તે ભવમાં મોક્ષનો નિશ્ચય છતાં મોક્ષની પ્રાપ્તિ માટે કર્મક્ષય કરવા તપસ્યા કરી છે.

વળી શ્રી**આવશ્યક** વગેરેમાં ભગવાને કઠિન કર્મનો ક્ષય કરવા માટે અનાર્ય પ્રદેશમાં ઉપસર્ગ પરીષહો વેઠવા વિહાર કર્યો એ એ વાત સ્પષ્ટ છે, તો પછી કઠિન કર્મવાળી અવસ્થામાં આરાધકપણાની સ્થિતિ ન હોય એમ શાસ્ત્રાનુસારે કોણ માની શકે ?

સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગની આરાધનાની અપેક્ષાએ આરાધક-પણું હોય છે, એટલું જ નહિ પણ દીક્ષા વખતે ભગવાન્ સિદ્ધને નમસ્કાર કરવાનું હોવાથી તથા તીર્થને નમસ્કાર કરે છે તેથી સર્વથા ગુણવાળાઓની અપેક્ષાએ પણ ભગવાન્ જિનેશ્વરો આરાધક ન હોય એમ કહી શકાય નહિ.

ભગવાન્ અજિતનાથજી મહારાજે શ્રીજિનેશ્વર ભગવાનની મૂર્તિની સેવાપૂજા કરી છે, એવા શ્રીશત્રુંજય માહાત્મ્ય આદિના લેખોથી પણ ભગવાન્ જિનેશ્વરોની આરાધકતા ન હોય એમ કહી શકાય નહિ.

આ ઉપરથી ત્રિલોકનાથ તીર્થંકરોની તે ભવમાં આરાધકદશા ન હોય એમ કહેવું જૈનશાસ્ત્ર માત્રથી વિરૂદ્ધ થઈ પડે છે.

## ભગવાન જિનેશ્વરોને આરાધક કેમ નથી માનતા?

તો પણ ત્રિલોકનાથ તીર્થંકરોની આરાધકદશા ઉડાડી દઇ કેવળ તેમની આરાધ્ય દશા જ છે એમ માનવું પડે છે, તેનું કારણ ખુલ્લુ છે કે જો તીર્થંકર ભગવાનોની તીર્થંકરના ભવમાં આરાધકદશા માનવામાં આવે તો તે આરાધકદશાએ પ્રવર્તાવાવાળા શાસનના સરળ રસ્તે ચાલનારા પુરુષો ભગવાન્ તીર્થંકરના આરાધકપણાનું અનુકરણ કરવાવાળા થાય અને તે વાત તીર્થંકરનું અનુકરણ કોઈ પણ જીવને કોઈ પણ અંશે મોક્ષમાર્ગના સાધન તરીકેનું પણ હોય જ નહિ એવા આગ્રહને લીધે તેઓને આમ કહેવું પડે છે.

પણ વસ્તુસ્થિતિએ સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી અવ્યાબાધપદને પામેલા સિદ્ધ ભગવાન્ સિવાય ચારે પદોમાં આરાધ્યપણું હોવા સાથે આરાધકપણું સર્વથા હોય નહિ, એવું પંચપરમેષ્ઠીના સ્વરૂપને જાણનારો તથા માનનારો તો કહી શકે નહિ.

## વિવાહધર્માદિ પણ દ્રવ્યઉપકાર

આ પ્રમાણે પ્રાસંગિક હકીકત જણાવ્યા પછી મૂળ હકીકતમાં આવતાં એટલુંજ જણાવવાનું કે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિપણાને લાયકની વિરક્તતા ભગવાન્ જિનેશ્વરોમાં નિયમિતપણે હોવાથી તેઓમાં વિવાહધર્માદિક કાર્યો કે જે સ્વરૂપથી સાવદ્ય છે, છતાં પણ અનુબંધથી સાવદ્ય થયાં નથી તેનું અનુકરણ કરીને બીજાઓએ વિવાહાદિક કાર્યોમાં પરોપકાર ને પરહિતપણું મનાવવા તત્પર થવું નહિ.

તે વિવાહાદિક કાર્યોમાં ભગવાન્ જિનેશ્વરોનોજ આત્મા પરહિત અને પરોપકારવાળો રહી શકે છે, અને તે પણ ભગવાન્ જિનેશ્વરોએ તેવી રીતે કરાએલું પરહિત તે પણ શાસ્ત્રકારોએ દ્રવ્યોપકાર અને દ્રવ્યહિતની ગણતરીમાંજ ગણેલું છે.

આવી રીતે ઉપકારને અંગે વિભાગ પાડી, વિવાહધર્માદિ જે કાર્યો પરના હિતને માટે કરેલાં છે, તેવીજ રીતે ભગવાન્ ઋષભદેવજીએ રાજ્ય ગ્રહણ કરવું અને રાજ્ય સંગ્રહ કરવો વિગેરે કાર્યો પણ પરના હિતને માટેજ કરેલાં છે તેનો હવે વિચાર કરીએ.

## પ્રભુ ઋષભદેવની પરોપકારિતા

ભગવાન્ તીર્થંકરોના પરોપકારિપણાને અંગે વિચાર કરતાં ભગવાન્ ઋષભદેવજીના અગ્નિવ્યવસ્થા, શિલ્પકર્મ અને વિવાહધર્માદિને અંગે વિચાર કર્યો, તેવી જ રીતે રાજ્યસંગ્રહને અંગે પણ વિચાર કરવાની જરૂર હોઈ દ્રવ્યપરોપકારને અંગે વિચાર કરીએ.

## થયેલા અને કરેલા રાજામાં ફરક

સામાન્ય રીતે જગતમાં આજ્ઞા મનાવવાને માટે રાજા થનાર મનુષ્યો અભિલાષા રાખે છે, પણ ભગવાન્ ઋષભદેવજીને અંગે આજ્ઞા મનાવવા માટે રાજાપણું લીધેલું નથી, પણ પ્રજાજને આજ્ઞા માનવા માટે રાજાપણું આપેલું છે.

## લક્ષ્મીની આવક કે લક્ષ્મીનો ઉપયોગ

સામાન્ય રીતે સમજી શકાશે કે આજ્ઞા મનાવવા માટે લીધેલું ભૂપાલપણું પ્રજાનું જે હિત કરે, તે હિત માત્ર આજ્ઞા માનનારો વર્ગ ઉભો રહે અને કરેલી આજ્ઞા માનવા સાથે રાજ્યને સારી રીતે આવક કરી દેનારો થાય, જ્યારે આજ્ઞા માનવા માટે કરેલા રાજામાં પ્રજારક્ષણનું જ તત્ત્વ હોય છે, અને પોતાને ભાગ્યે મળેલી પોતાની લક્ષ્મીનો ઉપયોગ પ્રજાના હિત માટે કરવામાં આવે છે.

## સમશેરની જરૂર ક્યાં?

આજ્ઞા મનાવવા માટે થએલા ભૂપાલો સત્તા અને સમશેરના જોરે પ્રજા પાસે આજ્ઞા મનાવે છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરેલા રાજાઓ સામાન્ય પ્રજાજન ઉપર સત્તા અને સમશેરનું જોર કદી પણ અજમાવતા નથી.

આજ્ઞા મનાવવા માટે થયેલા રાજાઓ પ્રજા પાસેથી ધન મેળવવાને માટે જ સત્તા અને સમશેરનો ઉપયોગ કરે છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરાયેલા રાજાઓ પ્રજા પાસેથી ધનની ઈચ્છા નહિ રાખતાં માત્ર દુષ્ટોના શિક્ષણને માટે જ સત્તા અને સમશેરનો ઉપયોગ કરે છે.

## દુષ્ટ અને શિષ્ટની વ્યાખ્યાનો ફરક

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ પોતાની સત્તા અને સમશેરના જોરમાં હંમેશાં મગરૂર રહી દુષ્ટોના દમન કરવાની જગો પર પણ ધનની લાલસામાં લેવાઈ જઇ દંડદ્વારા આવકોના સાધનો ઉભા કરી દુષ્ટાનાં શિક્ષણં ચૈવ એ નિયમની મુદ્રાને ગૌણ કરી નાખી શિક્ષણને નામે સંગ્રહપરાયણ થઈ જાય છે, જ્યારે આજ્ઞા માનવા માટે કરાએલા રાજાઓ લાલચમાં લેવાતા નથી, પણ દુષ્ટોનું દમન કરવું એટલું જ તત્ત્વ રાખનારા હોય છે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ પોતાના વચનને અને હુકમને માત્ર નીતિ ગણે છે, અને તેની વિરૂદ્ધ વર્તવાવાળા જે કોઈ હોય, પછી તે ચાહે તો નીતિપરાયણ હોય, તો પણ તેને દુષ્ટ ગણીને શિક્ષણીય ગણે છે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાયેલા રાજાઓ વાસ્તવિક રીતે નીતિથી વિરૂદ્ધ વર્તનારા હોય તેવાઓનેજ દુષ્ટ ગણી શિક્ષણીય ગણે છે.

આજ્ઞા મનાવવા માટે થપાયેલા રાજાઓને રાજ્ય અને રાજાને વફાદાર રહેવાને માટે સોગન અને પ્રતિજ્ઞાઓ કરાવવી પડે છે, અને તેવા સોગન અને પ્રતિજ્ઞા કરનારાઓને અને પાલનારાઓને જ તેઓ શિષ્ટ ગણે છે, ત્યારે આજ્ઞા માનવા માટે થપાયેલા મહારાજાઓને માત્ર નીતિનું પાલન કરનારા જે કોઈ હોય તેને શિષ્ટ તરીકે ગણવાનું થાય છે અને તેથી જ शिष्टानां पालनं तथा એ નિયમ ખરેખર ત્યાંજ લાગુ થઇ શકે છે, કારણ કે સામાન્ય રીતે शिष्टाः शिष्टत्वमायांति शिष्टमार्गानुवर्तनात् અર્થાત્ નીતિમય માર્ગને અનુસરવાથી જ ઉત્તમ પુરુષો શિષ્ટપણાને પામે છે, એ સામાન્ય-રીતે શાસ્ત્રનો અવિચલ નિયમ છે.

આજ્ઞા માનવા માટે મનાએલા રાજાના રાજ્યમાં ઉપરનો શિષ્ટ-પણાનો નિયમ સંભવી શકે. કેમકે આજ્ઞા મનાવવા માટે થએલા રાજાના રાજ્યમાં તો એમજ કહેવું પડે કે नराः शिष्टत्वमायांति भूपवाक्यानुवर्तनात् અથવા नराः शिष्टत्वमायांति राज्यधर्मानुवर्तनात् અર્થાત્ રાજા અને રાજાના વાકયોને માને તે જ શિષ્ટો અને તેવા શિષ્ટોનું પાલન કરવું તે જ રાજધર્મ ગણાય અને તેવા શિષ્ટોના પાલનનો રાજધર્મ થવાથી તેવા શિષ્ટોથી જેટલા બહાર રહે, પછી તે શિષ્ટોને પીડા કરનાર હો કે ન હો, નીતિમાન હો કે ન હો, તો પણ તે સર્વને દુષ્ટ ગણી શિક્ષણીય ગણવામાં આવે, અને તેવી વખતે જ સત્તા અને શાણપણમાં પ્રતિસ્પર્દ્ધિપણું થઈ સત્તા આગળ શાણપણ શા કામનું ? એમ લોકોક્તિ જાહેર થવાનો વખત આવે,

પણ આજ્ઞા માનવા માટે થપાયેલા રાજામાં શાણપણના અધિકપણાને અંગેજ રાજાપણું આવતું હોઇ, સત્તા અને શાણપણને પ્રતિસ્પર્દ્ધિ-પણું થવાનો વખત આવે જ નહિ.

## સારા-ખોટા રાજાઓની રીતભાતો

સત્તાને લીધે અને આજ્ઞા મનાવવા માટે થઈ બેસનારા રાજા-ઓને શાણપણથી દૂર રહેવું પાલવી શકે અને માત્ર સત્તાનો આડંબર જ સાચવવો પડે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓને પોતાનું માન, સન્માન લોકો પાસે બળાત્કારે પણ જળવાવવા પડે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાયેલા રાજાઓ માન, સન્માન રાજાની મરજી વગર પણ પ્રજાજનો જાળવે.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓ જ્યારે રાજ્યને કે રાજાને ફાયદો કરનાર હોય તેવાને અધિકાર આપી નવાજે અર્થાત્ એમ કહીએ તો ચાલે કે રાજા કે રાજ્યને ફાયદો કરનારાના અપરાધો ઘણે ભાગે તો પ્રશંસાપાત્ર જ બને, પણ કાંઈ નહિ તો છેવટે તે અપરાધ કરનારાઓ શિક્ષાપાત્ર તો ન જ રહે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓના રાજ્યમાં બલસંગ્રહની જરૂર ઘણી ઓછી રહેવા સાથે વધારે શાણાઓના સંગ્રહની જરૂર રહે, અને શાણ-પણની અધિકતાએ જ અધિકારોનું અર્પણ થાય.

આજ્ઞા મનાવવા માટે થએલા રાજાઓને અન્ય પ્રજાજનોથી અધિક ઋદ્ધિ-સમૃદ્ધિ એટલા જ માટે એકઠાં કરવાં પડે કે તે અધિક એકઠી કરેલી ઋદ્ધિ-સમૃદ્ધિથી પ્રજાજનો પર મારી સત્તા અવિચલ બને, જ્યારે આજ્ઞા માનવા માટે થપાએલા રાજાઓની ઋદ્ધિ-સમૃદ્ધિની અધિકતા પ્રજાજનો કરે અને તે એટલા જ માટે કે દુષ્ટોના દમનમાં અને શિષ્ટોના પાલનમાં તેનો ઉપયોગ થાય.

આજ્ઞા મનાવવા માટે થયેલા રાજાઓ દંડદ્વારા કે કરદ્વારા આવેલી લક્ષ્મીનો ઉપયોગ બહુધા પોતાના અને પોતાના કુટુંબ

વગેરે માટે કરે, જ્યારે આજ્ઞા માનવા માટે થપાયેલા રાજાઓ પ્રજાએ જે દુષ્ટોના દમન અને શિષ્ટોના પાલનને ઋદ્ધિસમૃદ્ધિ અર્પણ કરેલી હોય તેનો ઉપયોગ દુષ્ટોના દમન અને શિષ્ટોના પાલનને અંગે જ થાય.

### ભગવાન્ ઋષભદેવજી કુલકર તરીકે હતા કે ?

ભગવાન્ ઋષભદેવજીના અધિકારને અંગે જો કે તેઓ નાભિમહારાજા કે જેઓ કુલકર એટલે વ્યવસ્થા કરનાર તરીકે હતા, તેમનાજ કુલમાં જન્મેલા હોઈ, જન્મથી તે વખતના સર્વ લોકોના વ્યવસ્થાકારક ગણી શકાતા હતા, અને તેથીજ કેટલી જગો પર કુલકરોના નામોમાં ભગવાન્ ઋષભદેવજીનું નામ પણ કુલકર તરીકે ગણવામાં આવેલું છે, પણ ખરી રીતે ભગવાન્ ઋષભદેવજીને તે વખતના યુગલીયા એવા પ્રજાજને રાજા તરીકે પસંદ કર્યા ન હોતા અને અભિષેક થયો ન હતો, ત્યાં સુધી ખુદ વ્યવસ્થા કરનાર તરીકે નાભિમહારાજાજ હતા અને તેથી તે નીતિની વ્યવસ્થા કરનાર કુલકર તરીકે ગણાતા હતા.

## રાજ્યકાલ પ્હેલાંની યુગલીઆઓની નૈતિક સ્થિતિ

કાલના અવસર્પિણીપણાને લીધે ત્રીજા આરાના છેલ્લા ભાગમાં યુગલીયાઓ કે જેઓ પ્રથમ સર્વથા પાતળા રાગ-દ્વેષવાળા હતા, તેઓમાં રાગ-દ્વેષની માત્રા વધવા લાગી અને તે વધતી રાગ-દ્વેષની માત્રાએ યુગલિયા સરખાઓને પણ અન્યાયના માર્ગ તરફ પ્રેરણા કરી અને જેમ જેમ વધારે વધારે કાળ પડતો આવ્યો અને તેને લીધે રાગ-દ્વેષની માત્રા અધિક અધિક થતી ગઇ, તેમ તેમ તે રાગ-દ્વેષની માત્રાની અધિકતાને લીધે, અપરાધની માત્રા પણ કાલાનુક્રમે વધવા લાગી, અને તેથી પહેલવહેલાં સામાન્ય અપરાધની ઉત્પત્તિ વખતે યુગલિયાઓને માટે પ્રથમ હાકારની નીતિનો પ્રચાર થયો.

## હાકારની નીતિના ઉત્પાદક

એટલે તે હાકારની નીતિ તે વખતના યુગલિયાઓએ પોતાના સમુદાયમાંથી થતા નીતિના ઉલ્લંઘનને **વિમળવાહન** નામના આદ્ય કુલકરની આગળ જાહેર કરી અને તે નીતિના ઉલ્લંઘનનું પુનરાવર્તન ન થાય, માટે શિક્ષાથી નિયમન કરવા જણાવ્યું, તે વખતે **વિમળવાહન** કુલકર તરફથી હા એટલા શબ્દોનો ઉચ્ચારજ નીતિનું નિયમન કરવાને માટે પૂરતો થયો. તે નીતિ **શ્રી વિમલવાહનને** સ્વાભાવિક કે જાતિસ્મરણથી સ્ફુરી હોય તે અસંભવિત નથી.

સામાન્ય રીતે ઉત્તમ કુલવાળા મનુષ્યોમાં કોઈપણ દંડ કે સજા તેમના કૃત્ય બદ્દલ કરતું ન હોય, તો પણ જો તેમના કૃત્યને લોકો અનુચિત ગણે અને **અરે**! એટલું જ ઉચ્ચારણ કરે તો જેમ સજ્જડ એટલી બધી અસર થાય છે કે તેટલી અસર તેઓને ધનના નુકસાનમાં કે શારીરિક વ્યથામાં થતી નથી, તેવીજ રીતે તે યુગલિયાઓને આદ્ય કુલકર **વિમળવાહન** તરફથી માત્ર હા એમ કહેવામાં આવતું, તેટલા માત્રમાં તે અપરાધ કરનાર યુગલિયાને દેહાંતદંડની શિક્ષા હોય તેના જેવી સજ્જડ અસર થતી હતી.

## માકારની નીતિની જરૂર

પણ કાલક્રમે તે હાકારના કથનની અસર ઘણી ઓછી થવા લાગી ત્યારે જેમ સામાન્ય રીતે સારા કુટુંબના મનુષ્યોને અણ-સમજથી કે કોઈપણ કારણથી કાંઈ વિરૂદ્ધ કાર્ય કરવાનો પ્રસંગ આવી પડયો હોય, તો તેવે પ્રસંગે કુટુંબના અધિપતિઓ તે વિરૂદ્ધ કાર્ય નહિ કરવાનું સમજાવવા માટે જાય છે, અને તેવું સમજુ અને વૃદ્ધ પુરુષોનું કથન તે ઉત્તમ કુલવાળાને ઘણુંજ અસર કરનારૂં થાય છે અને તેથીજ તે ઉત્તમ કુલવાન પુરુષ અપયશની સંભાવનાથી ન ડર્યો હોય, તોપણ તે સમજુ અને વૃદ્ધ

પુરુષોના કથનથી તે અપકૃત્ય કરતો રોકાઈ જાય છે, તેવી રીતે તે મધ્ય કુલકરોના વખતમાં કેટલાક ગુન્હાઓ હાકારના કથનમાત્રથી રોકાતા હતા, છતાં હાકારના કથનથી નહિ રોકાતા ગુન્હાઓને રોકવાને માટે માકારના કથનની શરૂઆત કરવી પડી હતી.

## ધિક્કારની નીતિની જરૂર કેમ પડી?

સામાન્ય રીતે નીતિમાન્ પુરુષો લોકો અનુચિત ગણાશે એટલા માત્રથીજ અનીતિના માર્ગથી દૂર રહે છે, જ્યારે કેટલાક સામાન્ય મનુષ્યો કુટુંબના શાણા અને વૃદ્ધ પુરુષોની રોકટોકથી અનીતિના માર્ગથી દૂર રહે છે, પણ સત્તાનો સોટો ચલાવનાર પુરુષો સત્તાના મદમાં છાકેલા હોવાથી પોતાની સત્તાને આધીન થયેલા મનુષ્યો પાસેથી પોતે અનીતિ કરવા છતાં માન-સન્માનને મેળવી શકે, એક અંશે પણ વિરૂદ્ધ વાત કરનારાને પોતાની સત્તાના જોરે શિક્ષિત કરી દે, તેવા સત્તાધીશોને ખોટું કહેવાવાનો ભય હોતો નથી, અને તેને અનીતિમાં વર્તતાં કોઈ રોકનારૂં પણ સત્તાની શહેને લીધે હોતું નથી, છતાં પણ તેવાઓને ઈતિહાસના પાને રહેતી અપકીર્તિઓ તો ભયંકર રીતે અસર કરનારી થાય છે.

તેમ **નાભિમહારાજાની** પહેલાંના કુલકરોના વખતમાં યુગલિયા લોકો હાકાર અને માકારથી થતી શિક્ષાને તેટલી બધી અસર કરનારી ન ગણવા લાગ્યા, તેથી તે વખતના કુલકરોને **ધિક્કાર** શબ્દ કહેવાની નીતિ દાખલ કરવી પડી, અને સામાન્ય અપરાધમાં હાકાર, મધ્યમ અપરાધમાં માકાર અને ઉત્કૃષ્ટ અપરાધમાં ધિક્કાર કહેવાનો રિવાજ શરૂ થયો. **નાભિમહારાજા** સુધી માત્ર શિક્ષા કરનાર કુલકરોના શબ્દોથીજ અન્યાય કરનારનું શિક્ષણ પ્રચલિત રહ્યું અને તે શબ્દોદ્વારાએ અન્યાયનો માર્ગ રોકાતો રહ્યો, છતાં કાલની વિચિત્રતાએ શી અસર કરી અને ભગવાન્ **ઋષભદેવજીને** રાજા કરવાની યુગલીઆઓને શી જરૂર પડી? તે ઉપર હવે વિચાર કરીએ:-

## ૩૫—રસાદિ ઉપર અવસર્પિણીનો પ્રભાવ

ધ્યાન રાખવાની જરૂર છે કે અવસર્પિણી કાળનો પ્રભાવ મનુષ્યના આયુષ્ય અને શરીરાદિની હાનિ કરવા સાથે પુદ્‌ગલોના વર્ણ, અને રસાદિની હાનિ કરનારો થાય છે, અને તેટલાજ માત્રથી તે કાલને અવસર્પિણી કહેવામાં આવે છે, અને તેથીજ શાસ્ત્રકારો પણ यत्र समये समये रूपरसादीनां हानिः सा अवसर्पिणी એમ અવસર્પિણી શબ્દની વ્યુત્પત્તિ કરતાં મુખ્યતાએ પુદ્‌ગલના રૂપ, રસાદિની અને ગૌણપણે તેના આધારે થતા અને અનુભવાતા શરીર અને આયુષ્યાદિકની હાનિ જણાવે છે, અર્થાત્ જીવ અને અજીવને આશ્રીને થતા ઔદયિક, પારિણામિક ભાવોનાં ઉપર તે અવસર્પિણી કાલનો પ્રભાવ પડે છે એમ સ્પષ્ટ સમજાવે છે.

## ક્ષાયોપશમિકાદિ ભાવ ઉપર અવસર્પિણીના પ્રભાવનો અભાવ

તેથી જીવના ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવ ઉપર કોઈ પણ જાતનો પ્રભાવ અવસર્પિણી કાલનો પડતો નથી, એમ સ્પષ્ટ થાય છે અને તેથીજ અવસર્પિણીની શરૂઆતથી લગભગ નવ કોડાકોડ સાગરોપમ સુધી જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ, રક્ષણ, રક્ષણના ઉપાયો અને તેની વૃદ્ધિ થતાં પરમદશાની પ્રાપ્તિ જે નહિ થએલી તે પણ ભગવાન્ ઋષભદેવજીની વખતે થઈ તેમાં અવસર્પિણીનો પ્રભાવ નડતો નથી.

## સર્વકાલે કેવલજ્ઞાનની સર્વદા સરખવાટ

તેમજ ભગવાન્ ઋષભદેવજી પછી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા એક કોડાકોડ સાગરોપમે થયા, છતાં ભગવાન્ ઋષભદેવજીના કેવલજ્ઞાન અને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના કેવલજ્ઞાનમાં એક અંશ જેટલો પણ ફરક નથી અને તેથીજ કેવલજ્ઞાન એકજ પ્રકારનું માનવામાં આવેલું છે, એટલે અવસર્પિણી કાલનો પ્રભાવ ક્ષાયિક એવા જો આત્માના કેવલજ્ઞાન રૂપી ગુણ પર પડયો હોત

તો ભગવાન્ ઋષભદેવજીનું કેવલજ્ઞાન અને ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન અવસર્પિણી કાલના એક કોડાકોડ સાગરોપમના આંતરાવાળું હોવાથી ઘણુંજ ફરકવાળું થાત અને તેથી કેવલજ્ઞાનના પણ અવધિઆદિ જ્ઞાનની માફક અસંખ્યાતા ભેદો માનવા પડત, પણ તે કેવલજ્ઞાન એકજ પ્રકારનું છે એમ કહી શકાત નહિ. પણ કેવલજ્ઞાન એક પ્રકારનું જ હોવાથી તેની ઉપર અવસર્પિણી કે ઉત્સર્પિણી કાલની અસર નથી એમ ચોકખું માનવું પડે.

## કેવલમાં ભવિષ્યના જ્ઞાનનું અધિક-ન્યૂનપણું કેમ નહિ?

એમ નહિ કહેવું કે ભગવાન્ ઋષભદેવજી વિગેરે જેઓ અવસર્પિણીની શરૂઆતમાં કેવલજ્ઞાન પામ્યા તેઓને ભવિષ્યનું જેટલું જ્ઞાન થયું તેટલું ભવિષ્યકાલનું જ્ઞાન ભગવાન્ મહાવીર મહારાજના કેવલજ્ઞાનથી બને નહિ માટે ભગવાન્ ઋષભદેવજીના કેવલજ્ઞાન કરતાં ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન ન્યૂન માનવુંજ જોઈએ, પણ જો કેવલજ્ઞાનથી એકલા ભવિષ્ય કાલના જ પદાર્થો જાણવામાં આવતા હોત તો ભગવાન્ ઋષભદેવજી મહારાજના કેવલજ્ઞાન કરતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું કેવલજ્ઞાન ન્યૂન માનવું પડત, પરંતુ કેવલજ્ઞાનથી સકળ ભૂત અને ભવિષ્યના પદાર્થોનો સાક્ષાત્કાર થતો હોવાથી જેટલી ભવિષ્યકાળના પદાર્થોને જાણવાની ન્યૂનતા તેટલી ભૂતકાલના પદાર્થોને જાણવાની અધિકતા અને તેથી બંને કેવલજ્ઞાન એક સરખાંજ રહે.

## ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ઉપર પણ કાલનો પ્રભાવ નથી

આ કેવળજ્ઞાનની એક સરખી સ્થિતિની માફક ક્ષાયોપશમિક જ્ઞાનો તથા ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એ ત્રણે પ્રકારના સમ્યક્ત્વો તેમજ ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ચારિત્રો ઉપર પણ અવસર્પિણી કાલનો પ્રભાવ પડતો નથી અર્થાત્ તે ક્ષાયિકઆદિ જે આત્માના ગુણો છે તે અવસર્પિણીના ઝપાટામાં આવતા નથી.

## શાસન અને જ્ઞાનની ઉન્નતિને ઉદ્યમની જરૂર

તેથીજ અવસર્પિણીના પાંચમા આરામાં પણ અનેક વખત શાસન અને ધર્મનો હ્રાસ થયા છતાં પણ ઉન્નતિને સારી રીતે અવકાશ રહે છે, માટે શાસનના સુભટોએ ધર્મની અવનતિ ટાળવા અને ઉન્નતિ કરવામાં અવસર્પિણી શબ્દથી ભરમાઈને કોઈ દિવસ પણ પાછી પાની કરવી નહિ.

## ઝાંખા દીવાથી સારા દીવાનો દાખલો

ભગાવાન્ હરિભદ્રસૂરિજી મહારાજ પણ ઓછા તેજવાળા દીવાથી ઘણા તેજવાળો દીવો પ્રગટે એવું દૃષ્ટાંત લલિતવિસ્તરામાં આપીને સામાન્ય બોધવાળા ધનગિરિજી સરખા ગુરુ મહારાજથી અધિક બોધવાળા વજ્રસ્વામીજી સરખા શિષ્યો થાય એમ ધ્વનિત કરી અવસર્પિણી કાલને લીધે જ્ઞાનાદિમાં હાનિજ થાય એવી માન્યતાને તોડી પાડે છે.

## દુઃષમા કાલને લીધે હાનિ કેમ કહેવાય છે?

જો કે વર્તમાન પાંચમા આરામાં મેધા અને ધારણાદિકની હાનિના કારણ તરીકે દુઃષમાકાલનો પ્રભાવ શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે, પણ એ સ્થાને સ્થાને અવસર્પિણીનો પ્રભાવ ન જણાવતાં દુઃષમાકાલનો જે પ્રભાવ જણાવે છે તેજ સ્પષ્ટ કહી આપે છે કે અવસર્પિણીને લીધે જ્ઞાનાદિની હાનિ હોતી નથી.

બીજી વાત એ પણ વિચક્ષણોએ ધ્યાનમાં લેવાની છે કે સ્થાને સ્થાને શાસ્ત્રકારોએ દુઃષમા કાલને લીધે મેધા વગેરેની જણાવેલી હાનિ ગ્રંથોના સંક્ષિપ્તકરણને અંગે માત્ર સંગતિપ્રદર્શક જ વાક્યો છે, પણ તે વાક્યો નિયમપ્રદર્શક નથી.

(ક્રમશઃ ચાલુ)

# આગમજ્યોત

| વીર નિ. સં. | संसारकारणे असंजमे । | આગમો સં. |
|---|---|---|
| ૨૪૯૭ | સંસારનું ઉપાદાનકારણ | ૨૦ |
| વિ. સં. ૨૦૨૭ | અવિરતિ | વર્ષ-૫ |
| વૈશાખ | | પુસ્તક-૨ |

## (મહત્ત્વની માર્મિક વિચારણા)

[ પૂ. આગમવાચનાદાતા, આગમ સમ્રાટ્, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારકશ્રીએ કર્મબંધના મિથ્યાત્વાદિ હેતુઓમાંથી પણ ગૌણ-મુખ્ય ભાવે વિચાર કરવાની નયસાપેક્ષરીતિને અવલંબી અવિરતિનું સર્વાધિક બંધહેતુપણું દર્શાવવા સાથે જિનશાસનની અનન્ય-સાધારણ લોકોત્તર વિશિષ્ટતા સંયમ-ચારિત્ર સાથે કેવી રીતે સંકળાયેલી છે? તેની હૃદયંગમ છણાવટ આ લઘુ નિબંધમાં કરી છે. ખૂબ જ ગંભીરતાથી યોગ્ય-જ્ઞાની-ગુરૂભગવંતની નિશ્રાએ આ નિબંધના પદાર્થો વિચારવા-સમજવાની સાગ્રહ નમ્ર વિજ્ઞપ્તિ છે. સં.]

**કર્મબંધનું કારણ શું ?**

જૈનશાસ્ત્રને સાંભળનાર જાણનાર અને માનનારો વર્ગ એટલું તો સ્હેજે સમજી શકે તેમ છે કે-

**સર્વ અન્યદર્શનકારો માત્ર કાયિક, વાચિક કે માનસિક કોઇપણ જાતની પ્રવૃત્તિ થાય તેમાં પાપના બંધ માને**

છે, પણ ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર મહારાજના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રીજૈનશાસનની શૈલી તો પ્રવૃત્તિ કરનારો વર્ગ તો ગુન્હેગાર કથંચિત બને જ છે. અર્થાત્ યોગ જે મન, વચન અને કાય એમ ત્રણ ભેદે છે, તેનાથી થતી પ્રવૃત્તિ સર્વથા કર્મબંધન કરાવે એવો નિયમ નથી. અર્થાત્ કરનારો કર્મથી બંધાયજ એવો નિયમ નથી.

જો કરનારો કષાયયુક્ત હોય તો કર્મ જંજીરથી જરૂર જકડાય. પણ કરનારો હોય છતાં પણ જો કષાય રહિત હોય તો કર્તા હોય છતાં પણ અંશે પણ કર્મથી જકડાતો નથી.

**એટલે શ્રીજૈનશાસનના મન્તવ્ય પ્રમાણે યોગની પ્રવૃત્તિ એ કર્મબંધનું નિયમિત કારણ નથી, પણ યોગની પ્રવૃત્તિ હોય કે ન હોય તો પણ કષાયની પ્રવૃત્તિ તો શું? પણ કષાયની હયાતી માત્ર પણ કર્મની જંજીરથી જકડાવનાર છે એમ નિશ્ચિત છે.**

## છદ્મસ્થનું ચિહ્ન

આ સ્થાને કેટલાકનું એમ કહેવું થાય કે જો કષાયનીજ પ્રવૃત્તિ કે હયાતીજ જો જવાબદારી અને જોખમદારીની જડ છે તો પછી શાસ્ત્રકારોએ છદ્મસ્થપણાના ચિહ્ન તરીકે જીવની હિંસા અને જુઠું બોલવાપણું જે જણાવ્યું છે તે કેમ ઘટે? આ શંકાનું કથન પણ યુકિતસંગત નથી.

કારણ કે જેઓ અન્યમતના પ્રવર્ત્તક દેવો અસુરોકંસનો વંશ અને રાક્ષસવંશના નાશથી પોતાનું ઐશ્વર્ય મનાવીને દેવપણું મનાવે છે, તથા મહાભારતના યુદ્ધમાં અનેકવિધ અમાનુષિક પ્રપંચો રચનાર બનીને તેવાં જુઠાં બોલવામાંજ પોતાનું દેવત્વ દર્શાવે છે તેવાઓના દેવત્વને દૂર કરવા માટેજ આ બે ચિન્હો કહેવામાં આવ્યાં છે

આ અપેક્ષા ધ્યાનમાં રાખીશું તો જ *સાત ચિન્હોની વાસ્તવિકતા માલમ પડવા સાથે તેવાઓનું છદ્મસ્થદશાને સૂવાપણું વાસ્તવિક રીતે માલમ પડશે, નહિતર **यथावादी तथाकारी** ન હોય તો છદ્મસ્થ જાણવો. વગેરે ચિન્હોની વાસ્તવિકતાજ ન રહે.

તથા અશરીરી જીવને પ્રદેશ અને સમયને કે ગંધને ન જાણનારાઓને છદ્મસ્થ તરીકે જણાવવા કરતાં અવીતરાગ અસર્વજ્ઞોનું સ્વરૂપજ જણાવી દેત. અર્થાત્ પરીક્ષક-વિશેષની અપેક્ષાએ જ આ સાત ચિન્હ અવીતરાગ અસર્વજ્ઞનાં છે. એમ સ્હેલાઇથી જણાશે, એમ ધારીનેજ અહિંસા વગેરેને ચિન્હો તરીકે જણાવેલ છે.

અર્થાત લેશ્યા, ઈન્દ્રિય વગેરે વસ્તુઓ જીવત્વની સાથે સમનિયત નથી, તો પણ જીવત્વને વ્યાપીને રહેલી છે, એ તો ચોક્કસ છે, એવી રીતે હિંસાનો અભાવ કે હિંસા એક્કે વીતરાગ કે છદ્મસ્થપણાને અંગે સમવ્યાપક તો નથી. પણ ઉપર જણાવ્યા પ્રમાણેનું વિશિષ્ટઘાતન અને વિશિષ્ટમૃષાવાદન જે અન્ય અજ્ઞાની જીવોએ એક દેવત્વના કારણ તરીકે માન્યું છે, તેને અંગે જણાવ્યું છે કે હિંસા કરનારો કે જુઠાં બોલનારો હોય તે કેવલી કહેવાયજ નહિ. આ વાતને આ રૂપે ન લેતાં બીજા રૂપે લેતાં શીલાર્થમાં તૃન્ પ્રત્યય લાવીને પ્રાણને અતિપાતન કરવા એટલે નાશ કરવાના સ્વભાવવાળો હોય તેને છદ્મસ્થ અકેવલી સમજવો એમ કહેવાય, આમ કહેવાનું કારણ એ છે કે અયોગીકેવલી મહારાજના શરીરથી પણ વાયુકાયાદિની હિંસા થાય છે એમ **શ્રીઆચારાંગસૂત્રની વૃત્તિમાં** સ્પષ્ટ અક્ષરે જણાવાયેલું છે, તથા નદી-સમુદ્રઆદિ જલાશયોમાં જે સિદ્ધ થાય છે તે જલ એટલે અપ્કાયના જરૂર હિંસક બને છે, માટે જીવોની હિંસામાત્રથી અસર્વજ્ઞ છદ્મસ્થ અવીતરાગ કે બીન સમજ ગણવો ઉચિત રહે નહીં, માટે પ્રાણોના ઘાતની ટેવવાળો હોય તેનેજ અસર્વજ્ઞ જાણવો.

---

* શ્રીભગવતીસૂત્રમાં મદ્દુક શ્રાવકના અધિકારમાં છદ્મસ્થપણાના સાત લક્ષણો જણાવ્યા છે. **સં૦**

આવી રીતે શીલાર્થનો પ્રત્યય લાવી વ્યાખ્યા કરતાં શું મૃષાવાદમાં શીલાર્થપ્રત્યય લાવી જુઠું બોલવાની ટેવવાળોજ છદ્મસ્થ અને અવીતરાગ કહેવાય, યથાવાદી તથા અકારિતાની ટેવવાળો હોય તોજ અસર્વજ્ઞ અને વીતરાગ સમજવો એમ લેઈશું ? એટલે મૃષાવાદને વર્જનપણાની ટેવ ન હોય તોજ છદ્મસ્થ ગણવો.

સામાન્ય મૃષાવાદમાં જ્ઞાની પુરૂષને અડચણ નથી અને સામાન્ય યથાવાદિતા–તથાઅકારિતા છદ્મસ્થ અથવા અસર્વજ્ઞપણાને જણાવી શકતા નથી એમ માની શકીશું ? કોઈ દિવસ નહિં. અર્થાત્ જેમ મૃષાવાદીપણું અને યથાવાદી–તથાઅકારીપણું શીલાર્થ જેવા પ્રત્યય-વાળા છતાં સામાન્યથીજ અસર્વજ્ઞ અવીતરાગપણાના ચિન્હો છે, તેવી રીતે પ્રાણોનો અતિપાત એ પણ શીલાર્થપ્રત્યયવાળો છતાં સામાન્યપણેજ અસર્વજ્ઞ–અવીતરાગપણાનું ચિન્હ ગણી શકાય, પણ તે હિંસકપણું પૂર્વે જણાવ્યા પ્રમાણે પરીક્ષકવિશેષકની અપેક્ષાએ અને હિંસકવિશેષપણાની અપેક્ષાએ ગણી લેવું એજ ઉચિત છે.

## હિંસકપણું છતાં કર્મબંધનો અનિયમ

સામાન્યપણે સર્વજ્ઞશાસનને માનનાર વર્ગ એમ તો માનેજ છે કે છદ્મસ્થ સાધુ ઈર્યાસમિતિથી જીવ ન હોવાની ખાત્રી કરીને જ્ઞાનાદિકાર્યને અંગે જવાની ધારણાથી પગ ઉપાડે અને પછી કદાચ કોઈ જીવ તે સાધુના પગ ને મ્હેલવાની જગો પર આવી પડે. તે વખતે સમિતિ–ગુપ્તિવાળો તે પોતાના કાયયોગને નિવર્ત્તાવી ન શકે અને પગ મ્હેલે. હવે જો તેવી રીતે પગ મ્હેલવાથી તે પ્રાણી કે જે પગની નીચે આવ્યો તેને પીડા થાય યા તે પ્રાણી મરી પણ જાય, તોપણ તે ઉપયોગવાળા સાધુને સૂક્ષ્મપણે હિંસા લાગતી નથી.

કેમકે શાસ્ત્રકારમહારાજ જણાવે છે કે **પ્રમત્તયોગ એજ હિંસા** છે. અને આ સમિતિ–ગુપ્તિવાળો સાધુ અપ્રમાદી છે, માટે તે અપ્રમાદી સાધુ આવી રીતે થયેલી હિંસાને અંગે કોઈ પણ અંશે કર્મ બંધક

નથી. સામાન્ય સકષાય પ્રમત્ત સાધુ માટે જ્યારે આવી રીતે હિંસકપણું છતાં અબંધકપણું અને નિર્લેપપણું હોય તો પછી નિષ્કષાય એવા જીવવિશેષને તો હિંસા એ નિયમિત પણે કર્મનો બંધ કરાવેજ અને તે હિંસાવાળો અસર્વજ્ઞ અવીતરાગજ હોય એમ કેમ કહી શકાય?

**સર્વજ્ઞને હિંસા કેમ ?**

જો કે એ વાત તો સાફ છે કે સકષાયસાધુને છદ્મસ્થપણાને લીધે અજ્ઞાનતા હોય, અને તેથી પ્હેલાં ન દેખેલા અને નહિ જાણેલા જીવની હિંસા થાય, પણ નિષ્કષાય એવા સર્વજ્ઞના જ્ઞાનનો તો વિષય યાવત્ જ્ઞેયનો હોવાથી અજ્ઞાનપણાનો સંભવજ ન હોય, પણ પોતાના પ્રવર્ત્તનાયોગે અવશ્યભાવી એવી હિંસા અથવા હિંસા જેની થવાની છે, તેના યોગની પ્રવૃત્તિથી થતી હિંસા જેમ નદીના જળ વગેરે, શરીરે લાગેલો મહાવાયુ, વાયુકાયના જોરે શરીર સાથે અથડાતા મચ્છર વગેરેની હિંસા અવશ્યભાવી હોઈને પોતાના યોગની પ્રવૃત્તિથી થયેલી નથી, માટે તે હિંસા થવા છતાં તે નિષ્કષાયજીવને તેનો કર્મ બંધ નથી.

**કર્મનો બંધક કોણ?**

ઉપર જણાવેલી હકીકત વિચારનાર મનુષ્ય એટલું તો સ્હેલાઈથી સમજી શકશે કે—

**મન વચન કે કાયાની પ્રવૃત્તિ કર્મનો બંધ કરાવવામાં અવ્યભિચારી કારણ નથી, પણ કર્મનો બંધ કરાવવામાં ઇર્યાસમિતિ આદિથી જીવને બચાવવાની પ્રવૃત્તિરૂપ યતના કે સંયમ જેઓ ન રાખે તેઓને જીવોની હિંસા ન થાય તોપણ પ્રયોગથી નિરવદ્ય નથી પણ સાવદ્ય છે એથી જરૂર કર્મબંધ થાય છે.**

**અહિંસા અને સંયમનો ભેદ**

આ વાત સમજવાથી હિંસાની નિવૃત્તિરૂપ અહિંસા જણાવ્યા છતાં શાસ્ત્રકાર શ્રીશય્યંભવ સૂરિજીએ સંયમ કેમ જણાવ્યો? એનો ખુલાસો થઈ જાય છે.

## જયણા અજયણાની વિચારણા

તથા जयं चरे जयं चिट्ठे વગેરેથી જયણા એટલે જીવની રક્ષાની બુદ્ધિપૂર્વક ચાલવા આદિ પ્રવૃત્તિ કરતાં પાપકર્મ નથી બંધાતું, એમ ચોક્કસ કહે છે.

વાચકવૃન્દે આ ગાથાની ખુબીમાં એક વાતમાં ધ્યાન આપવાની જરૂર છે અને તે એ કે જયણાપૂર્વક વર્ત્તાવ કરનારાથી હિંસાનો સર્વથા અસંભવ ન હોવા છતાં પ્રાણ-ભૂતોની હિંસાના અસંભવ કે સંભવની વાત જણાવતાજ નથી. અને ચોક્ખા શબ્દોમાં જણાવે છે કે—

**જયણાથી પ્રવર્તનારથી હિંસા થાઓ પણ કે ન થાઓ તે જયણાવાળા એટલે તે જયણાપૂર્વક ચાલવા-બેસવા-ઉભા રહેવા-સુવા-બોલવા કે ખાવાવાળાને પાપકર્મનો બંધ થતોજ નથી.**

એવી રીતેજ અયતનાની બાબતમાં પણ વિચાર કરવા જેવી હકીકત એ છે કે અયતનાએ પ્રવર્ત્તવાવાળો હોય છતાં પણ પ્રાણ અને ભૂતોની હિંસા નક્કી થાયજ એમ જણાવતાં સ્પષ્ટપણે કહે છે કે पाणभूयाइं हिंसइ અર્થાત્ વગર યતનાએ પ્રવૃત્તિવાળાથી જીવહિંસા થાઓ કે ન થાઓ, તોપણ તે અયતનાથી એટલે જીવને બચાવવાની બુદ્ધિ વિના પ્રવર્ત્તનારો સાધુ જીવહિંસા કરનારોજ ગણાય. એટલુંજ નહિ, પણ તત્ત્વ વિચારીયે તો એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે જયણાથી પ્રવર્ત્તનારા નથી કદાચ હિંસા થઈ પણ જાય, તોપણ તે જયણાપૂર્વકની પ્રવૃત્તિથી કોઈ દિવસ પણ કટુક ફળ મેળવવાનું હોયજ નહિં. પણ અજયણાથી પ્રવર્ત્તનારા જીવથી તેના ચાલવા-ઉભા-રહેવા-બેસવા-બોલવા અને ખાવાની ચેષ્ટામાં જરૂર કટુક ફળવાળાં પાપોજ બંધાય છે.

આ બધી વાતની અપેક્ષાએ સ્પષ્ટ થશે કે કષાય અને છદ્મસ્થતા રહિતને તો કર્મબંધની વાત શી કરવી ? પણ સકષાયસાધુની પણ જયણાવાળી પ્રવૃત્તિ હિંસાવાળી હોય તોપણ કર્મબંધને કરાવનાર નથી.

## કષાયરહિતને છતી પ્રવૃત્તિએ કર્મબંધ ન થાય તેવો સિદ્ધાંત

ઉપરની હકીકત સમજનારા મનુષ્યોને હવે સમજાવવાની જરૂર નહિ રહે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ના સિદ્ધાંતે એ વાત નિશ્ચિત છે કે—

**કર્મબંધનનું કારણ યોગની પ્રવૃત્તિ નથી, પણ કષાયો યાવત્ પ્રમત્તદશાની હયાતી જ કર્મબંધનું કારણ છે,** જ્યારે આ હકીકત બરોબર સમજાશે ત્યારેજ અન્યદર્શનકારોએ માનેલો- **કરે તે ભરે! કરશે તે ભોગવશે!** વગેરે સિદ્ધાન્ત વ્યર્થ અને અણસમજ ભરેલો છે-એમ સ્પષ્ટ સમજવા સાથે **પાપથી પાછા નહિં હઠવું એ રૂપ અવિરતિ એજ કર્મબંધનું કારણ છે,** એમ સમજાશે.

## મિથ્યાત્વ ને કષાય તે પાપના કારણો નહિં ?

જો કે સામાન્ય રીતે કર્મબંધનાં કારણો તરીકે મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગો એ ચારેને ગણાવવાનાં વચનો સ્થાને સ્થાને શાસ્ત્રકારોએ જણાવેલાં છે.

પણ અહિં સંસારમાં ભટકાવનાર એવા સાંપરાયિકકર્મોના બંધનો વિચાર કરી અથવા કટુકફલ દેવાવાળા કર્મબંધનનો વિચાર કરી આપણે આગલ કષાયને કર્મબંધનના કારણ તરીકે જણાવ્યા. પણ તેનું કારણ તપાસીએ તો સ્પષ્ટપણે માલમ પડશે કે **મિથ્યાત્વ અને અવિરતિ એ બન્ને કષાયનાજ પ્રભાવરૂપ છે.**

કારણ કે કોઈપણ મિથ્યાત્વવાળો અનન્તાનુબંધીના ઉદય વિનાનો હોતોજ નથી. અને અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયના

ઉદયેજ વિરતિથી રહિતપણું અર્થાત્ અવિરતપણું હોય છે, એટલે સામાન્યરીતે તો સાંપરાયિકના બંધને કરાવનાર મિથ્યાત્વ કે અવિરતિના આધર રૂપ કષાયો તે સંજ્વલનના પણ કષાયોજ છે, તો પછી કર્મબંધનું જેમ અન્યત્ર રાગ અને દ્વેષ કારણ કહેવામાં આવે છે, તેવી રીતે આનું કારણ એકલા કષાયોજ કેમ ગણવા ?

આવી શંકાના સમાધાનમાં સમજવાનું કે ભવ્યજીવોને તારવા માટે કરાયેલો ઉપદેશ વિભાગથી કરવા સાથે જેમ જેમ એકેક વસ્તુનો ત્યાગ કરી શકે એવા અનુક્રમે કહેવો સારો અને હિતકર છે, એમ ધારીને મિથ્યાત્વ અને અવિરતિ એ બન્ને કષાય-વિશેષનાજ કાર્યરૂપ છતાં ભિન્નપણે કહેવાની શાસ્ત્રકારોએ જરૂર જોઈ છે. તે સર્વથા વ્યાજબીજ છે. જગતૂમાં શત્રુઓનો સમુદાય આખો નાશ કરવા લાયક હોય છતાં જેમ જેમ નાશ કરી શકાય તેમ તેમ શત્રુઓનો નિર્દેશ કરવો યોગ્ય છે, એમ જરૂરી ગણાય.

**સંસારના કારણ તરીકે એકલી અવિરતિ કેમ ?**

ઉપર જણાવ્યા પ્રમાણે સંસારના હેતુરૂપ કર્મબંધનના કારણ તરીકે કષાય, મિથ્યાત્વ અવિરતિ અને કષાયને ગણાવી શકાય, એમ છતાં શાસ્ત્રકારોએ સંસારના કારણને જણાવતાં કેવલ અવિરતિ કેમ જણાવી છે! તથા સાધુપ્રતિક્રમણસૂત્રમાં પણ કર્મબંધનના કારણોનું પ્રતિક્રમણ કરવાનું હતું, ત્યાં માત્ર એક અસંયમનુંજ પ્રતિક્રમણ કેમ જણાવ્યું ?, એનો વિચાર પ્રકરણને અનુસરીને કરીએ.

**અસંજમનુ પ્રતિક્રમણ એકદેશીય કેમ નહિં ?**

આવશ્યકનિર્યુક્તિકાર ભગવાન્ **ભદ્રબાહુસ્વામીજી** નિર્ગમઆદિ ઉપોદ્ઘાતનાં દ્વારો જણાવતાં કારણનામના દ્વારમાં ભાવથી અપ્રશસ્ત-

કારણ જણાવતાં **असंजमो य एक्को** એમ કહી **સંસારનું કારણ એક અસંયમ** છે એમ સ્પષ્ટ જણાવે છે, અર્થાત્ કદાચ **पडिक्कमामि एगविहे असंजमे** એ સાધુપ્રતિક્રમણસૂત્રના અર્થમાં તો એમ પણ લઈ શકત કે મિથ્યાત્વ અને અજ્ઞાનથી પડિક્કમીને પાછા હઠવાની માફક એક પ્રકારના અસંયમથી પણ પાછો હઠું છું. એવો અર્થ કરી એકદેશીયતા અસંયમની માની લેત. પણ અહિં નિર્યુક્તિકારના વચનથી તો સંસારના કારણમાત્રનો નિર્દેશ હોવાથી એકદેશીય કારણ તરીકે અસંયમ કહેલો છે, એમ કહી શકાય તેવું નથી.

જો કે વસ્તુતાએ તો સાધુપ્રતિક્રમણના તે **एगविहे** વાળા સૂત્રમાં પણ એકદેશીય પ્રતિક્રમણ છે એમ કહી શકાય એમ નથી, અને વૃત્તિકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી વગેરે તેમ એકદેશીય પ્રતિક્રમણ છે એમ ગણવાની સ્પષ્ટ મનાઈ જ કરે છે.

## મિથ્યાત્વ અને અજ્ઞાન ગૌણ કેમ ?

એટલે યતિપ્રતિક્રમણ અને આ નિર્યુક્તિના વાક્યથી એટલું નક્કી થઈ શક્યુ કે—

**મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ એ ત્રણે સંસારના કારણો છતાં મિથ્યાત્વ અને અજ્ઞાનને ગૌણ કારણ તરીકે ગણવાં અને અસંજમને મુખ્ય કારણ તરીકે ગણાવું.**

તેથી જ ભગવાન નિર્યુક્તિકાર મહારાજે અને સાધુપ્રતિક્રમણસૂત્રકારે **અસંજમનું પ્રતિક્રમણીયપણું સ્વતંત્રપણે લીધું**

**અને સંસારકારણપણું પણ સ્વતંત્રપણે લીધું**, અને તેવી રીતે કોઈ પણ શાસ્ત્રકારે કોઈ પણ સ્થાને **એકલા મિથ્યાત્વનું કે એકલા અજ્ઞાનનું પ્રતિક્રમણીયપણું કે સંસારકારણપણું સ્વતંત્રપણે લીધું નથી.**

એટલે સ્પષ્ટ થઈ ગયું કે **મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ એ ત્રણેનું સ્વતંત્રપણે બંધકારણપણું** કે **સંસાર-**

ના કારણપણું કહેવાય છે. અને તે યોગ્ય છે, પણ તે ત્રણે કારણોમાં જ્યારે સંકોચ કરાય કે કરવાની જરૂર હોય અને એક જ પ્રકાર લેવો હોય તો અવિરતિને એકલીને પ્રતિક્રમણીય તરીકે અને સંસારના કારણ તરીકે ગણી શકીએ અને શાસ્ત્રકારોએ ગણી પણ છે, પણ એકલા મિથ્યાત્વને કે એકલા અજ્ઞાનને સંસારના કારણ તરીકે કે બંધના કારણ તરીકે ગણી પ્રતિક્રમણીય તરીકે ગણી શકાયે જ નહિ.

અર્થાત્ બંધના કારણોમાં મિથ્યાત્વ અજ્ઞાનની ગૌણતા કરી શકાય, પણ અવિરતિની ગૌણતા કરી શકાતી નથી અને શાસ્ત્રકારોએ ગૌણતા કરી પણ નથી.

આ ત્રણે બંધના કારણોમાં મિથ્યાત્વ અને અજ્ઞાનની જ ગૌણતા કરાય, પણ અસયંમની ગૌણતા કેમ નથી કરાતી ? તેનું કારણ પણ તપાસવું જરૂરી છે.

## અવિરતિથી મિથ્યાત્વ અને અજ્ઞાન કેમ લેવાય ?

ધ્યાનમાં રાખવાની જરૂર એ છે કે સામાન્યરીતે સુગુરૂ સુધર્મ અને સુદેવને સુગુરૂ આદિપણે ન માનવા એ મિથ્યાત્વ છે, પણ બારીકદષ્ટિએ જોઇએ તો આશ્રવાદિ તત્ત્વોની અશ્રદ્ધા થાય તે જ મિથ્યાત્વ છે.

અર્થાત્ આશ્રવાદિના સ્વરૂપને પ્રકાશનાર તથા તેમાં હેયને છોડી દઈ ઉપાદેયને સર્વથા આદરનાર જે વ્યક્તિ તે દેવ અને સર્વથા હેયને છોડવા અને ઉપાદેયને સર્વથા આદરવાની દષ્ટિએ હિંસાદિ અવ્રતોને છોડનારા તે સુગુરૂ અને આશ્રવાદિનું છોડવું અને સંવરાદિનું આદરવું તે સુધર્મરૂપ છે, અન તે ત્રણે તત્ત્વોની તે ત્રણેના સ્વરૂપે શ્રદ્ધા થાય નહિ તે મિથ્યાત્વ.

એટલે સ્પષ્ટ થયું કે અવિરતિની અવિરતિપણે શ્રદ્ધા થાય નહિં તેજ મિથ્યાત્વ ગણાય. એટલે મિથ્યાત્વ જે તત્ત્વોની અશ્રદ્ધારૂપ છે તેની જડ અવિરતિની અશ્રદ્ધામાં જાય છે, વળી જે અજ્ઞાનનામનું બંધ કારણ ગણાય છે તે પણ મિથ્યાત્વને લીધે જ છે, અને મિથ્યાત્વ ઉપર પ્રમાણે અવિરતિને પ્રતાપે છે એટલે સ્પષ્ટ થયું કે **મિથ્યાત્વ અને અજ્ઞાન બન્ને અવિરતિને અંગે છે.**

**અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ કે ખરાબ જ્ઞાન?**

લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે **મિથ્યાત્વ એ આશ્રવાદિ-તત્ત્વોની હેયોપાદેયાદિપણે શ્રદ્ધા થાય નહિ તે રૂપ છે, અને અવિરતિ એ હિંસાદિઆશ્રવદ્વારોથી નહિ વિરમવા રૂપ છે.**

**એટલે મિથ્યાત્વ અને અવિરતિ એટલે અસંયમ તત્ત્વની અશ્રદ્ધા અને વિરમણના અભાવરૂપ છે,** પણ તે મિથ્યાત્વ અને અવિરતિની સાથે ત્રીજા બંધના કારણ તરીકે મનાયેલું જે **અજ્ઞાન** તે **મિથ્યાત્વ અને અવિરતિની માફક અભાવરૂપ નથી.**

**અર્થાત્ આ બંધના કારણોમાં જણાવેલ અજ્ઞાન તે જ્ઞાનાભાવરૂપ નથી, પણ વિપરીત જ્ઞાનરૂપ છે. આ અજ્ઞાન તે વિપરીત જ્ઞાનરૂપ હોવાને લીધે જ મિથ્યાત્વને આભારી છે.** જ્ઞાનનો અભાવ તો બારમા ગુણસ્થાનક સુધી હોય છે, પણ ત્યાં પ્રતિક્રમણીય કે સંસારના કારણ તરીકેનું અજ્ઞાન કહેવાતું નથી, કારણ કે ત્યાં બારમે ગુણઠાણે મિથ્યાત્વનો સત્તાએ પણ અંશ હોતો નથી.

આ બધી હકીકત ધ્યાનમાં લેવાથી ટીકાકાર મહારાજ જે એક અસંયમજ સંસારનું કારણ છે એમ જણાવે છે તે સમજાશે, એ વાકયની વ્યાખ્યા કરતાં જણાવે છે કે :

**असंयम एक एवाऽस्य संसारस्य कारणं,**
**अज्ञानादेरुपष्टंभकत्वात् तदुपसर्जनीभूतत्वात्,**

અર્થાત્ એક **અસંયમ એટલે અવિરતિ એજ આ સંસારનું કારણ છે.**

અજ્ઞાન અને મિથ્યાત્વ એ બે પણ સંસારનાં કારણો છે તો એને માટે કહે છે કે **અજ્ઞાન** અને આદિશબ્દથી જણાવવામાં આવેલું **મિથ્યાત્વ એ બંનેનું ઉપષ્ટંભક એટલે એ બેને** ખડાં રાખનાર **જો કોઈ સંસારમાં હોય તો આ અસંયમજ છે.**

તેથી સ્પષ્ટ શબ્દોમાં ભગવાન્ ટીકાકાર જણાવે છે કે આ અસંયમની આગલ તે મિથ્યાત્વ અને અજ્ઞાન એ બન્ને ગૌણરૂપ થઇ ગયેલાં છે. જેવી રીતે આ ટીકાકારમહારાજે સ્પષ્ટ શબ્દોમાં અને નિર્યુક્તિકાર તથા સૂત્રકારમહારાજે ધ્વનિતપણે અજ્ઞાન અને મિથ્યાત્વને અસંયમને ટેકે રહેવાવાળા અને અસંયમની આગળ ગૌણ થયેલાં જાહેર કર્યા છે, તેવી રીતે કોઇ પણ અન્યટીકાકારે અન્યસ્થાને પણ મિથ્યાત્વ અને અજ્ઞાનને ઉપંષ્ટભક ગણી ગૌણરૂપપણે જણાવ્યા નથી.

**સંયમનો મહિમા** આ ઉપર જણાવેલી બધી હકીકત વિચારનારો મનુષ્ય શ્રીજિનશાસનમાં અને મોક્ષમાર્ગમાં અસંયમથી દૂર રહેવારૂપ જે સંયમ છે, તેની કેટલી બધી ઉચ્ચસ્થિતિ છે? તે સમજી શકશે. અને સંયમની શુદ્ધિ અને શ્રેયસ્કરતા માનવા ઉપરજ રત્નત્રયીની જડ છે, એમ ચોક્કસપણે માનવાની ફરજ સમજશે.

આ કારણને બારીક દૃષ્ટિએ વિચારવાથીજ શ્રી સ્થાનાંગસૂત્રના બીજા સ્થાનમાં મહાત્મા ભગવાન્ ગણધરમહારાજા આરંભ અને પરિગ્રહના પ્રત્યાખ્યાનથી જ્ઞાન, દર્શન, ચારિત્ર યાવત્ કેવલજ્ઞાન સુધીના બધા પદાર્થો ઉત્પન્ન થવાનું જે જણાવે છે, તે પણ ઘણુંજ સહેતુક અને મનનીય છે એમ બરોબર સમજાશે.

## શાસ્ત્રોમાં સંયમની મહત્તા કેમ?

નિશ્ચયનયની અપેક્ષાએ મોક્ષને સાધનાર સંયમ જ છે, સંયમને લેવા માટે તૈયાર થયેલો જ બુઝાયો કે પ્રતિબોધ પામ્યો એમ ગણાય છે. ભગવાન્ જિનેશ્વર મહારાજને અંગે જે **सयं संबुद्धाणं** કહેવાયું છે, તે સ્વયંસંબુદ્ધપણું પણ શ્રમણધર્મ કે જે સંયમરૂપ છે, તેની અપેક્ષાએ જ છે પરમ તીર્થંકર ભગવાન્ **મહાવીર મહારાજાની** આદ્ય દેશનાને જે નિષ્ફળ ગણી તે પણ **સંયમનો આદર એજ દેશનાનું ફળ છે.** અને બધી પર્ષદામાંથી કોઈએ પણ શ્રમણ ધર્મ જે સંયમધર્મ તે આદર્યો નહિ તેથી તે દેશના નિષ્ફળ ગઈ એમ ગણાયું.

વળી સંયમની અસાધારણતા જણાવવામાં આવી છે તેનો પણ આ અસંયમની સંસાર કે કર્મ બંધનના કારણમાં મહત્તા એ મ્હોટું સ્થાન છે. એ સમજવાથી ખુલાસો થઈ જશે.

## સંયમની શ્રદ્ધેયતા જ્ઞેયતા આદરણીયતા

વળી શ્રોતા વર્ગમાંથી જે વર્ગ શ્રમણધર્મ અંગીકાર ન્હોતો કરી શકતો અને શ્રાવકધર્મ અંગીકાર કરતો હતો તે માત્ર સંયમમાંજ શ્રદ્ધા પ્રતીત અને રૂચિની હયાતી જણાવતો થકો સંયમ ધર્મને જ નિર્ગ્રંથ પ્રવચન તરીકે ગણવાનું કબુલ કરી સભા સમક્ષ કે ઉપદેશક સમક્ષ એવો એકરાર કરતો હતો કે

**सद्दहामि णं भंते! णिग्गंथं पावयणं,**
**पत्तियामि णं भंते जिग्गथं पावणं**
**रोएमि णं भंते! णिग्गंथं पावयणं**

અર્થાત્ સંયમરૂપ નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિને જણાવતા હતા અને જેઓએ તે શ્રમણધર્મનો અંગીકાર કર્યો તેઓને **घण्णा णं ईसर०** વગેરે વાકય કહી ધન્યવાદ આપી **अहं णं** વગેરે

વાક્યથી પોતાની સંયમરૂપ નિર્ગ્રંથ પ્રવચનને આદરવાની અશક્તિનો એકરાર જાહેર રીતે કરતા હતા અને પછી તે ગૃહી ધર્મ જે દ્વાદશ વ્રત રૂપ છે તે અંગીકાર કરતા હતા. આ બધા બનાવની ઉપર નજર નાંખનારો મનુષ્ય સ્હેલાઈથી સમજી શકશે કે

**"શાસ્ત્રોમાં શ્રધ્ધેય જ્ઞેય અને આચરણીય ત્રણે પ્રકારે સંયમને જ અગ્રપદ અપાયું છે, અને ભગવાનની દેશનામાં પણ जह जीवा बुज्झंति વગેરેથી સંયમને જ બોધ તરીકે ગણી તેને જ મુખ્ય ધ્યેય તરીકે જણાવેલ છે."**

આ બધાનો સરવાળો કરતાં અસંયમને મુખ્ય રાખવો જરૂરી ગણાય.

**મ....ન....ની....ય....સુ....વા....ક્યો........**

☆ જન્મનો ભય હોય તે સાચો જ્ઞાની.
☆ પોતાની અપૂર્ણતા સમજે તે સાચો જ્ઞાની.
☆ સંસ્કારોની ગુલામીમાંથી છૂટવા મથે તે જ્ઞાની.
☆ વીતરાગ અવસ્થાનો વિકાસ તે જ્ઞાનનો પરિપાક.
☆ જ્ઞાની નિર્દિષ્ટ ક્રિયાઓમાં તીવ્રરૂચિપણું તે જ્ઞાનનું ફળ.

# પૂ. આગમોદ્ધારકશ્રી વ્યાખ્યાનસંગ્રહ

[ આગમ જ્યોતના દ્વિતીય અંકમાં શરૂઆતના ત્રણ વર્ષ **શ્રી સુયગડાંગસૂત્રના** વ્યાખ્યાનો સળંગ આવેલા, પણ કાળબળે શ્રદ્ધા-મેધા આદિના વિષમ પરિવર્તનથી એકધારું લખાણ રૂચિકર ન થતું હોવાની વાત ધ્યાન પર આવવાથી ગતવર્ષે આ વિભાગમાં જરા નવીનતા આણેલ અને **'आगमं आयरंतेणं'** શ્લોક ઉપરના વ્યાખ્યાનો આપેલા તેમાંના વ્યાખ્યાનો હજી ઘણા છે, પણ તે આગળ ઉપર રાખી આ વર્ષે **वचनाराधनया खलु धर्मः** ષોડશકના શ્લોક ઉપરના ૨૮ વ્યાખ્યાનોનો સંગ્રહ પૂ. આ. શાસનપ્રભાવક શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ. પાસેથી મળ્યો છે, તેમાંથી થોડાક વ્યાખ્યાનો અહીં વ્યવસ્થિત કરી આપ્યાં છે. **સં.** ]

## વ્યાખ્યાન ૧

**वचनाराधनया खलु धर्म-स्तद्बाधया त्वधर्म इति ।**
**इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवाऽस्य ॥**

૨૦૦૨ના ભા. શુ. ૧૧ વાર શનિ તા.-૭-૯-૪૬

### સાંસારિક શક્તિઓમાં પ્રયત્નની જરૂર

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ **શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—

આ સંસારમાં જે શક્તિઓ છે, તે શક્તિઓ જેમ પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. તેમ પ્રાપ્ત થયેલી શક્તિઓનું પાલન અને વધવું પણ પ્રયત્નથી થાય છે. પ્રયત્ન વગર પ્રાપ્તિ, રક્ષણ, ટકવું, વૃદ્ધિ

થતું નથી. જેમ સામાન્ય દૃષ્ટાંત તરીકે–તરતના જન્મેલા બાળકને જો ગુફામાં, અંધારામાં રાખવામાં આવે, ખોરાક વિગેરે આપે પણ વાત કરવાનું ન મળે તો ? તેને અમુક વર્ષે બહાર કાઢો તો બહેરો મુંગો લાગશે.

શક્તિની પ્રાપ્તિ જેમ પ્રયત્નથી તેમ ટકાવ તે પણ પ્રયત્નને આધીન. શક્તિની પ્રાપ્તિ થયાં છતાં પ્રયત્ન કરવામાં ન આવે તો મળેલી શક્તિ ન ટકે. તમે કોઈ ગ્રંથનો અભ્યાસ સારો કર્યો પણ પછી સંભારે નહીં તો શું થાય ? ક્ષયોપશમ થતાં આવડયું, હવે ગયું કેમ ? મહેનતથી થાય અને ટકે,

## ક્ષાયો૦ અને ક્ષાયિક ભાવનું અંતર

એટલે કે મહેનતથી ક્ષયોપશમભાવ ટકે, વગર મહેનતે ટકવાવાળો ભાવ હોય તો ક્ષાયિક ભાવ.

ક્ષાયિક ભાવ મળે મહેનતથી, પણ મલ્યા પછી મહેનત નહિ. ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર, સિદ્ધપણું મેળવતાં મહેનત, પણ ટકાવવામાં મહેનત નહિ, માટે ક્ષાયિક ભાવો પ્રથમ મહેનતના દરકારવાળા પછી મહેનતની દરકાર નહિ. ક્ષાયોપશમિક ભાવો મેળવતાં, ટકાવતાં વધારતાં મહેનત. ક્ષાયિકમાં વધારવાની કેમ મહેનત નથી ? જે થવાનું હોય તે સંપૂર્ણ હોય તો તે ક્ષાયિક કહેવાય ચારે દર્શન જ્ઞાન, ચારિત્ર હોય. ઉંચામાં ઉંચી કોટિ કોને ગણાવી ?

## માધ્યમિક અવસ્થામાં ફેરફાર

જગતમાં બે વસ્તુ જાણુનીક, (!) કાંતો રાજગાદી, કાંતો ગરીબ. વચલી સ્થિતિ જાણુનીક (!) ન હોય. મધ્યમવર્ગ ઉંચો નીચો થયા કરે તેમ આત્માને અંગે વિચારજો !

આત્માને અંગે જે નીચી કોટી તે અનાદિની ને ઉંચી કોટી અનંતની. અક્ષરનો અનંતમો ભાગ જેમાં ઉઘાડો એવી જે નિગોદની

અવસ્થા તે અનાદિની જઘન્યમાં જઘન્ય, જેનાથી કોઈ નીચી નહિ, એકડાથી નીચે ઉતરો તો શૂન્યમાં. સંખ્યામાં ઓછામાં ઓછો એકડો. તેમ નિગોદમાં જે જ્ઞાન તેમાં ઓછાશ થાય તો જીવમાં અજીવપણું આવી જાય. પણ તે કોઈ દહાડો ખસે નહિ. ચાહે જેટલા વાદળાં ચડે પણ દિવસ-રાતનો ભેદ તો રહેવાનો જ! દિવસના પ્રભાવ પુરતો પ્રકાશ તે કોઈ દહાડો બંધ થાય નહિ. રાત્રિ અને દિવસનો ફરક તો રહેવાનો રહેવાનો. ચાહે જેવા વાદળાંથી દિવસના મૂળરૂપ પ્રકાશને આવરણ થતું નથી.

તેમ એક જીવના એક પ્રદેશને ચૌદ રાજલોકની કર્મવર્ગણા લાગી જાય, તો પણ તે જે અક્ષરનો અનંતમો ભાગ છે તે અવરાય નહિ. તેમ અહિં આગળ જીવનું જે અક્ષરના અનંતમા ભાગનું તે જ્ઞાન અવરાય નહિ. ત્યારે તે જઘન્ય, તેને નાશનો ડર નહિ. તેને પાલન માટે પ્રયત્નની જરૂર નહિ. કોને? જઘન્ય અવસ્થાવાળાને, તેમ ઉંચામાં ઉચો ભાગ સિદ્ધપણાનો, જેની આગળ દુનિયામાં પદાર્થ નહિ. શાસ્ત્રને હિસાબે અનંતની આગળ કોઈ નહિ. ક્ષાયિકભાવ જે ઉંચી દશા તેના જેવી બીજી દશા કોઈ નહિ. માટે ક્ષાયિક-ભાવવાળાને નવું પામવાનું રહેતું નથી.

ક્ષાયિક દર્શન જ્ઞાન ચારિત્ર હોય તો તેમાં તેને વધવાનું કંઈ રહેતું નથી. માટે તેને વધવાનું નથી. ક્ષાયિક સંપૂર્ણ છે માટે તે ક્ષાયિકભાવ હંમેશનો, જઘન્ય અક્ષરનો અનંતમો ભાગ તે નિત્યનો, તે પણ પેલા અનંતની અપેક્ષાએ. વચલા જે ક્ષાયોપશમિક ભાવો તે શક્તિથી મેળવ્યા તેમ શક્તિથી પાલન કરાય ને વધારાય.

## ક્ષાયો૦ ભાવ ઉપર કાચબાનું દૃષ્ટાંત

શાસ્ત્રકારે ક્ષાયોપશમિક ઉપર કાચબાનું દૃષ્ટાંત આપ્યું છે, કાચબો મોટા સરોવરમાં રહે છે. તેના પાણી ઉપર લીલનો થર જામેલો

છે. તેમાંથી સૂર્યનું કિરણ અંદર જતું નથી. કોઈ દિવસ કાચબો પાણીમાં ફરે છે. બરોબર પુનમની રાત્રિનો વખત છે. પવન સજ્જડ આવ્યો તેથી લીલમાં ફાટ પડી. તેથી તેને જોવા જેવું લાગ્યું, ડોકીયું કાઢયું તે વખતે ચંદ્ર જોવામાં આવ્યો, "ખાનેકા સ્વાદ કબ તો દુસરે કો ખીલાવે તબ," પોતે જમતો હોય છે, હાહા કરે તો લબાડ કહેવાય. અને મહેમાન કરે તો સ્વાદ, તેમ કાચબાને વિચાર આવ્યો કે ખરો આનંદ કયારે? તો મારા કુટુંબને લાવી દેખાડું ત્યારે, તેવો આનંદ દેખાડવા માટે મારી ડુબકી! કુટુંબને ભેગું કરીને આવવા જાય ત્યાં લીલ જામી ગઈ, હવે કુટુંબ અને તે બંને અથડાયા કરે.

તેમ આ જીવને કોઈક જ વખત જેમ પૂનમની મધ્ય રાત્રિનો ચંદ્ર, પવન, બહાર નીકળવું તે કેટલું જોખમ? તમે કયું ડહાપણ વાપરીને નિગોદમાંથી અહિં આવ્યા! તે કહોને? ભવિતવ્યતાથી ને? ભવિતવ્યતાએ તમને અહિં લાવી મુકયા. તથાભવ્યત્વની કેટલી મુશ્કેલી? તે અહિં વિચારી લો!

## કાચબાના દૃષ્ટાંતનો ઉપસંહાર

તેમ આ જીવને મનુષ્યપણું પામવું મુશ્કેલ, તે પામ્યા છતાં ખાવા–પીવા–પહેરવાની જે અનાદિકાલની વાસના! તેથી પ્રવૃત્તિ ચાલ્યા કરે તેમાં ધર્મ સૂઝે શાનો? હવે ધર્મ સૂઝે કોને? તો જેને આવતો ભવ સૂઝે તેને ધર્મ સૂઝે. આવતો ભવ મારો છે તેમાં મારૂં શું થશે? મારૂં સારૂં થવું તે જેને સૂઝે તેને ધર્મ સૂઝે. કાચબો ફરે, વચમાં તડ પડે, રાત્રિ તે જેને પુનમની મધ્યરાત્રિ તે જગો પર ફાટ પડવી અને ડોકિયું નિકળવું, તે કેટલું અસંભવિત?

તેમ શાસ્ત્રકાર કહે છે કે તારી ડોક જે અત્યારે બહાર નિકળી તે બધું અસંભવિત માનજે. નથી તેં નિગોદ, એકેન્દ્રિયાદિકમાંથી નિકળવાનો પ્રયત્ન કર્યો, છતાં આપણને પણ આ જોગ મલ્યો. જેમ કાચબાની ચંદ્ર તરફ દષ્ટિ ગઈ ને તે ત્યાં સ્થિર

રહ્યો હોત તો. તેમ આ જીવ પણ સમકિત શક્તિ મેળવ્યા છતાં મહાદુર્લભ વિશિષ્ટ શક્તિના સાધનો મેળવ્યા છતાં મોહમાં મુંઝાઈ ગયો.

**આત્માને થયેલો જ્ઞાન દર્શન ચારિત્ર દેશવિરતિ આદિક્ષાયોપશમિક ભાવ તે જો લગીર દૃષ્ટિ ખસેડી તો ગયો. સ્થિર દૃષ્ટિ રાખો તો રહેવાનો?!!**

શક્તિ મલી તેનો ઉદ્યમ કરે તો ટકાવી શકે. તે વિના ટકાવી શકે નહિ. અહીં ઉદ્યમને વાયરો ગણ્યો. લીલફુલમાં પડેલી ફાટ વાયરો રહે ત્યાં સુધી, પછી બંધ. તેમ આપણો ક્ષાયોપશમિક ભાવ ટકાવવા મહેનતરૂપી વાયરો જોડે ચાલુ જોઇએ. મહેનતરૂપી વાયરો ચાલુ ન હોય તો કર્મરૂપી લીલમાં ફાટ પડી તે ટકે નહિ. માટે ક્ષાયોપશમિક ભાવ માટે કાચબાનું દૃષ્ટાંત જોડ્યું.

**ક્ષાયો૦ ક્ષાયિક ભાવની ભેદરેખા**

મળેલી શક્તિ મહેનતથી ટકશે, પણ મહેનત વગર નહિ ટકે. તે જ રીતે અભ્યાસમાં પણ જોઈ શકો છો. એક વખત ગાથાનો પાઠ કર્યો હોય તો પણ બે ત્રણ કલાક ન સંભારે તો શું થાય છે? ક્ષાયિક ભાવવાળાને મહેનત કરવાની જરૂર નહિ. ક્ષાયોપશમિકમાં મહેનત ચાલુ રહે તો ટકે. આંખમાં જોવાની શક્તિ છે. ભીંતની સામે ચોવીશ કલાક દેખવું, આડી નજર ન કરવી, તેની અમુક મુદ્દત પછી આંખ તપાસો તો ટૂંકી થઈ જાય, આગળ દેખાય નહિ. માટે ક્ષાયોપશમિક ભાવ તે અભ્યાસથી મળે છે, ટકે છે અને વધે છે, એટલે મળેલી શક્તિ ક્ષાયોપશમિક ભાવની મહેનત કર્યા વગર નથી ટકતી. ક્ષાયિકભાવમાં મેળવવા મહેનત સજ્જડ પણ મેળવ્યા પછી મહેનન નહિ. પછી વધારવામાં મહેનત ન હોય.

**ક્ષાયો-ભાવની ત્રણ વિશેષતા! ક્ષાયોપશમિક પાછળ ત્રણ વસ્તુ વળગેલી છે. પહેલાં મહેનત કરો! મહેનત ચાલુ રાખો!! વધારવાની મહેનત કરો!!! ત્યારે ક્ષાયિકમાં**

માત્ર મહેનત મેળવવાની જ, ટકાવવાની કે વધારવાની મહેનત નહિ. કર્મનો ડર તેમાં નહિ. રાખોડો બધે પાથર્યો હોય તેના ઉપર સૂતેલો હોય, તેને આગનો ડર શો? સંભવ જ નહિ, ચાહે જેટલી જંગલમાં આગ લાગે, ચારે બાજુ બળે, છતાં તેને ડર નહિ. જોડે બળે છતાં તેને ડર નહિ. જેમ રાખોડો તદ્દન દાહના સ્વભાવથી હીણુ થઈ ગયો તેમ ક્ષાયિક ભાવ પામેલો જીવ તદ્દન કર્મરહિત થયો તેથી તેને કર્મ બંધાવવાનો ભય નહિ.

## ક્ષાયો૦માં અનંત જાગૃતિની જરૂર

ઊંચામાં ઊંચો ગુણુ તે કહેવાય કે જે ક્ષાયિક હોય. પણ ક્ષાયોપશમિકમાં ત્રણે વસ્તુ જોઈશે. મેળવવામાં, ટકાવવામાં, વધારવામાં મહેનત જોઈશે. પણુ જો એક પણુ મહેનતમાં ખામી રહી તો એકે રહે નહિ, વધે નહિ. તેથી ગૃહસ્થના ઘેર એક લાખ સોનૈયાનું ઘરેણું કરાવે અને તે વર્ષોવર્ષ વધારો કરે તો કામ પડે ત્યારે લાખનું નીકળે. તેમ અહિં ક્ષાયોપશમિક ભાવવાળો કાલે ઘસાતો જાય, પણુ તેમાં મહેનત થાય તો ટકે ને તેથી વધે અને તેથી પહેલાંનું રહે પણુ મહેનત ન હોય તો ચાલ્યું જાય.

## ક્ષાયો૦ ભાવ ટકાવવા જિનેશ્વરોના ઉપદેશની જરૂર

આ વિચાર જ્યારે કરીએ તો નિગોદ અને સિદ્ધભગવાન સિવાયના જીવો બધા ક્ષાયોપશમિક ભાવમાં તેથી મેળવવાની, ટકાવવાની, વધારવાની મહેનત કરવાની છે, પણુ તે સમજે કોણુ? બહેરા આગળ દેવતાઈ રંભા ગાયન કરે તો તેને તેમાં શું રસ પડે? જિનેશ્વરનો ઉપદેશ અસંજ્ઞી પંચેન્દ્રિયવાળાને કામ ન લાગે, કારણુ કે તે જીવો આગળ જિનેશ્વરનો ઉપદેશ કામ ન કરે, જેમ પથરા આગળ રંભાનું ગાયન કામ ન કરે, તો પછી કાર્ય ક્યાં થાય? કેવળ મનુષ્ય આગળ—જાનવરને પણુ થાય. તે કોના પ્રભાવે? તો તીર્થંકરના પ્રભાવે. પહેલાં મનુષ્યભવ પામેલું જાનવર પણુ અનાદિથી

નિગોદમાંથી આવેલું નહિ પામે, કારણ તેને જાતિસ્મરણનો સંભવ નથી.

કહેવાનું તત્ત્વ એ કે-જેઓને વચન સાંભળવાની, સમજવાની, વિચારવાની તાકાત છે તેઓને ધર્મની પ્રાપ્તિનો સંભવ છે. અત્યારસુધી તો તથાભવ્યતાએ કે ભવિતવ્યતાએ કહો કે તમને આ શક્તિ મેળવા દીધી. તમે શ્રાવક કુલમાં ઉપજ્યા. પહેલા ભવમાં કર્મરાજા પાસે કયા દસ્તાવેજ કરાવ્યા હતા? ભવિતવ્યતાના યોગે પાપ બાંધવાથી પાછા હઠવાનું ને પુણ્ય બાંધવાનું થયું, તેથી તમને કર્મરાજાએ સર્ટીફીકેટ આપ્યું. મનુષ્યપણું, સંપૂર્ણ પંચેન્દ્રિયપણું આર્યક્ષેત્ર ઉત્તમકુલ, જાતિ, તેમાં તમારી સમજણ કઈ! મેળવ્યા પછી મોજમાં મહાલવાનું બધાને આવડે. પણ આ બધું કેમ? તો તે વિચાર કરવો તે ડાહ્યાનું કામ!

## ઉત્તમ સામગ્રી મળી શી રીતે?

મનુષ્યપણું, પંચેન્દ્રિયપણું, આર્યક્ષેત્ર, લાંબું જીવન મલી ગયું તેમાં મહાલીએ છીએ. પણ મહેનતનો વિચાર કર્યો? મેળવ્યું કેમ? તેનો વિચાર કર્યો! મળ્યામાં મહાલનાર કોણ? કાં તો બાયડી ને કાં તો બચ્ચા! ત્યારે મરદ પરભારૂં મેળવીને ન મહાલે. મેં જે આ મેળવ્યું તો ખરું! પણ જો નવું મેળવવા ઉદ્યમ ન કરૂં તો ખરેખર તે એની જોડમાં ગણાઉં! મરદ બાપ પાસેથી ગમે તેટલી મેળવે, તો પણ ઘરની ઋદ્ધિ તે મારી મેળવેલી નથી તો પાણી મૂકીને પરદેશમાં કમાવવા જાય.

## આપકમાઉ શ્રેષ્ઠ પુત્રો

પ્રાચીન કાલના શેઠીઆઓના છોકરાઓ પરદેશ કમાવવાના વિચારવાળા થાય ત્યારે મા-બાપ આડે આવવા લાગ્યા. મા-બાપ કહે કે પરદેશ નથી જવું. આપણે ત્યાં ઋદ્ધિ વિગેરે છે. છોકરો કરે કે ઋદ્ધિ બહુ! પણ ઘરમાં રૂપાળી બહેન દેખીને બહારથી

લાવવાનો વિચાર કોઈ દહાડો માંડી વળાતો નથી. આ બાપની લક્ષ્મી મોટી, સારી ને રૂપાળી હોય પણ મારે તો બહારની સારી.

મળેલી મિલ્કત ઉપર મહાલવું તે બાયડી-બચ્ચાનું કામ બહારથી ન મળી તો બ્હેન સાથે ઘરઘરણું કર્યું, તદ્દન મહેનત ન કરી શકયો. પહેલાંની મહેનતના ફળમાં રાચવું તે ખરેખર નિરુદ્યમીને લાયક છે. બાઈઓ ને છોકરાને લાયક. માટે તેને વધારવાને અંગે વિચાર ન હોય.

## સંજ્ઞી-અસંજ્ઞીની વ્યાખ્યા

તે વિચાર કરે કોણ? તો જે સંજ્ઞી હોય તે! મન જેને મલી જાય. તે પણ આ તો દુનિયામાં કહેવાય કે મન મલ્યું તે સંજ્ઞી પંચેન્દ્રિય થયો. પણ **શાસ્ત્રકાર તેને સંજ્ઞી નથી ગણતા. કેમ? તો મળેલમાં મહાલનારો છે. માટે મેળવવા મથનારો સંજ્ઞી તે દૃષ્ટિવાદોપદેશિકી.**

## સાચો સંજ્ઞી કોણ?

દૃષ્ટિવાદનું તત્ત્વ **જેણે મેળવ્યું** તે સંજ્ઞી? તત્ત્વ કયું? તો જ્યાં **સુધી જીવ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં ગ્રંથી ભેદવાની નજીકમાં ન આવે ત્યાં સુધી જીવ કર્મપ્રધાન હોય, પણ ઉદ્યમપ્રધાન ન હોય; પણ ગ્રંથિ ભેદ કરે ચરમ પુદ્ગલ પરાવર્તમાં હોય ત્યારે તે ઉદ્યમપ્રધાન.** તે વખતે વિચાર આવે કે કર્મનો નાશ કરૂં! આ પુરુષકારના પ્રાબલ્યવાળો થાય કયારે? જ્યારે કે છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં આવે ત્યારે.

## દૃષ્ટિવાદનું તત્ત્વ

આખા દૃષ્ટિવાદનું તત્ત્વ એ, તેનો જે ઉપદેશ તેની તેને સંજ્ઞા હોય. એટલે—**મહેનત કરો અને મેળવો ને તેમાં મોજ માણો. મેળવ્યું છે વગર મહેનતે તેમાં નહિ** અત્યાર સુધી જે મલ્યું તે ભવિતવ્યતાના જોરે મનુષ્યપણું, સંજ્ઞીપણું, આર્યક્ષેત્ર, ઉત્તમકુલ,

જાતિ વિગેરે મલ્યું તે બધું ભવિતવ્યતાએ મેળવી આપ્યું. તમારી તાકાતે કે વિચારે નહિ. તમે સમજતા ન્હોતા. તમે જ્યારે એકેન્દ્રિયાદિકમાં હતા તે વખતે મનુષ્યપણાની ઝાંખી હતી? તો ના! પછી ઈચ્છા કે મેળવવાનો પ્રયત્ન કયાંથી હોય.?

## ભવિતવ્યતાનો ખોટો ભરોંસો

વસ્તુની તમને ઝાંખી નહોતી તે ભવિતવ્યતાએ મેળવી દીધી. તે મેલવી દીધા છતાં તમે મહાલો તે કઈ દશાના? તો બાયડી કે બચ્ચા જેવા. મેળવ્યામાં મોજ માટે તે માટે બાયડી-બચ્ચાના કામ. આપણને જેની ઝાંખી નથી તેને માટે સ્વપ્ને પણ કયાં વિચાર કર્યો હતો કે લાવ ત્યાં જઉં! આમાંથી તમે શું કર્યું હતું? બાયડી છોકરો ઘેર રહે! બાપ કમાવવા જાય તે ઘેર લાવીને આપે, તેમ અહીં બધું ભવિતવ્યતાએ મેળવી આપ્યું. તેથી મોજ કયાં સુધી શોભે તો બચપણ સુધી. બાપની મેળવેલામાં મજા બચપણ સુધી પછી ઉંમર લાયક થયા પછી મજા નથી. બાહ્યથી અસંજ્ઞી પંચેન્દ્રિયમાં શોભે જેઓ શાસન ન પામ્યા હોય.

## શાસન-પ્રાપ્તિનો પરમાર્થ

શાસન પામવું એટલે શું? તેમના વચનો પામવા તે. જે વખતે જિનેશ્વર વિદ્યમાન હતા, તે વખતે કેવલજ્ઞાન, સમ્યકત્વ, ચારિત્રની આપ લે થતી હતી? તો ના, આપણને ઉપકાર શાનો હતો તો દેશનાનો. જિનેશ્વરની હાજરીમાં દેશના ઉપકાર કરનારી હતી. જેને જિનેશ્વરોના વચનની કિંમત હતી, તેને જિનેશ્વરોની કિંમત હતી.

બીજું જિનેશ્વર તરફ અભવ્ય ધ્યાન રાખે, તેમનો આદર સત્કાર પૂજા દેખે તેથી અહોહો ભાગ્યશાળી. તીર્થંકરને ભાગ્યશાળી અભવ્ય ગણે, પણ વચનને ભાગ્યશાળી ગણે તે ભવ્ય! તેમના વચનથી પોતાને ભાગ્યશાળી ગણે તે નિત્ય ભવ્ય.

તીર્થંકર હોય તે વખતે પણ જીવને ફાયદો-શ્રદ્ધા હોય તોપણ સમ્યક્ત્વમાં આવવાનું તેમના વચન દ્વારા બને. શાસન એવું નામ તે વચનનું નામ.

## તીર્થ એટલે શું ?

**ભગવતીસૂત્રમાં** કહ્યું કે-"**तित्थं भंते तित्थं ? तित्थं करे तित्थं** ? તારનાર કોણ? શાસન કે તીર્થંકર? કહેવું પડયું કે-તીર્થંકર તીર્થને કરનારા છે. પણ તીર્થ તો આ ચતુર્વિધ સંઘમાં બાર અંગનું જ્ઞાન છે તે. શાસન નામ કોનું ? તે વચનનું. તીર્થંકર તે તીર્થ નહિ પણ શાસન તે તીર્થ. તીર્થંકરો હયાત હોય તે વખતે પણ તીર્થંકરના કાકા-ભાણેજ હોય તેનું માન સન્માન કરે તો તરી જાયને? ત્રિશલમાતા વિગેરે મોક્ષે કેમ ન ગયા ?

## વચનની આરાધના એ ધર્મ કેમ ?

**સૂયગડાંગમાં લખ્યું છે કે-તીર્થંકરના સંબંધે, રાગના સંબંધે શ્રદ્ધાના સંબંધે આત્મા તરી શકતો નથી પણ તેમના વચનના બળે તરી શકે છે. ત્યારે તીર્થંકરના વચનનો પ્રકાશ કરોડો સાગરોપમ સુધી ચાલુ રહે છે. પચાશ લાખ ક્રોડ સાગરોપમ સુધી ભગવાન ઋષભદેવજીનો મોક્ષમાર્ગ ચાલુ રહ્યો** તેમના જીવતાં પણ લાખ પૂર્વ સુધી શાસન ચાલ્યું, તે પણ વચનના પ્રભાવે, ત્યારે વચનની આટલી બધી સ્થિતિ હોવાથી જિનેશ્વર ભગવાનના **વચનની આરાધના એ ધર્મ છે.**

## સાપેક્ષ રીતે તીર્થંકર કરતાં પણ વચનની મહત્તા વધુ

તીર્થંકરની મહત્તા નહિ, પણ વચનની મહત્તા. હું આ લોકોને ઉપદેશથી તારૂં. હીરામાં તેજની કિંમત પણ દડીયાની નહિ. કેમ તારૂં ? તે વિચારથી તીર્થંકર. તીર્થંકરને માનવા તૈયાર, પણ વચન દ્વારા તેનું આ મહત્ત્વ. તીર્થંકર થયા, કેવલજ્ઞાન થયું, પણ શાસનની પ્રવૃત્તિ ન દેખી તો દેશના બંધ કરી. પોતે વચનને દુનિયામાં

પ્રકાશમાં લાવવું તે ધારણાવાળા, દલાલને લાડવા ખવડાવીએ તો માલની મહત્તા. તેમજ તે વચનની મહત્તાથી તીર્થંકરની મહત્તા આપોઆપ. વચનને છોડીને તીર્થંકરની મહત્તા કરવા જાય. તે નહિ થાય. વચનની મહત્તા તીર્થંકરના પહેલા ભવમાં તીર્થંકરપણામાં અને નિર્વાણ પછી પણ મહત્તા છે. માટે **વચનની આરાધનામાં ધર્મ** છે. તેનું સ્વરૂપ, વિષયો આરાધના તથા વિરાધનાનું ફલ કયું? તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૨

(સં. ૨૦૦૨ના ભા.શુ. ૧૨ વાર રવિ. તા. ૮-૯-૪૬)

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ** ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે-

### શાસ્ત્રકારોનું ધ્યેય

આ સંસારમાં શાસ્ત્રકારોને એકજ વસ્તુ ધ્યેય તરીકે હોય, એકને જ પોષણ કરવાનું, ઉત્પન્ન કરવાનું કે પરાકષ્ટાએ પહોંચાડવાનું હોય. કોને? પોષણ સિદ્ધ વિગેરે કરવા માટે મહેનત શાસ્ત્રકારો કરે તો '**ધર્મ**' માટે. તે સિવાય શાસ્ત્રકારનું ધ્યેય હોય જ નહિ.

કારણ એકજ, દુનિયામાં સામાન્ય નિયમ જે સો સુધી જાણે તેને એક જણાવવાની જરૂર નહિ. સો સુધી ભણેલાને એકડો શીખવવાનો ન હોય કેમ તો અર્થ-કામને માટે દુનિયા સો સુધી શીખેલી છે. શાસ્ત્રકારો જે અર્થ-કામ માટે અનુભવવાળા નથી તેમ કહીએ તો ચાલે. જ્ઞાનવાળા ભલે હોય. તે અનુભવ દુનિયા તિર્યંચપણાથી કરતી આવી છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો કઈ ગતિમાં નથી? નરક, તિર્યંચ, મનુષ્ય, કે દેવગતિમાં નથી? વિષયો ઈન્દ્રિય-

જન્ય અને ઈન્દ્રિયો કર્મથી ઉત્પન્ન થવાવાળી છે, એટલે કે બધું પરાધીન છે, છતાં તેના વિષે એવી તન્મયતામાં આવી ગયા કે જેને લીધે બીજું બધું પર લાગે છે

## ધર્મ અઘરો કેમ ?

અર્થ–કામ સિવાયની વસ્તુ જગતના જીવોને પર લાગે છે. દાન, શીયલ, તપ, ભાવના તો આકરી, આકરા કેમ? મમત્વ ભાવ છોડવો મુશ્કેલ છે, તેથી જ દાન આકરૂં. મમતાભાવ છોડનારને દાન આકરૂં નથી. આખું જગત દેવામાં વાંધો નથી, પણ મમત્વભાવમાં ઓતપ્રોત થયો. તેને લઈને જ આપણી કહેવત પણ કથળી જાય છે 'સ્વપ્નના ભોજને ભૂખ ન ભાંખે.'

આજ દશ હજાર કમાયા. લાવીને તિજોરીમાં મુકયા હોય ત્યાં સૂતા હોય તે વખતે સ્વપ્નામાં ચોર આવ્યા તિજોરી તોડીને લાખ લઈ ગયા ને જાગી ગયા એટલા માત્રથી શંકા ટળે છે ખરી? તો દીવો સળગાવીને જુવો છો ને! સ્વપ્નાના ભોજને ભૂખ ન ભાંગે, તો પછી સ્વપ્નાના ચોરે ચમકારો કેમ આણ્યો?

## પાપનો ભય ઔપચારિક

દુનિયામાં પાપને ભયંકર ગણીએ તે બોલવામાં–ગળામાં. છે. ફોનોગ્રાફમાં જે દાખલ કરીએ ને જયારે કાઢીએ ત્યારે તે નિકળે, તેમ આ ગળું ફોનોગ્રાફ, તેમાં પાપનો ભય લાગ્યો છે. પણ આ ચૂડીને પેટ–નાભિ નથી તેથી નાભિનો અવાજ ન હોય. ત્યારે મનુષ્યને નાભિનો અવાજ હોઈ શકે. આપણે પણ પાપને ભયંકર ગણીએ તે અવાજ નાભિનો નથી, પણ ચૂડીનો છે.

## સાપના દૃષ્ટાંતે પાપની ભયંકરતા

સુતા છો કાચી ઉંઘ છે. સ્વપ્નું આવ્યું કે સાપ આવ્યો પગે વિંટાયો તમે તરછોડીને સાપથી પગ બચાવ્યો ને જાગી ગયા તેથી નક્કી થયું ને સાપ નથી તરછોડયો નથી, છતાં તમારા હૃદયમાં,

શબ્દમાં, સ્વરમાં જે અસર થઈ તે દશ મિનીટ સુધી ખસે છે? તેની તપાસ કરો! જાગૃત થયા છતાં સ્વપ્નનો નિશ્ચય છતાં કાયાની કઠિન મમતા જે હજી ભાગતી નથી. તેમ સ્વપ્નમાં પાપનું કામ થયું, જાગ્યા તો કાળજામાં, સ્વરમાં, શબ્દમાં સ્વાભાવિક ભેદ નથી. કૃત્રિમ કરો ને ઉદાસીનતા થાય, ભયંકરતા લાગે. મનની અસરથી કરો તો સ્વર અને શબ્દમાં ઘોઘરાપણું થશે.

## અર્થની મમતા

અર્થની મમતા એવી છે કે-જાગ્યા છતાં પણ સંતોષ નહિ. આટલી બધી અસર નાભિમાં થાય. તેવી અસરવાળાને દાન કેવી રીતે સૂઝવાનું? સુપનામાં લાખેલાખ દીધા, પૂજા-સેવા કરી, તે દેખો પણ આવ્યા તે નથી દેખ્યું. તે તમારા હાથની વાત છે, છતાં કેમ ન દેખ્યા? દાન કર્યું, તે કેવું? તો ગઠડીની ચોરી ને સોયનું દાન, તે હજારો કમાઈએ તો સેંકડોનું દાન સેંકડામાં દશ ટકાનું દાન! તે થવાનું કારણ શું? લાખ મલ્યા તો ચાલત કે નહિ. આવા ખાતામાં કોરાણે મુકવા તેમાંથી આપવું. તરતા ખાતામાંથી રાખ ને! જે લેણું આવે તેમાંથી દશ ટકા રાખવું.

અર્થ એકજ મમત્વભાવ જે આ શરીરનો કે પૈસાનો તે એટલો બધે નડે છે કે દાન સારૂં ગણ્યું, છતાં દાનની સારી પરિણતિ ગળામાં રહેવા દે, પણ નાભિમાં ઉતરવા દેતો નથી. દાન સારૂં ઉત્તમ માન્યું. ખાવું અને ખોવું ને મેલવું તે મૂર્ખાઈ સમજીએ, છતાં પણ કેમ નથી થતું? કારણ એકજ કે મમત્વભાવ આડો નડે છે.

## મમત્વની વિશિષ્ટતા

દુનિયામાં શરીર, અર્થ કુટુંબ, કબીલો, ઘર, માલ, એ બધાનો મમત્વભાવ એવો વસેલો છે કે તેમાં કોઈને શીખામણ દેવી પડે તેમ નથી. કર્મના ઉદયથી ઇન્દ્રિયોના આધીનતાથી બધું આપોઆપ થાય, તેના માટે શાસ્ત્રકાર ઉપદેશ દેવા જાય તો સો ભણેલાને એકડો શીખવાડવો, તેના જેવું ગણાય.

## વિષયની વાસનાની સાહજિકતા

તેમ વિષયોને અંગે પણ બારમા દેવલોક કે નવ ગ્રૈવેયક સુધીને કંઈ સમજાવવું પડે તેમ નથી. અર્થને અંગે, કામને અંગે ઉપદેશ કરવો પડે તેમ નથી. કોઇપણ છોકરાને ગળ્યું ગળજે અને કડવું કાઢી નાંખજે તે કોઇને કોઈ માએ શીખવ્યું ? કહો કે સારા શબ્દોથી સુખ થવું, ઘંટડી વગાડીને છોકરો રાજી થાય તે કઈ માએ શીખવ્યું ? ચપટી વગાડી તો રોતો હોય તો બંધ થાય તે કઇ માએ શીખવ્યું, તે કોઈએ શીખવ્યું નથી. સ્વાભાવિક છે.

દરેક વિષયોને અંગે વિચાર કરીએ, છોકરાને ઉના પાણીનો છાંટો લાગે તો રૂવે, તે કોણે શીખવ્યું ? ઇન્દ્રિયોના–ખાટા–મીઠા, ટાઢા–ઉના, સુગંધ–દુર્ગંધ, સારા–ખરાબ શબ્દો આદિ વિષયો કોઈને શીખવવા પડતા નથી. શાસ્ત્રકાર શીખવવા જાય તો સો વાળાને એક ભણાવવા જેવું થાય.

## જ્ઞાનસંજ્ઞા અને અનુભવસંજ્ઞા

**શાસ્ત્રકાર જ્ઞાનસંજ્ઞાએ જાણે પણ અનુભવ જ્ઞાને નહિ. ત્યારે દુનિયા અનુભવસંજ્ઞાએ જાણી રહેલી છે. ત્યાં શાસ્ત્રકાર જ્ઞાનસંજ્ઞાની વાત કરે તે શું કામ લાગે ?** એક માણસ ખાઇ રહ્યો છે તે રસની મીઠાશની વાત કરે, તેની જોડે વાત કરનારો બરોબર કહે છે. છતાં તે સાંભળવાને અંગે આપણે કાનથી સાંભળીએ છીએ. કાનમાં બહેરાશ હોય તેમ નથી. પરંતુ દુધપાકનો રસ જે જીવના ગળા ઉપરનો ને કાન ઉપરનો તે બે મેળવી જુવો, આંખે દેખવામાં દેખો છો કે નહિ ? અધુરૂં જ્ઞાન છે ? તો ના. કેમ નથી ? આપણું જીભ દ્વારાએ જે જ્ઞાન તે અનુભવ સંજ્ઞાનું જ્ઞાન, ચક્ષુ-શ્રોત્ર દ્વારાએ જે જ્ઞાન તે જ્ઞાન સંજ્ઞાનું જ્ઞાન. તેમ આ દુનિયા અર્થ–કામની અનુભવ સંજ્ઞામાં પડી છે તેની આગળ તેનું જ્ઞાન કરાવવાની કિંમત શી ?

## અર્થ-કામનો ઉપદેશ એકાંત અનર્થકર

માટે શાસ્ત્રકાર કહે છે કે અર્થ અને કામનો ઉપદેશ તે વાંદરાને વીંછી કરડાવવો, મૂલ તો કુદાકુદ કરનારો તેની જેવી દશા થાય, તેમ આ જીવ મમત્વ-આરંભ-પરિગ્રહાદિમાં એવી પ્રવૃત્તિ કરી રહેલો છે. જાણે વાંદરો કુદાકુદ કરે. વાંદરાને જંગલમાં કુદવામાં કાંઈ પણ કાયદો, નિયમ કે બંધન નથી, તેમ આ જીવને મમત્વ, વિષય-કષાય, પ્રમાદ, આરંભ-પરિગ્રહ આગળ કાયદો નથી. તે કોઈ કાયદાને નથી ગણતો. **દુનિયાના કાયદા ઉપર કાતર મુકાવે. કાપ મુકાવે તે કોણ! તો વિષય-કષાયો ને મમત્વભાવ.**

## આરંભ-પરિગ્રહની પ્રવૃત્તિની વ્યાપકતા

ચાહે જેવો બુદ્ધિશાળી કાયદા કરે તેના ઉપર કાપ-જેમ "ઉંટ કુરે ઢેકા તો માણસ કરે ઢેકા. એસેમ્બલી કાયદા કરે અને ધારાશાસ્ત્રી એનો અર્થ જુદો કરે. ફરી પાછું નક્કી કરવું પડે છે. આ બધું આમ કેમ? આ બધા કરારોમાં કાપ ને કાતર મુકાય છે તે કેમ મુકાય છે? પોર્ટસૈયદે કાયદા કર્યા એનો અર્થ ફલાણો કહેવું નથી કરતો એમ થાય છે. આટલો વકીલોએ એકરાર કર્યો ને. તેમાં કાયદા ઉપર કાતરો કાપ મુકાયા તે શાને અંગે? તો આરંભ-પરિગ્રહને અંગે દુનિયા આરંભ-પરિગ્રહ અર્થ-કામ મમત્વ ને વિષયમાં પડી ગયેલી છે. તેથી તે કાયદામાં નથી. માટે વાંદરાની જેમ જેને જેમ ફાવે તેમ કુદી રહી છે.

આવી સ્થિતિએ દુનિયા મમત્વભાવે વિષયલાલસાએ કુદી રહી છે. ત્યાં શાસ્ત્રકાર "વખતે આમ કરવું પડે તેમાં અડચણ નથી." તેમ કહેનાર મળે પછી બાકી શું રહે? વાંદરો વિંછી કરડે ત્યારે વગર સંશયે કુદવા જાય, તેમ મૂલમાં પોતે મમત્વને આધીન અને વિષયની વાસનામાં કુદી રહેલો, તેમાં શાસ્ત્રકાર કહે કે શાબાશ! પછી શું બાકી રહે. ગુનો કરનારને અમુક મહિનાની સજા અને ઉશ્કેરણી કરનારને દેશનિકાલની. ગુનો

કરનારને ઠેકાણે લાવવો સહેલો; ત્યારે ઉશ્કેરણીવાળાને ખ્યાલ લાવવા માટે દેશનિકાલની સજા.

## શાસ્ત્રકારોની ફરજ શી?

**શાસ્ત્રકાર અર્થ-કામનો ઉપદેશ આપે તો મોહ કર્મ અને મિથ્યાત્વને ઉશ્કેરનારા છે.** રોગમાં, દુઃખમાં, શ્મશાનમાં વૈરાગ્ય આવે. પણ શાસ્ત્રકાર જે ઉશ્કેરનારા તેને વૈરાગ્યનો વખત કયો? દુનિયામા મોહમાં માતેલા તેને શ્મશાન વિગેરેમાં વૈરાગ્ય આવે પણ શાસ્ત્રકાર ઉશ્કેરણી કરેનારને શું? બિરૂદાવલી બોલનારને થાકવાનું નહિ. થાકવાનું ઘવાયેલા-લઢનારને. શાસ્ત્રકાર તો ભાટ. **અર્થ-કામનું પોષણ કરે તે ભાટ.** જોડે રહીને માથાં કપાવે, બીજાના, એક જાતનું નારદપણું કરનારા માત્ર લઢાવી મારવાનું.

## નારદવિદ્યા ઉપર સરસ દષ્ટાંત

એક જણો આવી પ્રકૃતિવાળો સંન્યાસી થયેલો, તેને બે ટેવ ચાહે જેવું ચોરી લાવવું, ને ચાહે જેને લઢાવી મારવા તે તેને રમત. તેને કેટલાક દિવસ ગયા પછી વિચાર આવ્યો કે મારી કળા છે કે નહિં? તે કયાં અને કેવી રીતે અજમાવવી? ભરાડી ચોરપણું હતું તે છે કે નહિં? તે જોઇ લઉં! રાતે ઉઠીને કોઈની પાવડી કોઈની આગળ, કોઈના પુસ્તકો કોઇની આગળ, તેમ રમણ-ભમણ કરી લીધું, બધા ઉઠયા, બધા પોતપોતાની વસ્તુ ખોળે, સામસામા સંન્યાસી લઢવા માંડયા, પેલો સુતેલો તો દાંત કાઢે. થોડો વખત થયોને લોકો ભેગા થયા અને ફજેતી થઈ. કોઈનું કંઇ ગયું નથીને, અહિંનું અહિ મલ્યું છે. ઝટઝટ કરનારે ફેરફાર કર્યો, લઈ ગયો નથી. પેલા સમજ્યા કે આનું કામ છે.

## લડાઈની કલા અજમાવવી

પાડોશમાં બાઈ રહે. બાઈને છોકરો પુરો ભગત. એકનો એક પીતરાઈ, મોશાળમાં કોઇ નહિ તેવી સ્થિતિ. બેય એક રૂપે

રહેનારા. અહિં આગળ પારખું કરું-બાઈ વંદન કરવા આવી ત્યારે સ્વામીજી મોઢું ચડાવી આંખો કાઢીને બોલ્યા.

જીવતા રહો બા!

મહારાજ આમ કેમ?

કંઈ નહિ.

કારણ જણાવવામાં અડચણ ન હોય તો જણાવો.

તમે બાઈ જાત છો. લોકોને કઈ થાય છે.

લોકોની અવર-જવર બંધ થઈને પાછી આવી.

મારું કાળજું બળી જાય છે, શું કરું?

આજ નહિ કહું કાલે કહીશ.

બીજે દહાડે બાઇ આવી, ત્યારે સંન્યાસીની સ્થિતિ પહેલાં દિવસની જેમ હતી.

મારાથી કહેવાય નહિ, કહેતાં કાળજું કપાઈ જાય.

ચાહે જે હોય તે કહો.

તને-મને શાંતિ નહિ રહે. કહેવામાં માલ નથી.

એવું કયું?

કાલ કહેતો હતો બાઈ આજ પણ હૃદય ભરાઈ ગયું.

પણ આગળ વાત!

ત્રીજે દહાડે એમને એમ પ્રશ્ન કર્યો.

તને સાંભળ્યા વગર ઉચાટને સાંભળ્યા પછી ઉચાટ થશે

વાત કેવી શણગારી. ત્યારે જતાં-જતાં તને કહું છું કે તારો છોકરો દારુના રસ્તે ગયો છે. તેં સાંભળ્યું છે.

મેં જ નહોતું માન્યું, પણ હવે થાય શું?

તો સાંભળ છોકરાને માલમ ન પડે તેમ તપાસ કરવી.

તે ઉંઘે ત્યારે મોંઢાનો શ્વાસ સુંઘજે.

પાંચ સાત દહાડા પછી પેલો છોકરો જોવામાં આવ્યો તેની આગળ કહ્યું કે

તારી મા ડાકણ છે. લઢાઈ ન પેસે તેમ કરજે; લગીર ઉંઘતો નહિ, જાગ્રત રહેજે. ખાવા આવે ત્યારે સાવચેત રહેજે.

પેલાને રોજ ઘેર સુવાનું છે. ઘેર સુવામાં કુતરા જેવી નીંદ લગાર.

બાઈ દેખે કે ઉંઘે ત્યારે સુંઘવા જઉં.

જે દહાડે જોયું કે હું જાગું છું, તેમ માલમ પડયું તેથી ન આવી.

બીજે દહાડે નસકોરા ખોટાં બોલાવ્યાં.

હા. ઉંઘ્યો.

ઉઠીને ધીમે ધીમે આવવા માંડી.

પેલો જાગતો રહેલો.

હાં નજીક આવી, હવે શું થાય?

ચાહે જેવી વહાલી મા હતી, છતાં પેલો તે વખતે લાકડી લઇને ઉઠયો. ને બોલ્યો.

રાંડ! ડાકણ! ત્યારે મા કહે કે

મારા રોયા દારૂડીયા.

બે લઢવા માંડયા.

પરીક્ષામાં પોત પ્રકાશાય! તે પ્રકાશે તો મારી ભુંડાઈ થશે.

એમ વિચારી સંન્યાસી તાકડે માપી ગયા અને કહે કે છે–શું? છે શું?

ત્યારે છોકરો કહે મા ડાકણ છે.

મા કહે છોકરો દારૂડીઓ છે. વિગેરે બોલવા માંડયા.

લાવ હું કાઢી નાંખુ લઢો નહિ.

બપોરે બાઈને બોલાવીને કહ્યું કે આવી સ્થિતિ.

તારા કહ્યા પછી ઘણી તપાસ કરી. તારા છોકરા અને તારા પર દ્વેષ હતો તેથી મને કહી ગયા.

છોકરો આવ્યો ને કહ્યું કે મહારાજ ડાકણ તે સાચી. મેં કહ્યું તે ઉપરથીને.

મેં કહ્યું તો ખરૂં! પણ પછી મને પસ્તાવો થયો. આમાં ખોટું નિકળે તો ગુનેગાર હું.

તું ફલાણાનો દ્વેષી, લઢાઇ થઇ તેને નુકશાન કર્યું, તેણે આવીને મારી પાસે વાત કરી.

હું તપાસ કરીને નિર્ણય કરીને આજ કહેવાનો હતો

આમ સમજાવીને મા-દીકરાને ખમાવ્યા.

હવે હાં મારી ટેવ બરોબર છે. હજી તેમાં ખામી નથી.

**શાસ્ત્રકારો ધર્મનો ઉપદેશ કેમ આપે છે?**

તેમ આ જીવ મમતાભાવમાં, વિષય-કષાયમાં એવો રાચ્યો કે તેને અમુક દહાડા કોરાણે મુકો, તો પરીક્ષા માટે પણ ઉતરી પડે તેને શાસ્ત્રકાર કહે કે ભલે કરો! તેમાં બાકી શું રહે? જગતના જીવોને જે અર્થ કામનો ઉપદેશ તે વાંદરાને વીંછી કરડાવી ને દારૂ પાવા જેવું. જે લોકો કલ્યાણ કરનારા તે લોકોને જે વસ્તુ મલી નથી એવો તે ધર્મનો ઉપદેશ તે માત્ર જિનેશ્વર મહારાજના વચનમાં છે માટે **શાસ્ત્રકારના વચનની આરાધનામાં ધર્મ છે.** આટલું બધું પવિત્ર છે. પવિત્રતામાં લાવનાર અને ટકાવનાર છે. કષાય વિષયો શું છે? તેનું સ્વરૂપ શું? તેના ફળ શું? જે જણાવવામાં આવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૩

(સંવત ૨૦૨૨ ના ભા. શુદ ૧૪ વાર મંગળ તા. ૧૦-૯-૪૬)

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા આગળ સૂચવી ગયા કે–

### અકામ નિર્જરાની મહત્તા

આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડપટ્ટી કરતો કરતો જન્મ-મરણ-જરાની જાળમાં ગુંચવાતો અનંત પુદ્‌ગલ પરાવર્તથી રખડયા કરે છે. તે રખડતો કોઈક ભવિતવ્યતાના યોગે કોઈક પરિણતિ એવી થઈ કે બાંધે ઓછું ને ભોગવીને તોડે વધારે એમાં જે નિર્જરા થઇ તેને અકામ નિર્જરા કહીએ છીએ. જેમાં જીવ કર્મ કે મોક્ષને સમજ્યો નથી, તેના સાધનો સમજ્યો નથી, કર્મક્ષયની ઇચ્છા નથી, તેની ઇચ્છાએ પદાર્થ લેતો નથી, પણ જે દુઃખો સહન કરવા પડે તે વધારે સહન થાય અને ઓછાં બંધાયા ત્યારે તે આગળ વધે તે અકામ નિર્જરા. તેવી આ જીવે કરવા માંડી. કયાંથી ? સૂક્ષ્મમાંથી બાદરમાં, ત્યાંથી વધતાં વધતાં યાવત્ મનુષ્યપણામાં આવ્યો. ત્યારે તેનામાં વચનવ્યવહારે પ્રવર્તવા નિવર્તવાની તાકાત આવી

### વચનવ્યવહાર મનુષ્યપણામાંજ

જ્યાં સુધી મનુષ્યપણામાં નહોતો ત્યાં સુધી વચન વ્યવહારથી રહિત ! બે ઇન્દ્રિયથી વચનયોગ કહીએ તે સત્ય, અસત્ય, મિશ્ર. અસત્યામિશ્ર, વચનયોગ કયો ? મોઢેથી બોલે તે. પોતાને બોલવું તેટલું બીજાને સંભળાવવું ? તેની અસર તેમાં કંઈ નહિ. માખીઓ મચ્છરો ગણગણાટ કરે છે તે શા માટે કરે છે ? તો કંઈ નહિ. વચન યોગ છે માટે વચન કાઢે છે. જાનવરમાં-ઘોડા ખુંખારા કરે

ગાયો બરાડે તેમાં શું ! કંઈ નહિ ત્યારે અર્થની પ્રવૃત્તિ કરાવનાર તરીકે જે વચન વ્યવહાર તે માત્ર મનુષ્યપણામાં, તે સિવાય સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચપણામાં પણ નહિ તો પછી વિકલેન્દ્રિયની વાત શી કરવી ? વચનયોગ મલ્યા છતાં આખો જન્મારો વ્યર્થ ! કારણ વ્યવહારનું વચનજ નહિ. માખી-મચ્છર અવાજ દરરોજ કરે છે, તેમાં કંઇ નહિ. જાનવરો બરાડે તેમાં શું તો કંઈ નહિ. માટે વ્યવહાર ભાષા માત્ર કરે છે. સત્ય, અસત્ય, મિશ્ર તરીકે ભાષાનો યોગ કયાં ? કેવલ મનુષ્યપણામાં.

જ્યાં સુધી મનુષ્ય ન થયો હોય ત્યાં સુધી મળેલો વચન યોગ બોલવાનો. વચનો પ્રવૃત્તિવાળા શબ્દરૂપ હોય પણ તેનો અર્થ નહિ. વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને વચન યોગ માત્ર વ્યવહારરૂપ, તેમાં ભાષા નહિ.

## તીર્થંકરોની વાણીનું સર્વ ભાષારૂપ પરિણમન

આપણે જૈન શાસનના હિસાબે પ્રભુની વાણી યોજનગામિની માનીએ અને તે વાણી એવી કે આર્ય અનાર્ય પોતપોતાની ભાષામાં સમજે, ભાષા રૂપે પરિણમે.

"दैवा दैवीं नरा नारीं मेनिरे भगवत्गिरम्"

દેવતા તે ભાષાને દેવતાઇ સમજે, અનાર્યો પોતાની ભાષાને સમજે, તિર્યંચો સાંભળીને પોતાની ભાષામાં સમજે એકની એક ભાષા દેવતાને દેવભાષા તરીકે, અનાર્યને અનાર્ય ભાષા તરીકે, તિર્યંચોને તેની ભાષા રૂપે પરિણમે. કઈ તો ભગવાનની ભાષા. ભગવાનના પ્રભાવથી તેમને સમજાય. કેટલાક એવા સ્તુતિ સ્તોત્ર એકસરખા બોલાય તો છન્દ, માત્રાઓ સરખા થાય. સંસ્કૃત, પ્રાકૃત, માગધી, પૈશાચી, અપભ્રંશમાં થાય. તેવી રીતે ભગવાનની ભાષા એવી રીતની. દરેક પોતાની ભાષામાં અર્થ પોતાની ભાષા પણે પરિણમે. ભગવાનની ભાષા વ્યાપક ગણવામાં આવી.

## તીર્થંકરોની વાણી અનક્ષર ન હોય !

ત્યારે એવા કેટલાક પાક્યા કે ભગવાનની વાણી અનક્ષર, ધ્વનિ, જ્યારે બોલવાનો વાંધો નથી. મનુષ્ય સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં છે. વચન યોગ છે. પછી અનક્ષર યોગ શો ? જેઓ અનક્ષર માને તેઓએ આખો વચનવ્યવહાર નવો ઉભો કર્યો. હારમોનીયમમાં એક સ્વર ચાલતો હોય તે જે રસવાળો હોય તે રસમાં ઉતારે તો હારમોનીયમમાં શું ? જ્યારે તીર્થંકરની વાણી જગતને ઉપકાર કરનારી, જેથી આપણે જગદ્‌ગુરૂ માનીએ. જગતમાત્રને ઉપદેશ આપે. અનક્ષર વાણી હોય તો જગતનો ઉપકાર કયો ? ભાષાનો અતિશય કયો ?

જૈન શાસન પાંત્રીશ ગુણો કહે, આવી પાંત્રીશ અતિશયવાળી વાણી ત્યારે તેમાં જૈન નામ ધરાવનારા કહે કે ભગવાનની વાણીમાં અક્ષર હોય નહિ. પણ અનક્ષરવાણી. આગળ જતાં ડાહ્યા થયા ને કહેવા લાગ્યા કે એ વાણીને ગણધરજ સમજી શકે બીજા સમજી શકે નહિ. હવે જગદ્‌ગુરૂ શી રીતે ? પર્ષદાના ગુરૂ નહિ ને ?

## ગુરૂ એટલે ?

માટે કહ્યું છે કે—

**"गृणाहति धर्मशास्त्राद् इति गुरु"** : ધર્મશાસ્ત્રથી ધર્મ કહે તે ગુરૂ જેઓ ધર્મશાસ્ત્રને કહેતા નથી તે કહો તો ગુરૂ કઈ રીતે બનવાના ? ગણધરો સમજે અને તે બધાને સમજાવે તો જગદ્‌ગુરૂ કોણ ? તીર્થંકર કે ગણધર ? આ જગો પર કુતર્કનો છેડો હોતો નથી.

## ગણધરોની મહત્તા શાના અંગે ?

દુનિયામાં શાસ્ત્રકાર જેવા મતિજ્ઞાન શ્રુતજ્ઞાનના પર્યાયો માને તેવા મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાનના માને. **"જેટલા સંસારના હેતુ તેટલાજ ભવમાં હેતુ." "જેટલા સંસારના કારણો તેટલા મોક્ષના કારણો." "જેટલા સુતર્ક તેટલા કુતર્ક.** તમારામાં ગણધરો

**શા કામના ? તીર્થંકરોએ દેશના દીધી પર્ષદા સમજી ગઇ તો ગણધરો શા કામના ? અજાગલસ્તન ન્યાય."** બકરીના ગળાના આંચલો દુધ માટેના નહિ પણ નકામા. તેમ અહિં ગણધરો શા કામના ? તીર્થંકરો દેશના દે તે ભણ્યો સમજે. પણ તીર્થંકરની દેશના વખતે ગણધરો કોરાણે બેસે. પણ તેમની મહત્તા ગુંથવાના અંગે.

## ગણધરોનો ઉપકાર

ગણધરોને ઉપકારી શાથી માનીએ ? તીર્થંકર મહારાજે કહેલાને ગુંથે. તે પણ શાસનના હિત માટે. એ સૂત્ર જગો જગો પર પ્રવર્તે છે. તેથી તેમનો ઉપકાર માનીએ છીએ. તીર્થંકર ભગવાન દેશના દે તે વખતે ગણધર શ્રોતા જેવા હોય છે. ધ્વનિ કરે તે ઉંચો ને કહેનાર સોડમાં પેસે. પોતાના કદાગ્રહને પોષવા માટે તે વાત ન લેતાં ગણધરો કોરાણે બેસે. તીર્થંકરની દેશના વખતે ગણધરો ભલે કોરાણે રહ્યા. તેમાં વાંધો નહિ, પણ તે દેશનાને ગુંથીને શાસનને આપીને ઉપકાર કરનારા તો ખરેખર તેજ છે.

## ગણધરોની મર્યાદા

જૈન શાસનને અંગે ગણધરો બીજા પહોરે દેશના દે છે. તેમની વખતે બાર પર્ષદાની વ્યવસ્થા નહિ. તીર્થંકરને ચાર મુખે દેશના દેવાની હોય તેથી બાર પર્ષદા બેસી શકે. ગણધરને ચાર મુખે ન હોય.

કેટલાક સમવસરણની વાતજ કયાં માને છે ? સૂત્ર માને તેને છે, ન માને તેને નથી. ઉવવાઈજીમાં જણાવેલ છે કે દેવીઓ શ્રાવિકાઓ ઉભી ઉભી સાંભળે છે. બીજા બેઠા સાંભળે છે. આ બધાંને ગોઠવ તો ખરો. બીજે પહોરે ગણધર મહારાજા બાર પર્ષદાની ભલે વ્યવસ્થા ન હોય, પરંતુ દેશના દે. ત્યારે તીર્થંકર મહારાજા ત્યાં ન હોય. તીર્થંકરો દેવછંદામાં જાય ત્યારે ગણધરો ત્યાં રાજાએ આણેલું સિંહાસન તે ઉપર બેસીને દેશના દે. અગ્નિખુણામાં

સિંહાસન ગોઠવે છે. તે ન હોય છતાં પણ ગોઠવેલા સિંહાસન ઉપર બેસીને દેશના દે છે. સૂત્ર ગુંથવાથી બીજે પહોરે દેશના દેવાથી ઉપકારી છે.

## પ્રભુની વાણી તે અનક્ષરી ?

આ વાત કદાગ્રહી માનવા તૈયાર નથી. તેમ હોય તો ભગવાનની વાણી અનક્ષર માનવા તૈયાર ન થાય. યોજનગામિની વાણી કહેવી છે ને પાછી અક્ષર વગરની કહેવી તેનું નામ દુનિયામાં બરાડો કે બીજું કઇ ? બાર પર્ષદાની ભાષા, વાણી–વચનાતિશયની વ્યવસ્થા બધી બગડી જાય. એકજ વસ્તુ. યોગ માનવા ગયા તેમાં આ બધું પરિણામ.

## વચનારાધનયાનો મર્મ

આટલા માટે ભગવાન હરિભદ્રસૂરિજીએ "**વચનારાધનયા**" રાખ્યું. પણ "**ભાષા–વાણ્યા–રાધનયા**" નહિ વાણી–ભાષા કહેનારા હતા. કેમકે વાણી–ભાષામાં અનક્ષર ધ્વનિ તે કહેવાય છે. નાભિ, કંઠ, તાલવા આદિ સ્થાનોથી સ્પષ્ટપણે ઉચ્ચાર કરાય તેનું નામ **વચન 'उच्यते तालव्यादिति'** વચન કોનું ? તો અક્ષરવાળાનું, અક્ષર વગરનાનું વચન નહિ. બીજા મતોમાં અનુકૂલતા માટે હવિ, અગ્નિ, વાયુમાંથી વેદ કાઢયા, તેમ અનક્ષરમાંથી આગમ કાઢયા. તેને માટે પણ જૈન શાસનમાં તો સ્પષ્ટ વચનરૂપજ વસ્તુ, વચન વગરની અસ્પષ્ટ પણ નહિ.

જૈન મત સિવાય બીજા મતવાળા દર્શનવાળાઓ પારકા વચન માનનારા છે. ઇશ્વરનું નહિ. ઈશ્વરના વચનને કથનને એકે માનવા તૈયાર નથી.

## ઈતર દર્શનીઓની દશા

વૈદિકો કહે છે કે–અગ્નિ, વાયુ, હવિ તેમાંથી વેદ ઉધર્યા. પાશ્ચાત્યવાળા પરમેશ્વરનો દીકરો માને, તેને પરમેશ્વર કહે ને તે

બધાને કહે. તેથી જગતને ઈશ્વરનો સીધો સંદેશો નહિ સાંભળવાનોને? સાક્ષાત્ નથી માન્યા, પણ સંદેશાવાળા માન્યા, મનુસ્મૃતિ માની, તે પણ બીજાએ કહેલી માની.

## જૈન શાસનની વિશિષ્ટતા

જૈન શાસનમાં કહેવાનો હક ભગવાનને, માનવાનું ભગવાનનું. ભગવાનના નામે કહે તે પણ ભગવાનના અંગે માટે ભગવાનના પાંત્રીશ વાણી ગુણ માન્યા. બીજા મતોમાં વાણીના ગુણોની વાત ચાલી! તેને પરમેશ્વરની વાણી નથી માનવી. તેને તો બારોબાર આવેલા સંદેશા માનવા છે. પરમેશ્વર સાથે સીધો સંબંધ સાંભળવાનો-કહેવાનો હોય તો ફક્ત જૈન દર્શનને.

## વચનની વિશેષતા

અતિશયવાળી વાણી બારે પર્ષદાને સાંભળવાની. સમવસરણ શા માટે? તો ઉપદેશ માટે, બીજામાં કેમ સમવસરણ નથી. કોઈ જગો પર સ્મૃતિ, શ્રુતિ, વેદ, કુરાન, બાઈબલમાં સમવસરણ તેની રચના સ્થિતિ સાંભળી? તો ના! તેમને ઉપદેશ દ્વારા ઈશ્વરનું મહત્ત્વ નથી લેવું. પોતાને કર્મે થતું સુખ-દુઃખ, જન્મ તે એના માથે નાંખવાનું. તેથી તેની ભક્તિ કરવાની. જૈનોને બધું વચન ઉપર જ છે. તીર્થંકરપણું મલ્યું તે ભોગવવું તેનું ફલ તે વચન ઉપર. તીર્થંકરપણાનું બીજ અને ફલ તે વચન.

## તીર્થંકરપણું ક્યારે બંધાય?

હવે વિચારો-તીર્થંકર તીર્થંકરપણું બાંધે તેમાં શું? તો આવું ઉત્તમ, આવું અવ્યાબાધ, આવું આત્માને તારનાર શાસન છતાં આ જગત કેમ અંધારે ગોથા ખાઈ રહ્યું છે. માટે આ જગતને અંધારામાંથી કાઢું. આપણામાંથી નદીના કાઠે ઉભા હોઈએ. હોડીઓ તરતી હોય ને કોઈ તે સમયે તણાતો હોય તે વખતે શું થાય? હોડીઓ આગળથી જાય છતાં ચડતો નથી, વળગતો નથી, ને તણાતો

જાય તે ત્યારે આપણામાં દયા કેવી થાય ? તે વિચારો ! અરર ! આ જીવોની દશા કે છતી હોડીએ ડૂબે છે.

## તીર્થંકર નામકર્મની પૂર્વ ભૂમિકા

આ દૃષ્ટિથી વિચારો તો તીર્થંકરનો જીવ પહેલ વહેલો કયા વિચારમાં આવે ? તો આવું પ્રવહણ જેવું શાસન ભલભલા પાપીઓનો નિસ્તાર કરનાર અનંત કર્મના બંધનોને તોડનાર આવું શાસન છતાં આ જીવો બિચારા સંસારમાં ડુબી રહેલા છે. જેમ નદી ઉપર ઉભેલા શૂરવીરે તારવાનું વિચાર્યું. કેમ બચવું ? કેમ તારૂં ? તે વિચારવાળો હોય તે જંપલાવી દે તે વખતે તેને જીવનનો ન રહે-તે વિચાર જરૂર દેખે કે કઈ જગો પરથી જઉં, મને અડચણ ન આવે તેમ તારૂં.

## તીર્થંકરના જીવની મનોદશા

તો પછી આ જીવની પરિણતિ થાય કે અરર ! આવું અપૂર્વ જૈન શાસન ! આવું તરવાનું સાધન ! કલ્યાણનું કલ્પવૃક્ષ ! છતાં આ જીવો આ દશામાં કેમ ? માટે બધાને સુધારીને કલ્યાણની દશામાં લાવું. આજ તીર્થંકરનું બીજ. વીશ સ્થાનકનું તપ આરાધનાવાળા છે તેઓએ આ ખ્યાલમાં રાખવું. તપ-જપ-કાઉસ્સગ્ગ દ્વારા જે આરાધના થાય તેમાં બીજ કયું ? તો જગતને તારવાની બુદ્ધિ. જગત આરંભાદિમાં આસક્ત. જ્યાં ત્યાગ, જ્ઞાન-દર્શન-ચારિત્ર મય જહાજ ચાલી રહ્યું છે, તેને વળગીને પોતાને બચાવવાવાળા થતા નથી. માટે જ હું તેવું કરું કે જેથી તે બચાવ માટે તૈયાર થાય.

## વચનદ્વારા પરહિતની શકયતા

બીજા જીવોને માર્ગે લાવવા કુમાર્ગથી ખસેડવાનું સાધ્ય હોય તો તે માત્ર વચન દ્વારાએ, માટે એવા પ્રયત્નવાળો થઉં આ બધા ઉન્માર્ગ છોડી સન્માર્ગે વળે. આ કારણથી તીર્થંકરપણું બંધાય. **આખા જગતને ઉપદેશદ્વારા માર્ગે લાવવાની બુદ્ધિ**

**તે બીજ.** તે બીજ હોવાથી ગોટલો વાવવાથી શું થાય? તો **કેરી.** તેમ વચનની અભિલાષા ઉપદેશ. તારવાની અભિલાષાએ બંધાયેલું તીર્થંકરનામકર્મ તે ભોગવાય શાથી? તો **ધર્મદેશનાથી.**

આઠ પ્રતિહાર્યો ચોત્રીશ અતિશય, પાંત્રીશ વાણી ગુણમય પણ બધું ફલ નહિ. ખરૂં ફલ તો ધર્મદેશના છે.

### તીર્થંકરપણાનું સ્વરૂપ શું?

માટે **ગૌતમસ્વામીજીએ** ભગવાન **મહાવીર મહારાજાને** પ્રશ્ન કર્યો—**હે** ભગવાન તીર્થંકરપણું આમ બંધાય પણ તે ભોગવવાનું શી રીતે? ત્યારે ભગવંતે કહ્યું કે-ખરું ફલ ધર્મદેશના. ધર્મદેશના ખરૂં ફલ સાધ્ય હોવાથી તીર્થંકરની મહત્તા કહો. પણ મુખ્ય ફલ. એ જન્મથી તીર્થંકરપણાનું મહત્ત્વ છતાં ચ્યવન કલ્યાણકનો, ચૌદ સુપના જુવે જન્મે મેરુપર્વત ઉપર મહોત્સવ કરે, દીક્ષા વખતે એકઠા થાય, કેવલજ્ઞાન સમવસરણ રચાય તે કોનો પ્રભાવ? તો તીર્થંકરનો. છતાં તે બધી વાડ અને વેલા પણ વૃક્ષનું મૂલ. **દેશના દેવી તે.** તે મૂલફળ સિદ્ધિ હોવાને લીધે શાસ્ત્રકારને કહેવું પડયું, તે તીર્થંકર નામકર્મનો ઉદય કોને તો કેવલીને. દેશના કયારે દે? તો કેવલજ્ઞાન પામ્યા પછી.

### છદ્મસ્થ છતાં મુનિ વ્યાખ્યાન કેમ આપે?

સ્હેજે સવાલ થશે કે-આજકાલના પોથી ઉપરથી જ્ઞાન મેળવવાવાળા દેશના દે તેને લાયક ગણીએ, તો પછી જન્મથી ત્રણ જ્ઞાન દીક્ષા પછી ચાર જ્ઞાનવાળા તે કેમ દેશના ન દે? તીર્થંકર સ્વદૃષ્ટાંતે સમજાવે કે પરદૃષ્ટાંતે સમજાવે? તો સ્વદૃષ્ટાંતે સમજાવે તે રીતે સમજાવવા જોઈએ. સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રનું ફલ કર્મક્ષય અને મોક્ષપ્રાપ્તિ. તે ન થાય તો આંગળી ચીંધવી પડે. પણ **તે ચીંધવાનું તીર્થંકરને હોય?** પણ પોતાને દૃષ્ટાંતરુપ થવું જોઈએ.

પોતે જે શાસન આચર્યું, આરાધતા ગયા તેનું ફલ કેવલજ્ઞાન તે દેખાડવાનું. તે કયારે દેખાડાય? તો પોતાને કેવલજ્ઞાન થાય

ત્યારે. માટે તીર્થંકરો કેવલજ્ઞાની થયા સિવાય દેશના દે નહિ.

પોતે કેવલજ્ઞાન ન પામ્યા હોય તો ફલ દેખાડવા માટે આંગળી ચીંધવી પડે તે તેમને નહિ. માટે પોતે કેવલજ્ઞાન ન પામે ત્યાં સુધી દેશના ન દે. જ્યારે દેશના દે ત્યારે વાસ્તવિક તીર્થંકર નામકર્મનો ઉદય, બધા વચલા ફલ થયા, તે ધારેલા તરીકે નહિ. પણ તે ધ્યેયમાં કે વિચારમાં નહિ. વિચારમાં માત્ર પ્રતિબોધ.

## કેવળજ્ઞાન પૂર્વે તીર્થંકર ઉપદેશ કેમ ન આપે?

પ્રતિબોધ તે ફલ હોવાથી કેવલજ્ઞાન થાય ત્યારે ધારેલા ફલને મેળવે. તેથી ત્યાં ઉદય થાય. જિનેશ્વર નામકર્મ બાંધે, બે ઘડી પછી તેનો ઉદય શરુ થતો જણાય. બંધાતુ ક્યાં સુધી રહે? ઠેઠ અપૂર્વકરણ સુધી બંધાતુ રહે, તે પુદ્‌ગલો પોષાતા રહે. નિકાચિત તીર્થંકર નામકર્મ થયા પછી પોષણ વગરનો ક્ષણ નહિ. સાધુપણું લેશે, ક્ષપક શ્રેણિ માંડશે, અપૂર્વકરણે આવશે, ત્યાં સુધી પોષણ, ઉદય પણ અંતર્મુહૂર્ત પછી આવ્યા કરે તે પણ ખરો ઉદય કેવલજ્ઞાન પછી.

## તીર્થંકરમાં દેવત્વ ક્યાંથી?

આ વાત સમજવા જેવી છે–આપણા સાધુઓ કહે છે કે તીર્થંકરમાં દેવપણું કેવલજ્ઞાન પછી છે. ઇન્દ્ર મહારાજે અભિષેક કરીને માતા પાસે મુકયા તે વખતે ઘોષણા કરાવી કે–જિન અને જિનમાતાનું જે અશુભ ચિંતવશે તેનું માથું ફુટી જશે. તીર્થંકરના નામે દ્રવ્ય ભેગું કરવું છે ને હજમ કરવું છે. તેની આ તરકીબ. તમે સુપના ઉતારો તેને અંગે બોલી બોલો તે વખતે ભગવાન કેવલી હતા, તીર્થંકર નામકર્મનો ઉદય કેવલજ્ઞાન પછી થશે. તીર્થંકર નથી તો સામાન્ય રાજત્રી તેને અંગે સુપના ઉતાર્યા તે દેવદ્રવ્યમાં ક્યાંથી? એ આવક અમારા કપડા–ટપાલમાં આપો તેમાં વાંધો નથી. બુરી દાનત કઈ? કેવલજ્ઞાન સિવાય તીર્થંકરપણું ખસેડીને આવક હજમ કરવી.

**સ્વપ્નાવતરણ અપવાદમાં આશ્ચર્યી છે.**

તીર્થંકર સિવાય કયા રાજાના સુપના ઉતાર્યા તે કહોને? કલ્યાણક કોનું! તો જિનેશ્વરનું ચ્યવન, જન્મ, દીક્ષા કલ્યાણક કોનું? બુરી દાનત જ્યાં થઈ. તીર્થંકરના નામે થાય તે આપણા નામે કોઈ ચાંદલો કરે તેમ નથી. માટે તેમના નામે ઉઘેડવું છે. ધાડ પાડવી છે. ગૃહસ્થો ધાડ પાડવા જાય, સાધુઓ જોડે જાય. ને તે જ બોલે કે કેવલજ્ઞાન વગર દેવપણું કયાં? તે માનવાના કયાં? તેને અંગે સ્વપ્નાના ઘીનો વાંધો શો? એટલે બોલીની માલિક ભક્તિ હતી તેના માલિક પોતે બને છે.

**સંઘ ટ્રસ્ટી છે? માલિક નહીં**

**સંઘ માલિક કે સંઘ ટ્રસ્ટી?** તે કહે. **સંઘ વ્યવસ્થા કરનાર ટ્રસ્ટી છે માલિક નથી.** વ્યવસ્થા કરનારને માલિક બનાવવો. દેવદ્રવ્યની બોલી ઉથલાવવી તેને પોતાના ઉપયોગમાં લેવી. એક વસ્તુ ન સમજ્યા તેથી ને?

**તીર્થંકરપણાનો ભોગ વિવિધ રીતે**

તીર્થંકરોએ જે મુદ્દાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું તે મુદ્દાના ફલ રૂપે. તે ભોગવાય—"**अगिलाए धम्मदेसणाईहिं**" અહિં **આદિ** શબ્દનો ખ્યાલ ન આવ્યો. **આદિ શબ્દથી શું લઈશ? આદિ શબ્દથી** બધી પૂજ્યતા લીધી છે. કયા મુદ્દાએ કેવલીપણામાં તીર્થંકર નામકર્મનો ઉદય કહ્યો તે વિચારવાનું નહિ. પણ ફક્ત પોતાને હજમ કરવા માટે કેવલજ્ઞાન પછી દેવપણું માનવું છે. ચૌદ સુપના માતા જુએ જે રાત્રિએ અરિહંત ગર્ભમાં આવે ત્યારે ઈન્દ્ર મહારાજ પણ અરિહંત બોલે. જેને ન જોવા સૂત્ર અર્થ નિર્યુક્તિ પણ સ્વાર્થપરાયણ બનીને ધર્મનો ધ્વંસ કરવા માટે આ વાકયને આગળ કરવું.

**વચનના આધારે શાસન છે**

એટલે તીર્થંકરના ધારેલા બીજનું ફલ ધર્મદેશના છે. વિચારો તીર્થંકરપણું બાંધ્યું ભોગવ્યું શાથી? દેશનાના વિચારથી. દેશના

હેવાથી જ્યાં સુધી તેમના આગમો ચાલે ત્યાં સુધી તીર્થ રહે. તે ફલ શાસ્ત્ર સિવાય તીર્થ ન હોય. શ્રુતજ્ઞાનનો વિચ્છેદ જે પહોરે થશે તેના બીજા પહોરે ધર્મ નથી.

**વચનની આરાધના-વિરાધનાનું રહસ્ય**

દેશના દેવાની ધારણા તે બીજ, દેશના દેવી તે સ્વરૂપ, દેશનાની પ્રવૃત્તિ થવી તે ફલ. તે વચન ઉપર. માટે **વચનની આરાધનામાં ધર્મ છે. ધર્મ વચનની ઉત્પત્તિમાંથી** ઉત્પન્ન **થનારો, શાસ્ત્ર આગમો રચાયા ત્યારે શાસન ઉત્પન્ન થયું ગણાય.** ભગવાનને કેવલજ્ઞાન થયું દેશના દીધી ત્યાં શાસન સ્થાપન ન ગણાયું. તીર્થંકર કેવલજ્ઞાનીની દેશના હોય, પણ તેમના વચનો નિયમિત ગુંથાય અને જગતમાં પ્રવર્તે ત્યારે શાસનની સ્થાપના. વચન તે બીજ, સ્વરૂપ અને ફલ ત્રણે હોવાથી કહેવું પડયું કે **વચનની આરાધનાથી ધર્મ.**

**વચન એટલે શું ?**

વચન એટલે શી ચીજ ? વચન બે પ્રકારનું એક સાર રૂપે અને એક વિસ્તાર રૂપે.

હવે સાર રૂપે વચન જોઇએ. જેમ ઘી-ખીચડીના બે શબ્દો તેમ અહિં શાસનના બે અક્ષર.

માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજે વીતરાગ સ્તોત્રમાં જણાવ્યું કે-"**आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः**" કર્મ બાંધવાના જે કારણો તે બધાં છોડવા જોઈએ. કર્મને રોકવાના જે જે કારણો તેને આદરવા જોઈએ. વચનમાં આ બે વાનાં જ. મુખ્ય દ્વાદશાંગી હો કે ચૌદપૂર્વ હો, પણ આ બે માટે. આશ્રવનો ત્યાગ અને સંવરનું આચરણ. આ બે મુખ્ય વાત છે.

**જિનશાસનનું મુષ્ટિજ્ઞાન**

આ તીર્થંકર મહારાજનું મુષ્ટિજ્ઞાન. આશ્રવ સર્વથા છોડવો સંવર સર્વથા આચરવો.

વિસ્તાર રૂપે-સામાન્ય કહેવા માત્રથી આશ્રવ છોડવો. પણ જીવ-કર્મ કઈ ચીજ ? આશ્રવ અને તેના કારણો કયા ? તે જાણવામાં ન આવે આશ્રવ છોડવો કઈ રીતે ?

### બિલ્લીને ગળે ઘંટ બાંધે કોણ ?

એક મકાનમાં બિલાડી દરરોજ આવતી હતી, તે ઉંદર મારી જતી. ઉંદરો બધા ભેગા થયા. ને વિચારવા લાગ્યા કે દરરોજ બિલાડી આવીને મારી જાય છે, માટે બચાવ કરવો જોઈએ. તેમાંથી કોઈએ કહ્યું કે આપણે શાથી માર ખાઈએ છીએ ? આપણને ચડવા-ઉતરવાની છૂટ છે તેને નથી. આપણે ગભરાઈ રહેવાના છે. આપણેય તાકાતવાળા છીએ તે તેનામાં નથી. પણ તે આવતી માલમ નથી પડતી, તેટલો જ વાંધો છે. માલમ પડે તેવું પગલું ભરો. આપણે કાબેલ છીએ લગીર અવાજ થાય એટલે આપણે જાણી શકીએ છીએ. માટે તેના ગળે એક ઘંટડી બાંધી દો. તે આવશે એટલે ઘંટડી ન વગાડે તો પણ વાગે, ઘંટડી વાગે ને આપણે સાવચેત થઇએ. બિલાડીના ગળે ઘંટડી બાંધીએ તો બચી જઈએ. પણ બાંધવી કઈ રીતે ? વિચારમાં આખી સભા વિખરાઈ ગઈ અને ચાલી ગઈ. ઘંટડી બાંધવાની રીત ન સૂઝી તેથી સભા ભાગી ગઈ.

### વચનારાધના વિના આશ્રવ સમજાય નહીં ?

તેમ આશ્રવ છોડવો તેમ કીધું. પણ આશ્રવ તેના કારણો, કર્મ-આત્મા એ કઇ ચીજ છે ? તે કેમ આવે ને રોકાય ? તે જાણીએ નહિ તો શું ? બિલાડીના ગળે ઘંટડી બાંધવાના જેવો વિચાર.

માટે નવે તત્ત્વોનો ઉપદેશ કરવો પડે નવતત્ત્વ, ઉપશમ, વિવેક સંવર જેવો છે. **ઉપદેશ તે વચન. તે વચનનું આરાધન તે ધર્મ.** તે ઉપદેશથી જરૂરથી પરીક્ષા કરાય દઢ સંવરનું ઉપાદાન પણું કઈ રીતે ? તે વચનને ઉત્તમ માનવામાં આવે છે. તેનું સ્વરૂપ કઈ રીતે સમજાવશે ? તે અગ્રે વર્તમાન :

## વ્યાખ્યા-૪

(સં. ૨૦૦૨ના ભાદરવા સુ. ૧૫, વાર બુધ તા. ૧૨-૯-૪૬)

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન હરિભદ્રસૂરિજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશમાં **ષોડશક પ્રકરણની** રચના કરતાં આગળ સૂચવી ગયા કે-

### પારિભાષિક શબ્દોની ઓળખાણ જરૂરી

આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડયા કરે છે. તે રખડતાં રખડતાં અનંતા પુદ્ગલ પરાવર્તો પસાર થઈ ગયાં. આ શબ્દ પ્રસિદ્ધ છે, પરંતુ તેનોખ્યાલ કરવો જોઈએ.

### પુદ્ગલ પરાવર્ત એટલે ?

અસંખ્યાતા વર્ષો થાય ત્યારે એક પલ્યોપમ, દશ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સાગરોપમ થાય, દશ ક્રોડાક્રોડ સાગરોપમે એક ઉત્સર્પિણી તેટલા જ સાગરોપમે એક અવસર્પિણી, એવી અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી જાય ત્યારે એક પુદ્ગલ પરાવર્ત થાય. તેવાં અનંત પુદ્ગલ પરાવર્તો જીવ રખડયો.

### અજ્ઞાનીઓની વિચિત્રતા

જેમ માંદાને લગીર ઉંનું આવે તો લોહી પડે, ઠંડું વાયુ કરે, પણ ન ગરમ કે ન ઠંડું સોહાય. તેમ જીવ જેઓ માર્ગમાં આવ્યા નથી તેવાને યથાસ્થિત નિરૂપણ સોહાતું નથી, તેમ વગર નિરૂપણનું વાકય સોહાતું નથી. કેમ ? જ્યારે ઉપરની વ્યાખ્યાનું નિરૂપણ કર્યું ત્યારે આ તો બધું કલ્પના કહી ઉભો રહે ને પૂછે ત્યારે આ જીવ ક્યારનો ? એવો પ્રશ્ન કરે.

## અનાદિકાળની આપણી દશા

જ્યાં એક પુદ્‌ગલ પરાવર્તે પેટમાં પીડ આવે. તેને સમજાવવો કઈ રીતે? તેવો માણસ પ્રશ્ન કરે! મહારાજ! જીવ કર્મ તે ક્યારના? બંધાયા ક્યારના? આ પ્રશ્નનો ઉત્તર સાંભળવાની તેવડ નથી. તે પ્રશ્ન શું જોઈને કરે છે?

ખરેખર એનો ઉત્તર એ છે કે-આ જીવ અનંતા પુદ્‌ગલ પરાવર્ત, પલ્યોપમ સાગરોપમ નહિ, પણ અનંતા પુદ્‌ગલ પરાવર્ત સુધી એકલા સૂક્ષ્મ નિગોદમાં રખડયો. જન્મ મરણ-જન્મ મરણ કર્યા. હું જીવું છું કે મરૂં છું? તેનું ભાન નથી. કર્મના ઉદયે ગતિમાં જવું જન્મ ધારણ કરવો અને આયુષ્ય પુરૂં થયે હાલ્યા જવું. આવી રીતે અનંતા પુદ્‌ગલ પરાવર્ત અવ્યવહાર રાશિમાં ગયા.

તેમાંથી વ્યવહારમાં પૃથ્વીકાયાદિમાં દાખલ થયો. ત્યારે દુનિયાના વ્યવહારમાં. અનંતા પુદ્‌ગલ પરાવર્ત દુનિયાના દેખાવમાં નહિ. બાદરમાં શરીરની પૃથક્તા દેખાય. પણ જીવની પૃથક્તા નહિ. બાદર નિગોદમાં આવો એમ કહી શકો, પણ પૃથ્વીકાયની માફક આ જીવ કહેવાય નહિ. કોઈપણ દિવસ અનંતકાયનું શરીર એક બે યાવત્ અસંખ્યાતા જીવોનું હોય નહિ પણ અનંતા જીવનું હોય.

## નિગોદસંબંધી કુતર્ક

જીવ વિચાર ગોખે તેમાં "**सव्वे सुहुमा-साहारणा य०**"બાઈ ઓને ઉલ્ટું અવળે રસ્તે ચડાવે-આ તું જેટલા કંદમૂળ કહે તે બધા સાધારણ ખરાને! તેનું આયુષ્ય કેટલું? તો અંતર્મુહૂર્ત ને? તે પણ જઘન્ય ને ઉત્કૃષ્ટથી. તેથી બધા મરી ગયા ને! બાઈઓ ભોળી તેથી સાચી માની લે. વગર મારે મરી ગયા, માટે આપોઆપ અચિત્ત થયા. બીજી વનસ્પતિને કાપે છેદે રાંધે ત્યારે અચિત્ત થાય ને? બાઈઓ જીવવિચાર ભણતી હોય આગળ-પાછળ સમજતી ન હોય તેથી વાત ખરી છે માની લે. પણ ગવારનો પાઠો કાપીને લાવીને દોરીએ લટકાવ્યો છે છતાં એને માટીની-પાણીની જરૂર રહેતી નથી.

હવામાં વધ્યોજ જાય છે. તેમ અનંતકાયના જીવો પહેલાં ઉપજે છે, સમયે-સમયે એક નિગોદનો અસંખ્યાતમો ભાગ મરે અને એક અસંખ્યાતમો ભાગ ઉપજે છે. તે મર્યાની વાત જણાવે પણ ઉપજવાની વાત ન જણાવે. અર્થો ભણે નહિ. તો અંતર્મુહૂર્તના આયુષ્યથી ગોટો વળે!

## નિગોદના કુતર્કનો ખુલાસો

જીવે અંતર્મુહૂર્ત ખરો આ ઉપજ્યો એ અંતર્મુહૂર્ત સુધી રહે પણ સમયે-સમયે દરેક નિગોદનો અસંખ્યાતમો ભાગ ઉપજે અને ચ્યવે છે તેનું શું? બધા ચ્યવી જાય તેવી શાસ્ત્રમાં કલ્પના નથી. બિચારા ગાથા ગોખે ને પથરો નાંખે ત્યારે બાઈઓ થાય ચૂપ! મા સમાધાન આપે નહિ તેથી કંદમૂળ ખાવામાં પેલાને વાંધો નહિ. એ ન સમજે કે અંતર્મુહૂર્ત એક વખત ઉપજવાનો બીજા નહિ ઉપજ્યા ને બધા ચ્યવી ગયા! તેનું પ્રમાણ શું આપે છે? કંઈ નહિ. મા પૂછતી નથી.

બાદર નિગોદમાં આ જીવ એમ આંગળી ચીંધી શકીએ નહિ. અનંતાનું શરીર હોય તેથી. "जेसिमणंताणं" અનંતાનું એક શરીર, ત્યારે જીવ આ એ આંગળી ચીંધવાનો વખત નહિ. આંગળીથી શરીર જીવ ચીંધાય ક્યાં? જીવ સૂક્ષ્મ પૃથ્વીકાયમાં છેવટે આવે તો ત્યાં આંગળી ચીંધી શકાય.

## અવ્યવહાર રાશિમાંથી નિકળ્યા શી રીતે?

આવી રીતે અનંત પુદ્ગલ પરાવર્ત કાલ અવ્યવહાર રાશિમાં રખડયો. અકામ નિર્જરાના યોગે બાદરમાં આવ્યો. જગતમાં દેખીએ કે ભવિતવ્યતા એ જુદી ચીજ છે. પાણીમાં વહીને બેભાન થઈને કાંઠે નીકળ્યો બગીચાનો પવન આવ્યો મૂર્છા ઉતરીને બચી ગયો. તેને વિચાર્યું હતું. કે આ જગો પર જઉં બગીચો છે ઠંડો પવન છે, મૂર્છા ઉતરશે. પાણી નીકળી જશે તેમાંથી કંઈ છે? તો ના. તો આ કોના આધારે તે બધું બની ગયું. કેવલ ભવિષ્યતાના યોગે.

## ભવિતવ્યતાની પ્રબળતા

આપણા ઉદ્યમનો અવકાશ ન હોય, ને કાર્ય જરૂર બને ત્યાં ભવિતવ્યાને આગળ કરાય. હું તમને પૂછું કે એ અવસ્થા ભરોસાલાયક ખરી? કોઈ પાણીમાં તણાયા, મૂર્છિત થયા, પાણી પી ગયા, કાંઠે ઉતરી ગયા અને હવા મળી મૂર્છા ઉતરી ગઈ, ને પોતાની મેળે ભાનવાળા થયા તેની ફીકર નહિ. આવા સેંકડો કેસો બને છે. લાખો હજારો કેસો બને છતાં તેના ભરોસે કોઈ દહાડો આપણે બેફીકર રહેતા નથી. કંઈકને સાપ કરડયાં ઝેર ઉતરી ગયા, ઝેર ખવાયા છતાં વમાવી દીધું ને સાજા થયા પણ તેથી બેફીકર રહ્યા?

તો આ અનંતકાય અવ્યવહાર રાશિમાંથી અનંતાએ એક નિકળતો નથી. તે દરવાજા તમારા માટે બંધ નથી. કોઈના માટે બંધ નથી. સિવાય કે બારમે ગુણઠાણે પહોંચી જાય. બારમે પહોંચ્યા સિવાય અનંતકાયના દરવાજા બંધ નહિ. ત્યાં સુધી ખુલ્લા.

## બારમા સુધી નિગોદના દરવાજા ખુલ્લા છે માટે સાવચેતીની જરૂર

માટે શાસ્ત્રકાર કહે છે કે અનંતકાયના દરવાજા ઉપશમશ્રેણિવાળા, ઉપશાંત મોહવાળા, ઋજુમતિવાળા, ચૌદપૂર્વી, આહારક લબ્ધિવાળાને પણ બંધ નથી. તેમને પણ ખુલ્લા છે. ચૌદ પૂર્વી વિગેરે કયારે નિગોદમાં પટકાય? તેનો પત્તો નહિ. તો આપણે કયા ભરોસામાં? કોટીધ્વજના કુંવારા ફરે ત્યાં પત્થરપતિને પાંચ કયાંથી મળવાની? ઋજુમતિ મનપર્યાયવાળા, આહારક શરીરવાળા, ચૌદ પૂર્વી, અગીયારમે ગુણઠાણે ચડેલા તેને માટે દરવાજા બંધ નહિ. તો તમો કયા ભરોસે ચાલો છો? નિષ્ફીકરપણે કઈ રીતે પગલું ભરો છો? તેનો અર્થ શો? કોટીધ્વજ કુંવારા ને પત્થરપતિને પાંચ? તેનો અર્થ શો? દુનિયામાં કોઈ દહાડો આ બને નહિ.

આવા પુરૂષો માટે દરવાજા બંધ નથી તો આપણે નહિ પટકાઈ પડીએ તેનો ભરોસો શો ? તે પટકાયા પછી આપણો આરો આવવો મુશ્કેલ છે. સમ્યકત્વ–ચારિત્ર પામીને ઋજુમતિ પામીને અગીયારમા ગુણઠાણા પામીને ઉતરી ગયો ને કામ પડે તો અર્ધ પુદ્ગલ પરાવર્ત સુધી રખડયા કરે છે. નથી તો બારણાં બંધ કે નથી ત્યાંથી છૂટકારો એકદમ !

## ઓઘો–મુહપત્તિ સારી એટલી મમતા પણ પાડે

દુનિયામાં રાજાને જેલ હોય. મોહ–મમતા તેમાં વધારે ન હોય પણ મારો ઓઘો સારો છે તે થયું, મારી મુહપત્તિ કેટલી ફક્કડ ? તે સિવાય બીજું કંઇ નહિ. તેમાં પડે. મ્હારો મનાય તેમાં મનુષ્ય પટકાય પણ છોડયામાં નથી પટકાતો. આરંભાદિ છોડયા તેથી પટકાવવાનું ન હોય. સારો ઓઘો મુહપત્તિ દાંડો તેમાં આંખના ડોળા ફાટયા એટલે ખલાસ. લાંબું કારણ નથી. પછી પગથીયું ચૂકયો તે પછી તે કયાં જઈને રહેશે ? તેનો પત્તો નહિ. નાની ચીજ લાગતી હોય તે પગથીયું તે ચૂકયો પછી પત્તો ન ખાય. તેવા નિગોદમાં હું જીવું કે જન્મ્યો–મર્યો તેમાંનું કશું નથી. કર્મના ઉદયે જન્મ મરણ કર્યા જાય પણ હું જન્મ્યો, જીવું છું, મારૂં મોત, તેના કારણો તે કંઇ નહિ.

## નિગોદ પછીની યોનિઓમાં ઉત્તરોત્તર પરિભ્રમણ કેવી રીતે ?

તેમાંથી પૃથ્વીકાયમાં આવે શરીર જુદું થાય, પણ જન્મ–મરણની દશા તેની તે. જીવન–મરણ તેના કારણોનો તેને ખ્યાલ નહિં. રખડતો રખડતો વિકલેન્દ્રિયમાં આવે ત્યારે હું જીવું છું. જીવું મરૂં નહિ. આ મરવાના કારણો તે બધો વિચાર આવે. તે કારણો દેખે તેટલું, આગળ પાછળ કંઈ નહિ, પણ સંજ્ઞી પંચેન્દ્રિય આવે ત્યારે મારે જીવવાના કારણો આ, માટે તેને મેળવું, મરણના કારણો કયા ? તેને નિવારવાનું, મરણ ન આવે તે બધો ખ્યાલ સંજ્ઞી પંચેન્દ્રિયને.

તેમાંથી મનુષ્યમાં આવ્યો તેમાં જન્મ-મરણ જીવવાના-મરણના કારણો સમજીને મેળવવા ને છોડવાના ઉપાયો જોવા લાગ્યો. પણ ધર્મ આ અક્ષરો તેના કાને ન પડયા. ત્રણ ત્રણ પલ્યોપમવાળા જીવો યુગલીયા થાય, દેવતાની માફક સુખ ભોગવે, પાતળા કષાયવાળા, પાતળા રાગ-દ્વેષવાળા હોય છતાં પણ તેને ધર્મના નામે ધબડકો ? અનાર્યમા ધર્મ એવી સંજ્ઞા નહિ.

## અનાર્ય એટલે ?

માટે **ભદ્રબાહુ સ્વામીએ** અનાર્યનું લક્ષણ કર્યું કે અનાર્ય કયો ગણવો ? **"તીર્થંકરો ચક્રીઓ વાસુદેવાદિની ઉત્પતિથી આર્ય ગણાય. બાકીના અનાર્ય ગણાય"** પણ જનસમુદાય ને અંગે આર્ય અને અનાર્ય કહેવા ? તે માટે કહ્યું કે **"જ્યાં ધર્મ એવા અક્ષરો સ્વપ્ને પણ ન હોય તે અનાર્ય સમુદાય ગણાય."** આ મનુષ્ય સમુદાયનું લક્ષણ. દેશ કે કાલને વ્યાપીને હોતું નથી. માટે મનુષ્યના સમુદાયને અંગે સ્વપ્ને ધર્મના અક્ષર ન હોય તેવું હોય તે ને જ્યાં રહેતું હોય તેને અનાર્ય કહો. ભાવી ધર્મની વાત પણ ભવિતવ્યત્વના યોગે આર્ય ક્ષેત્રમાં જન્મ્યા હોય તેવાને કાને પડે.

## ભૌતિકવાદી જીવનમાં ધર્મ ક્યાં ?

એવું પણ કયારેક બને કે-પાશ્ચાત્યની હવાથી જીંદગી સુધી જાણે ધર્મ શું ચીજ ? એ જાણવાની તક કદાપિ પણ ન મળે. અંગત વાત ન લેતા. તમારામાં બંગલાવાસી એટલે જંગલવાસી. જંગલવાસી એટલે પોતાના બાલબચ્ચાને જંગલી બનાવવાનો રસ્તો. ત્યાં મોજશોખ થાય. અહિં અમરચંદભાઈ બેઠા હોય તેમને લીલોતરી ખાવી હોય ને સંવચ્છરીનો દિવસ હોય તે દહાડે લાવે તો ખરા ? તો તેમને ધર્મમાં પ્રેરણા કરનાર નિકળે. ત્યારે બંગલામાં કોણ ? કોઇ નહિ. તેમાં કામ પડે તો અહિં જૈન મળે. ત્યારે ત્યાં મુસલમાન યાહુદી આદિ ધર્મવાળા આસપાસ હોય પછી છોકરા શામાં

રમે ? પારસી મુસલમાનમાં ને. છોકરાનો સ્વભાવ પાડોશીને પોતાનો ગણે તેથી તેની જોડે રમવાનો. તમારે ત્યાં ઘાટણો રાખો છો. તમારા છોકરા ને તેના છોકરા સાથે રમે છે. બંગલામાં કયાં ધર્મ અને ધર્મનું કાર્ય દેખવાના ? કયાંય ધર્મનું આલંબન થોડું ઘણું ખરૂં ! **આખા કુટુંબમાં જંગલીપણું વસાવવું અને બંગલામાં રહેવું બરોબર.**

તમને સહવાસ પુણ્યના ઉદયે મળે તે છોડવાનું મન થાય. સ્વચ્છતા વ્યવસ્થા કરી શકો તેમાં ના નથી કહેતું. આ જીવ આલંબન વશ છે. સહચારીના સંસ્કારવાળો છે, તે વખતે આલંબન તૂટે સહવાસ ખરાબ મળે ને સારા છૂટે તો પરિણામ શું ? બાઈ પણ સામાયિક વિગેરે ધીમે ધીમે ભુલી જાય. જ્યાં ધર્મ કે તેના સંસ્કાર રહેવા મુશ્કેલ તેવા વૃંદને **ભદ્રબાહુસ્વામી** અનાર્ય ગણે છે.

આપણે કોઇને અનાર્ય કહીએ તો આંખ લાલ થાય છે. પણ સ્વપ્નામાં ધર્મના સંસ્કાર આવે તેવી લાયકાતવાળા છો ? આવા સંસ્કારો નાંખ્યા ? સ્વપ્નામાં ધર્મજ આવે તે સિવાય કંઈ ન આવે, ધર્મ ખસે નહિં, ધર્મ શબ્દ એ પણ સ્વપ્નામાં ટકાવવો, જેને આ સ્વપ્નામાં પણ નથી તેવા અનાર્ય જનવૃંદ કહેવાય.

## ધર્મ એટલે ?

આ રીતે ધર્મ એવા અક્ષરો મુશ્કેલ છે. તો પછી સાચો ધર્મ કયાંથી હોય ? કેમ ? ધર્મ એ આપણા અનુભવની ચીજ નથી. આપણી ઇન્દ્રિયોથી જણાય, મનથી પરખાય તેવી ચીજ નથી. સ્પર્શ–રસ વિગેરે, સુખ–દુઃખ વિગેરે ઇન્દ્રિય અને મનથી જાણીએ. પણ ધર્મ મન કે ઈન્દ્રિય દ્વારા પરખાય જણાય તેવી ચીજ નથી. કેવલ શાસ્ત્રદ્વારા ધર્મ જણાય. કોઈ પણ ધર્મ હોય, પણ ધર્મ જાણવાની તાકાત આપણી ઇન્દ્રિયો અને મનની નહિ. લાંચ–રૂશ્વતમાં બેય રાજીપણે વર્તે છે. ભયંકર જુલમીપણા વગરસંકોચે વર્તે છે. નીતિના નામે સંકોચ હોય પણ જુલ્મીને સંકોચ કયો ?

સંકોચ હોય તો અધર્મ. સંકોચ ન હોય તો ધર્મ ગણવો તેમ નહિ. પણ ધર્મ ગણવો તે માત્ર શાસ્ત્રના આધારે. ફરક કેટલો? આપણે વચનના આધારે વકતાને માનીએ.

## ધર્મની વ્યાખ્યામાં પાયાની ચીજ શી?

જૈનો અને જૈનેતરોમાં ફરક છે. જૈનો વચનના આધારે વક્તાને માને છે. "**वचनविश्वासे पुरुषविश्वासः**" વચન અવ્યાબાધ હોય તો માનવાને તૈયાર છીએ. "**नमोऽस्तु तस्मै तव शासनाय.**" આપ જેવા વીતરાગ પરમાત્માના ખરેખર સ્વરૂપને અમે શાથી જાણીએ? નથી તમે અમને મળ્યા કે નથી અમે તમને મળ્યા, તેમજ તમે અમારા કુલ કે જાતિના નથી, છતાં તમને ઉત્તમ શાથી માનીએ? તો આ શાસ્ત્ર ઉત્તમ કહે છે માટે માનીએ છીએ. શાસ્ત્ર ઉત્તમ ન કહે તો માનવા તૈયાર નથી.

## ચાર સામાયિકના ક્રમની માર્મિકતા

તમારા જેવાના સ્વરૂપને શાસ્ત્રથી જાણતા હોઇએ તો શાસ્ત્રના સમ્યક્‌ને જાણીએ. શ્રુતસમકિત પહેલું આવે, પછી અસંખ્યત સાગરોપમે શ્રદ્ધા સમ્યકત્વ આવે. માટે ચૂર્ણિકાર ભગવાન કહે છે કે-નિશીથમાં શ્રુત, શ્રદ્ધા, દેશવિરતિ, સર્વવિરતિ સામાયિક એ ક્રમ દર્શાવ્યો છે.

શ્રુતનું સામાયિક જીવને પહેલું મળે, ત્યાર પછી અસંખ્યાતા સાગરોપમની સ્થિતિ તોડે ત્યારે સમ્યકત્વ સામાયિક મળે. શ્રુત સામાયિક દ્વારા દેવની, ગુરૂની, ધર્મની પ્રતીતિ થાય.

## જૈનેતરોમાં શ્રદ્ધામૂળક વિશ્વાસ છતાં પોકળ દશા કેમ?

ત્યારે બીજા લોકોને "પુરૂષ વિશ્વાસે વચનવિશ્વાસ" માનવો. ઈશ્વર ચાહે જેવો હોય તે નથી જોવું. પણ તેને કહ્યું માટે અમારે માનવું. વેદો, ગીતા, સ્મૃતિ, શ્રુતિ તેણે કહી માટે માનવી.

પણ તે કહેનાર કેવા હતા ? તેનું કંઈ નહિ ? બીજા લોકોએ શાસ્ત્રો જે માન્યા તે પુરૂષના વિશ્વાસે વચનવિશ્વાસ ગણીને માનેલા છે.

## જૈનોમાં વિવેકપૂર્વકની શ્રદ્ધા

ત્યારે જૈનો **વચનવિશ્વાસે પુરુષવિશ્વાસ** કરવાવાળા છે.

શાસ્ત્ર સાચું અવ્યાબાધ કલ્યાણકર હોવાથી તેને પ્રરૂપનાર દેખાડનારને તે પ્રમાણે વર્તવાનું તેને દેવ-ગુરૂ-ધર્મ તરીકે માનીએ છીએ. કલ્પનાથી શાસ્ત્ર ખોટું છે તેમ કહો તો દેવને માનવાનો રસ્તો કયો ? ગુરૂ અને ધર્મને માનવાનો રસ્તો કયો ? તો એકે નહિ. સુધારાવાદીને ન હોય તો તે વાત જુદી. સુધારાવાદીઓ આગમ જેવા શાસ્ત્રો જુઠાં અસિધ્ધ કહે ? કેમ ? તો તેમને ત્યાગ ગમતો નથી ! તે વાત જુદી.

## સ્વચ્છંદ પ્રવૃત્તિની અયોગ્યતા

તો દેવની માન્યતા પ્રમાણે તીર્થંકરના નામે કરવાવાળા પણ નરકમાં રખડયા. આ૦ **હરિભદ્રસૂરિજી** મહારાજ કહે છે કે " તીર્થંકરની ભક્તિ સ્વચ્છંદ રીતે કરનાર પણ સંસારમાં રખડયા." ચોક્ખા શબ્દોમાં આ વાત જણાવે છે–

" **આજ્ઞાથી નિરપેક્ષ શાસ્ત્ર નથી.** તેથી **શાસ્ત્રથી નિરપેક્ષ જે પ્રવૃત્તિ તે પોતાની બુદ્ધિની પ્રવૃત્તિ,** તેથી કેવલ સંસારની વૃધ્ધિ, તે તેનું ફલ. બીજી વાત દૂર રહી. તીર્થંકરને ઉદ્દેશીને કરે છતાં પણ ખરેખર પરમાર્થથી તેને ઉદ્દેશીને નથી."

## પોતાની પ્રધાનતા વિષે ડોશીનું દૃષ્ટાંત

એક ડોશી છે, ધણી મરી ગયો છે, લાખોની મિલકત છે, છોકરો માંદો પડયો, પેલી ડોશી ! ડોશીમાનું વૈદું કરાવે છે, પણ વૈદને ન લાવે, પાડોશી કહે ડોશી ! આટલુ બધું તારી પાસે છે, છતાં તું વૈદને નથી લાવતી. ત્યારે પેલી કહે કે–મારે નથી લઈ

જવું, બધું તેનું છે. પણ જીવે તો એનું છે. ને મરે તો એનું છે આ રીતે પેલી ડોશી કહે બધું એનું, પણ તેવું નથી.

## આજ્ઞા નિરપેક્ષ પ્રવૃત્તિ સારી છતાં અનુપાદેય

અહીં પણ શાસ્ત્રની નિરપેક્ષ આજ્ઞા બહાર હોય તો તીર્થંકરને માટે કરે તો પણ તત્ત્વથી તે તીર્થંકરને ઉદ્દેશીને ગણાય નહિ. આજ્ઞા નિરપેક્ષ હોવાથી તેની સઘળી પ્રવૃત્તિ સંસારનો વધારો કરનાર થાય. **દેવ-ગુરૂ-ધર્મ વચનનિરપેક્ષ માનીએ તો રખડીએ.** કેવલ જૈન જ આ સિધ્ધાંત માને. **ધર્મ-દેવ-ગુરૂને માનો તે શાસ્ત્રના આધારે.** શાસ્ત્રના કહેવાથી દેવ-ગુરૂ માનો પણ તે કેવા છે? તે જોવું નહિં એ સ્થિતિ લોકની, ત્યારે અહિં પહેલાં શાસ્ત્રની પરીક્ષા પછી દેવાદિને માનવાના, માટે હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું કે **વચનની આરાધના એ ધર્મ છે.** તેનો વિષય કયો? સ્વરૂપ કયું? આરાધના કઈ રીતે? તે જે જણાવશે. તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૫

૨૦૦૨ના ભા.વ.૧ વાર ગુરૂ તા. ૧૨-૯-૪૬

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે-

## પુદ્ગલ દૃષ્ટિ રખડપટ્ટીનું કારણ

આ સંસારમાં જીવે અનાદિ કાલથી રખડપટ્ટી કરતાં કરતાં પુદ્ગલના ગુણો ઉપર હંમેશાં મીટ માંડેલી છે. કોઈ ભવમાં

સ્પર્શ રસ ગંધ રૂપ શબ્દ ઉપર મીટવાળો હતો. જેમ હાથી આદિના ભવોમાં કેવલ સ્પર્શ ઉપર, માછલી વગેરેના ભવમાં રસ ઉપર, ભ્રમરાદિના ભવમાં ગંધ ઉપર, પતંગીયાદિના ભવમાં રૂપ ઉપર, મૃગઆદિના ભવોમાં શબ્દની મુખ્યતામાં મીટ માંડી. દેવ-મનુષ્યમાં પાંચે ઈન્દ્રિયોના પૌદ્ગલિક વિષયો તે સિવાય બીજું સાધ્ય જ નહતું.

## પૌદ્ગલિક પ્રેમની વ્યાપકતા

કોઈ પણ ભવ ગતિ કે જાતિ પુદ્ગલના સાધ્ય સિવાયની નથી. દરેક ભવ-ગતિમાં તેનું સાધ્ય રાખ્યું. જીવ ઇચ્છા-અભિલાલાષાને આધીન રહ્યો છે. હંમેશાં આહારાદિની સુંદર સ્પર્શની સારા શબ્દ રૂપ ગંધ ને તેવા પદાર્થોની અભિલાષા સતત રહી છે.

## "હું" પ્રતીતિ છતાં આત્માનો ખ્યાલ જ નથી

આવી રીતે આખા ભવચક્રમાં પોતે માત્ર પુદ્ગલ અને તેના સાધનો ઉપર જીવનો ગાળ્યા છે. કોઈપણ વખત આત્મા જે હંમેશનો નજર આગળ હતો, કોઈ પણ વખત આત્મા નજરથી દૂર થયેલો નહોતો. કારણ દરેક વખતે હું. કઈ ગતિમાં-કઈ જાતિમાં હું એવું નથી? તો દરેક ગતિ-જાતિની અવસ્થામાં હું એ તો નજર આગળ જ હતું. પણ હું કોણ? તે કોઈ દહાડો વિચાર જ આવ્યો નથી.

## વાસનાના વ્હેણમાં "હું" ભુલાઇ ગયું

સ્પર્શ કેમ મળે? રસ કેમ મળે? ગંધ કેમ મળે? રૂપ કેમ મળે? શબ્દ કેમ મળે? તેમજ તેના પદાર્થો કેમ મળે? તે બધા વિચારો કર્યા. પરંતુ પોતાની નજર આગળ રહેલો હંમેશાનો આત્મા! તેને અંગે તપાસ્યું જ નહિ. હું એ નજર આગળ હંમેશાં છે. એક ક્ષણ પણ એવો નથી કે હું ન હોય. હું જાઉં! બેસું! બોલું! કરૂં! તે બધામાં હું છે, પરંતુ હું જે એનો કર્ત્તા તેનો વિચાર જ કર્યો નહિ.

## આંખના દષ્ટાંતે "હું"ની વિસ્મૃતિનો ચિતાર

જેમ દુનિયામાં આંખ દ્વારા બધા કામો કર્યા પણ આંખ કેવી? તેનો વિચાર આવ્યો નહિ. આંખને માટે મેં આગળ જણાવ્યું છે કે-આંખ જગતમાં અભાગણી છે. કેમ? તો આખા જગતને જુએ પણ પોતાને ન જુએ! પોતામાં કણિયો પડયો હોય, લાલાશ-પીળાશ હોય તો પોતે ન જુએ! પણ બીજાથી જાણી શકે. બીજો દેખીને કહે ત્યારે. આંખ પોતાની સ્થિતિને જાણતી નથી. આખો જન્મ આંખના વ્યવહાર ઉપર ચાલે છે. આંખથી વ્યવહાર કરવો પણ આંખનો નહિ. તેમ આ જીવ હું નો વહેવાર હંમેશાં કરે છે. હું વગરનો વહેવાર કોઈ દહાડો નથી, છતાં હું નો વહેવાર કોઈ દહાડો જ નહિ. હું કોણ? તેનો વિચાર કર્યો? આત્મા છે, ઉત્પન્ન થયો છે? એ વિચાર કયારેય નહીં એટલે આપણું અજાણપણું શામાં રહ્યું? પોતાની જાતમાં ને?

## શ્રી આચારાંગ સૂત્રના નિર્દેશથી 'હું'ની વિચારણા

શાસ્ત્રકારે-હું કયાંથી આવ્યો? કયાં જવાનો? તે વાત પહેલી જણાવી. **શ્રીઆચારાંગ સૂત્રમાં** પહેલવહેલું સૂત્ર દિશાના અજાણપણામાં જણાવેલ છે. "**अत्थि मे आया उववाइए**" આ મારો આત્મા ઉત્પન્ન થાય છે કે નહિ, જન્મ ધારણ કરે છે કે નહિ તે ન રાખ્યું. માત્ર શંકાલાયક કઈ વાત? કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? તે માલમ નથી પડતું! માટે શંકામાં રહે છે.

## અજ્ઞાતવાદીનો ભયંકર પ્રજ્ઞાપરાધ

આત્મા છે, જન્મવાળો છે. અને ભાડુતી ઘરમાં ભાડુત તરીકે રહેલો છે. તે ત્રણ વાત સિધ્ધ છે. માટે તેને અંગે અજાણપણું ન હોય. પણ અજ્ઞાનવાદી જેઓ શ્રવણના અધિકારી નથી. જેઓ જીવ પુણ્ય-પાપ, આશ્રવ-નિર્જરા-મોક્ષ નથી, તેવું માનનારા તેને શ્રવણનો અધિકાર નથી. અજ્ઞાનવાદી જેઓને જાણવાની જરૂર નથી

તેઓને જ્ઞાન એ ઝેર જેવું લાગે છે. જાણે તે તાણે ને ભોળાના ભગવાન. તેને માનનારા આ વાકયનો અર્થ અજ્ઞાનવાદીમાં જાય. જાણે તેને પંચાત! ન જાણે તેને કંઇ નહિ. આ વાત અજ્ઞાનવાદીમાં છે, પણ અહીં નથી.

## અજ્ઞાનવાદીનો વિચિત્ર કુતર્ક

જ્ઞાન તે રાગ–દ્વેષનું કારણ. દુનિયામાં કર્મબંધનું કારણ શું? તો દરેક આસ્તિકને કહેવું પડે કે–રાગ–દ્વેષની પરિણતિ કર્મબંધ કરાવે છે. નીતિકારે કહ્યું છે કે– "**वीतराग जन्मादर्शनात्**" વીતરાગને જન્મ હોતો નથી. જે વીતરાગ ન હોય તેને જન્મ હોય. જન્મનો વીતરાગ કોઈ નહિ. જેઓ અવતારમાંથી ઈશ્વર માનનારા અવતાર થાય ત્યારે આઠે કર્મવાળા માનીએ. ત્યાં વીતરાગ દશા નથી માનતા. જે કંઇ ભવમાં જન્મો ધારણ કરવા ને જે કર્મ બંધાય તે બધું રાગ–દ્વેષને લીધે.

## અજ્ઞાનવાદીના તર્કની પોકળ દશા

આ વાત સર્વ સંમત લઈને રાગ–દ્વેષથી કર્મ બંધાય તે સર્વ આસ્તિકોએ માન્યા. કોઈ એમ માનવા તૈયાર નહિ થાય કે રાગ હોય ને દ્વેષ હોય તો પણ કર્મ ન બાંધે. પણ રાગ–દ્વેષ તે કર્મના બંધના કારણ છે તે બધાને માન્ય. તે બે કર્મબંધના કારણ તો આ વાતને અજ્ઞાનવાદી પલટાવે છે. રાગ–દ્વેષની જડ જ્ઞાન જ છે. હંમેશાં કુતરાને ઝેર દેવાય, પણ દેખાવમાં બરફી રાખવી પડે. તેમ જે વિરોધીઓ, નિહ્નવો, કુમતીઓ, શાસ્ત્રવિરુદ્ધ બોલનારા તે શાસ્ત્રના વાકયને પકડીને તેને અવળું કરે. આ ધ્યાન રાખો!

## અજ્ઞાનવાદીની વિચિત્ર દલીલ

અજ્ઞાનવાદીનો એક જણ આવ્યો પૂછવા લાગ્યો કે કર્મબંધનું કારણ શું? બે સ્થાનકે કર્મ બંધાય, વધે જ ભય એકઠું થાય,

ઉદીરણા-ઉદય થાય, નવા બાંધવાનું થાય. કયા? રાગ ને દ્વેષ? તે બે સ્થાનક. તે કર્મ બંધ-ઉદયના સ્થાનક તે વાત શાસ્ત્રકારે કહેલી તે વાત પુદ્‌ગલની અપેક્ષાએ, જે વિભાવ પરિણતિ તેને અંગે થતો રાગ ને દ્વેષ જે કર્મબંધના કારણ તરીકે ગણાવીને છોડવા લાયક ગણાવ્યા. તેને અવળી રીતે પકડીને તે વાત તમારે કબુલ જ ને કે કર્મબંધ ઉદય વિગેરેનું મૂળ કારણ રાગ-દ્વેષ! તો હવે કહું છું કે રાગ-દ્વેષનું કારણ જ્ઞાન. એક પદાર્થને ઈષ્ટ જાણે, અનિષ્ટ જાણે, રોકનાર-નાશ કરનાર હોય તે જાણે ત્યારે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય.

## બાળકના ઉદાહરણની વિચિત્ર રજુઆત

નાનું બચ્ચું સાપ અને વીંછી ઉપર દ્વેષવાળું નથી. હીરાના મોતીના ઢગલા ઉપર બેસાડો તો તેને કંઈ નહિ. સાપ-વીંછીને પકડવા જાય. જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી પ્રીતિ-અપ્રીતિ નથી. પણ સમજણ થયા પછી પ્રીતિ-અપ્રીતિ થાય. એટલે કહો હવે પ્રીતિ એટલે રાગ અપ્રીતિ એટલે દ્વેષ. એટલે **રાગદ્વેષનું મોટું કારણ હોય તો સમજણ.** મળ્યું કે ન મળ્યું હોય તેના ઉપર પ્રીતિ-અપ્રીતિનું ધોરણ રહેતું નથી. મળેલીમાં પ્રીતિ ન મળેલીમાં ન થાય તે નહિ. ન મળેલીની આકાંક્ષા થાય.

પ્રીતિથી મળેલી ઉપર અપ્રીતિ થાય. મળ્યા માત્રથી રાગ થાય ન મળ્યા માત્રથી દ્વેષ થાય તે નિયમ નથી. પણ બુધ્ધિથી રાગ-દ્વેષ થાય છે. જે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય. તે બુદ્ધિથી.

## વ્યાકરણના અપાદાન કારકની અવળી રજુઆત

વળી બુદ્ધિના સંબંધને લઈને વ્યાકરણકારોને અપાદાનનો ભેદ જુદો માનવો પડયો. જ્યાંથી જુદા પડે તેનું નામ અપાદાન. જુદા પાડવામાં જે અવધિ હોય તેને અંગે સંજ્ઞા પડી. તે માટે જણાવે કે **धर्मान्मा प्रमदः** ધર્મથી પ્રમાદ ન કરો! ત્યાં ધર્મ થયો છે ને પ્રમાદ કરે છે? કે ધર્મ નથી થયેલો ને પ્રમાદ કરે છે? થયેલાથી

છુટો પડે છે કે નહિ થયેલાથી છુટો પડે છે? અપાદાનથી નહિ થયેલો છુટો છે. થયેલો ધર્મ છે નહિ, ધર્મ છે તેને પ્રમાદનો નિષેધ કરો છો? કે ધર્મ નથી તેને પ્રમાદનો નિષેધ કરો છો?

## મહાવ્રતોની અજ્ઞાનવાદીની વિચિત્ર વ્યાખ્યા

**हिंसाया विरमणं**–હિંસાથી વિરમે. ત્યાં હિંસા કરવાથી વિરમે એમ ન કહેતાં હિંસાથી વિરમે કહ્યું. હિંસામાં જોડાયો હોય તેને વિરમવું પડે. "**मृषावादात् विरमणं**" મૃષાવાદથી છુટા પડવાનું જણાયું મૃષાવાદ હતું કયાં? જે બાલપણથી જુઠું બોલતો નથી તેને મૃષાવાદ ન લાગે. અહીં જીવની હિંસા કરતા ન હોતા, જુઠું બોલતા ન હોતા તેનાથી વિરમવાનું શું? ચોરી, રંડીબાજી, મમત્વ વિગેરે ન કરતા હોય તો વિરમવાનું શું? વિરમવાના આ બધા પચ્ચક્ખાણ ખોટા? આમ બીજો બોલે છે. "તેને પાછું જણાવ્યું કે પંચેન્દ્રિય ચઉરિન્દ્રિય આદિની હિંસા કરતો હોય તેનાથી જુઠું બોલતો હોય તેને બંધ કરવાનું, આ કોને કહેવાય તો તે હિંસા જુઠ, ચોરી, રંડીબાજી, મમત્વ કરતો હોય તેને કહેવાય કે ન કરીશ. જે કરતો હોય તેનાથી જુદા પડવાનું હોય."

## અજ્ઞાનવાદીના તર્કોનો ખુલાસો

આવી રીતે જેઓ કહેતા હતા. તેને શાસ્ત્રકાર કહે છે કે એકલું મલ્યા અંગે પ્રીતિ આદિનું વિચારવાનું હોતું નથી. મળેલામાં જેટલો વિચાર તેના કરતા ન મળેલામાં વિચારનો પાર નહિ. તૃષ્ણા કોની? તો નહિ મળેલાની. પ્રસંગ કોનો ચાલુ? તો કોઈ વખતનો? કોઈ વખત! તે શા માટે? માટે પ્રીતિ એકલી મળેલામાં છે કે અપ્રીતિ એકલા મળેલામાં રહે છે! તેમ નથી. ચોર આવે ત્યારે ચોરથી ડર લાગે તેમ નથી. પણ તે ન આવ્યો. હોય તો પણ તેના ડરથી તાળાં મારો છો. મળેલાને ભય પ્રીતિ હોય. અપ્રીતિ હોય તેવો નિયમ નહિ.

## રાગ-દ્વેષનું કારણ જ્ઞાન નહીં, મમતા છે

કોને અંગે ભય-પ્રીતિ-અપ્રીતિ? મનમાં ધારેલાને અંગે. ધારેલાને અંગે પ્રીતિ-અપ્રીતિ-ભય છે. સુખ-રતિ-અરતિ છે! ધાર્યા સિવાય ભય-શોક, પ્રીતિ-અપ્રીતિ થતી નથી. બુદ્ધિપૂર્વક ધારણા કરેલી છે. બુદ્ધિપૂર્વક મનથી જે સંબંધ ધાર્યો તેનાથી ખસી જવું તેનું નામ અપાદાન છે. ધર્મ બુદ્ધિથી વિચાર્યો કે-આનું નામ કર્મ. આવી રીતે કાર્ય થ.ય. તે મને મલે તેવા વિચારવાળાને હું ધર્મથી વિખૂટો પડું છું માટે પ્રમાદ ન કરું એમ સંભવી શકે? चौरेभ्यः त्रायेत વળાવો જોડે આવ્યો હોય તે ચોરથી રખોપું કરે પણ ચોર આવ્યા ન હોય તો રખોપુ કઈ રીતે? વાટ રસ્તો તેવો છે કયારે લુંટાઈ જઈએ? તેનો નિયમ નહિ, વગર ચોરે ચોરથી રક્ષણ કર્યું તેમ કહી શકીએ? બુધ્ધિથી અપ્રાપ્ત તેમ મમતા તેના કારણે પચ્ચકખાણ છે

## પચ્ચ૦ શા માટે છે?

મળેલી-નહિ મળેલીના કારણો બંધ કરવા માટે પચ્ચકખાણ. **હિંસા જુઠ ચોરી પહેલાં ન કરતો હોય ને અત્યારે પણ ન કરતો હોય તોપણ ભવિષ્યમાં પ્રસંગ આવે તો મ્હારે ન કરવા તેને માટે પચ્ચકખાણ.** ભૂતકાળમાં થયું હોય તેના પચ્ચકખાણ તેમ નહિ. પણ ભવિષ્યમાં થવાનું હોય તેનું પણ પચ્ચકખાણ.

## અજ્ઞાનવાદીના મતની આલોચના

આ ઉપરથી એક વાત નક્કી થઇ કે ભૂતકાળ, વર્તમાન ને ભવિષ્ય, ત્રણે કાલ ઈચ્છાની પ્રવૃત્તિ તે રાગ છે ને તે કર્મ બંધાવનારી છે. ને ત્રણે કાળમાં જે અપ્રીતિ તે દ્વેષનું કારણ છે ને તે કર્મ બંધાવનાર છે. તે ત્રણે કાળને અંગે પ્રીતિ-અપ્રીતિ કોને હોય? જે સમજે તેને! સમજનાર ન હોય તેને ત્રણે કાલનો

વિચાર નથી. તને પ્રીતિ અપ્રીતિ કઈ? જ્યારે પ્રીતિ અપ્રીતિ થાય ત્યારે કહો છો રાગ-દ્વેષ તે કર્મબંધના કારણ. માટે સમજણ લેવી નહિ. આ અજ્ઞાનવાદીનો મત.

## અજ્ઞાનવાદીના મતનો મર્મ

વાત બધી સીધી કરીને નિચોડમાં લાવીને કયાં મુકયું? વાંકાબોલો આખી રકમ સાંભળીને વાંકું બોલે? તેમ સાચું સાંભળીને આને વાટી નાંખ્યું. આનું બધું કારણ તો સમજણને? ત્રણે કાલના કારણો રાગ-દ્વેષ થાય કર્મ બંધ અને ઉદય થાય તે ભોગવવા તે સમજણથીને? તે માટે સમજણ ન જોઈએ. આ રીતે અજ્ઞાન-વાદીનો મુદ્દો છે.

## અજ્ઞાનવાદીનું એકાંગીપણું

કશી સમજણ લેવીજ નહિ. રાજી થઈએ નારાજ થઈએ રાગ-દ્વેષ થાય તેથી કર્મબંધ થાય સમજણથી. માટે સમજણ ન લીધી હોય તો કંઈ નહિ. પેલો મોર નાટક કરે દેખાવમાં સારો લાગે પણ આખી પુંઠ ઉઘાડી થાય તેનું ભાન નહિ. આને પણ દુનિયાની સમજણ દૂર છે તેમ કહે પણ તેને પુછીએ કે તું બોલ્યો સમજણથી કે અણસમજણથી? સંસાર ખરાબ રાગ-દ્વેષથી કર્મ બંધ તેનાથી સંસાર. સમજણથી બોલ્યો છતાં સમજણ ન લેવી તેનો અર્થ શો?

## અજ્ઞાનવાદીના તર્કમાં પરસ્પર વિરોધ

કોઈને પુછીએ કે તારૂં નામ શું? તો હું મુંગો છું, તેવું કહેનારને જુઠો ઠરાવવામાં મહેનત કરવી પડે તેમ ખરી? તે પોતાની મેળે પોતે જુઠો ઠરેલો છે. મુંગો છું તે કયાં રહ્યું? ચોકખું મોઢે બોલે છે. પછી તારૂં મુંગાપણું માને કોણ?

જેને એકલો શબ્દ સાંભળવો હોય ને પદાર્થ ન સમજવો હોય તે કહે કે–તે બિચારો કહે છે કે–હું મુંગો છું. તે કહીને કોણ

ચાલે તો અક્કલ વગરનો હોય તે પણ અક્કલવાળો તે સાંભળીને ન ચાલે ? કેમ તો તે તેના વચને જુઠો સાબીત થયેલો છે. તેમ તું તારા વચનથી સમજણુ કામની છે તેમ સાબીત કરી છે. સમજણુથી રાગ-દ્વેષ થાય, કર્મબંધ થાય, સંસાર વધે છે, તે સમજણુથી કે અણુસમજણુથી કહેવું ? તો કહેવું પડે કે સમજણુથી.

## સમજણુનો જેવો ઉપયોગ તેવું ફળ

વગર સમજણે જડ પદાર્થ બોલે છે. તેનામાં જ્ઞાન નથી. તારે સમજણુ છે તેનાથી તું બોલે છે, પાછો કહે છે કે સમજણુ ન જોઈએ. સમજણુ જ નકામી. એ તો વાત ખરી, તેં સમજણુ નકામી શાથી ગણી ? તો રાગ દ્વેષના કારણુ ને ? રાગ-દ્વેષના કારણુભૂત સમજણુ હોય તો તે કમબંધનું કારણુ ? ને રાગ-દ્વેષના કારણુભૂત સમજણુ ન હોય તો તેને તું શું કહે છે ? મિથ્યાત્વ અવિરતિ અજ્ઞાનને દૂર કરવું તેમાં કયા પદાર્થને ખસેડવો પડે છે ? સમ્યકદર્શન જ્ઞાન ચારિત્ર મેળવવું તે કયો બહારનો પદાર્થ હતો ? કે પ્રીતિ ઈચ્છા કરવાની અહિં બહારના પદાર્થો નથી પણુ અંદરના છે. તેને પ્રગટ કરવા ને મિથ્યાત્વાદિ અંદર વસેલા છે તેને ખસેડવા છે, તે સમજણુ રાગ-દ્વેષ કરનારી કે કર્મબંધનું કારણુ કયાં હતી ? જે સંવર-નિર્જરા-મોક્ષનું કારણુ તેને સમજણુના નામે કર્મબંધમાં નાંખી દે.

## મતાગ્રહથી સત્ય વાતની પણુ વિકૃત રજુઆતનો ચિતાર

જેમ આ અજ્ઞાનીઓ સંવર-નિર્જરા-મોક્ષના કારણોને પણુ અજ્ઞાનના જોરે કર્મબંધના કારણુમાં નાંખી દે. તેમ જે જે મતો નિકલ્યા છે તે બધા મતોને અંગે દેખો તો એજ મોટી ખોડ આવે. આશ્રવને સંવરમાં ! સંવરને આશ્રવમાં ! બંધને નિર્જરામાં ! નિર્જરાને બંધમાં નાખી દે. જે આત્માના ગુણો અને દોષો તેમાં દોષો દૂર કરવા ને ગુણો મેળવવા તેમાં સમજણુ તે

રાગ-દ્વેષને ઉત્પન્ન કરનારી કે કર્મબંધનું કારણ નથી. આશ્રવ-બંધના કારણો અવ્યાબાધ રાખવા છે; સંવર-નિર્જરાના કારણો બંધ કરવાં છે. બે વઢતા હોય તેમાંથી એકનો હાથ પકડીએ બીજો છૂટો મારે તો તે છોડાવવા ગયેલા કહેવાઈએ! તેમ ધર્મના કારણો છોડવા માટે સમજણની જરૂર નથી એમ કરે છે, પણ આશ્રવ, બંધના કાર્યોમાં તો સમજણ વગર જરૂરી મનાય છે.

## અજ્ઞાનવાદથી સન્માર્ગમાં રૂકાવટ

નાનું છોકરૂં ગરમીથી રૂએ, ચુંટી ભરે તો રોવું તે કોણે કહ્યું હતું? તે તો તેને સ્વાભાવિક છે. **સુખનો સંતોષ દુઃખની અપ્રીતિ તે સ્વભાવિક છે.** આશ્રવ અને બંધના કારણ અનાદિથી રહેલા છે. સમજણથી સંવર-નિર્જરા-મોક્ષ મેળવવા હતા તેમાં તું આડો આવ્યો!

## અનાદિકાલીન પ્રવૃત્તિમાં અજ્ઞાનવાદથી વધારો

પ્રવૃત્તિ તો આશ્રવ-બંધની ઘાંચીના બળદ જેવી ચાલુ છે. સંવરની પ્રવૃત્તિ કરતો હતો તેને રોકી દીધો. એકને બાથમાં ઘાલીને માર ખવડાવ્યો. ધર્મ માર્ગે ચાલનારને સમજણ નકામી ગણાવી ને સંવર-નિર્જરાના કારણ બંધ કરાવ્યા. સંવર-નિર્જરા કરતો હતો તેને રોકી દીધો. આશ્રવ-બંધના કારણો ચાલ્યા કરે. તે અજ્ઞાનીની સ્થિતિ હું મુંગો છું તેના જેવી છે.

## અજ્ઞાન વ્યાવહારિક નથી-વ્યવહાર જ્ઞાનથી જ ચાલે છે

આ અજ્ઞાનવાદીનું કહેવું છે કે—સમજણ હોય ત્યાં ભય-પ્રીતિ-અપ્રીતિ થાય, તેથી રાગ-દ્વેષ થાય તેથી કર્મબંધ થાય ને સંસારમાં રખડવું પડે. તેને પુછીએ કે-તું સમજણથી બોલે છે કે અણસમજણથી? અજ્ઞાનવાદી અજ્ઞાન સારૂં છે સમજણ નકામી છે!

તે કહે તે સમજીને કે વગર સમજીને ? સમજવાવાળો સમજીને, બોલવાવાળો કહે કે બીજાના ફાયદા માટે બોલું છું. એને તો આ જીવ જન્મ લે છે કે નથી લેતો. પરભવમાંથી આવે છે કે નથી આવતો, પરભવમાં જશે કે નહિ જશે ? તેનો તેને વિચાર કરવાનો રહેતો નથી

## અજ્ઞાનવાદીના ઉપલક્ષણથી બીજા વિચાર

અક્રિયાવાદી જે આત્માને માનતો નથી. આત્મા છે કે નહિ ? ઉત્પન્ન થવાવાળો છે કે નહિ તેનો પત્તો નથી. તેમને માટે **સુધર્માસ્વામીજીએ આચારાંગમાં** પહેલું સૂત્ર તે માત્ર ક્રિયાવાદીની અપેક્ષાએ છે પણ અક્રિયાવાદી અજ્ઞાનવાદી વિનયવાદી તેની અપેક્ષાએ નહિ. પોતાનું ધારેલું કરે તે વિનયવાદી તેમણે લાયક નહિ. શ્રોતાને લાયક ન હોય તેથી બેસે નહિ. બેસે તો તેને સભાસદ ગણવા નહિ. ઉપદેશને અંગે દરકાર કોની ? તો ક્રિયાવાદીની ! જીવ છે, કર્મ છે, જીવન ચાલે છે, મરીને બીજે જાય છે, તેમ માને !

## શ્રી આચારાંગ સૂત્રના अन्यतर શબ્દનું રહસ્ય

કઇ દિશાએથી આવ્યો, ને કઈ દિશાએ જઈશ ? જ્યારે કહ્યું કે-પૂર્વ દિશાથી, પશ્ચિમ દિશાથી, ઉત્તર દિશાથી, દક્ષિણ દિશાથી, ઉર્ધ્વ દિશાથી કે અધો દિશાથી આવ્યો ? આ ચોફખું કહી દીધું. પછી **અન્યતર** શબ્દ કેમ કહ્યો ? દિશાના, વિદિશાના નામ લીધા પછી **અન્યતર**માં રહ્યું કોણ ? વાત ખરી ? ચારે દિશા, દશે દિશા સાક્ષાત્ કહેવામાં આવી પછી **અન્યતર**માં કોઈ રહેતી નથી. કોને ? તો ઋજુ ગતિવાળાને. ઋજુગતિએ આવેલા અને જવાવાળા માટે. પણ વક્ર ગતિથી આવ્યા હોય તેને એક દિશાનો નિયમ ક્યાંથી રહે ? તે તો તીર્છા ચાલે, ઉર્ધ્વ ચાલે, તેને દિશા-વિદિશાનો નિયમ રહેતો નથી.

## પ્રાસંગિક રીતે વક્રગતિનો વિચાર

વક્રગતિની જરૂર શી પડી. તેને માટે ચૌદ રાજલોકની સ્થિતિ વિચારો! મધ્યથી નિકળ્યો સીધો અલોક તેમાં ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય નહિ માટે લોકમાં આવીને જવું પડે. ત્રસનાડી વચમાં છે માટે ત્યાં ગતિ કરવી પડે. સાત રાજ ઉંચે સાત રાજ નીચેની સત્તા નથી માટે ત્રસનાડીએ આવવું પડે. ત્રસનાડીમાં આવે ને ત્યાં જવું પડે તેને અલોક ન નડે કોઈ દહાડો. વચલો જે ભાગ લીધો તેમાં જતાં અલોક નડે નહિ. વિદિશામાંથી દિશામાં ત્યાંથી ત્રસનાડીમાં જ્યાં ઉપજવાનું હોય ત્યાં જાય.

## અન્યતર શબ્દથી ક્રિયાવાદીનું મહત્ત્વ

આવી રીતે પાંચ સમયની ગતિમાં ચાર વક્રગતિ થાય. વક્રગતિ હોય ત્યારે એકલા ઉર્ધ્વ અધો વિગેરે દિશાનો નિયમ ન રહે, માટે અન્યતરદિશાથી કહેવું પડયું. આ બધું જણાવવા માટે દશે દિશા લીધી હતી છતાં વક્રગતિ માટે **અન્યતર** લખવી પડી. જેઓ ક્રિયાવાદી આત્મા કર્મ–જન્મ માનનારા છે તે બધાને જાણવાનું નથી કે–આત્મા સંસારી જન્મ પામ્યો છું. તે વાત ખરી! પણ ક્યાંથી આવ્યો ક્યાં જઈશ? તે ક્રિયાવાદીને ભાન નથી. તેથી તે સમજાવવું કોને? તો ક્રિયાવાદીને! જીવાદિકને માનનારાને આ સમજાવાય.

## "હું"ને ઓળખવા શાસ્ત્રવચનની જરૂર

દરેક ક્રિયામાં હું છું તે સમજીએ છીએ. હું ની પ્રતીતિ ક્રિયાવાદીને જીભપર રહેલી છે. હું એટલે કોણ? અનાદિ કાલથી કરતો ચાલ્યો છતાં હું નો કોયડો ખુલ્યો નહિ. જેમ આંખને માટે પોતાને એક ક્ષણ જોવાનો નથી. તેમ આ આત્માને એક જન્મમાં દરેક ક્ષણ હું હું કર્યે જાય છે પણ તેનો કોયડો ખોલવા તૈયાર થયો નથી. પરંતુ આંખ પોતાને જુવે તો આરિસે. નિર્મલ આરિસો

હોય તો આંખ જ પોતાને જુએ કે લાલ છે, પીળી છે, ... છે કે કેમ? તેમ અહિં આગળ હું નો કોયડો ઉકેલવા માટે આરિસો જિનેશ્વરના વચનો. તે સિવાય બીજો આરિસો નથી. માટે વચનની આરાધનાથી ધર્મ છે, તે જણાયા છતાં વચન કેવું? તેનું સ્વરૂપ શું? તેના વિષયો કયાં? અધિકાર અગ્રે વર્તમાન!!!

## વ્યાખ્યાન-૬

(સં. ૨૦૦૨ના ભાદરવા વદ ૨, વાર શુક્ર તા. ૧૩-૯-૪૬)

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ** ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણ રચના કરતાં આગળ સૂચવી ગયા કે-

### જીવને જન્મ-મરણ શી રીતે?

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી જન્મ-મરણ કર્યા કરે છે. તે જન્મ-મરણ કરવાનું નથી તો પોતાને ગમતું, પોતે લીધું નથી, બીજાએ એના માથે લાદ્યું છે. દુનિયામાં પોતાની મેળે કાં તો બીજાની બાંહ્યધારી નીચે અથવા સત્તા જુલમથી કરવાનું હોય.

### જન્મ-મરણ અણસમજથી

હવે આ જીવે અનાદિ કાળથી જન્મ-મરણ કર્યા તે પોતાની મરજીથી, બીજાની સત્તાથી કે બાંહ્યધરીથી કર્યાં શાથી? પૂ. આ. હરિભદ્રસૂરીજીએ ખુલાસો કર્યો કે અનાદિ કાલથી તે

જન્મ-મરણના સમજતો નહોતો. અનંતા કાલ સુધી સૂક્ષ્મ નિગોદમાં જીવ તેમના જન્મ મરણ કેમ થાય છે? તેનું ભાન નહોતું. જીવને ભાન ન હોય તે કરવા તૈયાર થાય નહિ. આ જીવને જન્મવું મરવું તે કઈ ચીજ? તેનો કંઇ ખ્યાલ નહોતો. સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં કે બાદર પ્રત્યેક વનસ્પતિમાં, પણ બીજાએ એના માથે નાંખ્યા.

## સૃષ્ટિવાદીઓએ ઇશ્વરના માથે જવાબદારી નાંખી

સૃષ્ટિવાદીઓ ઈશ્વરના માથે નાંખે. કારણ કે તેને સર્જનહાર પરમેશ્વર માનવા છે. અનાદિથી જીવને નિગોદમાં રખડાવનાર, જન્મ-જરા-મરણના અરઘટ્ટમાં પાડનાર પરમેશ્વર, અજ્ઞાનના કીચડમાં, કષાયના પાતાલમાં, સંયોગ-વિયોગના કચરામાં આને ભમાડયો કોણે? તો ઈશ્વરે. જ્યારે ઈશ્વરને સૃષ્ટિના સર્જનહાર માનીએ એટલે સૃષ્ટિનું સર્જન કયાં? અને કેવી રીતે? જીવ તો અનાદિનો માનવો પડે માટે સૃષ્ટિની અનાદિથી શરૂઆત. અનંતા જન્મો-મરણો કરાવ્યા! અનાદિકાલથી એકેન્દ્રિયપણામાં બાંધી રાખ્યો? કોણે? પરમેશ્વરે!

## હકીકતમાં ઇશ્વરની આવી કલ્પના વ્યાજબી નથી

હવે વિચારો-ઈશ્વરને શું કારણ બન્યું કે તેને નિગોદમાંથી કાઢયો? અમુકને રાખ્યા અને અમુકને કાઢયા તેનું કારણ? નિગોદમાં રહેલાએ શું બગાડયું? બહાર આવેલો મન વચન કાયાથી બગાડનાર હોય? **જેની સૂક્ષ્મ (નિગોદની) કાયા કોઇથી બગડે નહિ, તે કોઇનું બગાડે નહિ.**

સામાન્ય દાખલો લો-અજવાળું અને કાચ. જેમ અજવાળાને કાચ નડતો નથી તેમ કાચને અજવાળું નડતું નથી. તેમ સૂક્ષ્મ નિગોદમાં જીવો એટલા બારીક કે તે કોઈને નડતાં નથી. ને તેને કોઈ નડતા નથી. તો પછી તેનો શો અપરાધ? કે તેને ત્યાંને ત્યાં

ગોંધી રાખ્યો. પૃથ્વિકાયાદિ બનાવ્યા. પૃથ્વીકાય એટલે શું ? દુનિયાના ગુલામ કરતાં ખરાબ.

## ઇશ્વરની સૃષ્ટિ માનવામાં વિવિધ દોષો

ગુલામને શેઠ જીવાડીને ખ્યાલ થાય. એનો ઉપયોગ કરે તો તેને જીવતો રાખીને. પૃથ્વીકાયાદિને કેવા બનાવ્યા ? તો દરેક પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય ઉપયોગ કરતો તે તેના મોતને હિસાબે ! તેના જીવનના રક્ષણપૂર્વક તો નહિ. પૃથ્વીકાયાદિ પાંચ બનાવ્યા કેવા ? જેના જીવનના ઉપભોગે જીવવાનું પૃથ્વીકાયાદિના જીવનનો નાશ. દ્વારાએ એનો ઉપયોગ કરાય. જેનો ઉપયોગ નાશ દ્વારાએ જીગત્ કરે તેવી સ્થિતિમાં જીવને મેલ્યા. આ સર્જનહારે તેનું કશું બાકી રાખ્યું ?

આમ અનાદિ કાલથી આપણી અજ્ઞાનતા મૂર્ખતાનો લાભ લીધો. અનંતા પુદ્ગલ પરાવર્તો સુધી રખડાવ્યા, તેમાંથી બહાર કાઢયા. પણ જીવોનો કોળીઓ કરવા તૈયાર થયા. પંખીને પોષનાર મનુષ્યો જીવાતને જાણીને ઉત્પન્ન કરે. શા માટે ? તો તેને પોષવા માટે. તેમ આ સર્જનહારે મનુષ્યને જાનવરના જીવનકે માટે આ ભોગ દેવાવાળા જીવનો તૈયાર કર્યા. તે સ્થિતિમાં જીવોને રાખ્યા. બાંધીને ફાંસીના લાકડે લઇ જવાવાળો મનુષ્ય ફાંસીના લાકડે લટકનારનો કેટલો હિતકારી ? તેમ આ સૃષ્ટિનો સર્જનહાર તે આપણને પૃથ્વીકાયાદિમાં ફેરવે અને રાખે તે શું ? દુનિયાના શિકાર માટે ઉભા કરે ને શિકારવાળાને આપે તે દશાએ મૂકયા.

તેમાંથી આગળ વધ્યા. જે વખતે ઘાતકી જાનવર જંગલી જાનવર થાય તે કર્યા કોને ? તો સૃષ્ટિના સર્જનહારે.

આવી સૃષ્ટિના સર્જનહારની દશા!!! આ જગતમાં ચારે ગતિનું ભ્રમણ તે સૃષ્ટિના સર્જનહારને માથે નાંખવાની બેઅદબી જૈનો કોઈ દહાડો કરે નહિ.

## કારણ વગર કાર્ય ન થાય પણ કર્તા વગર તો થાય !

કારણ વગર કાર્ય થાય નહિ. કર્તા વગર કાર્યો થાય. મકાન ચણવું, આપણા હાથમાં પણ જુનું થઇ કાંકરી ખરવી તે આપણા હાથમાં? તો ના. ચણાવવું આપણા હાથમાં પણ પડવું તે આપણા હાથની વાત નહિ. પણ કાર્યને કારણ હોવું જોઈએ તે નક્કી.

## कार्य कर्त्रायत्तनो નો પરમાર્થ

ન્યાયકારોએ પણ કહ્યું છે કે–"कार्य हि कर्त्रायत्तं" કાર્ય તે કર્તાને આધીન. નીતિકારોએ માન્યું કે–"कारणात्तं हि कार्य" કાર્ય તે કારણને આધીન તે કબૂલ ! કારણ મળે તો કર્તાની ઇચ્છા હોય કે ન હોય પણ કાર્ય થવાનું. ન્યાય શાસ્ત્રના હિસાબે લઈએ તો–કાર્ય પ્રત્યે ચિકીર્ષા કારણ માની. જેટલા કાર્ય તે બધા પ્રત્યે કરનારની ઈચ્છા તે કારણ છે. ચિકીર્ષા વગર એકે કાર્ય વૈશેષિકોએ માન્યું નહિ. જૈનોએ માન્યું કે–કારણ વગરનું એકે કાર્ય નહિ. તેથી માન્યું કે–ચિકીર્ષા હોય કે ન હોય પણ કારણ મળે તો કાર્ય થાય.

આ વાત આગળ વધારીએ–

જો ચિકીર્ષાથી કાર્ય થતું હોય તો જગતમાં પ્રાપ્ત દુઃખ–મરણ દરિદ્ર કંઈ રહે નહિ. આની ઇચ્છા કોને છે ? છતાં તે થાય છે કે નહિ! એને દરિદ્ર રોગી થવાની ઈચ્છા છે તે કહી શકો છો ? તો ના! પછી જગતમાં પાપ–અજ્ઞાન–દુઃખ ને મરણ કેમ થાય છે?

## ચિકીર્ષા પણ કારણ ક્યારે ?

કાર્ય માત્ર પ્રત્યે ચિકીર્ષા કારણ હોય તો કાર્ય માત્ર પ્રત્યે કારણ તે ખરેખર વસ્તુ છે. કારણ મળે એટલે કાર્ય થાય. કાર્ય માત્ર કારણને આધીન. તે કારણ કયા ? કાર્ય એવી ચીજ બીજા કારણો હોય તો પણ તે તેનું કારણ ગણાય નહિ. ઘડો એ કાર્યને કારણ

તરીકે તાંતણાં ને માટી. છતાં કારણ તરીકે ઘડાને અંગે માટી જ આવે. પરંતુ કારણ જે તે ઘડાનું કારણ નહિ. અન્યનું કારણ તે કારણ નહિ. માટે કારણને આધીન કાર્ય. બીજાનું કારણે તે તેનું કારણ ન બનેલું હોય. તે જૈન શાસ્ત્રનો, ન્યાયકારોનો નીતિકારોનો નિયમ છે.

## હકીકતમાં કાર્ય ક્યારે થાય?

ઊંડાણમાં ઉતરીએ જૈન શાસ્ત્રના આધારે પહેલાં કાર્યની ઇચ્છા હોય. તે ઇચ્છા હોય ત્યાં સુધી ન થાય. ઇચ્છા ગયા પછી થાય. જેમ મોક્ષની ઈચ્છા ક્યાંથી? પહેલે ગુણઠાણેથી. સમકિતથી ઇચ્છા ખરી! તે જકારવાળી. મોક્ષ પણ મળે તે ઈચ્છા ક્યાં? મિથ્યાત્વ ગુણ-ઠાણેથી. માટે તેને શુકલપાક્ષિક ચરમાવર્તવાળો કહીએ છીએ. મોક્ષની ઇચ્છા પણ કેવી? જે કે જૈનશાસ્ત્રમાં જણાવેલો જે મોક્ષ તેની ઇચ્છા નહિ કે માંકડું દબાણમાંથી છૂટવા માંગે તેવી અહિં નહિ.

## શુકલ પાક્ષિકની વ્યાખ્યા

અવ્યાબાધ સ્વરૂપ જે મોક્ષ આત્માની સંપૂર્ણ શુદ્ધિવાળો સર્વકાળ માટે સ્થાયી તેવા મોક્ષની ઇચ્છા થાય એટલે શાસ્ત્રકાર કહે છે કે એક પુદ્ગલ પરાવર્તનથી વધારે રખડે નહિ.

કેટલાક કહે છે કે–એમ નહિ પણ અર્ધ પુદ્ગલે, તેનાથી કેટલાક તેથી ન્યૂન કહે છે.

## શુકલ પાક્ષિકનું સ્વરૂપ

શુકલપાક્ષિકમાં બે મત. એક મત એક પુદ્ગલ પરાવર્ત હોય તો શુકલપાક્ષિક. જેને અર્ધ પુદ્ગલમાં ન્યૂન સંસાર બાકી રહ્યો હોય તેનું નામ શુકલપાક્ષિક. વધારે હોય તો કૃષ્ણપાક્ષિક. તો બેયમાં સાચું કોણ? વાત ખરી? અવસ્થાનું તારતમ્ય લઈએ તેથી

વિચાર કરીએ તો આ બેમાં વિરોધ દેખવાનું કારણ નથી. જે આ સમાધાન કર્યું તે કોઇ પણ જગો પર લખ્યું નથી, બુદ્ધિથી સમજવાનું.

પહેલ વહેલો શુક્લપાક્ષિક બને ત્યારે તે વખતે તેને એક પુદ્‌ગલથી અધિક સંસાર ન હોય. તેની ઈચ્છામાં મોક્ષ છે માટે, હવે તે ઈચ્છામાં વધ્યો કે મોક્ષજ જોઈએ એટલે તેનાથી પહેલાનો ભાગ લઈએ. ઇચ્છા થાય ત્યાં સુધી મોક્ષ જ જોઈએ. તેની વચમાં વખત જવાનો એટલો જકારના વખતથી પહેલાનો ભાગ છે. શુક્લપાક્ષિક તેમાં ટાઈમ કેટલો ? તો અર્ધ પુદ્‌ગલપરાવર્ત જ્યાં અર્ધપુદ્‌ગલપરાવર્ત ન્યૂન છે તો તેની થોડા પહેલાં હોય તેમાં વાંધો નહિ. પણના છેડા ઉપર અર્ધ પુદ્‌ગલ પરાવર્ત હોય તેમાં અડચણ વિચારનારને વાંધો લાગશે નહિ.

## શુક્લપાક્ષિક અને સમ્યક્ત્વમાં ઘણું અંતર છતાં નજીવું

આ જગો પર શંકા થશે કે સમ્યક્ત્વ અને તેમાં ફરક શો ? તો કંઇ નહિ. ક્રોડ અને લાખની રાશી વચ્ચે ફરક કેટલો ? એમ પુછે તો કહે કે એક પાઇનો! નવાણું લાખ નવાણું હજાર નવસો નવાણું રૂપિયા પંદર આના ત્રણ પૈસા અને બે પાઇ હોય ત્યાં સુધી કઈ રાશિ તો લાખની! પણ પાઇ ઉમેરીએ કો ક્રોડની રાશિ. મોક્ષપણ મળે તેમની ઈચ્છામાં અને મોક્ષ જ મળે તેમની ઈચ્છામાં આંતરૂં કેટલું ? તો થોડું હોય. માટે અર્ધ પુદ્‌ગલપરાવર્ત કહેવામાં વાંધો નથી. તેમાં અનંતા જન્મો છે. ગુણમાં ફરક શો ? કાલ પ્રમાણમાં (મોક્ષ મેળવવાના) સમકિત અને શુક્લપાક્ષિક ને થોડો ફરક. ગુણની અપેક્ષાએ એ ફરક. શુક્લપાક્ષિક એ જેમાં વિચાર ન હોય મોક્ષ કે મોક્ષ મલવાનો એવો પણ કેવલી દૃષ્ટિએ અર્ધ પુદ્‌ગલવાળો ન્યૂન હોય તો તે શુક્લપાક્ષિક થઈ ચૂકયો.

## શુકલપાક્ષિકપણું યથાર્થ મોક્ષનું બીજ

મરૂદેવામાતા કેવલીની દૃષ્ટિએ અર્ધ પુદ્ગલપરાવર્તમાં શુકલ-પાક્ષિક થઈ ચૂકયા હતા. અર્ધ પુદ્ગલપરાવર્ત તે સમકિત પ્રાપ્તિને અંગે. મોક્ષની ઇચ્છાવાળાને અર્ધ પુદ્ગલપરાવર્ત. જે કાળે મોક્ષ થવાનો હોય તેનાથી એક પુદ્ગલ પરાવર્ત પહેલાં ચાલ્યા. અર્ધ પુદ્ગલ બાકી રહ્યા. અત્યારે કંઇ નથી. દૃઢ પ્રહારીએ ક્રૂર કર્મ કર્યું તેને પ્રજ્ઞાપનીય ભાષાએ શું કહીએ? બિચારો અનંતો કાલ રખડી જશે. એ જવા દો!–પ્રદેશી રાજાને ઉદ્દેશીને શાસ્ત્રકારે કઈ પ્રરૂપણા કરી? અધર્મી–અધર્મી ખ્યાતિ થઈ. બીજા શબ્દો કહ્યા ખરા? કેમ તો તેના ગુણો ને વર્તન ઉપર. ગુણની અપેક્ષાએ અધર્મી આચાર શીલવાળો કહેવાય, તેમ ગુણની અપેક્ષાએ સમકિતવાળો ગણાય. પણ જે સમકિત ગુણ પામ્યો ન હોય પણ જ્ઞાનની દૃષ્ટિએ જાણ્યું હોય કે અર્ધ પુદ્ગલમાં જવાનો છે તો તે શુકલપાક્ષિક ગણાય. શુકલપાક્ષિકપણું ભવિષ્યના મોક્ષના આધારે, સમ્યકત્વને અંગે જે મોક્ષ તેના પ્રભાવને અંગે.

## શ્રદ્ધાની જરૂરિયાત

માટે શાસ્ત્રકાર જગતને ફાયદો કયો કહે છે–શ્રદ્ધા હોય તો સંભળાવવું, શ્રદ્ધા ન હોય તો સંભળાવવું શા કામનું? આ જે સ્થિતિ જગતમાં હતી કે માને તેને કહીએ, ન માને તેને કહીને શું કરીએ. તેમ અન્યધર્મવાળાએ શ્રદ્ધા હોય તેને સંભળાવવું તે અહિં નથી.

## શ્રદ્ધા માટે શ્રવણ જરૂરી

શાસ્ત્રકાર કહે છે કે-તેને શ્રદ્ધા કયાંથી થશે? શ્રદ્ધાનું બીજ શ્રાવણ છે, તે શ્રદ્ધા પહેલાં આવવું જોઈએ. મિથ્યાત્વ જશે કયાંથી? શ્રદ્ધા એમ ને એમ આવવાની ખરી? શ્રદ્ધા એ કંઈ ભટકતી બાઈ નથી. બહેકેલી કે ભડભડતી ખાઈ હોય તો જ્યાં ત્યાં પેસી જાય

**તેવી નથી પણ શ્રાવણથી આવશે. માટે શ્રાવણ કરાવવું. સાંભળવાનો કે ધર્મનો આદર હોય કે ન હોય. શ્રદ્ધાવાન હોય કે ન હોય, સમકિતવળો હોય કે મિથ્યાત્વી હોય તો પણ ગીતાર્થે યોગ્ય રીતે સંભળાવવું. તૈયાર થયો હોય કે ન થયો હોય સાંભળવાને રાજી હોય કે ન હોય તો પણ મર્યાદાનુસાર સંભળાવવું.**

**જિનવચન શ્રવણની રૂચિ પણ મહત્વની છે**

કોઇ ભવિતવ્યતાના યોગે જેને એક પુદ્ગલ પરાવર્ત રખડવાનું બાકી હશે, તેને જિનવચન સાંભળવાનું મન થશે ને રુચશે. એ રુચ્યું એટલે સમજવું કે એક પુદ્ગલ પરાવર્તથી વધારે નથી. વચનતું સાંભળવું કે સમજવું તે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણું, આર્યક્ષેત્ર ઉત્તમ કુલ, જાતિ હોય તો જ મળે છે. પણ શાસ્ત્રકાર કહે છે કે–બધી સામગ્રી નકામી. કાગળ વાંચવામાં અજવાળું ઉપયોગી પણ તે વાંચે કોણ? મનુષ્ય કે અજવાળું? પણ મુખ્ય કારણ આંખો તેનાથી મનુષ્ય ઉકેલે છે. તેમ અહિં આગળ મનુષ્યપણું વિગેરે મળે તે બધું અજવાળા જેવું. વાંચવામાં અજવાળું જેટલું કારણગત તેટલુંજ આ કારગત. જેમ ઉકેલવામાં મનુષ્યનું મુખ્યપણું.

**ચરમાવર્તની પ્રધાનતા**

ત્યારે શાસ્ત્રકાર કહે છે કે–ધર્મ સાંભળી રુચિ થવી તે છેલ્લા પુદ્ગલ પરાવર્ત સિવાય થાય જ નહિ. કાલથી–છેલ્લા પુદ્ગલ પરાવર્ત રૂપી કાલથી તે બને છે. પુણ્ય વિગેરે કારણો છે, પણ મુખ્ય કારણ કાળ છે. જો આ જીવનો ભવિતવ્યતાએ છેલ્લો–ચરમાવર્ત હશે તો તેની રુચિ શ્રદ્ધા થશે. ગુણઠાણાની દષ્ટિએ અપુનર્બંધક–ફેર સીતેરનો બંધ નથી તેને રુચિ થાય. પૂ. આ. હરિભદ્રસૂરિજી એ નજરમાં ઉતરીને આગળ વધે છે. ઘીનું કારણ

સીધું માખણ છે. તેમાં ના નહિ. દહીં-દુધને કારણ માનીએ ઘીનું કારણ માનવામાં વાંધો નહિ. તેમ અર્ધ પુદ્ગલ પરાવર્ત તો તે ખરેખર ધર્મની લાયકાતવાળું સ્થાન છતાં સકૃત્ બંધક હોય તો તે પણ લાયક થાય એવા ઉત્કૃષ્ટ બંધ કરનારાને પણ લાયક ગણીએ.

ભવસ્થિતિનો પરિપાક જ્યારે સંસારની અલ્પ સ્થિતિ થઈ હોય તો ધર્મના અક્ષરો રુચે. શ્રદ્ધા આગળ અપુનર્બંધક હોય તેને જિનેશ્વરના વચન પરિણમવાના. કદાચ આગળ જઈ એ-એક વખત ફરી બાંધવાનો હોય તેને પણ જિનેશ્વરના વચન રુચવાના. સકૃત કે અપુનર્બંધક સમકિત પામ્યો ત્યાર પછી મોક્ષની ઈચ્છા ચાલુ છે.

## મોક્ષની ઈચ્છા કાલાંતરે જવાનીજ !

કોઈ પણ અતીત વર્તમાનમાં કોઈ ક્ષેત્ર ભવિષ્ય કાલમાં કોઈ ક્ષેત્રમાં કોઇ જીવ સકૃત કે અપુનર્બંધક શુકલપાક્ષિકપણામાં મોક્ષે ગયો નથી. જતો નથી અને જશે નહિ. બારમા ગુણઠાણા સુધી તે ઇચ્છા રહે છતાં તેરમે ગુણઠાણે મોક્ષે ગયો નથી. જતો નથી ને જશે નહિ. ચૌદમે આવશે ત્યારે મોક્ષે જશે. જ્યારે આ સ્થિતિ ઈચ્છા હતી ત્યાં સુધી મોક્ષ ન થયો. બારમા ગુણઠાણા સુધી ઈચ્છા ચાલી, તેરમા ગુણઠાણે ઈચ્છા નહિ તો પણ મોક્ષ નહિ. ઇચ્છા નથી પણ ઈચ્છાની જડ છે મન. જે ઈચ્છાવાળું તેની જડ ઉખડે ત્યારે કાર્ય થાય. કાર્ય ચૌદમે. પણ તે પહેલાં ઈચ્છા રહેવાની, મનોયોગ રહેવાનો, તે બન્ને ઉખડી જાય ત્યારે મોક્ષ. ઈચ્છાએ ન થયો ને વગર ઈચ્છાએ થયો. ઇચ્છા કારણ નથી. જે બતાવનાર તે કારણ. "**कार्यं कारणायत्तं**" કાર્ય કારણ ને આધીન. કારણ મળે તો વગર ઈચ્છાએ કાર્ય થાય.

અહિં શુકલપાક્ષિક ચરમાવર્તથી ઇચ્છા હતી છતાં કારણો એકઠા નહોતા પણ ચૌદમે ઈચ્છા નથી છતાં સર્વ સંવર-નિર્જરા

કારણ મલ્યાં તેથી સર્વ મોક્ષ થયો. કારણ મળે તો કાર્ય આપોઆપ થાય. તેમ જગતમાં ઈચ્છાને આધીન કાર્ય થતું હોય તો પાપ–દરિદ્ર હોત જ નહિ. ઈચ્છા ન હોય કારણો મળે કાર્ય થાય. ઈચ્છા હોય ને કારણો ન મળે તો કાર્ય ન થાય માટે કાર્ય કારણ ને આધીન છે, નહિ કે ઇચ્છાને આધીન. આ જીવે અનાદિથી જન્મ મરણ કર્યા તે કોઈની પરાધીનતાથી કે ઇચ્છાથી નથી કર્યા. તો કર્યા શાથી ? કેવલ કર્મબંધનથી. કર્મ આ જીવ વિષય–કષાયના આવેશમાં તેની વિરતિ નહિ કરવામાં બાંધે છે.

## જૈન અને જૈનેતરોની પાપની માન્યતા ભેદ

જૈન અને જૈનેતરમાં આ મોટો ફરક. જૈનો પાપ કરવામાં પાપ માને છે ને પાપને બંધ ન કરવામાં પણ પાપ માને છે. બીજાઓ પાપ કરવામાં પાપ માને છે. જૈનો તે માન્યતાવાળા નથી. પાપ કરે તો પાપ છે, પણ પાપ ન કરે છતાં પાપની પ્રતિજ્ઞા ન કરે તો પણ માને છે. અવ્રતને પાપ માન્યું તો તે નિગોદથી બધે કર્મના દ્વાર ખુલ્લા. પાપ એ પ્રતિજ્ઞામાં ન હોય તો કર્મ બંધાય તેવી શ્રદ્ધા કયાં ? મનુષ્યપણું પામ્યા, ધર્મ પામ્યા છતાં ઉંડો ઉતર્યો ન હોય તો શ્રદ્ધાવાળા થવું મુશ્કેલ. અવ્રતના વિકારો અનાદિથી છે માટે ત્યાં કર્મબંધ થવાનું. આ બધું કયારે મનાય તો એક સર્વજ્ઞ ભગવાનના વચનને કબુલ કરીએ તો આ બધું માનવાનું બને. મિથ્યાત્વ–અવિરતિ–કષાય આદિના પચ્ચકખાણ ન કરવાથી પાપ બંધાય છે. તે જિનેશ્વર ભગવંતના વચનથી જાણી શકીએ માટે જિન વચનની મહત્તા સિદ્ધસેન હરિભદ્રસૂરિજીએ ગણી. માટે વચનની આરાધનાથી ધર્મ છે. તેનું સ્વરૂપ વિષય વિગેરે જે જણાવાશે તે અધિકાર અગ્રે વર્તમાન.

# સાધુઓનું સંઘમાં સ્થાન

જૈનજનતામાં શ્રીસંઘ શબ્દ એટલો બધો પ્રસિદ્ધ છે કે તે શબ્દને નહિ જાણનાર સૂર્યને નહિં જાણનાર જેવો ગણાય, પણ સંઘશબ્દના અર્થને સમજવામાં ઘણા લોકો અણુસમજ ધરાવે છે.

શ્રીસંઘને ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ નમસ્કાર કરે છે, એ વાત સકલજૈનસમૂહમાં પ્રસિદ્ધ છે. પરંતુ સુજ્ઞોએ સમજવું જોઇએ કે ભગવાન્ જિનેશ્વર મહારાજા **णमो संघस्स** એવું કોઇ દિવસ બોલતાજ નથી, ભગવાન્ તો દરેક સમવસરણમાં વિરાજતાં ધર્મદેશનાની આદિમાં **णमो तित्थस्स** એમ કહે છે, એટલે તેઓ તીર્થને નમસ્કાર કરે છે.

તીર્થ શબ્દનો અર્થ પ્રથમ નંબરે પ્રથમ ગણધર મહારાજા છે. અને બીજે નંબરે શ્રીચતુર્વિધ સંઘ છે, તેમાં પ્રથમ ગણધર મહારાજા તો સ્વતંત્ર તીર્થ તરીકે છે, પણ શ્રી ચતુર્વિધ સંઘ સ્વયં તીર્થના અર્થ તરીકે નથી.

પરંતુ તીર્થ શબ્દનો સીધો અર્થ પ્રવચન છે અને પ્રવચનનો અર્થ દ્વાદશાંગી છે અને તે દ્વાદશાંગી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રીચતુર્વિધ સંઘને આધારે છે માટે આધેય જે દ્વાદશાંગી તેના નમસ્કારથી આધાર જે શ્રીચતુર્વિધ સંઘ તે નમસ્કાર કરવા લાયક ગણાયો છે.

રત્નને ધારણ કરનાર સોનું કે હરકોઈ ધાતુ હોય ત્યાં રત્નની કિંમત થાય જ છે. તેમ દ્વાદશાંગીના મહિમાને લીધે શ્રીસંઘનો મહિમા થાય છે.

દ્વાદશાંગીના મુખ્ય અધિકાર **दुवालसंगं अहिज्जमाणेहिं** એવા શ્રી ઉપાસકદશાંગ આદિના વચનથી સાધુઓજ છે માટે શ્રીસંઘમાં સાધુઓજ અગ્રપદે છે તેથી સાધુ ભગવંતો હોય ત્યારેજ શ્રીસંઘ કહેવાય.

—શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫ અં. ૧૩

# સાચી ધાર્મિકતા

તમારા સંતાનોનું ઐહિક ભલું ચાહો છો, એમને પૈસાનો સારો વારસો મળે, એમને દરિદ્રતાનો અનુભવ ન કરવો પડે એ માટે તમે ફીકર રાખો છો, તેજ પ્રમાણે ધર્મનું મહત્વ સમજવાના કારણે એમનું પરલોકનું પણ ભલું ઈચ્છો છો, તમે ચાહો છો કે તમારો પુત્ર અધર્મિઓની પંક્તિમાં જઈ ન બેસે, તમે એ ફીકર રાખો છો કે તમારા પુત્રમાં સમકિતનો અભાવ ન રહે, તમે ઇચ્છો છો કે તમારો પુત્ર પાપાચરણને સેવનારો અને ઉત્પથગામી ન થાય, તમે ચાહો છો કે તમારા સંતાનો દેવ, દહેરા, અને ગુરુના ઉપાસક બને, તેમ તમારા પુત્રને નવકારમંત્રનું ઉચ્ચારણ કરતો કે સામાયિક, પ્રતિક્રમણનું પાલન કરતો જોઈને આનંદ પામો છો.

પરંતુ આ બધાની પાછળ પણ અમુક પ્રસંગે તમારી હઠવૃત્તિ કે ‘મારી ખીલી ન ખસે એવી વૃત્તિને’ તમે વેગળી રાખી શકતા નથી !

તમારા પુત્રને ધાર્મિક બનાવવાની ભાવનાનું તમારૂં ક્ષેત્ર ઘણું સંકુચિત છે. એ ક્ષેત્રની મર્યાદાનું ઉલ્લંઘન થતું જોઈ તમે વિહ્વળ બની જાઓ છો. મારો પુત્ર અતિધાર્મિક ન બની જાય એ ભાવના તમારા હૃદયમાં જરૂર વસેલીજ હોય છે; અને એ ભાવના જ્યાં સુધી દૂર ન થાય, તમારા સંતાનની ધાર્મિક વૃત્તિની ઉન્નતિના ક્ષેત્રને તમે થાય તેટલું વિશાળ થવા ન દો; ત્યાં સુધી તમારે સમજવું કે સંસારની અસારતા અને ધર્મના ખરા મહત્વને તમે બરાબર સમજી નથી શક્યા !

પોતાના પુત્રની ધનવૃત્તિનું ક્ષેત્ર બહુ જ ટુંકું રહે એમ કદી કોઈપણ પિતાએ વાંછ્યું છે ખરૂં ? ધન માટે આપણે મર્યાદાને અનિષ્ટ ગણીએ છીએ અને ધર્મ માટે ખોટી મર્યાદા ઉભી કરીએ છીએ ? કેવો ઉલટો ન્યાય ? ખરી રીતે તો પાપ પોષણથી પેદા કરાતા ધન માટેજ મર્યાદા બાંધવી જોઈએ. નહિં કે અનેક પાપથી મુક્ત કરનાર ધર્મની ?

સમજો કે તમારા પુત્રમાં તમે પહેલાંથી જ ધર્મના સંસ્કારનું બીજ આરોપણ કર્યું ? એ પુત્રનો જીવ ઉત્તમ પ્રકારનો હોવાના કારણે રસાળ જમીનમાં વાવેલ બીજની માફક, એનામાં એ ધાર્મિક-વૃત્તિ અનેક રીતે ખીલી ઉઠી. એને પ્રસંગ આવ્યે ધર્મનું સાચું મહત્વ સમજાયું અને સાથે સાથે આ સંસારની કુટુંબ કરવા કરતાં આત્મપોષણ કરવાનો માર્ગ વધારે ઉપયોગી, વધારે હિતકારક અને વધારે સરળ લાગ્યો; એનું મન આ સંસાર ઉપરથી ઉઠીને આત્મોદ્ધારના પંથે વળગ્યું ? એ દીક્ષા લેવા તૈયાર થયો ?

ભલા! તમે એ તમારા પુત્રની આત્મોદ્ધારની યાત્રામાં મદદ કરવા તૈયાર થશો ? અરે મદદ કરવી તો દૂર રહી, ઉલટું તમે એવા જ બધા પ્રયત્નો કરશો કે જેથી સંસાર ઉપરથી ઉઠી ગયેલું મન પાછું સંસાર ઉપર ચોંટે ? ત્યારે કહો કે **તમે સાચા ધાર્મિક ખરા કે ?**

મહાનુભાવો ! જરા તમારા હૃદય ઉપર હાથ રાખીને જવાબ આપો કે એક વૈરાગીને સંસારી બનાવતી વખતે તમારી ધર્મવૃત્તિ અને તમારૂં સમકિત ક્યાં ગયાં? કહો કે હજી તમને સાચો ધર્મરંગ લાગ્યો નથી.

**સાચો ધાર્મિક માણસ તો પોતાના સંતાનને કે બીજા ગમે તે માણસને વૈરાગ્યરસમાં લીન થતો જોઈને આનંદ જ પામે !** પોતાના પુત્રને કેદખાનામાંથી મુક્ત થતો જોઈને કયો પિતા આનંદ ન પામે ?

---

# શ્વેતાંબર જૈન આગમો અને દિગંબર આચાર્યો

વર્તમાનકાલના દિગમ્બર ભાઈઓ અને આજથી પહેલાં થોડા વખત ઉપર થયેલા દિગમ્બર ભાઈઓ શ્વેતાંબર સમાજમાં અવિચ્છિન્નપણે મનાતાં જૈન આગમોને જૈન આગમો તરીકે માનવાની

ના પાડે છે; એટલું જ નહિ પરંતુ જે દશવૈકાલિક વગેરે સૂત્રોનો ઉલ્લેખ તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધ ટીકા, રાજવાર્તિક ટીકા વગેરેમાં કરવામાં આવેલ છે અને જે સૂત્રો પ્રમાણમાં ઘણાં નાનાં છે છતાં તેવા શ્વેતાંબર જૈન આગમોને પણ વચલા કાળના અને વર્તમાન કાળના દિગંબર ભાઈઓ ના પાડે છે પરંતુ ઘણા પ્રાચીનકાળ તરફ દૃષ્ટિ કરવાથી સુજ્ઞ મનુષ્યોને એ વાત સ્હેજે માલૂમ પડશે કે તે પ્રાચીનકાળના દિગમ્બર ભાઈઓ શ્વેતાંબર સમાજે માનેલા જૈન આગમોને માનતા હતા. જો એમ ન હોય તો ષટ્ખંડાગમનાં ધવલા નામની ટીકાને કરનારા વીરસેન આચાર્ય નીચે જણાવેલું વાક્ય પ્રમાણિક તરીકે જણાવત નહિ.

" अक्खरस्स अणंतभावो णिच्चुग्घाडिओत्ति सुत्तवादाणुकूलत्तणादो "

જેવી રીતે વીરસેન આચાર્યે આ પ્રમાણથી શ્રીનંદિસૂત્ર કે જેની અંદર આ ઉપર જણાવેલું વાક્ય છે અને બીજા કોઈ પણ દિગંબર ગ્રંથમાં આ 'અનુકુલ'વાળું વાક્ય છે જ નહિ, એટલે તેઓશ્રીએ શ્વેતાંબર સમાજે માનેલા શ્રી નંદીસૂત્ર નામના જૈન આગમને પ્રમાણ માનેલું છે. તેવી જ રીતે તેઓએ પ્રથમ સમ્યકત્વ ઉત્પાદમાં નૈસર્ગિક નામના સમ્યકત્વની ઉત્પત્તિને અંગે તત્ત્વાર્થના નામે તત્ત્વાર્થના ભાષ્યની સાક્ષી આપેલી છે. એટલે તત્ત્વાર્થ ઉપર શ્વેતાંબરોએ માનેલું સ્વોપજ્ઞભાષ્ય પણ શ્રી વીરસેન આચાર્ય માનતા હતા એ સ્હેજે સમજાય તેવું છે. છેવટે મૂલ આરાધનાની ટીકા કરનારા દિગંબર આચાર્ય શ્રી શીલવિજયજીએ તો શ્રી દશવૈકાલિક સૂત્ર ઉપર વિજયોદયા નામની ટીકા પણ લખી છે અને આચેલકયાદિ દશ કલ્પોને જણાવવાવાળી શ્વેતાંબર જૈન આગમોની ગાથાને પણ અગ્રપદ આપેલું છે. આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પ્રાચીન કાળના દિગંબર આચાર્યો વર્તમાન કાળના શ્વેતાંબરોએ માનેલા જૈન આગમોને માનનારા જ હતા.

—સિદ્ધચક્ર વર્ષ ૧૧-અં. ૧૦-૧૧ આ. પૃ. ૪

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૪૯૭
વિ. સં. ૨૦૨૭
શ્રાવણ

आगमो सं. ૨૦
વર્ષ-૫
પુસ્તક-૩

अण्णाणी खु
कम्मेणं बंधइ

## અજ્ઞાન કર્મબંધનું કારણ શી રીતે?

### માર્મિક સૂક્ષ્મ ચિંતન

**મોક્ષનો માર્ગ અને સાધનમાં ફરક કેમ?**

જૈનશાસનમાં સામાન્ય રીતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ કહેવાય છે, જ્યારે મોક્ષના કારણો તરીકે જણાવતાં શાસ્ત્રકારો

**णिग्गंथं पावयणं च ववहारो ।**
**सद्दुज्जुसुयाणं पुण णिव्वाणं संजमो चेव (आव. नि.)**
**णाणकिरियाहिं मोक्खो (विशे. भा.)**
**णाणणओ क्रियाणओ (विशे० भा.)**
**णायंमि गिण्हयव्वे० (अनु.)**

**जे णं सुयवं सीलवं से णं उवरए विण्णायधम्मे, से णं मए सव्वाराहए पण्णत्ते (श्रीभग.)**

આ વિગેરે અનેકસ્થાને સમ્યગ્જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ સાધવાનું જણાવે છે.

જો કે **नादंसणिस्स नाणं** (उत्त.)

**जस्स णाणाया तस्स दंसणाया** (श्रीभग.)

**जस्स उक्कोसिआ णाणाराहणा** (श्रीभग.)

**सम्मदिट्ठीणं णाणी णो अण्णाणी** (श्रीभग.)

ઈત્યાદિક વચનોથી મોક્ષના માર્ગમાં સમ્યગ્દર્શનની જરૂરિયાત સર્વ શાસ્ત્રકારો સ્વીકારે છે, એ નિર્વિવાદ છે.

પણ વિચારવાનું માત્ર એટલું જ રહે છે કે મોક્ષને સાધવાની વાતમાં જ્ઞાન અને ક્રિયા એ બેને જ શાસ્ત્રકારોએ કેમ સ્થાન આપ્યું છે?

**સદ્‌ભાવ કારણ કે સાધક કારણ?**

આ સંબંધમાં વાચકવર્ગે બે પ્રકારે વિચાર કરવાનો છે.

એક તો સદ્‌ભાવમાત્રની અપેક્ષાએ અને બીજો ઉદ્યમથી પ્રાપ્ત કરવાની અપેક્ષાએ, એટલે સદ્‌ભાવમાત્રની અપેક્ષાએ તો મોક્ષદશા પ્રાપ્ત કરતી વખતે અને ખુદ સિદ્ધદશામાં પણ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર ત્રણે અવ્યાબાધપણે હોય જ છે.

અર્થાત્ વ્યાપારવાળું કારણ તે જ વાસ્તવિક કારણ છે એમ ન ગણતાં જેને અંગે કાર્યની પરિણતિ થાય તે બધાં કારણો ગણવાં. ભલે પછી તે વ્યાપારવાળું હો કે વ્યાપાર વિનાનું હો. એ રીતે કારણપણું ગણીએ તો ચૌદમે ગુણઠાણે કે મોક્ષદશામાં પણ આત્મા સમ્યગ્દર્શન જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી પરિણમેલો જ હોય છે, તેથી સમ્યગ્દર્શનાદિ ત્રણેને મોક્ષમાર્ગ તરીકે ગણાવવામાં કંઈ પણ અડચણ નથી.

અથવા મોક્ષદશા જે સમ્યગ્દર્શનાદિમય છે, તેનું ઉપાદાન આ સમ્યગ્દર્શનાદિ ત્રણ જ છે, એટલે સંસાર અવસ્થામાં થયેલ જ સમ્યગ્દર્શન આદિ ત્રણ વસ્તુ હતી, તે જ પરિપકવદશા પામેલી ત્રણે વસ્તુ મોક્ષમાં છે, માટે મોક્ષનું ઉપાદાન કારણ સમ્યગ્દર્શનાદિને ગણે એ સ્વાભાવિક છે.

## જૈનસૂત્રોની રચના કોના માટે?

વળી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે જૈનસૂત્રોનો અધિકાર મુખ્યતાએ શ્રમણધર્મને અને ગૌણતાએ અવિરતિસમ્યગ્દષ્ટિપણું કે દેશવિરતિપણું પામેલાને હોય છે.

અર્થાત્ સમ્યગ્દર્શનની સિદ્ધિ થયા પછી એટલે જેને સમ્યગ્દર્શનની સિદ્ધિ થયેલી હોય છે તેને જ જૈનસૂત્રોનો ઉપદેશ હોય છે, અને તેથી જ જૈનસૂત્રોમાં સમ્યગ્દર્શનવાળાની કે દેશવિરતિવાળાની અહોરાત્ર ચર્યા કે જન્મ ચર્યા જેવું ક્રમબદ્ધ કંઈ પણ કહેવામાં આવતું નથી.

તેથી વર્તમાનમાં પડિક્કમણું વન્દન પચ્ચક્ખાણ વગેરે જે અનુષ્ઠાન અવિરતિ કે દેશવિરતિવાળા કરે છે તે માત્ર સૂત્રમાં કહેલ સાધુઆચારને અનુસરીને પોતપોતાની ભૂમિકા પ્રમાણે કરે છે.

વળી જૈનસૂત્રોમાં જણાવેલો જે આચાર છે, તે મુખ્યતાએ મોક્ષની પ્રાપ્તિ માટે હોવા સાથે સાધુઓને માટે જ હોય છે, અને સાધુદશા તો સામાન્યરીતિએ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછી જ હોય છે.

એ જ કારણથી **સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિં અને સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ચારિત્ર હોય નહિં** એ હકીકત જૈનદર્શનમાં આબાલાંગનાને માન્ય છતાં ગણધર ભગવંતોએ સાધુના આચારને દેખાડનાર એવા શ્રી **આચારાંગને** આગળ કરીને દ્વાદશાંગીની રચના કરી.

ભગવાન્‌શ્રીશય્યંભવસૂરિજીએ **શ્રીમનકમુનિજી** સરખા બાલ-સાધુને માત્ર છ માસમાં આરાધના કરવાની સગવડને ખાતર કરેલ જે **શ્રીદશવૈકાલિકની** રચના કરી, તેમાં પણ સોલે સોલ આના સાધુ આચારની જ વ્યાખ્યા કરી.

આ ધ્યાનમાં રાખવાથી એ પણ સ્પષ્ટ સમજી શકાશે કે શાસ્ત્રોમાં જે સાધુમહારાજના આચારોને જણાવતાં માત્ર પાંચ મહાવ્રતો અને દશ પ્રકારનો શ્રમણધર્મ જણાવાય છે. જ્યારે દેશવિરતિનો ધર્મ જણાવતાં બાર પ્રકારના વ્રતો જણાવતાં સમ્યક્ત્વને મૂલ તરીકે જણાવાયું, તે સાધુની સ્થિતિમાં સમ્યક્ત્વની પરમસિદ્ધિને અંગે સમજવું.

આ કારણથી શ્રી **ભગવતીજીસૂત્રમાં** શ્રમણ નિર્ગ્રંથને અંગે કાંક્ષામોહનીયનો ઉદય ન થવાની રીતિ જણાવવા સાથે કાંક્ષામોહ-નીયના ઉદયના પ્રકારો પણ શ્રમણનિર્ગ્રંથોને જ ઉદ્દેશીને જ જણાવ્યા છે.

## શિષ્યની જ યોગ્યતાએ દેશના

ભગવાન્ જિનેશ્વરમહારાજ પાસે આવનારા શ્રોતાઓને મુખ્ય-તાએ શ્રમણધર્મની દેશના દેવાતી. કેમકે તે શ્રમણધર્મરૂપ સર્વ-પાપના ત્યાગની દેશના દેતાં પાપની શ્રદ્ધા દ્વારા હેયોપાદેયનો વિભાગ જણાઈ જતો હતો.

તેટલા માત્રથી ત્યાગ કરવા તૈયાર થનારો વર્ગ હેયોપાદેયની શ્રદ્ધા અને જ્ઞાન બન્ને ધરાવતો થતો અને તેથી સંયમ લેવા તૈયાર થનારો વર્ગ અથવા સંયમ લેવા તૈયાર ન થતાં માત્ર દેશવિરતિ લેવા તૈયાર થયેલો વર્ગ એ બન્ને વર્ગ **सद्दहामि णं भंते! णिग्गंथं पावयणं** વગેરે વાક્યોથી પોતાની હેયોપાદેયાદિની શ્રદ્ધા અને બોધ-પરિણતિને જાહેર કરતો હતો.

અર્થાત્ તે નિર્ગ્રંથપ્રવચનના પ્રાદુર્ભાવક તે દેવ, તે રસ્તે જતા અને ગયેલા તે ગુરુ અને તે નિર્ગ્રંથપ્રવચનની પ્રવૃત્તિ એ જ ધર્મ

ગણાઈ દેવ ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વની શ્રદ્ધાનું તત્ત્વ સમાપ્ત થતું હતું.

**દેશનાનો ક્રમ**

આ વાત વિચારવાથી શાસ્ત્રકારોએ દેશનાના જે ક્રમ આપ્યા છે તે પણ સમજાશે

કેમકે દેશનાના ક્રમમાં શાસ્ત્રકારો જણાવે છે કે-

પ્રથમ શ્રમણધર્મની દેશના ઉપદેશકે દેવી.

શ્રમણ ધર્મની દેશના દીધા છતાં જો તે શ્રોતા તે શ્રમણધર્મની પ્રતિપત્તિમાં પોતાની અશક્તિ છે, એમ જણાવે તો પછી તે અશક્ત-શ્રોતા એટલે શારીરિક કે આત્મિકશક્તિથી હીન એવો શ્રોતા એમ નહિ પણ સર્વથા પાપત્યાગ રૂપ શ્રમણધર્મને લેવા માટે આરંભ-પરિગ્રહની આસક્તિને લીધે જો અશક્ત હોય તો તેને દેશવિરતિ-ધર્મનો ઉપદેશ આપે.

કદાચ તે શ્રોતા વર્ગ અગર શ્રોતા વ્યક્તિ શ્રમણધર્મ કે શ્રાવક-ધર્મ બન્નેમાંથી એકે પ્રકારનો ધર્મ ન અંગીકાર કરે તો તેને સમ્યક્ત્વની દેશના દેશકે આપવી.

છતાં કદાચ કર્મધર્મસંયોગે તે શ્રોતાવર્ગ કે શ્રોતા વ્યક્તિ શ્રમણ ધર્મ શ્રાવકધર્મ અને સમ્યક્ત્વધર્મ પણ અંગીકાર ન કરે તો માત્ર તે જીવને નરકાદિક દુર્ગતિથી બચાવવા માટે માંસ આદિથી વિરતિ કરાવે.

આ દેશનાનો ક્રમ જોનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે મૂલમાર્ગની અપેક્ષાએ હિંસાદિ સર્વ પાપોનો સર્વપ્રકારે ત્યાગ એ દેશનાનું આદ્યફલ.

એમ જો ન બને તો નિરર્થકપણે થતા પાપો અને જીવનનિર્વાહમાં પણ થતા મહાપાપો છોડે અને સર્વપાપો સર્વથા છોડવા લાયક માને એ દ્વિતીયફલ.

એમ પણ જો ન બને તો હિંસાદિ સર્વપાપોની આવશ્ય વર્જનીયતાનું ધ્યેય નિશ્ચિત કરે, એ સમ્યકત્વ રૂપ **ત્રીજું ફલ.**

આ પૂર્વે જણાવ્યા પ્રમાણે ત્રણ ફલવાળો કદાચ શ્રોતાવર્ગ કે શ્રોતા વ્યક્તિ ન થાય તો તેવા સર્વ પાપના ત્યાગના ધ્યેય સુધી નહિ પહોંચનારો અત્યંત દુર્ગતિથી બચે એટલા માટે દ્રવ્ય થકી પણ માંસઆદિથી વિરતિવાળો કરવો.

આ સર્વ દેશનાક્રમનું ધ્યાન રાખતાં સ્પષ્ટ માલમ પડશે કે **आचारः प्रथमो धर्मः** એ વસ્તુ પ્રથમ હતી.

## આચાર માટે જ ઉભી થયેલ આજ્ઞાની જરૂર

ભગવાન્ **શ્રી શય્યંભવસૂરિજીએ શ્રી દશવૈકાલિકની** રચનામાં પ્રથમ અધ્યયનથી ગોચરીના આચારની શુદ્ધિ જણાવી.

બીજા અધ્યયનથી સંકલ્પ વિકલ્પ દશા છોડી વસ્ત્રાદિકની ઈચ્છા છોડી સુકુમાલતા છોડવાનો આચાર દૃઢપણે પાળવા જણાવ્યું.

ત્રીજા અધ્યયનમાં સાધુઓના આચારમાં બાધ કરનાર બાવન અનાચીર્ણો જણાવ્યા.

ચોથા અધ્યયનમાં છ જીવનિકાયની હિંસાનો ત્યાગ જણાવી જયણાથી પ્રવર્ત્તવું અને અજયપણા ન થવા દેવી, એમ જણાવ્યું.

એટલે સાચા શબ્દોમાં કહીએ તો સંસારમાં રખડાવનાર કટુક ફલવાળા પાપોનું બંધન અજયપણાથી એમ જણાવ્યું, અને છઠ્ઠા રાત્રિભોજનના વિરમણ સાથે પાંચ મહાવ્રતો એજ આત્મહિતને માટે અંગીકાર કરવાનું છે એમ ચોકખું જણાવી દીધું છે.

આટલું માત્ર આચારનું તત્ત્વ છે એમ સમજીનેજ શિષ્યે જયણા અને અજયણાના ઉપાદાન અને ગ્રહણનેજ માત્ર તત્ત્વ માની જ્ઞાનને અતત્ત્વ માનવા કે તેની જરૂરીઆત ગણવા ના પાડી તેથી ભગવાન્ **શય્યંભવસૂરિજીને पढमं णाणं तओ दया** એમ નિરૂપણ કરવું પડ્યું.

અર્થાત્ છકાયની દયારૂપી વસ્તુ શિષ્યે કબુલ કરેલી હોવાથી જ શાસ્ત્રકાર મહારાજશ્રીશય્યંભવસૂરિજીને પ્રથમ જ્ઞાન હોય છે અને પછી દયા બને છે, એમ કહેવું પડયું.

આ વાત જ્યારે ધ્યાનમાં રાખીશું અને શિષ્ય તરફથી જ્ઞાનની કે જયણા-અજયણા પૂરતી કે જીવાજીવના ભેદ અને યાવત્ મોક્ષપ્રાપ્તિ સુધીની સ્થિતિ જે ત્યાં જણાવે છે, તેની પણ બિન-જરૂરીયાતી સૂચવી હતી, એમ લઇશું ત્યારે જ **जया जीवमजीवे** ઈત્યાદિ આખું પ્રકરણ ઠેઠ સિદ્ધદશાપર્યન્તનું કહ્યું છે, તે સમજાશે, તેમજ ઉપસંહારમાં જે સમ્યગ્દષ્ટિએ આ છ જીવનિકાયઅધ્યયનને પામીને અર્થાત્ છ જીવનિકાયનો બોધ અને શ્રદ્ધા મેળવીને સાધુપણું એટલે જયણાપૂર્વકની પ્રવૃત્તિ અને છ વ્રતો તો મેળવ્યાં છે, તો હવે તેની વિરાધના ન થાય તેમ પ્રવર્ત્તવું એજ સાર રૂપે કહું છું, અને ભગવાન્ મહાવીર મહારાજે પણ એમ જ કહેલું છે, એમ સ્પષ્ટ કહ્યું છે તે સમજાશે.

આ બધું વિચારવાથી સ્પષ્ટ થશે કે છ જીવનિકાયના **પાલન માટે જ જ્ઞાનને સમ્યગ્દષ્ટિપણાની ઉપયોગિતા સ્વીકારાઇ હતી.**

## આચાર અને જ્ઞાનની પ્રરૂપણા

ઉપર જણાવ્યા પ્રમાણે **આચારને માટે જ્ઞાનની આવશ્યકતા** થઇ અને તે આવશ્યકતા માત્ર ગુરૂસેવાથી પૂરી થવાવાળી ગણાઈ, અને તેથી પર્યુપાસના અથવા **શુશ્રષાથી શ્રવણ, જ્ઞાન, પચ્ચક્ખાણ, આશ્રવનિરોધ, સંવર, તપ, નિર્જરા, યોગનિરોધ, ભવસંતતિ-ક્ષય અને મોક્ષ, એમ કુલ પરંપરા નિશ્ચિત સમજાવાઈ.**

આ અપેક્ષાવાળા ગ્રંથોમાં જ્ઞાન અને ક્રિયાને મોક્ષના માર્ગ તરીકે મનાવવાની ઘણી જરૂર પડી.

**આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યક, અનુયોગદ્વાર અને ભગવતીજીની** ચઉભંગી આ બધું જ્ઞાન અને ક્રિયા એ ઉભયપક્ષની વક્તવ્યતાને આભારી છે.

આવી રીતે જ્યારે જ્ઞાનની ક્રિયાની સાથે જરૂર ગણાવાય ત્યારે જ્ઞાનને ક્રિયાના કારણ તરીકે જ ગણાવાય અને તેથી તે જ્ઞાનને ચક્ષુની ઉપમા દેવામાં આવે, તેમાં કંઈ પણ નવાઈ નથી અને **જ્યારે જ્ઞાનને ચક્ષુની ઉપમા આપી ત્યારે આચાર એટલે ક્રિયાને દોડવાની ઉપમા દેવામા આવી.**

## સમ્યગ્દર્શનની જણાવાયેલી જરૂરીયાત

જીવાજીવના બોધને માટે જેમ જ્ઞાનની જરૂરીયાત સ્વીકારાઈ તેમજ જીવાજીવના સ્વરૂપના નિશ્ચય માટે તેમજ ધર્માસ્તિકાયાદિક અજીવ અને નિગોદ વનસ્પતિ આદિ જીવોના સ્વરૂપને સાંભળ્યા છતાં પણ તેના નિશ્ચિતપણા માટે સમ્યગ્દર્શનની સિદ્ધિ માનવાની જરૂર રહી જ.

વળી જીવાજીવાદિકના સ્વરૂપને જાણ્યા પછી પણ આશ્રવાદિની હેયતાનો તથા સંવરાદિની ઉપાદેયતાનો નિશ્ચય કરવા સાથે અવ્યાબાધપદનું જ કેવલ સાધ્યપણું નક્કી કરવું, તે પણ સમ્યગ્દર્શનની સ્થિતિને જ આભારી હતું.

અર્થાત્ અપુનર્બંધકપણાની પ્રાપ્તિથી શુક્લપાક્ષિકપણાથી પણ આત્માના અવ્યાબાધપદને માન્યું હતું. તેની ઇચ્છા પણ કરી હતી. અને તેની પ્રાપ્તિ માટે ઉદ્યમ કર્યો હતો, પણ તે બધો ઉદ્યમ 'પણ' શબ્દની પોલાણવાળો હતો.

તેથી **यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः** એ ધર્મના લક્ષણને જણાવનાર સૂત્રથી ઐહિક અને પારત્રિક સુખોને પણ મોક્ષના સુખની સાથે સાધ્ય તરીકે ગણતો હતો, પણ જ્યારે **સમ્યગ્દર્શનની** જીવને

**પ્રાપ્તિ થઈ ત્યારે તેને ઐહિક અને પારત્રિક પૌદ્ગલિક સુખો સાધ્ય તરીકે ન લાગે, પણ હેય તરીકે જ લાગે.**

**ગ્રંથિભેદ એટલે શું ?**

સર્વજ્ઞશાસનના સતત પ્રવર્તેલા પ્રવચનપ્રકારના અવગાહનથી નિષ્ણાત થયેલાઓને એક એ વાત તો નિશ્ચિતતમ થયેલી છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કોઈ દિવસ પણ અનન્તાનુબંધીના કષાયરૂપ ગ્રંથિનો ભેદ થયા સિવાય થતી નથી.

તેમજ અનન્તાનુબંધીના કષાયને ભેદવારૂપ ગ્રંથિભેદને કરવાવાળો જીવ સમ્યક્ત્વને પામ્યા સિવાય રહેતો જ નથી.

**અર્થાત્ ગ્રંથિભેદ એ સમ્યક્ત્વનું કારણ છે** એ ચોક્કસ છે, તેમજ સમ્યક્ત્વ એ ચોક્કસ ગ્રંથિભેદનું કાર્ય છે. એમાં સામાન્ય રીતે ગ્રંથિભેદ જે જણાવવામાં આવ્યો, તે વ્યવહાર વચનથી તો અનન્તાનુબંધીના ભેદ રૂપ છે, પણ તે ગ્રંથિનો ભેદ થવાનું વાસ્તવિક સ્વરૂપ કર્યું છે? એ સમજવું એ જરૂરી છે.

આ જીવ સર્વકાલ ઈષ્ટ એવા સ્પર્શ રસ ગંધ અને રૂપના સુખને ઇચ્છે છે, અને તેને માટે જ અનેક પ્રયત્નો કરે છે. **પણ ગ્રંથિભેદ જ્યારે થાય ત્યારે આ જીવ તે ઈષ્ટ એવા સ્પર્શાદિને સુખરૂપે કે સુખના સાધનરૂપે પણ ગણે નહિ. પણ સર્વને ઈષ્ટ એવા સ્પર્શાદિને કેવલ દુઃખરૂપ દુઃખહેતુક અને દુઃખફલકજ ગણે.**

**અર્થાત્ આત્માના અવ્યાબાધસુખ અને તેના સાધનરૂપ જે નિર્ગ્રંથ પ્રવચન એ સિવાય સર્વ વસ્તુને અનર્થરૂપ ગણે, અર્થ પરમાર્થ તરીકે જો કોઈપણ ચીજને તે ગણતો હોય તો માત્ર અવ્યાબાધ સુખરૂપ મોક્ષના સાધનરૂપ જે નિર્ગ્રંથ પ્રવચન છે તે જ.**

આવી સ્થિતિ થાય ત્યારે કહેવું જોઈએ એ ગ્રંથિભેદવાળા જીવને મોક્ષ જ જોઈએ, એવું મોક્ષનું નિયત સાધ્યપણું થઈ જાય, એટલે એ વખતે મોક્ષ પણ જોઈએ એવી 'પણ' શબ્દની પંચાત ન રહે.

આ સ્થિતિનો બરાબર વિચાર કરીશું એટલે સ્પષ્ટ સમજાશે કે અદ્વિતીયપણે મોક્ષની સાધ્યતાનો નિશ્ચય તેજ સમ્યગ્દર્શન ગણી શકાય.

## આત્માનું સ્વરૂપ

ઉપર પ્રમાણે જો કે મોક્ષની સાધ્યતાને અંગે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્રની જરૂર જણાવી છે, પણ ખરી રીતે તો તે સમ્યગ્દર્શનાદિ ત્રણે વસ્તુઓ આત્માનું સ્વરૂપ જ છે. અને તેથી જ જેમ જેમ જીવ મોક્ષના પ્રયાણમાં વધતો જાય છે તેમ તેમ ગુણોની પ્રાપ્તિ થતી જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી ઉગણુસીત્તોર ક્રોડા ક્રોડ સાગરોપમઆદિ મોહનીય આદિની સ્થિતિનો ક્ષય થાય તો પણ જેનો અંશે પણ ઉદય પ્રાપ્ત થતો નથી તેવા ગુણોની શેષ એક અંતઃ કોટાકોટી સાગરોપમની સ્થિતિનો ક્ષય થવાથી સંપૂર્ણ રીતે પ્રાપ્તિ થાય છે.

જો કે શ્રી તત્ત્વાર્થસૂત્રકાર વગેરે મહાત્માઓ સમ્યગ્દર્શનાદિ ત્રણને મોક્ષનો માર્ગ કહે છે, તેમાં ઉપાદાન કારણ અને સજાતીયતાની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે.

છતાં કદાચ એમ પણ લઈ શકીયે કે આ સમ્યગ્દર્શનાદિ ત્રણ વસ્તુઓ મોક્ષનો નિકટ માર્ગ છે, અર્થાત્ જેમ જગતમાં હજારો કોશ છેટેથી એક શહેરનો માર્ગ અન્ય શહેરથી શરૂ થાય છે, પણ બધાં મુખ્ય મુખ્ય શહેરો ઓળંગ્યા પછી જે વિવક્ષિત નગરનો રસ્તો હોય તે ખુદ તે શહેરનો જ રસ્તો ગણાય. અને એવી રીતે માર્ગે ચાલનારો મનુષ્ય હજારો કોશ ચાલે, પણ જ્યાં સુધી

વિવક્ષિત નગરની નજીક આવે નહિ ત્યાં સુધી જો કે વસ્તુતાએ આ મુસાફર મુખ્ય શહેર તરફ જ વધે છે, છતાં તે વિવક્ષિત શહેરના એક અંશને પણ જોવા મુસાફર ભાગ્યશાલી થતો નથી.

અત્રે એમ કહેવું જ જોઈએ કે વિવક્ષિતનગરની અદશ્ય અવસ્થામાં ઘણો માર્ગ ઓળંગવાનો હોય છે, અને વિવક્ષિત શહેર દેખ્યા પછી થોડો માર્ગ જ ઓળંગવાનો રહે છે.

એવી રીતે અહીં પણ એકોનસપ્તતિ ક્રોડા ક્રોડ સાગરોપમ ખપાવે ત્યાં સુધી તો આ જીવને મોક્ષને અનુસરવાવાળો કોઇ પણ ગુણ થતો નથી અને છેલ્લા એક ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિને ખપાવતાં તો સંપૂર્ણ મોક્ષ પ્રાપ્ત થઇ જાય છે.

## ગુણોનો અભાવ જ કર્મનું કારણ

ઉપર જણાવ્યા પ્રમાણે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યકચરિત્ર એ ત્રણે ગુણો સંપૂર્ણપણે મોક્ષમાં છે, અને એ ત્રણે ગુણો આત્માના સ્વભાવરૂપ છે, તો પછી તે સમ્યગ્દર્શનાદિ ગુણો કોઈ પણ આવરણથી રોકાયેલા છે, એમ માનવું જ જોઇએ, બીજી બાજુ એ સમ્યગ્દર્શનાદિ ગુણો રોકાવાથી આત્માની જરૂર વિકૃત દશા થતી હોવી જ જોઈએ.

કેમ કે જો તે સમ્યગ્દર્શનાદિ આવરવાથી થતી વિકૃતિ ન ગણીયે તો પછી તે દર્શન મોહનીયાદિને ઘાતીકર્મ કહેવાની જરૂર જ ન રહે, અર્થાત્ સમ્યગ્દર્શનઆદિ જે આત્માના ગુણો છે, તેનો ઘાત થતાં આત્માની જે મિથ્યાદર્શનયુક્તઆદિ દશા થાય એ, વિકારરૂપ ગણાય અને આત્માની વિકૃતદશા નવા કર્મોને બંધાવનાર થાય તેમાં નવાઈ નથી.

આ કારણથી જ સમ્યગ્દર્શનથી વિપરીત જે મિથ્યા-દર્શન એ કર્મબંધનું કારણ અને સમ્યક્ચારિત્રનું વિપરીત સ્વરૂપ જે અવિરિતપણું તે કર્મબંધનું કારણ છે,

એ વાત **કર્મગ્રંથ પંચસંગ્રહ** આદિશાસ્ત્રોમાં સ્થાને સ્થાને છે. પણ સમ્યક્ત્વાદિથી વિરૂદ્ધ મિથ્યાત્વાદિની માફક સમ્યક્જ્ઞાનની વિરુદ્ધ મિથ્યાજ્ઞાન અથવા જ્ઞાનની વિરુદ્ધ અજ્ઞાન એમ વિપરીત-જ્ઞાન કે અજ્ઞાન આત્માના વિકારરૂપ જ કહેવાય.

તો અત્રે એ જ વિચારવાનું રહે છે કે મિથ્યાત્વ અને અવિરતિને કર્મબંધનના કારણો છે એમ સ્પષ્ટપણે કહ્યા છે. પણ સમ્યગ્જ્ઞાનના પ્રતિપક્ષ અજ્ઞાનને કર્મબંધના કારણમાં કેમ નથી ગણ્યું ? અને ગણ્યું હોય તો જ્ઞાનથી વિરૂદ્ધ જે અજ્ઞાન એ કર્મબંધનું કારણ ગણાય કે સમ્યગ્જ્ઞાનથી જે વિરુદ્ધ મિથ્યાજ્ઞાન તે કર્મબંધનુ કારણ ગણાય ?

આ બાબત સ્પષ્ટપણે સમજાવવી જોઈએ.

આ બાબતનો ઉત્તર સમજાવીએ તે પહેલાં એટલું તો વાચકવર્ગે પ્રથમ સમજવાનું જરૂરી છે કે **સાંપરાયિકકર્મો મોહનીયના ઉદય સિવાય બંધાતાં જ નથી.** અને મોહનીયનો ઉદય દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારે હોય છે. એટલે દર્શનમોહનીયના ઉદયે થતું મિથ્યાત્વ અને ચારિત્રમોહનીયના ઉદયથી થતું અવિરતિ (કષાય સાથે) એ બે કર્મબંધના કારણ બને એ સ્વાભાવિક છે.

પણ જ્ઞાનાવરણીયના ઉદયથી થતું અજ્ઞાન પોતાની પ્રધાનતાપણે કર્મબંધનું કારણ ન બને એ યોગ્ય જ છે. કારણ કે જો જ્ઞાનાવરણીયના ઉદયથી જો સર્વકર્મનો બંધ માનવામાં આવે તો બારમા ગુણઠાણાના ઉપાન્ત્ય ભાગ સુધી જ્ઞાનાવરણીયના ઉદયથી થતું અજ્ઞાન હોય છે. અને તે અજ્ઞાનથી જો સંપરાયનો બંધ માનવામાં આવે તો પછી તે કર્મની અબંધકપણાની દશા આવવાનો વખત જ ન આવે, અને તેથી સાંપરાયિકકર્મોના રોકાણનો કે નાશનો વખત જ ન આવે, માટે જ્ઞાનાવરણાયના ઉદયથી થતી અજ્ઞાન દશા કર્મબંધનું કારણ છે એમ મનાય નહિં.

## પ્રકૃતિ-વિકૃતિપણાનો વિચાર

સાંખ્યમતવાળાએ જેમ પ્રકૃતિ વગેરેની ઘટના જગતના પદાર્થોને અંગે કરી છે, તેમ અહિં પણ એમ કહી શકાય કે **વેદનીયઆદિ ચાર અઘાતીકર્મો માત્ર વિકૃતિરૂપ એટલે** વિકારરૂપ **છે.** એ ચાર અઘાતીકર્મો અન્યપ્રકૃતિને બાંધવાનું કારણ બનતા નથી, તથા **જ્ઞાનાવરણીયઆદિ મોહનીય સિવાયના ત્રણ ઘાતીકર્મો એ માત્ર પ્રકૃતિરૂપ છે,** એટલે આત્માના ગુણોનો ઘાત કરી લે છે. **એટલે એ** વિકાર **છે, પણ એનો બીજો વિકાર થતો નથી તેથી કોઇની પ્રકૃતિરૂપ થતા નથી,** પણ તે કરેલા ગુણઘાતથી નવા કર્મનો બંધ થવા રૂપ વિકૃતિ થતી નથી, **પણ અવિરતિ એવી પ્રકૃતિ-વિકૃતિ રૂપે છે, તેથી મોહનીયનો ઉદય પ્રકૃતિ-વિકૃતિ રૂપ છે.**

એટલે મોહનીયનો ઉદય એવો છે કે તે પહેલાના બાંધેલાં કર્મોનાં ઉદયરૂપ હોવા સાથે બીજા પણ કર્મોના ઉદયને કરનાર થવા સાથે બંધને પણ કરાવનાર થાય છે.

ટુંકમાં કહીયે તો જ્ઞાનાવરણીયના ઉદયથી થયેલ જ્ઞાનના અભાવરૂપ એવું જે ઔદયિક અજ્ઞાન તે કર્મબંધનું કારણ બનતું નથી.

કદાચ કહેવામાં આવે કે મિથ્યાત્વ અવિરતિ આદિની સાથે બંધના કારણ તરીકે **શ્રીતત્ત્વાર્થકાર** વગેરે શાસ્ત્રકારોએ અજ્ઞાનને ન લીધું હોય તો **શ્રીઆવશ્કનિર્યુક્તિ** તથા **પિંડનિર્યુક્તિને કરનાર શ્રીભદ્રબાહુસ્વામીજીએ** તો ચોકખા શબ્દથી જ સંસારના ત્રણ કારણો જણાવતાં અથવા પિંડશુદ્ધિના ભેદો જણાવતાં મિથ્યાત્વ અને અવિરતિની સાથે અજ્ઞાનને જણાવેલું છે. માટે અજ્ઞાન કર્મબંધનું કારણ જ નથી એમ તો કહી શકાય નહિં. પણ તે અજ્ઞાન સંસારના કારણ તરીકે જે ગણ્યું તે કયું? અને બંધના ચાર કારણોમાં તે અજ્ઞાનને કેમ ન ગણ્યું?

આમ કહેવાવાળાએ સમજવું જોઈએ કે **આવશ્યકટીકાકાર** મહારાજા ખુલ્લા શબ્દોમાં જણાવે છે કે તે સંસારના કારણ તરીકે ગણાવાતું અજ્ઞાન જે છે તે જ્ઞાનના અભાવરૂપ ન લેવું, પણ **મિથ્યાત્વના યોગે વિપરીત સ્વભાવપણાને પામેલું મિથ્યાત્વજ્ઞાન એટલે વિપરીતજ્ઞાનરૂપ અજ્ઞાન જ બંધના કારણ ગણવું, એટલે મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન મિથ્યાત્વ વિના પણ હોતું નથી તેમ મિથ્યાત્વ પણ તે અજ્ઞાન વિના હોતું નથી.**

અર્થાત્ મિથ્યાત્વ અને વિપરીત જ્ઞાનરૂપ અજ્ઞાન એ બન્ને સહચારી જ છે અને તેથી એક ભેદ ગ્રહણ કરવાથી બીજો ભેદ ગ્રહણ કર્યો જ કહેવાય, માટે બન્નેને જુદા જુદા લીધા નથી, અને સંસારના કારણપણામાં તો જ્ઞાનથી વિપરીત સ્વભાવવાળા અજ્ઞાનને જણાવવાનું એ કારણ છે કે તે અજ્ઞાન પ્રત્યે જીવને તેના સંસાર-કારણપણાને લીધે દ્વેષ થાય અને તે દ્વેષ મિથ્યાત્વ અને અવિરતિના દ્વેષને જેમ પ્રશસ્તદ્વેષ તરીકે ગણાય છે, તેવી રીતે આ વિપરીત-સ્વભાવરુપ અજ્ઞાન ઉપર પણ સંસારના કારણપણાને થતો દ્વેષ તે પ્રશસ્તદ્વેષ ગણાય, અને જેમ મિથ્યાત્વ અને અવિરતિના દ્વેષનું પર્યવસાન મોહનીયના નાશે થાય તેવી રીતે અજ્ઞાનનું પર્યવસાન પણ મોહનીયના નાશે જ થાય.

માટે બંધના હેતુતરીકે જ્ઞાનના વિપરીત સ્વભાવરુપ અજ્ઞાનને જ લેવાનું શાસ્ત્રકારો કહે છે તે વ્યાજબીજ છે.




[ આ શીર્ષક તળે દર વર્ષે પૂ. આગમો૰શ્રીના ચિંતનપૂર્ણ વિવિધ લેખો-નિબંધો અને મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો આપવામાં આવે છે.

આ વર્ષે કેટલાક તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓના આગ્રહથી "**શ્રી સિદ્ધચક્ર**"માં મુદ્રિત થયેલ મહત્ત્વના કેટલાક લેખો સંકલિત કરી આપેલા છે.

વર્ષો પૂર્વે લખાયેલા આ નિબંધોમાં પણ આજના કાળમાં આપણે જે અનુભવી રહ્યા છે, તેનો જાણે આર્ષદૃષ્ટિથી વેધક ખ્યાલ મેળવીને લખ્યું ન હોય એવું આ લેખો વાંચતાં સુજ્ઞ વાચકોને ભાસ થશે. આ હેતુથી પુનર્મુદ્રણ કરવા પ્રેરણા થઈ છે.

ખૂબ જ ગંભીરતાથી આ લેખો વાંચવા-વિચારવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

—સં. ]

# લોકોત્તર દષ્ટિએ ધર્મનું મૂલ્ય

[ધર્મની આરાધના પુણ્યશાળી મહાનુભાવો કરે છે. પણ અંતરમાં તેની સાચી ઓળખાણ થયા વિના તે ધર્મની આરાધનામાં સ્થિરતા કે અંતરનો પ્રેમ જાગતો નથી.

તેથી પૂ૦ આગમોદ્ધારકશ્રીએ ધર્મના મૂલ્યની અદ્ભુત વિચારણા અને તે પણ લૌકિક દષ્ટિએ નહીં, પણ લોકોત્તર દષ્ટિએ આ વ્યાખ્યાનમાં રજૂ કરી છે

તે ખરેખર ધર્મપ્રેમી આરાધકો માટે ખૂબ જ ઉપયોગી છે. યોગ્ય સમજણ સાથે ખૂબ ધ્યાનપૂર્વક વાંચવા ભલામણ છે.

—સં.]

## ધર્મનો સ્વતંત્રપણે ઉપયોગ કોણ કરી શકે?

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં થકાં એકની એક વસ્તુ અનેકવાર જણાવી ગયા છે. તેઓશ્રીએ ખાસ કરીને ભાર મૂકી મૂકીને એ ચીજ જણાવી છે કે આ સંસારમાં આત્માની માલિકીની જો કોઈ પણ ચીજ હોય તો તે **એક માત્ર ધર્મ** છે. ધર્મ સિવાય બીજી એક પણ ચીજ આત્માની માલિકીની નથી. પરંતુ તે છતાં આત્માને એ પોતાની માલિકીની ચીજનો પણ સ્વતંત્રપણે વ્યવહાર કરવાનો અધિકાર નથી. જગતમાં પણ તમે જોશો તો એ જ વ્યવહાર તમારી દષ્ટિએ પડશે. જગતમાં તમારી માલિકીની કોઈ પણ ચીજ હોય પરંતુ તે ચીજના સદુપયોગાદિને તમે નહિ જાણતા હો તો એ ચીજનો સ્વતંત્રપણે વ્યવહાર કરવાની સત્તા તમોને મળતી નથી. એ જ વસ્તુ અહીં પણ સમજવાની છે. ધર્મ એ તમારી માલિકીની ચીજ હોવા

છતાં તેના સદુપયોગાદિને તમે જાણતા ન હોવાથી તેનો સ્વતંત્રપણે વ્યવહાર કરવાની સત્તા ધર્મશાસ્ત્રકારો તમોને આપતા નથી.

## ધર્મ ઉપર માલીકી હક આત્માનો છે.

ધર્મ એ આત્માની માલિકીની ચીજ છે. આત્માનો ધર્મ ઉપર સંપૂર્ણ કાબુ છે. પરંતુ ધર્મ એ કયા પરિણામો નિપજાવે છે તેની આત્માને માહિતી નથી. સૌથી પહેલાં વસ્તુની કિંમત ખ્યાલમાં આવવી જોઇએ. જ્યાં સુધી વસ્તુના મૂલ્યની ખબર નથી હોતી ત્યાં સુધી વસ્તુનું મહત્વ શું છે? તે દૃષ્ટિમાં આવતું નથી. વળી ત્યાં સુધી એ વસ્તુનો સદુપયોગ કયા પરિણામો નિપજાવે છે? તેનો પણ ખ્યાલ આવતો નથી. કોઈને ત્યાં ધૂળ અથવા પત્થરોથી ભરેલી બે ચાર થેલીઓ પડી રહી હોય તેનો તેને સંતાપ થતો નથી, પરંતુ જો હુંડી એમને એમ પડી રહી હોય અથવા તો રૂપીયાની થેલી એમ ને એમ પડી રહી હોય તો તેનો પેલાને શોક થાય છે, આવો શોક થવાનું કારણ શું છે? તે તપાસશો તો માલમ પડશે કે તેણે ધૂળની કિંમત ગણી નથી. પરંતુ રૂપીયાની કિંમત ગણી છે, અને તેથી જ તેને રૂપીયાને અંગે શોક થાય છે, પરંતુ ધૂળને અંગે શોક થતો નથી.

## વસ્તુની કિંમત જાણ્યાની મહતા

પડી રહેલી ધૂળને આપણે નકામી માની છે. એ ધૂળ ખરેખર જ નકામી છે કે કેમ? તે કાંઈ આપણે જાણતા નથી. કદાચ એજ ધૂળમાં સોનાની રજકણો પણ કેમ ભળેલી ના હોય? અને તેની કિંમત લાખો રૂપીયાની કેમ ના થતી હોય તો પણ આપણે તે ધૂળને મૂલ્યહીનજ માનીએ છીએ. કારણ કે આપણે ધૂળની કિંમતજ ગણી નથી. એજ પ્રમાણે જેને ધર્મનું મૂલ્ય નથી, જેના હૃદયમાં ધર્મનું મહત્વ વસ્યું નથી તે મનુષ્ય પોતાના આત્મામાં ધર્મ પડી રહેલો હોવા છતાં તે ધર્મ તરફ તેની દૃષ્ટિ ખેંચાવા પામતી નથી.

આ સઘળાનું કારણ એજ છે કે ધર્મના મહત્વથી હજી આત્મા અજ્ઞાન છે. દવાનો ઉપયોગ કરતાં પહેલાં માણસ દવાના મહત્વને સમજે છે. તે જાણે છે કે દવા રોગ મટાડનારી છે. દવાનું આવું મહત્વ જાણ્ય પછીજ તે દવાનો ઉપયોગ કરવાના સંબંધમાં વિચાર ચલાવે છે, જે દવાના મહત્વને જ જાણતો નથી તેને દવાને અંગે કાંઈ વિચાર કરવાનો જ હોતો નથી. અર્થાત્ જે આત્મા વસ્તુની કિંમત સમજતો નથી તે આત્માને એ વસ્તુના સદુપયોગને અંગે વિચાર કરવાનો હોતોજ નથી. એજ પ્રમાણે જે ધર્મની કિંમત જાણતો નથી તેને ધર્મના સદુપયોગને અંગે પણ વિચાર કરવાનો હોતોજ નથી, માત્ર જેઓ ધર્મની કિંમત સમજે છે તેને જ એ ધર્મના સદુપયોગને અંગે વિચાર કરવાનો હોય છે.

## સારા-ખોટાનો વિવેક જરૂરી.

ધર્મનું મૂલ્ય સમજનારાનેજ ધર્મને અંગે વિચાર કરવાનો હોવાથી જેઓ મિથ્યાત્વના ગુણઠાણામાંજ રહેલા છે, તેમનો ધર્મના સદુપયોગ-દુરૂપયોગને અંગે વિચાર કરવાનો હોતો નથી. આત્માના તાબામાં અમૃતનો ઘડો ભરેલો છે. પરંતુ "મારા તાબામાં અમૃત હોવા છતાં હું ગટરનું પાણીજ કેમ પીયા કરૂં છું?" એવા વિચાર તેજ કરે છે કે જે અમૃતની મહત્તા અને ગટરના પાણીની હીનતાને જાણે છે. જે ગટરના પાણીની હીનતાને નથી જાણતો તેને તો ગટરનું પાણી અથવા તો ગંગાનું પાણી અથવા તો અમૃત હોય, એને અંગે કાંઇપણ વિચારજ કરવાનો હોતો નથી. એજ દશા મિથ્યાત્વીની છે. આત્મા અને પુદ્ગલ એ બંને પોતાને આધીન હોવા છતાં મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં આત્મા વસતો નથી. ગટરનું ગંધાતું પાણી અને અમૃતનો ભરેલો કુંભ એ બંને પાસે પાસે મુકેલાં હોય તો પણ જે જીવને અમૃતનો અને ગટરના ગંધાતા પાણીનો ખ્યાલ નથી, તે જીવ ગટરના પાણીમાં જ લીન થાય છે અને અમૃતના ઘડામાં લીન થવાનું પસંદ કરતો નથી.

## મિથ્યાત્વની ભયંકરતા

આત્માને પોતાને આત્મા તથા પુદ્દ્ગલ બંને સ્વાધીન છે. પરંતુ તે છતાં મિથ્યાદૃષ્ટિ આત્મા પેલા ગટરના ગંધાતા પાણીના કીડાની માફક જ આત્મામાં રમણ કરવાનું છોડી દે છે, અને તે મહાખાઈને તાબે થઈને પુદ્દ્ગલમાં જ રમણુતા કર્યે જાય છે! આ દૃષ્ટિએ જોઈએ તો મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં તો **નાનકડી કીડી સારી છે!**

## મિથ્યાત્વી સારો કે કીડી સારી?

નાની કીડી એ એક મૂંગું જાનવર છે, તે છતાં તે નિરંતર મીઠાશને જ તપાસે છે, કીડી પોતે મીઠાશમાં પહોંચી શકે કે ન પહોંચી શકે એ એક જુદી વાત છે, પરંતુ તે છતાં તે હંમેશા મીઠાશને જ તપાસતી રહે છે. તમે વચ્ચે સાકરનો કડકો, ચોખો કે બાજરીનો દાણો મૂકો અને તેની ચારે બાજુએ પાથરો તો એ કીડી એ રાખોડોની ચારે બાજુએ જોઈએ તેટલા આંટા મારશે. એક આંટાથી એ કીડી કદાપિ પણ કંટાળી જઈ પોતાનો માર્ગ છોડતી નથી. રાખોડાની ચારે બાજુએ કીડી સંખ્યાબંધ આંટા મારે છે અને પછી તે સાકર, ચોખાનો દાણો કે બાજરીનો દાણો જે હાથમાં આવે તે ઉપાડી જાય છે.

આ સઘળા કાર્યમાં કીડીની ધારણા જુઓ તો તે એક મીઠાશ ઉપર રહેલી છે. મનુષ્યે પણ એ કીડીના ઉદ્યમ ઉપર જ ધ્યાન રાખવાનું છે. કીડી મિઠાશ મેળવી શકે કે ન મેળવી શકે કે પરંતુ તેની ધારણા તો મીઠાશ ઉપર જ રહેલી છે. તેજ પ્રમાણે આત્માએ પણ મોક્ષ મળે કે ન મળે તો પણ ધ્યાન તો હંમેશા મોક્ષ ઉપર જ રાખવાનું છે. જે સમકીતી જીવ છે તેણે બરાબર એ કીડીનું જ અનુકરણ કરવાની જરૂર છે.

સમકીતી જીવે પહેલાં આત્માના તત્વને ઓળખવું જોઈએ, આત્માના તત્વને ઓળખ્યા પછી એ તત્વને તે એક જ પ્રયત્નમાં મેળવી શકશે એવું કોઈ કહેતું નથી; કારણ કે આત્મતત્વરૂપી અમૃતની ચારે દિશાએ રાખોડા રૂપી કર્મો વેરાયેલાં છે. પરંતુ આત્માની એ ફરજ છે કે તે આત્મતત્વ રૂપી મિઠાશને ન પામી શકે તો પણ તેણે એ ધ્યેય-મીઠાશની માફક મોક્ષને પામવાનું ધ્યેય રાખીને કીડીના કાર્યની માફક આત્મતત્વરૂપી અમૃત મેળવવાનો પ્રયાસ તો કર્યા જ કરવો જોઇએ. જે માણસ આવા પ્રયત્નમાં સતત મંડયો રહે છે અને પોતાનું આ કાર્ય છોડતો જ નથી તેને જ આપણે સાચો માણસ કહી શકીશું અને એ માણસ આજે નહિ તો આવતી કાલે અગર મોડો પણ જરૂર એ મિઠાશ જેવા મોક્ષને પામી શકશે.

## કીડીના દૃષ્ટાંતે પશુની મહત્તા

આપણે મનુષ્ય કહેવાઈએ છીએ તો પણ આપણી દશા કેવી છે? તે આ ઉપરથી સારી રીતે ખ્યાલમાં આવી શકે એમ છે. આપણે એક વાર પ્રયત્નો કરીએ, બે વાર પ્રયત્ન કરીએ, ત્રણ વાર પ્રયત્નો કરીએ. પરંતુ જો તે પ્રયત્નોમાં ન ફાવીએ તો આપણે પ્રયત્નો કરવા માંડી વાળીએ છીએ. આશ્ચર્યની વાત એ છે કે પ્રયત્નો કરતાં કુંજર કંટાળે છે કીડી કંટાળતી નથી?

અનાજના એક દાણાની ફરતે તમે ભીની રાખોડીની લાંબી હાર કરશો તો જ્યાં સુધી એ રાખોડી લીલી હશે ત્યાં સુધી કીડીઓ એ રાખોડીની હારની ચારે દિશાએ ફર્યા જ કરશે, પણ રાખોડીની હાર સુકાઈ ગઈ કે તરત એજ કીડી સુકા રાખોડા ઉપર-ચઢીને પસાર થઈને પણ પેલા દાણા પાસે પહોંચી જશે, અને તેમાંથી ઉપાડાય તેટલો દાણાનો હિસ્સો તે જરૂર ઉપાડી જ લેશે.

અહીં જે મુખ્ય વસ્તુ ધ્યાનમાં રાખવાની છે તે કીડીની ધ્યેયપ્રિયતા છે. કીડી રાખોડીની હાર લીલી હોવાથી એ હાર ઉપરથી ચડી જઇને

અન્નનો દાણો કે સાકરને પામી નથી શકતી એ જુદી વાત છે, પરંતુ તેનું ધ્યેય તો એકાંત એ વસ્તુ પામવાનું જ રહે છે. એજ પ્રમાણે આ આત્માનો અને સિદ્ધ વસ્તુનો સંબંધ પણ સમજવાનો છે. જ્યાં સુધી કર્મનું જોર હોય ત્યાં સુધી આત્મા સિદ્ધવસ્તુને ન મેળવી શકે એ જુદી વાત છે. પરંતુ જો સિદ્ધવસ્તુ એ જ આત્માના લક્ષ્યમાં હોય તો જતે દહાડે પણ આત્મા એ સિદ્ધ-વસ્તુને મેળવી શકે એ નિર્વિવાદવસ્તુ છે. જો તમારા લક્ષ્યમાં જ અમુક વસ્તુ હોય તો આજ નહિ તો વરસો પછી પણ કુદરત તમોને એ વસ્તુ મેળવી આપ્યા વિના રહેવાની જ નથી.

## સમ્યક્ત્વની મહત્તા

શાસ્ત્રકારોએ તો એ સનાતન નિયમ વર્ણવી જ દીધો છે કે જો તમે સમ્યકત્વને પ્રાપ્ત કર્યું હોય અને પછી તમે આત્માનુ જ સાધ્ય રાખીને ફરો તો કંઈ પણ શંકા વિના જરૂર તમને **નવ પલ્યોપમે દેશવિરતિ સંખ્યાતાસાગરોપમે સર્વવિરતિ અને એટલે જ સંખ્યાતા સાગરોપમે ઉપશમ અને એનાથી સંખ્યાતા સાગરોપમે ક્ષપકશ્રેણી તથા મોક્ષ** મળે જ મળે! આને તામ્રલેખ સમજો. જેમ તામ્રલેખ કે શિલાલેખ તરીકે કરી આપેલો દસ્તાવેજ ફરતો નથી તેમ શાસ્ત્રકારોએ તમોને કરી આપેલો આ દસ્તાવેજ પણ અખંડ અને અભંગ છે અને તે પણ કદી ફરે એવો નથી. શાસ્ત્રમાં કેટલીક વસ્તુ બહુલતાની અપેક્ષાએ કહેવાય છે. પરન્તુ આ મોક્ષના ધ્યેયરૂપ સમ્યકત્વ પછી જણાવેલ મોક્ષ પ્રાપ્તિનો ક્રમ સર્વવ્યાપક છે. અથાત્ વ્યાકલ્પવાદે આ ક્રમ નથી.

## સમકિતીની રખડપટ્ટી ન હોય?

સમકીતીજીવને રખડપટ્ટી પર ચઢવાનું હોતું જ નથી. પરંતુ સમકીતીજીવ રખડપટ્ટી પર ચઢે છે એનું કારણ એ છે કે તે પોતાના ધ્યેયને ચુકી ગએલો હોય છે. એક વખત સમ્યકત્વ

પામ્યા પછી આત્મા જો સાધ્ય ચૂકી જાય તો જ તે રખડપટ્ટીએ ચઢે છે. જો તે સાધ્ય ચુકેલો હોતો નથી તો તેને રખડપટ્ટી કરવાની રહેતી જ નથી! જેમ કીડી ગમે ત્યાં જતાં ગમે તેવા પ્રયત્નો કરતાં માત્ર મીઠાશને જ પોતાના એક ધ્યેય તરીકે રાખે છે, તે જ પ્રમાણે જો આત્મા પણ આત્માના સ્વરૂપ તરફ જ નજર રાખે છે તો તે આત્મા વહેલો મોડો પણ એ આત્માના ધ્યેયરૂપ આત્મતત્વને જરૂર મેળવી શકે છે! કીડીની દૃષ્ટિ પદાર્થ તરફ હોતી નથી, પરંતુ તેનું લક્ષ્ય મીઠાશ તરફજ હોય છે. બધી વસ્તુ સાચી છે. પરંતુ સૌથી શ્રેષ્ઠ તો મીઠાશ જ છે એમ તે માને છે. એ જ પ્રમાણે સમકિતીનું પણ એ જ લક્ષ્ય હોય છે કે ગમે તે પ્રકારે આત્માના ગુણોને પ્રકટ કરવા, ત્યાં જ મારા કાર્યની સિદ્ધતા છે, અન્ય રીતિએ મારા કાર્યની સિદ્ધતા નથી!

## સમકિતીનું લક્ષ્ય

આત્માના ગુણો પ્રકટ કરૂં એ સિવાય સમકિતીનું બીજું લક્ષ્ય હોતું જ નથી. સમ્યક્ત્વવાળો કોણ છે? એ જાણવા માટે સમકિતીનાં લક્ષણો દર્શાવવામાં આવ્યા છે કે દેવ–ગુરુ વગેરેની ભક્તિ, ધર્મ સાંભળવાની ઈચ્છા, ધર્મ ઉપર રાગ, તથા ધર્મ, ગુરૂ અને દેવના વૈયાવચ્ચમાં પોતાની શક્તિ પ્રમાણે નિયમો, એ સઘળાં સમ્યકત્વનાં લક્ષણો છે. પરંતુ સમ્યકત્વના આ લક્ષણો બીજાનું સમ્યકત્વ જાણવા માટેના છે. પોતાના આત્માનું સમ્યકત્વ જાણવા માટે શમઆદિ પાંચલિંગના નિયમો બતાવ્યા છે. વ્યવહારથી શુદ્ધ દેવાદિને માનવા શમાદિને ધારણ કરવા, ગુરૂ ઉપર રાગ રાખવો, ધર્મ ઉપર રાગ રાખવો, દેવગુરૂના વૈયાવચ્ચમાં પ્રવર્ત્તવું એ સઘળું સમ્યકત્વનું કાર્ય થયું ગણાય છે. આ વસ્તુ એવી છે કે તેમાં કોઈને પણ વિરોધ આવી શકવાનો નથી. સઘળાને જ આ વસ્તુ કબુલ રાખવી પડે તેવી છે. પણ અહીં એક ઘણો જ મુશ્કેલ અને મહત્વનો સવાલ ઉઠે છે. આ સવાલ શો છે? તે તપાસીએ.

## શમાદિ પાલન શા માટે?

એ પ્રશ્ન એ છે કે શમાદિનું પાલન શા માટે કરવામાં આવે છે? ધર્મ ઉપર રાગ રાખવો તે પણ શા માટે? ધર્મ શ્રવણની ઇચ્છા, વૈયાવચ્ચનો નિયમ તથા શુદ્ધદેવાદિને માનવા એ સઘળું શા માટે છે? આપણે બજારમાં જઈએ છીએ ત્યાં માલ વેચાતો દેખીએ છીએ. તે વેચાણના ચોપડા લખાતા દેખીએ છીએ. લેવડદેવડ થતી દેખીએ છીએ. એ સઘળું શા માટે થાય છે? તે વિચારતાં માલમ પડે છે કે એ સઘળું નફો મેળવવા માટે અને નફાની આશાએ થાય છે! બજારમાં થતી લેવડ-દેવડ તે રૂપીયા આપવા-લેવાના મુદ્દાથી થતીજ નથી. ચોપડા લખાય છે તે પણ ચોપડા લખવાના જ મુદ્દાથી લખાતા નથી પરંતુ આ સઘળું થાય છે તે એકજ મુદ્દાએ થાય છે. કે ત્યાં કમાણીનો હેતુ છે. ત્યાં ખરી દૃષ્ટિ કમાણી ઉપર રહેલી છે અને તેના ઉપરજ આખો વ્યવહાર ચાલી રહેલો હોય છે. જેમ બજારમાં થતાં સઘળાં કાર્યોનો પૃથક્ પૃથક્ કાંઇ સ્થાનિક હેતુ નથી તેજ પ્રમાણે અહીં શમાદિ પાંચ શુશ્રુષાદિ કાર્યો પણ તેના સ્થાનિક હેતુરૂપે ગણવાનાં નથી.

## ધર્મક્રિયાઓ શા માટે?

ધર્મ સાંભળવો જ જોઇએ એ મુદ્દાએ ધર્મ શ્રવણ કરવાનું નથી. ધર્મ પર રાગ રાખવા માટે જ ધર્મ ઉપર રાગ રાખવામાં આવતો નથી. ગુરૂ અને દેવના વૈયાવચ્ચ કરવાના ઇરાદેજ ગુરૂ અને દેવનું વૈયાવચ્ચ કરવાનું નથી. તેજ પ્રમાણે શુદ્ધદેવાદિકને પૂજવાજ જોઇએ એ મુદ્દાએ શુદ્ધદેવાદિકને પૂજવાના નથી. પરંતુ તે બધું કરવામાં કાંઈક બીજો જ મુદ્દો રહેલો છે, એ મુદ્દો શો છે તે સમજો. બજારમાં માલની જે લેવડદેવડ થાય છે, તેમાં લેવડદેવડ કરવી જોઇએ એજ હેતુ હોય તો તો **પાંચ પૈસાની ટોપીના પાંચ રૂપીઆ** લેવાને કોઈ તૈયાર થાય તો પણ તમોને વાંધો નજ

નડવો જોઇએ. ગમે તે ભાવે પણ તમે લેવડદેવડ કરી લો. નામું લખવાના મુદ્દાથીજ તમે નામું લખવાના હો તો તો તમો ચોપડાઓમાં પણ ગમે તે વાત લખી શકો છો, અને રૂપીઆ લેવા એજ મુદ્દાએ તમે જો દુકાને બેઠા હો તો તો પાંચસો રૂપીયાના માલના પાંચ રૂપીયા લઇને પણ તમે તેને વેચી દઈ શકો અથવા ખોટા પૈસા પણ તમે લઇ શકો! પરંતુ તમે એવી પ્રવૃત્તિ નથી કરતા. તેનું કારણ એ છે કે એ બધા કાર્યોમાં તમારો મુદ્દો નફાનો છે.

## કર્મક્ષયનું લક્ષ્ય જરૂરી છે.

વ્યવહારના બધા કાર્યોમાં તમે મુખ્ય મુદ્દો જુઓ તો તે કમાણીનો–નફાનોજ છે. તેજ પ્રમાણે શમાદિ લક્ષણો પણ તેના સ્થાનિક મુદ્દાએ નહિં પરંતુ આત્માને સર્વથા કર્મ રહિત કરવાનાજ મુદ્દાથી છે. એજ પ્રમાણે સમ્યકત્વના ત્રણ લિંગો છે તે પણ આત્માનો સ્વભાવ પ્રકટ કરવાના મુદ્દાએજ છે, અન્ય કોઇ પણ મુદ્દાએ નથી. એજ પ્રમાણે શુદ્ધદેવાદિને માનવાના છે તે પણ કર્મનો ક્ષય કરવાના મુદ્દાથીજ માનવાના છે, અન્યથા માનવાના નથી.

જો કર્મક્ષયનો મુદ્દો ઉડાવી દો અને તમે ધાર્મિકક્રિયા કામો ચાલુ રાખો તો તેનો અર્થ તો એ જ છે કે તમે કમાણી કરવી અર્થાત્ નફો કરવો એ મુદ્દો ઉડાવી દઈને વેપાર–ધંધો કરવા માંગો છો. જો તમે નફાનો મુદ્દો ઉડાવી દો તો માલની આપ–લે, ચોપડા લખવા અને પૈસાની લેવડ–દેવડ એ સઘળું વ્યર્થજ લાગે. એમ અહિં પણ શમાદિ કે શુશ્રૂષાદિ એ સઘળું આત્માના કલ્યાણના મુદ્દાએજ છે. અન્યથા વ્યર્થજ છે.

## વેપારીના દૃષ્ટાંતે લક્ષ્યની જાગૃતિની કેળવણી

ઠીક, આટલું કબુલ કર્યા પછી પણ હજી એક બીજી વાત વિચારવાની છે.

ધારો કે એક વેપારી છે તે રૂની મોસમમાં લાખ ગાંસડી રૂની ખરીદી લે છે. અને તે લાખ ગાંસડી ખરીદી લઈને તેને રાખી મૂકે છે. સારો ભાવ મળે તો પણ એ ગાંસડીઓને તે વેચતોજ નથી! તો આ વેપારનું પરિણામ એજ આવવાનું કે ખોટ! યાદ રાખવાનું છે કે રૂનો વેપાર નુકશાનકારક છે એમ નથી.

તેનાથી તો તે વખત ફાયદોજ થાય છે. એ વાત સાચી છે. પરંતુ તેમ છતાં પણ જો નફાની દૃષ્ટિ ન રાખીએ તો પરિણામ એ આવે કે વેપારમાં ખોટજ જાય. એજ પ્રમાણે અહીં પણ વિચારવાનું છે. તમે શુદ્ધદેવાદિને માન્ય રાખ્યા છે એનો અર્થ એ છે કે આપણે રૂની ગાંસડીઓ તો ભરી લીધી છે. પરંતુ એ ગાંસડીઓ ભરી લીધા પછી પણ જો નફાની દૃષ્ટિરૂપ મોક્ષ પ્રાપ્તિની દૃષ્ટિ ન રહે તો રૂની ગાંસડીઓ રૂપ શુદ્ધદેવાદિ મેળવ્યા છતાં પણ આપણે તો ખોટમાંજ ઉતરી પડવાના! આ ખોટને કોઈએ શુદ્ધદેવાદિને માનવાનું પરિણામ સમજવાનું નથી.

## કર્મક્ષયના મુદ્દાની મહત્તા

તમે જાણો છો કે રૂનો વેપાર ખોટનો ન્હોતો. રૂનો વેપાર હંમેશાં નફોજ આપનારો હતો. પરંતુ તે છતાં ખરીદેલું રૂ જે યોગ્ય મોસમમાં નથી વેચી મારતો તેને ભાગે તો ખોટ જ રહે. રૂને યોગ્ય મોસમમાં ન વેચી દેવાને લીધે ખોટ જાય તો એ ખોટને માટે આપણે રૂને જવાબદાર ગણતા નથી. પરંતુ તે માટે રૂ ન વેચી દેવાની અને તેને સંગ્રહી રાખવાની નીતિનેજ જવાબદાર ગણીયે છીયે. તેજ પ્રમાણે જે શુદ્ધદેવાદિને અનુસરે છે તેમણે પણ જાણવાની જરૂર છે કે શુદ્ધદેવાદિને અનુસર્યા વિના વા કલ્યાણ થવાનું જ નથી. પરંતુ શુદ્ધદેવાદિકને પણ એક માત્ર કર્મક્ષયના મુદ્દાથીજ આદરવા જોઇએ. શુદ્ધદેવાદિકને માનો પરંતુ તે છતાં જો કર્મક્ષયના મુદ્દાથી તેને ન માનો તો મુશ્કેલી તો તમારી સામેની

સામેજ આવી ઉભી રહેશે. તમારી મુશ્કેલી શુદ્ધદેવાદિને માનવા છતાં પણ દૂર થઈ શકવાની નથી.

## ધર્મ પણ નુકશાન કરે ખરો ?

હવે અહીં તમોને સહેજે એવી શંકા થશે કે કુદેવાદિકને માનનારાઓની મુશ્કેલી દૂર ન થાય અને તેમને નુકશાની ખમવી પડે એ તો ઠીક છે, પરંતુ સુદેવાદિકને માનવા છતાં પણ નુકશાન થાય અને મુશ્કેલી ના ટળી શકે તો પછી સુદેવાદિકને માનવાથી લાભ શો ? અર્થાત્ સુદેવાદિકને માનવાથી પણ તેમાં જો કર્મક્ષયનો મુદ્દો ન હોય તો નુકશાન થાય છે એ વાત તમારૂં હૃદય કદાપિ પણ સહેલાઇથી કબુલ કરી શકવાનું નથી. તમારી બુદ્ધિ સહેલાઇથી આ વાત કબુલ ના કરે તો ભલે, પરંતુ જો તમે જરા વધારે વિચાર કરશો તો આ વસ્તુને તમે સારી રીતે સમજી શકશો.

તમે એક સાધારણ ઘરેણાનું જ ઉદાહરણ લો, ઘરેણું એ શોભા વધારનારી ચીજ છે કે શોભા ઘટાડનારી ચીજ છે ? તમારો જવાબ એજ હોઇ શકે કે ઘરેણું એ શોભા વધારનારી ચીજ છે. પરંતુ એજ શોભા વધારનારી ચીજ ઘરેણું તમારૂં ઘર પણ મરાવે છે, એ વાત ભૂલી જવા જેવી નથી. તમે ઘરેણાં પહેરીને શ્રીમંતોને ત્યાં લગ્નમાં જાઓ તેનો વાંધો નથી. સરકારી ઓફિસમાં ફરી આવો તેમાં વાંધો નથી. પરંતુ જો એજ ઘરેણાં પહેરીને તમે દુર્જનોના વાડામાં ગમે તેમ રખડો તો એજ દુર્જનો તમારા ઘરેણાંની લાલચે તમારા ઉપર જાત-જાતની આપત્તિ લાવવા તૈયાર થશે, અર્થાત્ ઘરેણું એ શોભા વધારનારી ચીજ હોવા છતાં તે ચીજને પણ દુર્જનોથી બચાવી લેવાની અનિવાર્ય જરૂર છે. ઘરેણું શોભા વધારે છે, તમોને શણગારરૂપ છે. તમારી પ્રતિષ્ઠા વધારે છે પરંતુ એજ ઘરેણાની દુર્જનથી રક્ષા ન થાય તો એજ ઘરેણું તમારો કચ્ચરઘાણ પણ કરાવી નાંખે છે.

**રાગજન્ય ધર્મ મુશ્કેલીમાં મુકી દે છે.**

પણ એજ સ્થિતિ અહીં શુદ્ધ દેવાદિકની છે. સુદેવ, સુગુરૂ ને સુધર્મ એ ત્રણે પદાર્થ રત્ન સમાન છે, અલંકાર સમાન છે, હીરા-મોતી સમાન છે, પરંતુ તેને પણ દુર્જનથી બચાવી લેવાની આવશ્યકતા છે, ક્ષાયિકભાવથીજ સુદેવ, સુગુરૂ અને સુધર્મ આરાધવાના છે, એ આરાધનાની અંદર જો બીજું કોઇ ભળી ગયું અને મારા તારા પણું ઘુસી ગયું, બીજો કોઇપણ વિચાર પેસી ગયો તો સમજી લેજો કે ઘરેણાની દુર્જનોના હાથમાં ગયા જેવીજ પરિસ્થિતિ અહીં ઉદ્ભવે છે.

શ્રીમાન્ નંદીવર્ધનનો પ્રસંગ અહીં વિચારવા જેવો છે. નંદીવર્ધનને ભગવાન્ શ્રીમહાવીરદેવ ઉપર અનન્ય રાગ હતો. હવે ભગવાન શ્રીમહાવીરદેવ કાંઇ ગમે તેવા સામાન્ય ન હતા. ભગવાન્ શ્રીમહાવીર ભગવાન્ તો સુદેવ હતા. વીતરાગસ્વરૂપ હતા. સર્વ ગુણ સંપન્ન હતા, નંદીવર્ધન પણ ભગવાનની એ મહત્તાને જાણતા હતા. આ સઘળું જાણ્યા છતાં પણ નંદીવર્ધનનો પણ ભગવાન શ્રીમહાવીરદેવ ઉપર રાગ હતો તે માત્ર તેઓ તીર્થંકર ભગવાન હતા એટલા પુરતોજ ન હતો, પરંતુ ભગવાન પોતાના ભાઈ છે, તે વસ્તુ પણ ત્યાં ઓતપ્રોતપણે સામેલ હતી.

**વ્યકિત રાગ ભયંકર છે.**

ભગવાન શ્રીમહાવીરદેવના સંબંધમાં શું બોલવાનું હોય ? જગતમાં જેમના સમાન બીજા સુદેવ નહિ. જેમની જોડીનો બીજો શાસ્ત્રવેત્તા નહિ, કે જેની જોડીનો બીજો પવિત્રાત્મા નહિ, એવા સાધુ પુરુષ ઉપર રાગ ! કહો એ રાગ જરા પણ અયોગ્ય વ્યક્તિ પરત્વે હતો ? નહિં, પરંતુ તેમ છતાં એ રાગમાં એ દષ્ટિ પણ સામેલ હતી કે આવા મહાન સુદેવ તે મારો ભાઈ થાય છે ! શ્રીમાન્ નંદીવર્ધનનો ભગવાનશ્રી મહાવીરદેવ ઉપર દેવપણાનો રાગ નો ખરોજ, પરંતુ તે સાથે ભાઈ તરીકેનો રાગ પણ તેમનામાં અપૂર્વજ રહેલો હતો.

હવે આ બંને પ્રકારના રાગનો જરા વિચાર કરી લેજો. શ્રીમાન્ નંદીવર્ધનનો ભગવાન્ શ્રી મહાવીરદેવ ઉપર જે દેવપણાનો રાગ હતો તે રાગ કર્મના ક્ષયોપશમને સાધનારો હતો, પરંતુ ભગવાન મારા ભાઈ છે એવા હેતુપૂર્વકનો તેમનો ભગવાન ઉપર જે રાગ હતો તે તો રાગ બંધનને આપનારો જ હતો, ભગવાન શ્રી મહાવીરદેવ એ એને એક જ વ્યક્તિ હતી. વ્યક્તિમાં જુદાઇ ન હતી, પરંતુ તે છતાં તેમના ઉપર નંદીવર્ધનનો જે રાગ હતો તે આમ બે પ્રકારનો હતો.

શ્રીમાન્ નંદીવર્ધનનો એક રાગ એ કારણથી હતો કે ભગવાન શ્રી મહાવીરદેવ "સુદેવ" અને બીજો રાગ એ કારણથી હતો કે ભગવાન જેવા સુદેવ એ પોતાના ભાઈ છે!

## સ્નેહ રાગથી ધર્મ અનર્થ કરે.

હવે ગણધર મહારાજા શ્રી ગૌતમ સ્વામીજીનો રાગ કેવા પ્રકારનો હતો તે વિચારો!

પ્રથમ તો એ વાત વિચારવાની છે કે જે મોક્ષમાર્ગના ઉમેદવાર છે તેમણે એ બે વાતો ધ્યાનમાં રાખવાની છે. તે એ કે રાગ મુખ્યત્વે બે પ્રકારનો છે; સ્નેહરાગ અને તત્વરાગ.

ખૂબ ધ્યાનમાં રાખજો કે સ્નેહરાગ એ તો વજ્રની સાંકળ છે, ભાઈ તરીકે કે કાકામામા તરીકે અથવા તો ગમે તે આત્મીય સજ્જન તરીકે તીર્થંકરદેવ કે સાધુમહાત્માઓ ઉપર રાગ રાખો તો એ સ્નેહરાગ છે, એ સ્નેહરાગ બધનને આપનારો છે, અને તેથી સ્નેહરાગ એ વજ્રશૃંખલા કહેવાય છે, પરંતુ જ્યાં તત્વપર દૃષ્ટિ છે, જ્યાં તત્વપર રાગ છે, જ્યાં તત્વજ પ્રિય છે તે રાગ વજ્રશૃંખલા તરીકે ઓળખાતો નથી, છતાં એ રાગ પણ મોહનીય કર્મોનો ભાઇબંધ છે! જો કે સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર જે રાગ છે તે તો શુદ્ધ હોવા છતાં જે રાગ રાખવામાં આવે છે, રાગ મોહનીયકર્મને સંબંધી છે. પરંતુ તેમ છતાં એટલી વાત યાદ રાખવાની છે કે એ રાગ અગ્નિ જેવો તેજસ્વી છે.

## સ્નેહરાગ અગ્નિ જેવો છે!

હવે તમો એવો પ્રશ્ન કરશો કે તમે એ રાગને અગ્નિ જેવો કેમ કહો છો? ખરી રીતે જૈન ધર્મનું બધું લક્ષ્ય સાચી શાંતિ મેળવવા તરફ હોવાથી એ રાગને પાણીના જેવો જ રાગ કહેવો જરૂરી છે. ઠીક! અગ્નિનો સ્વભાવ શું છે? એ વાત તો તમે જાણો જ છો. અગ્નિનો સ્વભાવ એવો છે કે કોઈ એને બાળી શકતું નથી, પણ અગ્નિ બધાને બાળે છે! અગ્નિમાં આવીને જો કોઈ વસ્તુ પડે તો પણ એ વસ્તુનો જ નાશ થાય છે, અને અગ્નિ કોઈ વસ્તુ ઉપર જઇને પડે તો પણ તેથી એ વસ્તુનો જ નાશ થાય છે! અર્થાત્ અગ્નિ જ્યાં પડે તેને બાળે છે! શુદ્ધદેવાદિકના ઉપરનો પણ તેઓ શુદ્ધ હોવાને કારણે તે સંબંધી જે રાગ છે તે રાગ એવો છે કે આત્મામાં રહેલા કર્મોને જ તે બાળે છે, એથી જ એ રાગને શાસ્ત્રકાર મહારાજાઓએ અગ્નિના જેવો રાગ કહ્યો છે.

## રાગ-દ્વેષ મોક્ષ પણ અપાવે!

રાગ અને દ્વેષના સંબંધમાં તમારે કેટલીક વાત વિચારી જોવાની છે. સઘળા જ રાગ તજવા જેવા છે, અથવા સઘળાજ પ્રકારના દ્વેષો પણ તજવા જેવા છે, એમ તમે એકાંતે માની લેશો નહિ. યાદ રાખજો કે જેને મોક્ષ મેળવવો છે તેણે તો એ રાગ-દ્વેષને માર્ગે જ પ્રવૃત્તિ કરવાની છે. તમે જરૂર માની લેજો કે **રાગ-દ્વેષ એ મોક્ષના પણ રસ્તા છે**, પરંતુ એ રાગ-દ્વેષ કયા પ્રકારનો હોઈ શકે? એ વાત તમારે તપાસવાની જરૂર છે.

## રાગ-દ્વેષથી મોક્ષ શી રીતે?

શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મ ઉપર જેમ વધારે રાગ રાખશો તેમ તેમ તમો મોક્ષની વધારે સમીપ જશો. શુદ્ધદેવાદિ ઉપર રાગ રાખવો એ જેમ કર્તવ્ય છે તેજ પ્રમાણે મિથ્યાત્વ, અવિરતિપણું

વગેરે ઉપર દ્વેષ રાખવો એ પણ કર્તવ્યજ છે. મિથ્યાત્વાદિ ઉપર પણ જેમ જેમ વધારે દ્વેષ રાખશો તેમ તેમ તમે મોક્ષની વધારે નજીક જશો. **મિથ્યાત્વાદિ ઉપરના દ્વેષને અને નિર્જરાને સંબંધ છે, ઘાતીકર્મની નિર્જરાને અને દેવાદિના રાગને સંબંધ છે.**

## શુદ્ધ દેવાદિના તીવ્ર રાગે તીવ્ર નિર્જરા?

શુદ્ધદેવાદિકની ઉપરનો રાગ જેમ તીવ્ર છે તેજ પ્રમાણે નિર્જરા પણ તેટલીજ તીવ્ર થવા પામે છે, જેટલા પ્રમાણમાં અહીં રાગ છે તેટલાજ પ્રમાણમાં અહીં નિર્જરા પણ તીવ્ર સમજવાની છે. સમ્યક્ત્વાદિ ઉપર જેટલો તીવ્ર રાગ છે તેટલીજ તીવ્રપણે નિર્જરા પણ થાય છે. આજ વસ્તુ પરત્વે નવકારમંત્રમાં "**नमो अरिहंताणं**" અરિ શબ્દ રાખવામાં આવ્યો છે. નવકારમંત્રમાં કોઇપણ સ્થળે કર્મ શબ્દ કહેવામાં આવ્યોજ નથી. કર્મ એ શત્રુ છે, અરિ છે, દુશ્મન છે, પરંતુ છતાં તેનું નામ સરખું પણ નવકારમંત્રમાં ન લેવામાં એ મુદ્દો રહેલો છે કે જૈનશાસનમાં પર તરીકે રહેલા શત્રુ અને મિત્ર એ બંને સમાન છે.

## સામાયિક એટલે?

જૈનશાસનમાં શત્રુ અને મિત્ર બંને સમાન છે. માન અપમાન બંને સરખાં છે અને તેને જ સામાયિક ગણવામાં આવ્યું છે. ત્રસ સ્થાવર જીવોમાં સમાનતા રાખવાની છે, સ્વજન અને પરજનમાં સમાનતા રાખવાની છે, માનાપમાનમાં જેમ સમાનતા રાખવાની છે તેમજ શત્રુમિત્રમાં પણ સમાનતા રાખવાની છે, જો એ સ્થિતિ હોય તો જ તે સામાયિક છે. જો એ સ્થિતિનો અભાવ હોય તો એ વખતનું સામાયિક જ નથી, છતાં કર્મ ઉપર શત્રુભાવ તો રાખવાનો જ છે.

## કર્મ તો ભયંકર શત્રુ છે.

કર્મ ઉપર એ શત્રુભાવ જેટલો વધારે છે તેટલી નિર્જરા પણ વધારે જ, એ શત્રુભાવને અને નિર્જરાને સંબંધ છે, પરંતુ પૌદ્ગલિક કારણોએ તમે કોઇને શત્રુ માનો અને શત્રુ ઉપર શત્રુભાવ રાખો તે તે શત્રુભાવને અને નિર્જરાને સંબંધ નથીજ પરંતુ બંધની સાથે તેનો સંબંધ છે! શત્રુને હણનારાને નમસ્કાર કરવાનું શ્રી જીનભગવાનનું શાસ્ત્ર ફરમાવે છે, પરંતુ એ શત્રુ તે બાહ્ય શત્રુ નથી. અરિહંતત્વમાં કર્મ રૂપી શત્રુને હણનારાનેજ સ્થાન છે, કર્મરૂપી શત્રુને ન હણે, અને તેને બદલે બાહ્યપૌદ્ગલિક ચીજોને હણનારો થાય તેને તો અરિહંતપણામાં સ્થાન જ નથી, તેનું સ્થાન તો હિંસકત્વમાંજ રહેલું છે.

## જૈનો શત્ર કોને કહે છે ?

હવે જૈનમાં શત્રુત્વ કેવું છે? અને તે કોના સંબંધમાં છે! તેનો વિચાર કરો. આત્માને અનાદિકાળથી જો કોઈ રખડાવનાર હોય તો તે ઘાતીકર્મ સિવાય બીજી એક પણ એવી કોઈ વસ્તુ નથી કે જે આત્માને આ મહાભયંકર ભવસાગરમાં રખડાવ્યાજ કરે, આ ઘાતીકર્મો તેજ આત્માના મહાપ્રબળ શત્રુઓ છે, એ નક્કી માનજો! આ ઘાતીકર્મોને શત્રુઓ માન્યા છે અને એ ઘાતીકર્મોરૂપી શત્રુઓને હણવામાં જે શૂરવીર છે તેનેજ નમસ્કાર કરવાનું છે.

આથીજ કર્મ ઉપર જેટલી તીવ્ર શત્રુતા તેટલી જ નિર્જરાની તીવ્રતા સમજવાની છે. જૈનશાસન જે શત્રુતાને પોષણ આપે છે, જે શત્રુતાને જૈનશાસન નિરંતર ધારણ કરવાનું કહે છે, તે આ પ્રકારની શત્રુતા છે. અન્ય કોઈપણ પ્રકારની શત્રુતાને આ શાસન કદીપણ પોષણ આપતું નથી. હવે આ શાસન કયા પ્રકારનો રાગ પોષે છે તે જુઓ. બૈરી છોકરાંને સંસારવ્યવહાર એના ઉપરનો જે રાગ તે રાગને આ શાસન કદી પોષણ આપતોજ નથી, તે તો એજ

પ્રકારના રાગને પોષણ આપે છે કે જે પ્રશસ્ત રાગ છે. જે રાગ કર્મરૂપી શત્રુને હણે છે, અને તે વિજેતા ઉપરનો જે રાગ તેને જ આ શાસન પોષણ આપે છે.

## પ્રશસ્ત રાગની મહત્તા

પ્રશસ્તરાગનો સંબંધ નિર્જરા સાથે હોય છે. પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષ એ બંનેનો સંબંધ નિર્જરા સાથેજ છે. જો પ્રશસ્ત-રાગને નિર્જરાની સાથે સંબંધ ન હોય તો તો પછી આપણને नमो अरिहंताणं એમ કહેવાને માટે અવકાશજ રહેતો નથી. જો કાર્યક્ષયનો મુદ્દોજ ન હોય તો પછી અરિહંત ભગવાનોને વાંદવાનો હેતુજ રહેવા પામતો નથી. અહીં શત્રુતાને પોષવાની છે, કારણ કે એ નિર્જરાની સંબંધિની છે, અર્થાત્ અહીં નિર્જરાજ પક્ષકાર બને છે.

## પ્રશસ્ત રાગદ્વેષથી નિર્જરાનું સ્વરૂપ રાખવાનું છે.

આ રીતે પ્રશસ્ત રાગદ્વેષને પોષવાના કહ્યા છે, પરંતુ એ બધામાં જુઓ તો મુખ્ય મુદ્દો તો કર્મક્ષયનો જ રહેલો છે. ભગવાન્ શ્રીમહાવીરદેવ મારા ભાઈ છે એવા વિચારે તેમના કોઈ પરિવારિક સજ્જનો તેમના ઉપર રાગ રાખે એ પ્રશસ્ત રાગ નથી, પરંતુ તેઓ કર્મરૂપી શત્રુને હણનારા મહા વિજેતા છે એ દષ્ટિએ કર્મ-ક્ષયના મુદ્દાથી તેમના ઉપર રાગ રાખવો એ પ્રશસ્ત રાગ છે. અર્થાત્ રાગદ્વેષ પ્રશસ્ત હોવામાં પણ મુદ્દો તો કેવળ કર્મક્ષયનો જ રહેલો છે. બીજો નહિ. જો કર્મના ક્ષયના મુદ્દાને તમે ભૂલી જાઓ. કર્મના ક્ષયનો મુદ્દો તમારા ધ્યાનમાં ન રહે, અને તે વિના જો તમે ભગવાન ઉપર સુગુરૂ ઉપર અથવા તો સુધર્મ ઉપર રાગ રાખો તો પણ તમારો એ રાગ નિર્જરાને આપી શકતો નથી.

## સ્નેહરાગથી સાવચેત રહેવાની જરૂર છે.

જે જીવ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલો છે, તે જીવને સ્નેહ એ તો વજ્રની સાંકળ સમાનજ છે. શાસ્ત્રકારમહારાજાઓ તો કહે છે કે

શુદ્ધદેવ, શુદ્ધધર્મ અને શુદ્ધગુરૂ ઉપરનો જે મ્હારાપણાનો રાગ છે તે રાગ તો સ્નેહરાગજ છે. અલબત્ત શુદ્ધદેવાદિકો ઉપર તેઓ શુદ્ધ છે તેથી રાગ હોઈ શકે, પરંતુ તેમના ઉપર પણ મારાપણાથી મમત્વવૃત્તિ તો રાગ ન જ હોઈ શકે. તમે આસ્તિક હો, આત્મા અનાદિ છે, ભવનો સંબંધ અનાદિ છે, અને કર્મ પણ અનાદિના છે, એવું અંતઃકરણથી માનતા હો અને અમુક વ્યક્તિને તમારી સાથે અનેકભવનો સંબંધ હોય અને તે વ્યક્તિ ઉપર તમોને તે સદ્‌ગુણી હોવા માટે જે રાગ થાય તે તત્વરાગ હોય અને તે રાગને નિર્જરા સાથે સીધો સંબંધ છે, પરંતુ એ વ્યક્તિ સાથે તમારો ભવોભવનો સંબંધ છે, એ વિચારે તમારો એ વ્યક્તિ ઉપર જે રાગ થાય તે રાગ સ્નેહરાગ હોઈને તેને અને નિર્જરાને જરાપણ સંબંધ નથી.

હવે તમે એમ કહેશો કે ગમે તે કારણથી પણ ગુણી ઉપર રાગ હોય તો તે ગુણાનુરાગ કહેવાવો જોઇએ, તો તમે સદ્‌ગુણી ઉપરના રાગને ગુણાનુરાગ શા માટે કહેતા નથી? તમારા આવા પ્રશ્નનો જવાબ એ છે કે આપણો સદ્‌ગુણી ઉપર ગુણીતરીકેનો જો રાગ ન હોય તો સદ્‌ગુણી ઉપર આપણે રાગ રાખ્યો છે, એટલાજ કારણથી તે રાગ ગુણાનુરાગ કહેવાતો નથી. રાણી પોતાના બાળકો ઉપર રાગ રાખે છે. રાજમાતા પાટવીપુત્રને સ્તનપાન કરાવે છે, તેમાં એ માતાનો એવો હેતુ નથી કે આ બાળક દેશનો રાજા છે માટે મારે રાજપુત્રને સ્તનપાન કરાવવું જોઈએ. તે તો એ બાળકને પુત્રપણાથીજ પોષે છે. અગર કે પેલો બાળક રાજા છે, રાજમુકુટ તેને શિરે મૂકાવાનો છે એ સ્પષ્ટ છે, છતાં માતાનો તેના ઉપરનો રાગ એ તો પુત્ર તરીકેનોજ રાગ છે, રાજા તરીકેનો રાગ નથીજ. ભગવાન્ મહાવીર મહારાજ જીવ્યા ત્યાંસુધી ગણધર ભગવાન ગૌતમદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા પામી નહોતી, પરંતુ તેઓશ્રીનું કેવળજ્ઞાન રોકાઈ રહ્યું હતું તેનું કારણ શું?

## ગુણાનુરાગ ક્યારેય કેવળજ્ઞાન ન રોકે

હવે વિચાર કરો. શ્રીગૌતમસ્વામી મહારાજને જે વ્યક્તિપર રાગ હતો તે વ્યક્તિની મહત્તામાં જરાપણ ખામી ન હતી, ભગવાન શ્રીમહાવીરદેવના સુદેવપણામાં સંશયમાત્રનો પણ વાંધો ન હતો. ભગવાન પૂરેપૂરી વિશુદ્ધ વ્યક્તિ હતા, છતાં એ ભગવાન ઉપરનો પણ શ્રીમાન્ ગૌતમસ્વામીજીનો જે રાગ હતો તે રાગ તેમના કેવળજ્ઞાનને રોકનારો બન્યો હતો! ગુણાનુરાગ કોઈપણ સમયે કેવળજ્ઞાનને રોકનારો થઈ શકતો નથી, તે તો નિર્જરા સાથે જ સંબંધ ધરાવે છે, હવે જ્યારે ભગવાન ઉપરનો ગૌતમ-સ્વામીજીનો રાગ તેમના કેવળજ્ઞાનને ખાળે છે, ત્યારે સહજ થાય છે કે એ સ્નેહરાગ હોવો જોઈએ.

મહાવીર ભગવાન એ ક્ષત્રિય છે, ગણધરદેવ ગૌતમસ્વામીજી બ્રાહ્મણ છે, એક રાજપુત્ર છે, તો બીજો યજ્ઞ કરનાર છે, તો એ બંનેને પરસ્પર લાગે-વળગે એવો તેમની વચ્ચે શો સંબંધ છે? કશોજ નહિ! આ સંયોગોમાં ભગવાન ઉપરનો ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીનો રાગ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી કેમ અટકાવે છે!

## ગૌતમસ્વામીની વિશેષતા

આથી જ ગૌતમસ્વામી ભગવાન શ્રી મહાવીરદેવને પૂછે છે કે હે ભગવાન! મને તો આખા સંસાર કરતાં વિચિત્ર વસ્તુનોજ અનુભવ થાય છે. જગતનો એવો નિયમ છે કે જે પોતે શ્રીમંત હોય તે જ અન્યને શ્રીમંત બનાવી શકે છે, ગરીબડો પાડોશીને માલદાર બનાવી શકતો નથી. પરંતુ મારે ત્યાં તો અજબ વિચિત્રતા ઘડે છે, હું ભિખારી છું. પરંતુ મારી પાસે જે આવી જાય છે તે સઘળા શ્રીમંત થાય છે!" ભગવાન ગૌતમસ્વામીજી પાસેથી જેઓ શ્રીમતી ભાગવતી દીક્ષા લેતા હતા તેઓ સઘળા કેવળજ્ઞાન પામી જતા હતા.

## ગૌતમસ્વામીની લબ્ધિનું રહસ્ય

હવે જુઓ કે ભગવાન શ્રીગણધરદેવ ગૌતમસ્વામીજીને પોતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા પામી ન હતી, અને તેઓશ્રીને હાથે દીક્ષા લેનારાઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ચુકી હતી. આથીજ ભગવાન શ્રીમહાવીરદેવને ગૌતમસ્વામીએ કહ્યું હતું કે જગતમાં શ્રીમંત બીજાને શ્રીમંત બનાવી શકે છે, ભુખડી બારસ કાંઇ બીજાને શ્રીમંત કરી શકતો નથી, પરંતુ મારે ત્યાં તો એથી ઉલટુંજ થાય છે. હું કેવળજ્ઞાનરૂપ જવાહીર વિનાનો ભુખડી બારસ છું, અને હું બીજાને દીક્ષા આપું છું તે દીક્ષિત થયા પછી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી મેળવીને શ્રીમંત થાય છે, જ્યારે હું તો ભુખડી બારસનો ભુખડી બારસજ કાયમ રહું છું! આ વાત તો અંશે અક્ષીણમહાનસી-લબ્ધિના પ્રભાવ જેવી જ છે, અક્ષીણમહાનસીલબ્ધિનો પ્રતાપ એવોજ છે કે જેને એ લબ્ધિ પ્રાપ્ત થઇ હોય તે પંદરસોને જમાડી શકે છે, પરંતુ તેને પોતાને તો ભુખ્યા ને ભુખ્યાજ રહેવું પડે છે, અને જો તે જ જમી લે તો તેની અક્ષીણ લબ્ધિ જ સફાચટ થઇ જાય છે, અને તે પાછો હતો તેવો બની રહે છે!

## ગૌતમસ્વામીજીનો અનુતાપ

ગૌતમસ્વામી ભગવાન શ્રી મહાવીરદેવને કહે છે! મારી દશા તો આ અક્ષીણલબ્ધિવાળા જેવી જ થઇ કે મારી પાસે જે દીક્ષાના ઘરાક આવી ગયા તે તાલેવંત થઈ ગયા, અને હું પોતે તો ભિખારીનો ભિખારીજ રહ્યો! મારી કોથળી તો કાણી ને કાણીજ રહી! ભગવાન શ્રી મહાવીરદેવ કહે છે કે હે ગૌતમ! તારો અને મારો પરિચય આજકાલનો નથી. તું મ્હારા ઘણા ભવના પરિચય-વાળો છે, મારા સંસર્ગવાળો છે, મારી સાથે સંબંધે કરીને જોડાયેલો છે, માટે તારીજ કોથળીમાં કાણું છે, તેથી એ કોથળી બીજી કોથળીઓને ભરી શકે છે. પરંતુ પોતે તો ખાલી ને ખાલીજ રહે છે! પાણીયારણ પાણી ભરવા જાય અને તેનું બેડું કાણું હોય

તો તેનું બેડું કદી ભરી શકાતુંજ નથી. એજ કાણા બેડા વડે તેમાં પાણી લઈ બીજા ઘડાઓ ભરીએ તો ધારો તેટલા ઘડા ભરી શકાય, પરંતુ એ કાણો ઘડો તો કદી ભરી શકાતોજ નથી! એજ પ્રમાણે ગૌતમભગવાનની દશા છે. ગૌતમભગવાનને શ્રીમહાવીરદેવ સાથે ભવોભવનો સંબંધ હતો, આ સંબંધને પરિણામે તેમને સ્નેહ રાગ હતો અને તેથી તેમની કોથળી કાણી હતી! અને એ રાગ સ્નેહરૂપ હોવાથી જ ભગવાન શ્રી ગૌતમદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા પામી ન હતી.

## કર્મક્ષયના લક્ષ્યની મહત્તા

ભગવાન્ શ્રી મહાવીર દેવ જેવા દેવ અને ગૌતમ જેવા ભક્ત; છતાં ભગવાન શ્રી ગૌતમસ્વામી સ્નેહરાગમાં ઉતરી જવાથી તેઓ કેવળજ્ઞાન પામી શકયા ન હતા, પરંતુ કેવળજ્ઞાનમાં ઉલટો અંતરાય જ ઉભો રહેવા પામ્યો હતો! આ ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તમે શુદ્ધ દેવાદિને માનો, પરંતુ તે છતાં પણ જો કર્મના ક્ષય ક્ષયોપશમ અને મોક્ષના મુદ્દાથી તમે તેને ન માનો અને શમાદિ પણ કરો, પરંતુ તેમાં પણ જો તમારો કર્મક્ષયનો મુદ્દો ન જ હોય તો ધારેલું કાર્ય પાર પડવા પામે જ નહીં!

## સમકિતીની દષ્ટિ

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્યારથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય ત્યારથી એ વસ્તુનું મૂલ્ય સમ્યકત્વધારીને રૂંવાડે રૂંવાડે વસી જવું જોઈએ. હું જે સઘળું ધર્મકાર્ય પણ કરૂં છું તેમાં મારી મુખ્ય નેમ તો અમુક હોવી જોઈએ. કીડી મીઠાઈને શોધવામાં જ મશગુલ રહે છે, તે બધું કરે છે પણ મીઠાઈની ફરતે ભમ્યા કરે છે. ગમે એટલી ઉંચી નીચી થાય છે, પરંતુ તે બધામાં હેતુ તો તેનો એક જ હોય છે કે મીઠાઇ મેળવવી. એજ દષ્ટિ સમકિતીની પણ હોવી જ જોઈએ.

સમકિતી સમ્યકત્વ પામે ત્યારથી જ તેની ધારણા એ તો હોવી જ જોઇએ કે હું ધર્મ ઉપર રાગ રાખું છું. ધર્મશ્રવણ પર રાગ રાખું છું, દેવગુરુ ઉપર રાગ રાખું છું, ગુરૂ શુશ્રૂષા કરૂં છું. પરંતુ તે બધામાં મુદ્દાની વાત તો એ છે કે મારે મીઠાઈ રૂપ મોક્ષ મેળવવો છે, અને એ મોક્ષના મુદ્દાએ જ-કર્મક્ષય હો એ મુદ્દાએ સઘળા ધર્મ કાર્યો કરી રહ્યો છું. કીડીની પ્રવૃત્તિ તમે જોશો તો મીઠાઇ મેળવવાને માટે તલ્લીન! તે મીઠાઈની ચારે પાસે ફરશે, મીઠાઇની ટોપલીની ચારે બાજુ તમે રાખોડીનો ઢગલો કરશો તો તે ઢગલાની ફરતી વારંવાર ફર્યા કરશે અને જ્યાં જરા સરખો રસ્તો મળ્યો કે ઉપર ચઢવા જ માંડશે, પછી તમે ગમે એટલા પ્રયત્નો કરશો તો પણ તે રોકાવાની નથી, તેમ આત્મા પ્રકાશને માટે તલ્લીન રહેવો જોઇએ, જ્યાં જરા સરખી તક મળે કે તેણે એ માર્ગે વળીજ જવું ઘટે છે. સમકિતની પ્રાપ્તિ થયા પછી આત્માનું વર્તન આ કીડીના જેવુંજ મોક્ષાર્થે સતત ઉદ્યોગશીલ હોય છે.

## કર્મનિર્જરાના ધ્યેયનું મહત્ત્વ

મહાનિશીથસૂત્રમાં અને શ્રાવકપ્રજ્ઞપ્તિમાં શ્રાવકની મુસાફરીની વાત ચલાવવામાં આવી છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે એક શ્રાવકને દરિદ્રપણું આવ્યું છે, દરિદ્રતા આવવાથી તે વિચારે છે કે હું પરદેશમાં જાઉં, અને ત્યાં પરિશ્રમપૂર્વક કાર્ય કરીને દ્રવ્ય મેળવું.

કર્મનો ક્ષયોપશમ થવાની અંદર દ્રવ્યાદિ ચાર કારણ છે, ઉદય થવામાં પણ ચાર કારણ છે. અર્થાત્ હું આ ક્ષેત્રનો ત્યાગ કરીને બીજા ક્ષેત્રમાં જઈશ, તો ક્ષેત્ર બદલાશે અને તેથી મને લાભ થશે! આ ક્ષેત્રમાં મારૂં ચારિત્રમોહનીય તૂટતું નથી, પરંતુ જો હું બીજા ક્ષેત્રમાં જાઉં અને તે એ ક્ષેત્ર મને મોહનીય તોડવામાં મદદ કરે અને હું મહાવ્રત લેવાવાળો થાઉં, તો મને મોટો લાભ છે. સ્વદેશમાં દારિદ્રય પામેલો પરદેશ જવા ધારે છે, તેમાં પણ તેનો એ વિચાર છે કે ક્ષેત્રાંતર થવાથી કર્મોનો ક્ષયોપશમ થશે અને

ચારિત્રની પ્રાપ્તિ થશે, તો મારા આત્માનું કલ્યાણ થઈ જશે, પરંતુ જો તે નહિ થાય અને કદાચ અંતરાયનો ક્ષયોપશમ થશે તો મને દ્રવ્ય મળશે, અને મારૂં દારિદ્રય જશે!

આ શ્રાવકનો પહેલો વિચાર તો એ છે કે ક્ષેત્રાંતર–થવાથી ક્ષયોપશમ થશે અને ક્ષયોપશમ થવાથી ચારિત્ર પામીશ, આ તેનો મુખ્ય વિચાર, જો તેમ નજ થાય તો પછી છેવટે અંતરાયનો ક્ષયોપશમ થવાથી દ્રવ્ય તો મળશે, એ તેનો ગૌણ વિચાર. કીડી મીઠાઈના ઢગલાની ચારે બાજુએ ફરતી ફરે છે, પરંતુ તેનું ધ્યાન એક મીઠાઈ ઉપરજ હોય છે. તે જ પ્રમાણે સમકિતી પણ હંમેશાં ક્ષયોપશમના મુદ્દાવાળોજ હોય છે, પ્રથમ વસ્તુ તરીકે એનું લક્ષજ ચારિત્રમાં હોય છે, કીડી મીઠાશ મેળવવાના હેતુથી કુંડાળાની આસપાસ ભમ્યા કરે છે, તેજ પ્રમાણે સમકીતી જીવની દૃષ્ટિ પણ મોક્ષ તરફજ રહે છે. કીડી સાકરનો દાણો મેળવવા કુંડાળાની ચારે તરફ ફરતી ફરે છે. ત્યારે એવો વિચાર કરતી નથી કે મેં આ માર્ગમાં આટલુ અંતર કાપ્યું છે. તે એવોજ વિચાર કરે છે કે મારે હજી તો એટલો પંથ કાપવાનો બાકી છે, અને હું એટલો પંથ કાપીશ ત્યારેજ મારી ફરજ પૂરી થશે.

## સમ્યક્ત્વની ખબર

સમકિતી જીવની દશા એજ પ્રમાણે હોવી જોઇએ, સમકિતીને કેવલજ્ઞાન પામવામાં જેટલી ઓછાશ હોય તે ઓછાશ બદલજ તેને ખેદ થાય છે. સમ્યકત્વની પ્રાપ્તિનો આનંદ તેને જરૂર થવા પામે છે, પરંતુ તે આનંદ ઉપરજ તે પોતાની ગણુતરી બાંધતો નથી. કીડી પોતે આટલું ચાલી છું એવી ગણુતરી નથી ગણુતી, પરંતુ આટલું બાકી રહ્યું છે એવીજ ગણુતરી ગણે છે. તેજ પ્રમાણે સમકિતી પણ પોતે જેટલી પ્રાપ્તિ કરી છે, તેનો વિચાર કરતો નથી, પરંતુ હજી મોક્ષ આટલા અંતરે છે એજ તે વિચારે છે. અને એ અંતર વિચારીને તે દિશાએજ પ્રયત્ન કરવામાંજ તે કર્તવ્ય માને છે. એ

પૂજન તો વૃત્તિજ હંમેશાં હરેકે રાખવી ઘટે છે. કીડી મીઠાશના કુંડાળામાં ઘુસવા માટે જેમ સતત પ્રયાસ કર્યાજ કરે છે, તેજ પ્રમાણે સમકિતી જીવ પણ ક્ષયોપશમના કુંડાળામાં ઘુસવાનાજ વિચારવાળો હોય છે. આ દૃષ્ટિએ જ્યારે આપણે વિચાર કરતા થઇશું, ત્યારેજ આપણને લોકોત્તર દૃષ્ટિએ ધર્મનું મૂલ્ય સમજાશે. તે વિના લોકોત્તર દૃષ્ટિ એધર્મનું મૂલ્ય સમજાવાનું નથી. અને ધર્મનું મૂલ્ય સમજાયા વિના આપણે ઉત્તર ધર્મને કદાપિ પણ પામી શકવાનાયે નથી.

## જિનશાસન એટલે ભવસાગરમાં હોકાયંત્ર

"હોકાયંત્રની સોય વહાણને તારે છે, પરંતુ એ સોય જો 'સારી' અને 'સાજી' હોય તો !

નહીં તો એ જ સોય વહાણને રઝળાવી મારે !

ગમે તે રસ્તો સાચા તરીકે બનાવીને એ સોય આડ-રસ્તે વહાણને ચઢાવી દે છે અને પરિણામે વહાણ ક્યાંક ભમરીમાં ફસાઈ જાય કે કો'ક ખડક સાથે ભટકાઇ જાય.

તેમ જૈનશાસન એ ભવસાગરમાં હોકાયંત્ર છે, તેની દિશાસૂચક સોય છે શાસ્ત્રો! તે શાસ્ત્રો પ્રતિ આપણી નિષ્ઠા હોય તો જ આપણે ભવસાગર તરી શકવાના! નહીં તો સ્વચ્છંદ ભાવથી આથડી મરવાના !

જિનશાસનની વફાદારીની કેળવણી શાસ્ત્રો પ્રતિ હાર્દિક નિષ્ઠા બહુમાન વૃત્તિથી થાય છે.

પૂ. આગમોદ્ધારકશ્રીની અમૃતવાણી વ્યા૦ ૭.
પા. ૧૪૦ પરથી (સંશોધિત)

# સામાયિક આદિ ધાર્મિક ક્રિયાઓનું રહસ્ય
(૨)

[ ચાતુર્માસિક વ્યાખ્યાનનો એક ભાગ વ્યવસ્થિત કરી અહીં રજૂ કર્યો છે, જેમાં સામાયિકનું મહત્ત્વ અને દાન, શીલ, તપ, અને ભાવની માર્મિકતા સરળ શૈલીમાં સમજાવી છે. ખૂબ જ ધ્યાન પૂર્વક વાંચવા જેવું છે. —સં. ]

## અનુષ્ઠાનોનો ઉદ્દેશ.

શાસ્ત્રકાર મહારાજાઓએ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં ચાતુર્માસિક કૃત્યોના આરંભમાં સામાયિકની આવશ્યકતા દર્શાવી છે. શાસ્ત્રકારમહારાજાઓએ સામાયિકની આટલી બધી આવશ્યકતા શા માટે દર્શાવી છે? તે વિચારવાની વસ્તુ છે, સામાયિક એ આવશ્યકની પૂર્તિ સ્વરૂપે છે. આવશ્યક કાર્યોની પૂર્ણતાને માટે સામાયિક જરૂરી છે, તો હવે આવશ્યક શાસ્ત્રકારોએ કયા કયા દર્શાવેલા છે? તે વિચારવાની જરૂર છે. છ વર્ગનો સમુદાય તે આવશ્યક છે, અને આવશ્યકની પૂર્ણતાને માટે સામાયિકની સિદ્ધિ જરૂરી છે. આ રીતે આવશ્યક કાર્યોમાં સામાયિકનું સ્થાન જરૂરનું છે. એનો સહજ ખ્યાલ આવે છે. પરંતુ દેવાર્ચનાદિ કાર્યોમાં પણ શાસ્ત્રકારોએ સામાયિકને સૌથી પહેલું ગણાવ્યું છે, તો એ વિચારવાની જરૂર છે કે દેવાર્ચનાદિના કાર્યોમાં સામાયિકને સૌથી પહેલો નંબર શા માટે આપવામાં આવ્યો છે? દેવાર્ચન, દાન, તપ, બ્રહ્મક્રિયા એને સામાયિક સાથે સંબંધ નથી. જ્યારે સામાયિકને આ બધા કાર્યો સાથે સંબંધ નથી, તો પછી સામાયિક એ પહેલું કાર્ય શા માટે ગણવામાં આવે છે? એવો પ્રશ્ન સહજ ઊભો થાય છે. દેવાર્ચન અને સામાયિક એ બેમાં પહેલું કોણ? એ પ્રશ્નનું નિરાકરણ કરવાની જરૂર છે?

જેઓ એમ કહે છે કે "सामायिका–वश्यक–पौषधानि" એ કૃત્ય વ્યાજબી નથી. તેમણે સમજવાની જરૂર છે કે તેમની એ માન્યતા

તદ્દન ખોટી છે. દેવાર્ચન, સ્નાન, તપદાન, બ્રહ્મક્રિયા, વગેરેની કરણી પહેલી ભલે ગણવામાં આવતી ન હોય પણ ઉદ્દેશની દ્રષ્ટિએ સામાયિકનું સ્થાન કયાં? એનો જો વિચાર કરીએ તો તેનો જવાબ એકજ મળે છે કે ઉદ્દેશની દ્રષ્ટિએ તો સામાયિકનું સ્થાન સૌથી પહેલાં છે. સામાયિકમાં પૂજાનો ઉદ્દેશ રહેલો નથી. પરંતુ પૂજામાં સામાયિકનો ઉદ્દેશ પ્રત્યક્ષ વા પરોક્ષ રીતે પણ રહેલો છે.

દરેક ક્રિયા કરવામાં ક્રિયાની સફળતા અને મહત્તાનો આધાર માત્ર કાર્ય ઉપરજ નથી, પરંતુ તેના ઉદ્દેશ ઉપરજ એ આધાર અવલંબેલો હોય છે. ક્રિયા કરવામાં પણ મુખ્યતા તો હંમેશા ઉદ્દેશનીજ હોય છે. દેવાર્ચન કરવામાં આવે છે તે શા માટે કરવામાં આવે છે? જવાબ એ છે કે સામાયિક માટે. આ ઉપરથી એમ તરત જણાઈ આવે છે કે જેનો સર્વવિરતિ સામાયિકનો ઉદ્દેશ ન હોય તેની દેવપૂજા એ દ્રવ્યપૂજામાં પણ સ્થાન પામી શકતી નથીજ. દેવપૂજા કરવામાં આવે છે તે એટલા જ માટે નથી કે એ રીતે પૂજાનો બદલો મનગમતો મળે અને પૂજા કરનારને સાંસારિક લાભો મળતા રહે;

જો કે અનાજનો ઈચ્છક ખેડુત બી વાવવા દ્વારા અનાજ ને ઘાસ મેળવે છે પણ ઘાસ મેળવવાનું ધ્યેય નથી. અર્થાત્ દેવપૂજામાં વિશ્વની જડ વસ્તુઓ પામવાનો ઉદ્દેશ શાસ્ત્રકારોએ રાખ્યો નથી. સામાયિક, આવશ્યક, પૌષધ ઈત્યાદિમાં પણ તે ઉદ્દેશ રહેલો નથી. સામાયિક-પૌષધાદિમાં જો કોઈપણ ઉદ્દેશ હોય તો તે માત્ર આત્મ-કલ્યાણનોજ છે, અને આત્મકલ્યાણની સીધી સામગ્રી સામાયિક આવશ્યક પૌષધ ઈત્યાદિમાં હોવાથીજ બધા અનુષ્ઠાનોમાં તેનું અગ્રસ્થાન છે.

### પૂજાના પ્રકાર

પૂજા મુખ્યતાએ ચાર પ્રકારની છે. પુષ્પાદિઅંગ પૂજા, ધુપાદિ અગ્રપૂજા, સ્તુતિસ્તવ પૂજા, પ્રતિપત્તિપૂજા, આત્માને દેવાધિદેવની સ્થિતિમાં વર્તાવવો, તે રાગદ્વેષ ક્ષીણ કરવા, પૌદગલિક રમણતા

ઓછી કરવી, આવો વિચાર કરવો અને તે ભાવમાં આત્માને પ્રવર્તાવવો તે પ્રતિપત્તિપૂજા છે. આ રીતે આત્માને દેવાધિદેવરૂપે પ્રવર્તાવવો તે પ્રતિપત્તિપૂજા છે પરંતુ દેવાધિદેવરૂપે પ્રવર્તાવવો એટલે શું તે જરા સમજી લેજો.

દેવાધિદેવોએ લગ્નો કર્યા, યુદ્ધો કર્યા, રાજ્યો કર્યા માટે આત્માને પણ એ રૂપમાં પ્રવર્તાવવો એ પ્રતિપત્તિપૂજા નથી પરંતુ દેવાધિદેવોએ કર્મના ક્ષયથી જે ક્ષાયિકભાવ મેળવ્યો અને તે વડે જે આત્મભાવ પ્રકટ કર્યો તેવો આત્મભાવ પ્રકટ કરવો એ પ્રતિપત્તિ પૂજા છે.

પ્રતિપત્તિપૂજાનો આ અર્થ જોયા પછી તમે એ વાત કબૂલ કરશો કે સામાયિક-પૌષધ આદિ પ્રતિપત્તિ પૂજા નથી? સામાયિકાદિ જે કાંઈ કરવાના છે તે ક્ષાયિક ભાવના ઉદ્દેશથીજ કરવાના છે અને જ્યાં એ ઉદ્દેશ છોડી દેવામાં આવે છે કે તરતજ સાધ્યને અનુસરતી પરિણતિ બગડી જાય છે. ક્ષાયિક ભાવનો ઉદ્દેશ છે તોજ પ્રતિપત્તિપૂજામાં પ્રતિ પતિત્ત્વ રહેલું છે.

## દ્રવ્યપૂજા અને ભાવપૂજાનું રહસ્ય

જે સામાયિક ચારિત્ર લે છે, તે આખો સંસાર છોડે છે, પણ એ આખો સંસાર શા માટે છોડે છે? તીર્થંકર મહારાજાઓની સેવા માટેજ! તો પછી એમ કેવી રીતે કહી શકાય કે સામાયિકમાં તીર્થંકરની સેવાનો ઉદ્દેશ નથી? પ્રતિપત્તિપૂજામાં તો ભાવપૂજા આદિ સઘળુંજ રહેલું છે, એમાં ભાવપૂજા અવશ્ય છેજ પરંતુ દેવાર્ચનાદિ જે કહ્યા છે, તે કાર્યોમાં પણ ભાવપૂજા છે, અર્થાત ભાવની મુખ્યતાએ દ્રવ્યપૂજા જ છે. ભાવપૂજન કરવામાં આવતું હોય તે સમયે તેમાં દ્રવ્યપૂજાનો ઉદ્દેશ નજ રહેવો જોઇએ. જો તેમાં દ્રવ્યપૂજાનો ઉદ્દેશ રાખ્યો તો રાખનારો નિશ્ચય માની લો કે ઉન્માર્ગગામી છે. દ્રવ્યપૂજા કરવામાં આવતી હોય ત્યારે ભાવપૂજાનો

ઉદ્દેશ જરૂર રાખવો જોઈએ, અને એ ઉદ્દેશ રાખવો એ શાસ્ત્રીય છે. પરંતુ ભાવપૂજા વખતે દ્રવ્યપૂજાનો ઉદ્દેશ રાખવો એ શાસ્ત્રીય નથી. આ વાત આમ સિદ્ધાંતરૂપે જણાવીએ છીએ ત્યારે અર્થગ્રહણ કરવામાં ઓછી શક્તિવાળા છતાં પોતાને સર્વશક્તિમાન માનનારા કેટલાક મૂર્ખાઓ અવળું જ લઈ પડે છે અને તેઓ કહે છે કે પૂજા કરીએ તે કરતાં સામાયિક કરીએ તો તે વધારે સારૂં છે તો પછી પૂજા કરવાની જરુર જ શું છે! પૂજા કરવામાં જેટલો વખત રોકીએ તેટલોજ વધારે વખત સામાયિકમાં રોકીએ તો ખોટું શું!

## સામાયિક પહેલું? કે પૂજા પહેલી?

ઠીક, હવે આપણે ઉપરના પ્રશ્નનો વિચાર કરીએ ગુરુ પાસે જ્યારે સામાયિક લેવામાં આવે છે ત્યારે ખમાસમણ દેવામાં આવે છે તે તો તમે સઘળા જાણો છો, તો પછી એ ખમાસમણમાં જેટલો સમય ગાળવામાં આવે છે તેટલો વખત ન ગાળતા તેટલો સમય વહેલું સામાયિક લેવામાં આવે તો કેમ? તમે કહેશો કે એટલો સમય ગુરુવંદનમાં ન ગાળતા તેટલો સમય સામાયિક લેવું એજ વધારે બ્હેતર છે; પણ આ માન્યતા કેવી ભૂલભરેલી છે તે જુઓ! તમે સામાયિક સમયે જે ગુરૂવંદન કરો છો તો ગુરૂ વંદન પણ સામાયિક રૂપેજ છે કારણ કે તમે એ ગુરુવંદન સામાયિકના ઉદ્દેશથીજ કરો છો તેજ પ્રમાણે પૂજાવિધિમાં પણ લેવાનું છે. તમે તીર્થંકર ભગવાનોનું પૂજન કરો છો એ શા માટે કરો છો? શું પૈસા મેળવવા માટે, સ્ત્રી મેળવવા માટે, પુત્રપુત્રી મેળવવા માટે, તમે તીર્થંકર પૂજા કરો છો? નહિજ.

તીર્થંકર પૂજા સાવદ્ય ત્યાગ માટે હોવાથી તેનું ફળ સામાયિકથી ઉતરતું નથીજ! સામાયિક સમયે ગુરૂવંદન કરો છો. એ ગુરૂવંદનની કિંમત સમજો તેપણ બસ છે. ગુરૂની કિંમત ભગવાનની સામે કેટલી છે? એક ટપાલી જેટલી! ટપાલી એક કાગળ એક જગ્યાનો લઈને બીજી જગ્યાએ આપે છે તે પ્રમાણે ગુરૂઓ તીર્થંકરોના કથિત

અને પૂ. ગણધર ભગવંતોના ગુમ્ફિત શાસ્ત્રોમાંથી સામાયિક આદિ વસ્તુઓ ઉઠાવી લઈને તમોને આપે છે, ત્યારે ધર્મના ટપાલી માટે તમે ગુરૂવંદનનો સમય ફાજલ પાડી શકો, તો પરમ તીર્થાધિપતિ માટે તમારાથી સમય ફાજલ ન પાડી શકાય, એ તે કોના ઘરની વાત છે ? સામાયિક લાવી દેનારાની આટલી કિંમત છે, તો એ સામાયિકનું નિરૂપણ કરનાર અને તેને પ્રકટ કરનારની તમારે કેટલી કિંમત માનવી જોઇએ ?

## સામાયિક કરતાં પૂજાની મહત્તા

બીજી એક વાત મને યાદ આવે છે તે પણ તમોને કહી દઉં છું. ધારો કે એક માણસ દરરોજ આઠ વાગે સામાયિક કરવા બેસે છે. આઠ વાગે સામાયિક કરવાનો તેનો નિયમ છે પણ તે છતાં જો એજ ટાઇમે ગુરૂ આવે તો ? ગુરૂ આવે તો સામાયિક કરનારો જરૂર એ સામાયિક પડતું મૂકીને ગુરૂને વંદન કરવા જશે જે સમય સામાયિકનો છે તેજ સમયે ગુરૂ વ્યાખ્યાન વાંચવા બેસતા હોય તો તમે શાને વધારે જરૂરી માનો છો ? વ્યાખ્યાનને કે તે વખતે લીધેલા સામાયિકને ? તમે સામાયિક કરવાનું છોડીને પણ એ સમયે વ્યાખ્યાનમાં જાઓ છો.

ગુરુના વિનય ખાતર તમે આટલું બધું કરો છો તો પછી એ ગુરુના પણ ગુરૂ પરમ તારક ભગવાનશ્રી મહાવીરદેવને માટે કાંઈજ નહિ એમ ? ગુરૂની ભક્તિ સામાયિક છોડી કરી શકાય પણ તીર્થંકર કે જેઓ તીર્થને પ્રવર્તાવનાર છે તેમની ભક્તિ માટે શું સામાયિક ન છોડી શકાય ? અમે તો હંમેશા પૂજા કરી છે, પરંતુ કાંઇ દહાડો વળ્યો નથી માટે હવે તો પૂજા ન કરતાં સામાયિકજ કરવું છે એમ કહેવું તે નજર સામે મૂળ માણસ ઉભો હોવા છતાં તેની સામે વાંસો રાખી તેની પ્રતિમાનો આદર કરવા જેવું છે. સામાયિકનું સ્વાધીનપણું સમજી લેવું જોઈએ એજ પ્રમાણે વ્યાખ્યાનનું પરાધીનપણું પણ સમજી લેવુંજ જોઈએ અને પછીજ સામાયિકની મહત્તા કબુલ રાખવી જોઈએ

થવુંજ જોઇએ. માત્ર વાત એટલીજ છે કે તે સાથે સામાયિકનો ઉદ્દેશ તો યાદ હોવોજ જોઈએ. કરણી ગૌણતામાં રહે તેનો વાંધો નથી. પરંતુ ઉદ્દેશ તો તીર્થંકરની પૂજાનો હોવોજ જોઇએ. એમાં રતીભર જેટલી પણ શંકા નથી. તીર્થંકરપૂજામાં પણ ઉદ્દેશ સામાયિકનોજ હોવાથી એ તીર્થંકરપૂજા પણ સામાયિક રૂપજ છે, અને તેથીજ પહેલું કૃત્ય તે સામાયિક જણાવવામાં આવ્યું છે તે સર્વથા વાસ્તવિક છે.

તમો એમ પણ પ્રશ્ન કરી શકો છો કે મહારાજ હંમેશાં દીક્ષા દીક્ષા અને દીક્ષાનીજ વાત કર્યા કરે છે. પરંતુ પ્રભુપૂજા વગેરેની કરતા નથી તો તેનો ખુલાસો પણ મારે તમોને આપી દેવાની જરૂર છે જેને સામાયિકની વાત કડવી લાગે છે તેને દેવાર્ચન, સ્નાત્ર, દાન, તપ વગેરે કોઇપણ બાબતમાં સાચો અધિકાર નથીજ. દેવાર્ચનનો સાચો અધિકાર તેને જ છે કે જે એ બધું સામાયિકના ઉદ્દેશપૂર્વક કરે છે, દાન, તપ અને શીલ એ સઘળા શું છે તેનો વિચાર કરો ? આ સઘળી સામાયિકના ઉદ્દેશથી શરૂ થયેલી વસ્તુ છે.

### ત્યાગના કેન્દ્ર ઉપર-"લ"ને સ્થાને "દ"

દાનની મહત્તાને આપણે સઘળા કબુલ રાખીએ છીએ. હું પણ તમોને દાનની મહત્તા કહું છું, પણ એ દાનમાં પણ ભાવના જોવાની નથી એમ માનશો નહિ. દાન કરવામાં પણ મૂળ હેતુ કયો છે? તેનો વિચાર કરો. દાન આપવામાં મૂળ હેતુ સામાયિકના ઉદ્દેશને પોષવાનોજ છે. વર્ષોથી નહિ પણ ભવાંતરોથી આ જીવ ધનથી મમતાને બાઝેલો છે. દાનમાં પણ એજ હેતુ છે કે **મમતાને દૂર કરવી, આવા હેતુપૂર્વકનું દાન તે જ દાન છે.** દાન આપીશું તો ભવિષ્યમાં પામીશું—એવા વિચારે જે દાન આપે છે તેવાને શું તમે દાનશીલ ગણશો ખરા ! નહિજ દાનના સટોરીયા જેવું દાન જેવું દાન ભવભવાંતરોને ટાળી શકેજ નહિ એની ખાતરી રાખજો.

સુપાત્રે દાનની મહત્તા ગાઈ છે તેમાં પણ હેતુ છે. **જૈન શાસનની કોઇપણ ચીજ હેતુ વગરની છે એમ માનશો નહિ.**

ધર્મને નામે આકાશમાંના તારા ચંદ્રમા જેવા પદાર્થોને ફાડી તોડી નાંખવાના ગપાટાઓ આ શાસનમાં નભી ન જ શકે, અહીં તો ક્રિયાઓ પણ છે તે સઘળી હેતુપૂર્વકનીજ. જીવનો અનાદિકાળથી સ્વભાવ છે કે લેવું-લેવું અને લેવાની વાત એ જીવને ગમે છે. અનાદિ કાળથી લેવાના વ્યાપારમાં જીવ રાજી છે એણે લેવાય તેટલું લીધું છે. શક્તિ કરતાં વધારે લીધું છે અને જ્યારે જ્યારે એને મળ્યું છે, ત્યારે ત્યારે એ રાજી થયો છે. હવે આત્માના એ સ્વભાવમાંજ ફેરફાર કરવાની વાત છે. એ ફેરફાર કેટલો છે એક અક્ષરનો પણ એ ફેરફારમાંજ આખા જીવનની કિંમત છે. **આત્મા આજ સુધી લેવું એ જ સમજેલો હતો. હવે એ "લ"ને સ્થાને "દ" મૂકવાની વાત છે.**

પહેલાં એ વાત હતી કે લેવું, હવે એ વાત છે કે દેવું પહેલાં લેવું એમાં મહત્તા હતી. હવે તે મહત્તા ઉડી ગઈ. હવે દેવામાં મહત્તા આવી અને તે સાથેજ સુપાત્રે દાનની વસ્તુ પણ ઉભી થઈ. આપવું એમાં મહત્તા ખરી, પણ કોને આપવું; આપવું એનો અર્થ એ નથીજ કે આપવું એટલે ફેંકી દેવું. **દાન એ પણ ત્યાગના કેન્દ્ર ઉપર ચઢવાની સીડી છે.** જેમ સીડીના એક પછી એક પગથીઆ ચઢીએ અને સીડી પુરી થાય તેજ પ્રમાણે મોક્ષના કેન્દ્ર ઉપર જવાને માટે પણ જૈન શાસને પગથીયા નિર્મેલા છે અને તે પગથીઆમાં દાન પણ એક પગથીઉં છે.

## મોક્ષના પગથીયારૂપે દાનની મહત્તા

પહેલાં એ સમય હતો કે પૌદ્ગલિક પદાર્થોમાંથી જીવની મમતા છુટતી જ નહોતી, તેને બદલે હવે એ સ્થિતિ આવી કે "આપીશું તો મળશે" એ ભાવનાથી પણ આપવાની વૃત્તિ જાગે છે. તે પછી આત્મા જરા વધારે ઉંચા વિચારવાળો થાય છે

અને તે બદલાની આશા વગર પોતાની ફરજ વિચારીને આપે છે અને તે પછી છેવટની કક્ષાએ મારાથી ભલે વ્રત અનુષ્ઠાનો ન થાય, પણ મારો પૈસો તો એવા કાર્યની સેવામાં વપરાય છે ને? એવી ભાવનાથી દાન આપે છે. આ બધા અપૂર્ણ આત્માને પૂર્ણત્વની કક્ષાએ જવાના પગથીઆ છે; સુપાત્ર દાનની મહત્તા પણ અહીંજ છે. મારી પૌદ્ગલિક સંપત્તિ એ સંયમ માર્ગ મોક્ષ-માર્ગની સેવામાં તો વપરાય છે ને એ દાનની ભાવના જ્યાં છે સુપાત્રે દાન છે અને તેથીજ સુપાત્રે દાનની મહત્તા પણ ગાવામાં આવી છે.

## શીલધર્મનું મહત્ત્વ

દાન શોભે પણ તે શીલથીજ શોભે છે. જો શીલ ન હોય તો દાનની શોભા જરાય નથી. જો તમે દાનનેજ ધર્મ કહી દેશો તો ધર્મ શ્રીમંતોને ત્યાં રજીસ્ટર થઈ જશે. શ્રીમંતો દાન આપતા જશે એટલે બીજા ભવોમાં પણ તે દાનથી વધારે વધારે શ્રીમંત થતા જશે અને ગરીબોની એ સ્થિતિ આવશે કે તેઓ દાન ન આપી શકવાથી ભવભવાન્તરોમાં વધારે અને વધારે ગરીબાઈમાંજ આવતા જશે.

વારૂ! જેનામાં દાન આપવાની શક્તિ નથી પણ મોક્ષની પૂરેપૂરી ભાવના છે, તે જો અશક્તિને લીધે દાન ન આપે તો તેમાં તેનો દોષ પણ શો કાઢવાનો હોય? ધારો કે એક માણસ ધાડ પાડીને પૈસા લાવે છે અને એ પૈસાનો ઉપયોગ તે આંગી કરવામાં કરે છે તો શું એ તમે વ્યાજબી ગણશો? એટલાજ માટે દાનની સાથે શીલ હોય તોજ તે દાનની મહત્તા ગણવામાં આવી છે. દાન શોભે છે તે સદ્વર્તનવાળાનુંજ શોભે છે બીજાનું નહિ. દાન દીધું પણ તે સદ્વર્તનથીજ દીધું અને દાનથી સદ્વર્તન પ્રાપ્ત થયું તો મોક્ષે જવાનો માર્ગ સહેલો થયો સમજી લેવો, પરંતુ જો દાન દીધું અને ભાવનામાંથી અથવા સદ્વર્તનમાંથી ખસી ગયા તો પછી હતા ત્યાંના ત્યાં!

## પરિણામ શૂન્ય

મૂળદેવ નામનો એક શ્રાવક હતો તે તપશ્ચર્યા કરવા જંગલમાં ગયો. દઢ તપશ્ચર્યા કરી. તપશ્ચર્યામાંથી જરા પણ ખસ્યો નહિ. તપશ્ચર્યા કરી અરણ્યમાંથી બહાર નીકળ્યો. જ્યાં એ ત્રણ દિવસનો ભૂખ્યો અરણ્ય વટાવીને બહાર નીકળે છે કે તરત જ મૂળદેવને સામા અડદના બાકળા મળે છે. હવે એ અડદના બાકળાની કિંમત વિચારો. મૂળદેવ ત્રણ દિવસનો ભૂખ્યો છે, એને અડદના બાકળા કેટલા પ્રિય હોય! પણ એટલામાં મુનિ સામે મળે છે. તે માસખમણવાળા મુનિરાજને પારણે આવેલા જોઈને બાકળા આપી દે છે. મૂળદેવ જ્યાં માસખમણવાળા મુનિને દાન આપે છે કે ત્યાં તેજ ક્ષણે ચમત્કાર થાય છે. તરતજ દેવતાઓ તુષ્ટમાન થાય છે અને મૂળદેવને કહે છે કે તારી સાધુ સેવા અલૌકિક છે. માંગ તે તને આપવા તૈયાર છીએ. મૂળદેવે પોતાની માંગણી એક શ્લોકમાં વ્યક્ત કરી. માંગણીનો શ્લોક અર્ધો બોલતાંજ દેવોદ્વારા દેવદત્તા વેશ્યા અને હજાર હાથીવાળું રાજ્ય હાજર! તપ કર્યું, પણ તપનું ફળ શું આવ્યું? વેશ્યા અને રાજ્ય!

અહીં વેશ્યા અને રાજ્યને ધ્યાનમાં લીધા વિના મૂળદેવની દાન આપતી વખતની સ્થિતિ તપાસો અને અપવાસોના ત્રણ દિવસ! એ ત્રણ દિવસ ગયા પછી બાકળા મળે છે અને છતાં તે બાકળા મુનિને આપી દેવાય છે. અહીં બાકળાની કિંમત વિચારો, એ બાકળાની એ સમયની ઉપયોગિતાને વિચારો અને તે સમયે દાન અપાયું તે ભાવના વિચારો. દાન અપાયું તેની શી ભાવના છે! એકજ ભાવનાથી દાન અપાયું છે કે મારો જીવ જાય તો ભલે જાઓ, પરંતુ દાન તો અપાવુંજ જોઈએ. એ ભાવના કહો શું ખોટી હતી? નહિજ, પણ છતાં ભાવનાનું પરિણામ શું આવે છે! '૦' મીંડું!! ત્યારે હવે કહો, શું તમે દાનને ખોટું કહેશો! નહિ!! પણ દાન સાથે જે સદાચાર જોઈએ તે ન રહ્યો! પરિણામ એ

આવ્યું કે મોક્ષમાર્ગમાં અગ્રગણી થવાનું તો દૂર રહ્યું! પણ પેલી વેશ્યા ગળે વળગી! રાજ્ય ગળે વળગ્યું!! ઉપાધિ વધી પડી!!!

## દાન દેવાની રીતિઓ

ઉચિતદાન, કીર્તિદાન, એ બધા દાન જ છે અને એ બધા દાનમાં ઘરમાંથી કાઢી આપવાની વાત છે. તો પછી એ સઘળા દાનમાં એકલું સુપાત્રદાન એ જ સારૂં શાથી? સદાચારથી!! જે દાનમાં સદાચાર છે જે દાન ત્યાગની ભાવનાથી અપાય છે, ત્યાગ માર્ગને પોષવાના કાર્યમાં જે દાન વપરાય છે તે સુપાત્રદાન છે અને તેથીજ સુપાત્રદાનની મહત્તા શાસ્ત્રકારે કહી છે. કીર્તિદાન, અનુકંપાદાન, ઉચિતદાન એ સઘળા દાન છે, પરંતુ એ સઘળા દાનનો દાતા સદાચારવાળો ન પણ હોય! સુપાત્રદાન કરવાની વૃત્તિનો ગ્રાહક એવો દાતા તેજ સદાચારવાળો છે. બીજા ઉપર તમે સદાચારની છાપ મારી શકો તેમ નથી! દાન-દાન એકલું બોલ્યા કરશો તેથી દહાડો વળવાનો નથી. બાકી દાનની મહત્તાને ધ્યાનમાં લો તો જ તમારું કલ્યાણ છે.

ઉચિત દાન એ સાદું છે ઉચિત દાનમાં પાછા મળવાની વાત રહેલી છે, બદલો મળવાનું તત્ત્વ રહેલું છે. કીર્તિદાનમાં જગત વાહ વાહ કરે છે. અનુકંપાને પાત્ર કોણ? જે દુઃખથી હેરાન થાય તે! જે દુઃખથી ઘેરાયેલો હોય, દુઃખમાં પડેલો હોય તે અનુકંપાને યોગ્ય છે. પણ સાધુ કંઈ દુઃખમાં ઘેરાયેલા હોતા નથી અથવા સંકટથી બચવાની બુમ મારતા નથી તો પછી તમે સાધુને દાન આપો છો એ કઈ ભાવનાથી? સાધુને 'બિચારો' કહો તો એમાં તમે શું કરો છો? તેનો વિચાર કરો. સાધુને બિચારો કહો એટલે તો એના આત્માને અને તમારા આત્માને પણ તમો અન્યાય કરો છો. સાધુ બિચારો નથી, ગરીબડો નથી. એનો આત્મા તો સિંહ જેવો છે. જોઈએ એવો બળવાન છે. વિષય-કષાયોને જીતવામાં જોઈએ તેટલો શક્તિશીલ છે. જેના ઉપર દરદ, દુઃખ, ઉપસર્ગનો હલ્લો છે તેવાને દેવામાં વધારે ફળ છે એવું શાસ્ત્રકારો કહે છે. અને

સાધુ તો એવા પણ નથી તો પછી સાધુને દાન આપવાની મહત્તા શાથી? એક જ કારણથી કે–એ રીતે અપાયેલું ધન ત્યાગમાર્ગની સેવામાં વપરાય છે. સાધુ સાધુને આપવામાં પણ ભારે ફેર રહેલો છે.

સાધુને આપવું એ ખરૂં પણ એક સાધુ ક્રિયા આદિ કરતાં ઉપાશ્રયમાં બેઠા છે અને બીજા લોચ કે વિહારથી પરિશ્રમિત છે. તો એ બે સાધુઓમાં પરિશ્રમિતને આપવામાં વધારે લાભ છે. વળી તેથી પણ આગળ વધો. એક સાધુ પરિશ્રમિત, થાકેલો રોગી કિંવા ગ્લાનિથી પીડાયેલો હોય અને બીજો વિહારથી પરિશ્રમિત ગીતાર્થ હોય, તો વિહારથી પરિશ્રમિત એવા આચાર્યાદિકને આપવામાં વધારે લાભ છે અને એવું દાન વધારે ફળ આપે છે.

હવે વાંદરા જેવી કેળવાયેલી બુદ્ધિ કેવા અનર્થ ઉપજાવે છે? તે જુઓ અને એ અનર્થથી બચવામાં સાવધ રહો. જો તમે એ સાવધતા ખોઈ દેશો તો એનું પરિણામ એ આવશે કે–તમારો કોઈ આરોજ ન રહે. આ સબંધમાં એક સંસ્કૃત કવિએ ઘણી ઉત્તમ કલ્પના કરી છે. નિશ્ચય વિનાના માણસને તે કવિ વાંદરાની ઉપમા આપે છે? અને વાંદરૂં જેમ નિશ્ચય વિના આમથી તેમ અને તેમથી આમ ગમે ત્યાં રખડે છે અને એ રખડપટીમાં ગમે ત્યાં ભટકાઈને તેનો નાશ થાય છે તે પ્રમાણે કવિ કહે છે કે નિશ્ચય વિનાના માણસની પણ તેવી દશા થાય છે.

## અનર્થકારી કલ્પનાઓ

સમજો કે એક સાધુ છે, તેણે તપશ્ચર્યા કરવા માંડી છે. તપ કરતાં કરતાં તેણે વ્રત પૂરૂં કર્યું અને પારણાનો સમય આવ્યો. હવે એ સમયે તમો એને વહોરાવો (સાધુને જૈન ધર્મના નિયમ પ્રમાણે શાસ્ત્રાધારે યોગ્ય એવી ભોજનની વસ્તુઓ પૂરી પાડવી તેને જૈનધર્મ પ્રમાણે સાધુને વહોરાવવું એમ કહે છે,) ખરા કે નહિ?

હું કહું છું કે શ્રાવકધર્મના માત્ર મુલતત્વોને જાણનારો સામાન્ય માણુસ પણ એ સાધુને જરૂર વહોરાવેજ એટલું નહિ, પણ ધારો કે શ્રાવક કુળ ન હોય અને સામાન્ય માણુસ કે જે કોઈ આર્યવંશમાં જન્મેલો હોય તે માણુસ પણ સાધુને આપવું જોઈએ એવીજ બુદ્ધિ ધરાવનારો હોય.

હવે જો તમે એ સાધુને નથી વહોરાવતા તો એનો તપશ્ચર્યાનો કાળ લંબાય છે અને જો તમો એને વહોરાવો છો તો નિર્જરા બંધ થાય છે. તો હવે એવા સાધુને તમો ગોચરી આપો તો ગોચરી આપવાથી નિર્જરા બંધ થાય. એના પાપના તમે ભાગીદાર ખરા કે નહિ? જેની બુદ્ધિ માત્ર રિવાજ પ્રમાણે ગતિ કરવાનું જ શીખેલી હશે તે માણુસ સહેજે એમ કહી શકશે કે દાન આપવાથી સાધુની નિર્જરા તૂટે છે માટે એ નિર્જરા તોડવામાં-સાધુને વ્રતથી દુર કરવામાં જે કોઈ એને વહોરાવે તે પાપનો ભાગી છે. લોચ વખતે, આગમ ગ્રહણ વખતે, ધર્મની ભાવના ચાલી રહી હતી, તે ભાવનાને વહોરાવીને તમે સાધુને પ્રમાદી બનાવ્યો, માટે તમે સાધુના હિતકર્તા નથી પણ તેના શત્રુ છો. શું આ વાત તમારે ગળે ઉતરે છે કે? નહિજ !

તમારે તો શું પણ મારે કહેવું પડશે કે એક સામાન્યમાં સામાન્ય માણુસ હોય તેને ગળે પણ આ વાત નહિજ ઉતરે. અને આ હું તમોને ખાતરીથી કહું છું કે એ રીતે સાધુને વહોરાવનારને પાપનો એક છાંટો પણ લાગતો નથી એટલું જ નહિ પણ અમોઘ પુણ્ય જ છે.

## દાન-શીલનો પરસ્પર સંબંધ

ત્યારે તમો મને એવો પ્રશ્ન જરૂર કરી શકો છોકે સાધુને દાન આપીએ અને નિર્જરાનો ભંગ થાય તે માટે દાન આપનારને જવાબદાર કેમ ન ગણવો જોઈએ. હું તમોને એક સીધી સાદી

વાત કહું છું. તમો તમારા બાળકને કડવી દવા આપો છો, અરે ભયંકર વ્યાધિ થાય તો ઓપરેશન પણ કરાવો છો એ સમયે બાળકને દુઃખ પણ થાય છે તો શું દુઃખ તમોએ કરાવ્યું છે એમ કોઈ કહે ખરૂં ? નહિજ ! એ દુઃખ તમારા કહેવાથી દાકતરે કર્યું છે પણ છતાં તેમાં બાળકની હિત બુદ્ધિજ રહેલી છે તેજ પ્રમાણે દાનનું પણ છે.

તમો સાધુને દાન આપો છો પરંતુ એ દાન તમો શાથી આપો છો. વૈરાગ્ય વહનની પૂર્તિ માટે આપો છો! ત્યાગ પરત્વેના પ્રેમથી આપો છો એટલે જ એ દાનથી તમો પાપના-નિર્જરા તોડાવવાના કાર્યના ભાગીદાર નહિ, પણ નિર્જરા તોડાવવાના કાર્યના ભાગીદાર નહિ, પણ નિર્જરાદિનાજ ભાગીદાર થાઓ છો. દાન આપો ત્યારે એટલા માટે સદ્વર્તનને જોઈનેજ તમો દાન આપો છો એજ કારણથી સદ્વર્તન એ સુપાત્ર દાનની જડ ઠરાવી છે, અને તેથીજ બીજો ધર્મ શીલ કહ્યો છે.

## શીલની મહત્તા

હવે દાન તો કહ્યું, પણ શીલનો વિચાર કરો, યાદ રાખો જૈન દર્શનકારો તમોને માત્ર શબ્દનો મોહ રાખીને વર્તનની જવાબદારીમાંથી છટકવા દેવાના નથી.

આ શાસન હુંડીના પૈસા ચુકવનારૂં શાસન છે. પણ તે હુંડીની સત્યતા પણ પૂરેપૂરી તપાસે છે. એકવાર ખાતરી થઈ કે હુંડી સત્યતાથી ભરેલી છે, તો પછી એમાંથી પૈસો પણ દલાલી કે વટાવ કાપવાની વાત આ શાસનમાં નથી.

## તપની મહત્તા

શીલ કહ્યું પણ શીલનું ઢોંગ આ શાસન નિભાવી લેવાનું નથી. શીલ કેવું હોય તે વિચારો! છોકરાઓ ગાજરની પીપુડી વગાડે છે

તેવું તમારૂં શીલ હોય તો એ શીલ નભે નહિ. તમે ધર્મ શા માટે સ્વીકારો છો તેનો વિચાર કરો. ધર્મને સ્વીકારવાનું કારણ એક જ છે કે આત્માને કર્મરુપી કચરામાંથી બચાવી લેવો! આપણો ધર્મ કેવો છે?

"મહાજન મારા માથા ઉપર પરંતુ મારી ખીંટી ન ખસે!" એવો આપણે ધર્મ પાળીએ છીએ. ધર્મ, દેવ, ગુરુ બધા ખરા પણ મારા શરીરને આંચ આવવી ન જોઈએ. શરીરને આંચ ન આવે તો બધાને માનવા, પણ જો શરીરને આંચ આવતી હોય તો તે વખતે બધાથી દૂર! આ સ્થિતિનો ધર્મ પાળીએ તો એ ધર્મ માણસને ખરેખરો ઉંચો લાવી શકે નહિ.

મહાવીર મહારાજ માબાપની ખાતર ત્રીસ વર્ષ ગૃહવાસમાં રહ્યા હતા એ કબુલ પણ જે વખતે કાઉસગ્ગમાં રહ્યા છે તે સમયે તેમણે દર્શાવેલી દૃઢતાનો વિચાર કરો. માતા ત્રિશલા આવે છે. હાયપીટ કરે છે પણ તેની અસર થતી નથી, નંદિવર્ધન જોઈએ તેટલો જુલમ કરે છે, ઘરમાંથી કાઢી મૂકે છે પરંતુ તેની અસર થતી નથી. ભગવાન સામે પણ જોતા નથી. આ વસ્તુનો વિચાર કરો અને પછી આગળ પગલાં ભરો.

ધર્મના કાર્યમાં આપણને શરીરની, માબાપની, બૈરીછોકરાંની બધાની ખીલી આડે આવે છે. આ ખીલી રાખવી છે અને ધર્મ સાધવો છે એ કદાપિ પણ બની શકે નહિ. માટે શાસ્ત્રકારોએ તપ આગળ કર્યું છે. તપ એટલે શું? ચાલતા ચાલતા પગમાં કાંટો વાગે, પગ પાકી આવે અને તાવ થાય! તાવમાં ન જમાય, તો એમ ન માની લેતા કે તમોએ ઉપવાસ કર્યો! એટલા માટે જ શાસ્ત્રો કહે છે કે **જાણી જોઈને કર્મના સામે પૂરો સામનો કરો તેજ તપ છે.**

**ભાવની મહત્તા**

આમ દાનશીલ અને તપની મહત્તા ગાવામાં આવી છે. પણ એ સઘળું ત્યાગની ભાવનાપૂર્વકનું હોય તો જ તેની મહત્તા છે

નહિ તો એની મહત્તા છે એમ ધારતા નહિ. એ જ પ્રમાણે સામાયિકનું પણ સમજો.

સામાયિક સંવર દ્વારાએ ત્યાગમાં લઈ જાય છે, માટે જ એને ચોમાસીકૃત્યોમાં સૌથી પહેલું સ્થાન આપવામાં આવેલું છે. આ વસ્તુ સમજો.

શાસ્ત્રની જે કંઈ વાત સાંભળવામાં આવે છે, તે માત્ર સાંભળ્યાથી જ તમારું કલ્યાણ નથી. એ વાત સાંભળીને તમે તમારા હૃદયમાં ઉતારો એટલે તે વસ્તુને વર્તનમાં મૂકી તમારા આત્માને સુખી કરો, તો તમારું શ્રવણ સફળ છે અને તમારું એ શ્રવણ મનુષ્યભવને સફળ કરશે.

**મ....ન....ન....ક....ર....વા....જે....વું....**

● શાસ્ત્ર એ અરીસો છે. પણ અરીસામાં દેખાતા ડાઘ દૂર કરવાની શક્તિ અરીસાની નહીં, પણ આપણા પુરુષાર્થને આધીન છે. તેમ શાસ્ત્ર ભણ્યા પછી સદ્‌વર્તન ન આવે તો આપણી ક્ષતિઓ માત્ર શાસ્ત્રજ્ઞાનથી દૂર ન થાય.

● સંસારની અસારતા ભાસ્યા વિના શાસ્ત્રની વાતો સન્માર્ગપ્રેરક બનતી નથી.

# આગમ જ્યોત


| વીર નિ. સં. ૨૪૯૭ વિ. સં. ૨૦૨૭ કાર્તિક | णिग्गंथे पावयणे अणुत्तरे | આગમો સં. ૨૦ વર્ષ-૫ પુસ્તક-૪ |
|---|---|---|


## વર્ત્તમાન કાળે જૈનશાસનની અદ્વિતીયતા

સર્વ કાલે શ્રીજૈનશાસન પોતાના સ્વરૂપે શ્રેષ્ટ છે છતાં બાહ્યવર્ત્તનમાં પણ ખરેખર શ્રીજૈનશાસનજ સર્વ કાલે શ્રેષ્ઠતા ધરાવે છે.

જો કે એ ધર્મને અનુસરનારાઓ વધારે ભાગે આજે વ્યાપારીવર્ગ હોવાથી દુનિયાદારીના ફેલાવાવાળા સાહિત્યમાં તેઓ તરફથી અસત્ય અને અસભ્ય લખાણોનો પ્રચાર નથી થતો એટલુંજ નહિં પણ તેવા પ્રચારના વિરોધ કે નિરોધ કરવાની પણ તેની દરકાર નથી. છતાં વર્ત્તમાનમાં અદ્વિતીયતા ધારણ કરનારો તે શ્રીજૈનધર્મને માનનારો જ વર્ગ છે.

૧. આ શાસનને માનનારો વર્ગ રાજામહારાજા નથી, છતાં પોતાના તીર્થોનું રક્ષણ અદ્વિતીયરીતિએ તેજ કરી રહેલો છે.

ધ્યાન રાખવું કે જગત્‌માં ઉંચા ઉંચા પ્હાડો પર તીર્થસ્થાનો જૈનશાસનની માન્યતાવાળાનાજ છે.

૨. અન્યધર્મને માનનારા રાજા-મહારાજા છે, છતાં પોતાના ધર્મના તીર્થોને કરરહિત પોતે નથી રાખી શકયા તેમજ નથી તો યાત્રિકોને કર વગર ભર્યે યાત્રા કરવાની સગવડ કરી.

જ્યારે આ જૈનશાસનને માનનારો વ્યાપારીવર્ગ છે અને તીર્થ-સ્થાનોના રાજાઓ અન્યધર્મિપણા આદિને લીધે અનેક પ્રકારે દ્વેષ-બુદ્ધિ ધરીને પણ કરનો ભાર નાંખે છે, છતાં યાત્રિકોને વગર કર ભર્યે યાત્રા કરવાની સવડ કરી શકયો છે.

૩. તીર્થયાત્રાને માટે યાત્રિકોના સાથને ભક્તિ કરવા પૂર્વક તીર્થયાત્રા કરાવવાનું માન કોઈ પણ ધરી શકે તો આ જૈનશાસનને માનનારોજ વર્ગ છે.

૪ યાત્રિકોને ભક્તિભાવથી ભોજન કરાવવારૂપ જે શ્રીસંઘભોજન જેવું વિધાન કરનારને આ શાસનને શણગાર તરીકે માનનારોજ વર્ગ કરે છે.

૫ જૈનધર્મને માનનાર તરીકે સાધર્મિકપણાના સંબંધથી આરાધ્ય ગણી દરેક સ્થાને દરેક વર્ષે વાર-તહેવાર સાધર્મિકોનું વાત્સલ્ય કરવાનો ઉપદેશ કરનારાને તે સત્ય માનનારને ધર્મ ગણનાર આ જૈન વર્ગ છે.

૬ ધર્મ ધર્મી તરીકે આરાધનાનો દાવો આ વર્ગમાં જ સતત અને સારી રીતેજ પ્રવર્તેલો છે.

૭ આ ધર્મને માનનારો વર્ગ જાતિવાદને અંગે નહિં પૂજનારો અને ગુણવાદને અંગેજ પૂજા માનનારો છે.

૮ આ ધર્મ માનનારાઓમાંજ પરસ્પર સરખા ધર્મવાળા ગણીને આરાધ્યઆરાધક ભાવના પ્રવર્તે છે.

૯ ત્યાગનું ધ્યેય ઉત્તમ માની સર્વત્યાગીને જ દેવ તરીકે બાહ્યસંયોગના ત્યાગીનેજ ગુરૂ તરીકે અને હિંસાદિકના ત્યાગને ધર્મ તરીકે માનનારો આ જૈનશાસનને અનુસરનારાઓનોજ વર્ગ છે.

વળી નયસાપેક્ષ રીતે વિચારીએ તો એમ પણ કહી શકાય કે-જિનશાસનની અપૂર્વ વિશિષ્ટતાઓને લીધે હડહડતો આ પાંચમો આરો અપેક્ષાએ ચોથા આરા કરતાં પણ આરાધકો માટે મહત્વનો છે. કળિકાળસર્વજ્ઞ પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે આ વાત શ્રી વીતરાગસ્તોત્ર ( પ્રકાશ ૯ શ્લો. ) માં પણ જણાવી છે કે—

**सुषमातो दुष्षमायां, कृपा फलवती तव (प्रभोः)।**
**मेरुतो मरुभूमौ हि, श्लाघ્या कल्पतरोः स्थितिः ॥१॥**

[1]ભગવાન્ જિનેશ્વરોની મહેરબાનીથી ત્રીજા અને ચોથા આરા કે જે સુષમ દુષ્ષમ અને દુષ્ષમસુષમ તરીકે ગણાતા હોઈ [2]સુષમા-કાલને નામે ઓળખી શકાય, તે ત્રીજા ચોથા આરારૂપી સુષમાકાલમાં જે ફલ થયું હતું, તેના કરતાં આ દુષ્ષમા નામના પાંચમા આરામાં ભગવાનના શાસનનું ફલ ઘણું જ વખાણવા લાયક છે. જો કે મોક્ષ-પથની આરાધના બન્ને તે આરામાં અને આ પાંચમા આરામાં પણ સરખીજ છે, અર્થાત્ મોક્ષપથની આરાધનામાં કાલભેદે કોઈપણ ભેદ નથી. છતાં ત્રીજો અને ચોથો આરો અન્ય કેવલજ્ઞાનીઓ અને મનઃ પર્યાય આદિજ્ઞાનવાળાના સમાગમને લીધે મેરૂસમાન હતો, પણ આ પાંચમો આરો તો અન્યકેવલજ્ઞાની આદિના અભાવવાળો હોવાથી મરૂભૂમિ જેવો છે, માટે તે પાંચમા આરારૂપ મરૂભૂમિમાં આપની ( ભગવાન્ જિનેશ્વરોની ) મહેરબાનીરૂપ શાસનપ્રણાલિકારૂપ જે કલ્પ વૃક્ષ તે અત્યંત વખાણવા લાયક છે, એટલે શાસનની આરાધના કરી મોક્ષપંથે પ્રયાણ કરનારા માટે તો આ પાંચમો આરો કોઈ પણ પ્રકારે ઉપેક્ષા કરવા લાયક નથી, પણ અત્યંત અનુમોદવા લાયક છે. મેરૂમાં રહેલાં કલ્પવૃક્ષો કરતાં મારવાડમાં રહેલ કલ્પ-વૃક્ષ અત્યંત પ્રશંસાને પામે છે.

---

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ પ્રશસ્ત કે અપ્રશસ્ત બન્ને પ્રકારના રાગે કરીને રહિત હોય છે અને તેથી તેઓને જેમ પ્રશસ્ત અપ્રશસ્ત બન્ને

પ્રકારનો દ્વેષ ન હોવાથી કોઈપણ જીવની ઉપર અપ્રીતિ કે અરૂચિ હોતી નથી તેવી જ રીતે કોઈપણ જીવ ઉપર પ્રીતિ કે રૂચિ હોતી નથી, પણ જેમ સૂર્યને મનુષ્ય કે પશુ ઉપર રાગ નહિ છતાં તેના ઉદ્યોતથી સર્વને ઉપકાર થાય તે વખતે તે તે ઉપકારને અંગે ગુણનું બહુમાન કરનાર તે તે મનુષ્ય સૂર્યની મહેરબાની ગણે તેવી રીતે શ્રીજિનેશ્વર મહારાજના તત્ત્વમય ઉપદેશના પ્રતાપે જે જીવોને ઉપકાર થાય તેઓ ભગવાન્ જિનેશ્વરોની મહેરબાની ગુણજ્ઞપણાને લીધે માને તેમાં નવાઈ નથી, અથવા ભગવાન્ જિનેશ્વરોએ અશરણ અને દુઃખથી પીડાયેલ જગતને દેખીને તે જગતને જન્માદિ દુઃખોથી બચાવવારૂપ દયાથી જ શાસન થાપ્યું છે અને તેથી તે શાસનરૂપ કાર્યને દયારૂપ કારણને નામે ઓળખાવીને તે શાસનની સ્તુતિ કરાય તેમાં પણ નવાઈ નથી. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે દુઃખી પ્રાણિઓના દુઃખ નાશ કરવાની મતિ ક્ષાયોપશમિકાદિગુણરૂપ છે, પણ તે કોઈપણ પ્રકારે મોહનીઆદિના ઉદયરૂપ નથી. ભગવાનના વિહાર ઉપદેશ વગેરે અભિપ્રાયપૂર્વક હોય છે, તો પછી શાસનની સ્થાપના અભિપ્રાયપૂર્વક હોય તેમાં આશ્ચર્ય નથી, જ્ઞાનના સાધનરૂપ વિચારો ન હોવાથી અહિં તેનો બાધ નથી.

૨ વ્યાકરણની અપેક્ષાએ બે પદવાળા શબ્દમાં પહેલો કે બીજો કોઈપણ ઊડી શકે છે અને તેથી ભીમસેનને માટે ભીમ અને સેન એ બેમાંથી કોઈપણ શબ્દ વાપરી શકાય છે, તેવી રીતે અહિં ત્રીજા આરા માટે અંત્યનો દુષ્ષમાશબ્દનો લોપનો અને ચોથા આરા માટે આદિમાં રહેલા દુષ્ષમશબ્દનો લોપ કરી બન્ને આરાને સુષમાશબ્દથી કહેલા છે.

યા....દ....રા...ખ....વા....જે....વું.....!!!

- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ધર્મના રક્ષણાર્થે જોવાના છે. નાશ માટે નહીં.
- રત્નત્રયીને આશ્રી આરાધના નિત્ય છે, પરંતુ તે વિકલ્પવાળી નથી

—'પૂ. આગમોદ્ધારકશ્રી અમૃતવાણી'માંથી




[ આગમસમ્રાટ્ આગમવાચનાદાતા આગમ-પારદૃશ્વા ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવીશ્રીએ સંસ્કૃત ભાષામાં ચિત્ર-વિચિત્ર છન્દ, ભાવ અને રચનાવાળા છૂટક શ્લોકો ઘણા બનાવ્યા છે પૂ. ગણી કંચનસાગરજી મ. પાસેથી આવા શ્લોકોની છૂટક કાપલીઓ મેળવીને વ્યવસ્થિત શુદ્ધ કરીને અહીં કેટલાક શ્લોકો વાનગીરૂપે રજૂ કર્યા છે. સં.]

## श्री तारंगातीर्थपति
## श्रीअजिततीर्थपतिस्तुतिः

१ भविका नमत सदाऽजितं तं,
तारंगाधिपमाप्तमादरेण।
भविकं स्वसमे(मं)पदे (दं) ददानो,
जयति सुरान्नि न्निखिलान् स्तुतांघ्रिपद्मः॥

२ पापान्धकारदमनः शमनः क्षुधादेः,
तारङ्गसानुशिखरस्थित आप्तपूज्यः।
यः पापान्धकारदलनः कलनः कुशादेः,
नाऽऽरम्भसाद् विशिखरोऽजित उप्तपूजः॥

३ आनन्दोदधिचन्द्रमाभविमनःपंकेरुहार्को जिनः,
तारङ्गाधिप आत्मरूपरमणो ज्ञानामृताम्भोनिधिः।
श्रेयस्कन्दवितानवारिदनिभो मोक्षालयैकस्थिति,
देवीच्छ्रीअजितो जितान्तररिपुर्भद्राणि वः सर्वदा॥

## श्रीपोसीनातीर्थाधिपति-श्रीपार्श्वनाथस्तुतिः

१ कल्याणाम्बुधिवर्धते शशधरं सद्बोधवल्ल्यम्बुदम्
शुद्धज्ञानपयोजभेदनविधौ वैरोचनं निव्यर्थम् ।
सच्चारित्रमणिप्रदानदलितोन्मोहादिशत्रूत्करम्,
पोसीने जिनपार्श्वमाप्तमहितं स्तौम्यन्वहं भक्तिभाक् ॥

२ यो जीमूतजलेन नाऽभिभवितुं दैत्येन शक्तोऽभवत्,
नासाऽग्रप्रमितेन विद्युदुदयैर्निर्घातवृन्दैः सह ।
मुक्तः प्रत्यहमात्मसाम्यजलधेः स्थैर्येर्मिमालालिना,
तं प्रत्यूहनिवारणैकनिपुणं पोसीनपार्श्वं मम ॥

३ नमत पार्श्वजिनं गतदूषणं,
नगरपोसिनचैत्यविभूषणम् ।
नतसुराऽसुरकिन्नरनायकं,
भविहिताऽमृतसिंधुविधायकम् ॥

## धर्ममहिमाख्यापिका स्तुतिः

१ संसारवासहरणप्रवरेण भाव—
धर्मेण संघरणलब्धवरालयेव ।
मुक्ता शुभंयुरशुभद्रविणा भलाविपद् ?
गदानुतापमनुसंयततासमेता ॥

२ सिद्धा सिध्यन्ति जीवा, मलिनपटलजं मोहनीयं विभिद्य,
सेत्स्यन्ति प्रोज्झ्य जन्मान्तकजनितरुजं प्राप्य निर्वाणभावं
ते सर्वे वीतरागैर्गदितमनुपमं त्यागधर्मं निषेव्य,
तत् स स्तात् स्वर्गमोक्षप्रद उदितः समस्वार्थबोधः सुधर्मः ॥

## चमत्कृतिपूर्ण श्लोकाः

१ तत् किं नाम पुरं ? समं वदति यत् हीनं क्रमादक्षरैः,
भूपं वल्लभया युतं वमनयुक् यद् वा भवेत् सान्तरम् ।
यत् सन्तं नृपभूघने उशति च प्राहोद्वहन्तं नरं,
मर्यादा बुध मासमाश्रितमते बूयात् विचिन्त्योत्तरम् ॥

२ सदासदासदासेरः, सदासादसदोदसः ।
साददाससदासीद, सदोदारु सदोऽसदः ॥

३ दानदानक्षमो नेता, ताने मोक्षनदाः सदा ।
भवता पापहं शास्त्रं, त्रसाहं पपतावभः ॥

४ सनाऽऽसनाऽऽसीनसानुः, नसीनोऽसानसे नसे ।
नसो नसाससा नासी, नासिनो नसनोऽनसः ॥

५ गुरुगाऽऽगाररोगाग-गरगारोरगे गुरुः ।
रागारिगरगागार-गिरे गुरुर्गिरि गुरुः ॥

## હિ....ત....ક....ર....વા....ણી

० શત્રુ તે કે જે આપણું બગાડે, પણ આપણે એટલે કોણ?

શરીર, બુદ્ધિ, ઈંદ્રિય અને મન તે આપણું સ્વરૂપ નથી, તેનો બગાડ કરનારા શત્રુ નહીં, પણ આપણે એટલે વિશુદ્ધ આત્મસ્વરૂપી તેનો બગાડ કરનારા કર્મો જ આપણા શત્રુ છે.

આગમવ્યાખ્યા કુશલ, શિલા-તામ્રપાત્રે ટંકીર્ણ
આગમ-મંદિર સંસ્થાપક દેવસૂરતપાગચ્છ
સામાચારી સંરક્ષકવાદી મદભંજક બહુશ્રુત ધ્યાનસ્થ
સ્વર્ગત

**આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરશ્રીએ**

અતિવૃદ્ધાવસ્થાએ રોગશય્યામાં પણ શ્રુતચિંતન
સ્વાધ્યાય પરાયણતામાંથી સર્જેલ સૂક્ષ્મ ભાવપૂર્ણ
મનનીય હિતકર

## 卐 સુંદર સુભાષિતો 卐

૧૫૬ मया त्यक्ताः परे सर्वे, विश्वविध्यादिकर्मठाः ॥
शरण्यं त्वां, श्रितो मे न, किं दुःखालिं समीक्षसे? ॥३६२॥

હે પ્રભો! તારા સિવાયના સૃષ્ટિની રચના વગેરે જંજાલમાં તત્પર એવા બીજા સર્વ દેવોનો મેં ત્યાગ કર્યો, એટલું જ નહિ પણ શરણ કરવા યોગ્ય એવા આપનું જ મેં શરણ કર્યું છતાં હે નાથ? આપ મારા દુઃખની શ્રેણિને કેમ જોતા નથી? ॥૩૬૨॥

૧૫૭ न ज्ञाता त्वं? क्षमो वा न? नाहं वा दुःखमेदुरः? ।
यन्मां चिन्ताभृतं नाथ? किं नोद्धरसि संसृतिः? ॥३६३॥

હે નાથ? શું તમે જાણનાર નથી. અથવા શું તમે સમર્થ નથી, અથવા શું હું દુઃખથી પુષ્ટ થયેલો અર્થાત્ દુઃખી નથી? જે ચિંતાને ધારણ કરનારા એવા મને સંસારથી કેમ ઉદ્ધારતા નથી? અર્થાત્ ઉદ્ધાર કરો. ॥૩૬૩॥

૧૫૮ त्वयाऽहं नाथ? संसारादुद्ध-रिष्यामीतीच्छया ।
आहूतोऽथ च किं मां? त्वं विलम्बयसि हे प्रभो? ॥३६४॥

હે નાથ? તેં મને સંસારથી ઉદ્ધાર કરીશ એવી ઇચ્છાથી બોલાવ્યો છે, તો પછી હવે મને સંસારમાંથી ઉદ્ધાર કરતાં હે પ્રભુ? કેમ વિલંબ કરો છો? ॥૩૬૪॥

१५९ आगतोऽस्मि त्वयाऽऽहूतः, संसारादुद्दिधीर्षुणा ?।
धृत्वाऽथ मोक्ष्यसे किं न? कृपां कृत्वा मयि प्रभो ? ॥३६५॥

હે પ્રભુ ? સંસારમાંથી ઉદ્ધાર કરનારા એવા તમારો બોલાવ્યો હું આવ્યો છું, તો પછી મારા ઉપર કૃપા કરીને મને પકડીને સંસારમાંથી કેમ છોડાવતા નથી. ॥૩૬૫॥

१६० त्वं सर्वज्ञं कथं वेद्मि, मामेकं यदि दुःखिनम्।
नो वेत्सि वेत्सि चेत् किं न, सौख्यं नयसि? तत् प्रभो? ॥३६६॥

હું તમને સર્વજ્ઞ કેમ જાણું ? કારણ કે અજોડ દુઃખી એવા મને જાણતા નથી ? માટે હે જગત્પ્રભુ ? જો તમે તે જાણો છો-મારા દુઃખોને જાણો છો તો મને સુખ પમાડતા નથી ? અર્થાત્ સુખ પમાડો. ॥૩૬૬॥

१६१ दुःखिदुःखानि दृष्ट्वा चेत्, समर्थास्तानि नोद्धरेत्।
दयालौ तस्य चेद् रेखा, ते तर्हि त्वां किमु ब्रुवे ? ॥३६७॥

દુઃખીના દુઃખોને જોઈને શું સમર્થ પુરુષો-ઉદ્ધાર કરવાની તાકાતવાળા પુરુષો દુઃખોનો ઉદ્ધાર ન કરે ? અર્થાત્ કરે જ, છતાં હે નાથ ? જો તેની દયાવાળાઓમાં-કૃપા કરનારાઓમાં રેખા હોય તો તમને હું શું કહું? અર્થાત્ હે દયાનિધિ? મારાં દુઃખો દૂર કરો? ॥૩૬૭॥

१६२ न वेत्सि मां सुदीनं किं, दीनोद्धारे नदीष्णताम्।
घोषयित्वा न मां विश्वे-श्वरोद्धर्ता भवार्णवात् ॥३६८॥

હે જગત્પતિ ? અત્યંત દીન એવા મને શું નથી જાણતા કે જેથી દીનના ઉદ્ધારમાં નિપુણપણાની ઉદ્‌ઘોષણા કરાવીને પણ મને સંસારસમુદ્રમાંથી ઉદ્ધરતા નથી. ॥૩૬૮॥

१६३ सुधामुचो रूचो विश्वे, परोपकृतिसत्फलाः ।
तदधिकफला वाच-स्तव चेत् किं न मे दया (मुक्तिदाःश्रियै)॥३६९॥

જગતમાં ચંદ્રની કાન્તિઓ પરોપકારરૂપી સત્ફળવાળી હોય છે, પરંતુ આપની વાણી તો તેનાથી અધિક ફળવાળી જો છે તો મુક્તિ આપનારી કેમ થતી નથી? અર્થાત્ આપની વાણી મને મુક્તિ આપનારી થાવ!!! ॥૩૬૯॥

१६४ त एव सज्जना लोके येषां लक्ष्म्यः परार्थिकाः ।
अनन्ते दर्शन-ज्ञाने, फलतो न परे किमु? ॥३७०॥

જગતમાં તે જ સજ્જનો કહેવાય છે કે જેમની લક્ષ્મી પરોપકાર માટે હોય છે, તો પછી આપના અનંત દર્શન અને જ્ઞાન બીજા જીવોને વિષે કેમ ફળે નહિ? અર્થાત્ ફળે. ॥૩૭૦॥

१६५ विश्वेशोपचिकीर्विश्वं, त्वं भवेषु बहुष्वपि ।
किं मां नोद्धृत्य संसारा-न्धाऽवटात् तं करोषि भोः?॥३७१॥

હે જગત્પ્રભુ? તમે ઘણા ભવોને વિષે વિશ્વને ઉપકાર કરવાની ઇચ્છાવાળા હોઈ સંસારરૂપી અંધ કૂવામાંથી મારો ઉદ્ધાર કરીને તે પરોપકારને કેમ કરતા નથી? ॥૩૭૧॥

१६६ अनन्तशस्त्वया सङ्गो, संसारे मेऽभवत् परम् ।
न प्रार्थये फलं तस्य, मार्गये मार्गजं फलम् ॥३७२॥

સંસારને વિષે તમારી સાથે મારો અનંતીવાર સંબંધ થયો છતાં તેનું હું ફળ માગતો નથી, પરંતુ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપ માર્ગથી થવાવાળા મુક્તિરૂપી ફળને હું માગું છું, માટે હે નાથ? તે આપો! ॥૩૭૨॥

१६७ संसारे त्वमहं चाप्तौ, सङ्गानन्योन्यसंश्रितान् ।
साम्प्रतं देवतास्थान-स्थितस्त्वं त्वामहं श्रितः ॥३७३॥

હે સ્વામી! આ સંસાર વિષે રખડતાં ભૂતકાળમાં તમે અને હું પરસ્પર જોડતાં સંબંધોને પામ્યા હતા, પણ અત્યારે તો આપ દેવસ્થાનમાં-દેવપણામાં રહેલા છો, જ્યારે હું તો અત્યારે શરણે રહેલો છું. ॥૩૭૩॥

१६८ संसारकूपमध्यस्थं, रटन्तं स्वविडम्बनाम् ।
सेवकं मां न चेत् स्वामिन्?, त्रायसे! का दयालुता? ॥३७४॥

હે સ્વામિન્? સંસારરૂપી કૂવામાં રહેલા અને પોતાની પીડાને પોકારતા એવા મને સેવકને જો તમે બચાવશો નહિ, તો તમારી દયાળુતા કઈ? માટે તમારું દયાળુપણું સાચવવા મને તારો. ॥૩૭૪॥

१६९ अनाहूता महान्तः स्युः, परदुःखक्षये रताः ।
जिह्वाशुष्का तु मे नाथ?, त्वत्पुरो रटतो व्यथाम् ॥३७५॥

મહાન્ પુરુષો બોલાવ્યા વિના બીજાના દુઃખોનો ક્ષય કરવામાં રક્ત હોય છે, પરંતુ હે નાથ? આપની આગળ મારા દુઃખોની બૂમો પાડતાં પાડતાં આ મારી જિહ્વા પણ સુકાઈ ગઈ. ॥૩૭૫॥

१७० दासः प्रेष्योऽहमाजन्म, किङ्करश्चास्मि ते प्रभो?।
त्रायसे चेत् न भगवन्? का तर्हि ते दयालुता? ॥३८८॥

હે પ્રભુ? હું આપનો આ જન્મથી દાસ છું, કિંકર છું, નોકર છું છતાં જો તમે રક્ષણ નહિ કરો તો તમારી દયાલુતા કેવા પ્રકારની? ॥૩૮૮॥

१७१ महामहिम्नां पदमाप्नुवन्ति ते, ये परेषामुपकारकार्ये ।
अप्रेरिता अप्यपरैर्यतन्ते, सुप्रेरितस्त्वं न तथा तदर्हम् ॥३८९॥

પ્રેરણા કર્યા વગર પણ જેઓ બીજાઓના ઉપકારકાર્યમાં પ્રવર્તે છે, તેઓ મોટા મહિમાવાળા પદને પામે છે. પરંતુ સારી રીતે ઉપકાર કરવા માટે પ્રેરણા કર્યા છતાં આપ ઉપકાર કરતા નથી, તે શું હે નાથ ? તમને યોગ્ય છે ? અર્થાત્ યોગ્ય નથી. ૩૮૯॥

१७२ समस्तविश्वोद्धृतये जिनेश ?, तीर्थं त्वया नाथ ? नरेभ्य उक्तम् ।
त्वदुक्तिमाश्रित्य मया न वृत्तं, हा वञ्चितोऽहं सति रक्षकेऽपि ॥३९०॥

અવધિ આદિ જિનોના પણ ઈશ્વર ! આપે પ્રાણીઓનો-આખા જગતનો ઉદ્ધાર કરવા માટે તીર્થ કહ્યું. અર્થાત્ તીર્થ સ્થાપ્યું, છતાં તમારા તે વચનને આશ્રીને હું વર્ત્યો નહિ તેથી ખરેખર ખેદની વાત છે કે રક્ષણ કરનારા હોતે છતે પણ હું ઠગાયો, લુંટાયો છું. ॥૩૯૦॥

१७३ जिन ? त्वदुक्तिप्रशमार्द्रचेता, विज्ञप्तिमेतां तव पादपद्मे ।
करोमि कुर्या भवसागरात् मे, यथोद्धृतिः स्यात् करूणां तथा त्वम्
॥३९१॥

હે જિનેશ્વર મહારાજ ! તમારા વચનથી સમતા વડે ભીંજાઈ ગયું છે ચિત્ત જેનું એવો હું તમારા ચરણકમળમાં આ વિજ્ઞપ્તિ કરું છું, કે જેવી રીતે ભવસમુદ્રમાંથી મારો ઉદ્ધાર થાય તેવી રીતે મારી ઉપર કરુણા કરો. ॥૩૯૧॥

१७४ न त्वां विना नाथ ? ममाधयो-ऽन्यैर्ज्ञायन्त ईशेदृशबोधशून्यैः ।
अनादिकालीनपदार्थबोधो-विना तथाज्ञानमुदीक्ष्यते न ॥३९२॥

હે નાથ ? હે સ્વામી ? આપના સિવાય આવા પ્રકારના અર્થાત્ સંપૂર્ણ બોધથી શૂન્ય એવા બીજાઓથી મારી પીડાઓ-દુઃખો

જણાય તેમ નથી, કારણ કે તેવા પ્રકારના જ્ઞાન વિના અનાદિ કાળના પદાર્થનો બોધ થતો જ નથી. અર્થાત્ તેઓ સર્વજ્ઞ નથી. તેથી મારી પીડાઓને જાણી શકતા નથી અને તમે સર્વજ્ઞ છો તેથી જાણો છો. ॥૩૯૨॥

१७५ जिनेन्द्र ? तव वागेषा, प्राप्ता संसारसेतुभा ।
परं न तत्फलं लातुं, क्षमोऽहं योगपङ्गुलः ॥४०४॥

હે જિનેન્દ્ર ? સંસારરૂપ સમુદ્રનો પાર પામવાને પૂલના સરંખી એવી તમારી આ વાણી મને પ્રાપ્ત થઈ છે, પરંતુ તેવા પ્રકારના રોગથી હું પાંગળો એવો હું સંસારના પારને પામવારુપ જે શ્રેષ્ઠ ફળ તેને લેવાને માટે સમર્થ થયો નહિં. ॥૪૦૪॥

१७६ अल्पाः स्वदोषमीक्षन्ते, प्रतिकुर्वन्ति चाल्पकाः ।
केचिदेव हि सम्पूर्ण–गुणत्वमभियान्ति तु ॥४१०॥

પોતાના દોષને જોનારા અલ્પ જ જીવો હોય છે અને ઉપકારના બદલો વાળનારા તો તેથી પણ અલ્પ હોય છે. પણ કેટલાકો જ અથતિ ગણ્યા ગાંઠયા જ સંપૂર્ણ ગુણપણાને પામે છે. ॥૪૧૦॥

१७७ गुणिगणनाकाले विद्वांसः, केचिदेव जगति स्युः ।
गुणभवने तु निवासो, भाग्यवतामेव नान्येषाम् ॥४११॥

ગુણીના સમૂહની ગણતરી વખતે તો જગતમાં કેટલાક વિદ્વાનો હોય છે, પણ ગુણરૂપ ભવનમાં નિવાસ તો કોઈક ભાગ્યશાળીનો જ હોય છે, પરંતુ બીજાનો હોતો નથી. ॥૪૧૧॥

१७८ मतो भवोऽयं जिनवाक्यतस्ते, दुःखैकरुपोऽशुभबन्धयुक्तः।
दुःखानुबन्धः शिवराज्यमुग्रं, ददासि मह्यं जिनराइ न किं त्वम्॥४१४॥

હે જિનેશ્વર ભગવાન્ ? તમારી વાણીથી દુઃખ સ્વરુપવાળો, અશુભ અનુબંધવાળો, દુઃખના અનુબંધવાળો, દુઃખની પરંપરાવાળો

આ સંસાર માનું છું, છતાં હવે તમે મને શ્રેષ્ઠ એવું શિવરાજ્ય કેમ આપતા નથી? ॥૪૧૪॥

१७९ वचोऽपि ते नाथ? भवार्णवस्य, शीघ्रं हि पारं भविनां प्रदातृ ।
परं तथा भाग्यविवर्जितोऽहं, दूराऽतिदूरे वचनाध्वनोऽस्मि ॥४१९॥

હે નાથ? તમારું વચન પણ ભવ્ય પ્રાણીઓને ભવરૂપ સમુદ્રના પારને જલદી દેવાવાળું છે, છતાં તથા પ્રકારના ભાગ્યથી રહિત એવો હું હે નાથ? તમારા વચનના માર્ગથી અત્યંત દૂર છું. ॥૪૧૯॥

१८० दयां विधेहि नाथाऽस्मिन्, किङ्करे येन ते पदोः ।
सेवायां सर्वदा लीनो, भवेयं भवभीतिमान् ॥४२०॥

હે પ્રભુ? આ સેવકની ઉપર દયા કરો કે જેથી કરીને ભવના ભયવાળો એવો હું હંમેશા તમારા ચરણકમળની સેવામાં લીન થાઉં. ॥૪૨૦॥

१८१ भवरूपं त्वयाऽऽदिष्टं, भवोद्धारस्त्वयोदितः ।
परं भाग्यविहीनोऽयं, दूरे त्वद्वचनामृतात् ॥४२१॥

હે નાથ? સંસારનું સ્વરુપ તમે જ જણાવેલું છે અને સંસારથી ઉદ્ધાર કરવાનો માર્ગ પણ પણ આપે જ કહેલો છે, પરંતુ ભાગ્ય વગરનો હું આપણા વચનરૂપ અમૃતથી દૂર રહેલો છું. ॥૪૨૧॥

### મ...ન...ની...ય...કં...ડિ...કા...ઓ

- વિચારનો બાપ તે આચાર.
- શાસનનું મૂળ આચાર.
- વિરતિનું ઉપાદેયપણું ન જાણે તે અજ્ઞાન.
- વિષયોનો રાગ-દ્વેષ તીવ્ર ન રહે તેનું નામ ગ્રંથિભેદ.
- જેના પરિણામમાં સદાચાર હોય તે જ્ઞાન.

—શ્રી ઠાણાંગસૂત્રના વ્યાખ્યાનોમાંથી




तात्त्विक-प्रश्नोत्तराणि
ગ્રંથનો ગુજરાતી
અનુવાદ
(વર્ષ ૪ પુ. ૪ પૃ. ૨૭૬ થી ચાલુ)

[પરમારાધ્ય, આગમૈદમ્પર્યજ્ઞાતા, આગમતત્ત્વતલસ્પર્શીજ્ઞાતા બહુશ્રુતચૂડામણિ, આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વ૦ જૈનાચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વર** શ્રી ભગવંતે પોતાની પ્રૌઢ પ્રતિભા દ્વારા શાસ્ત્ર સમુદ્રનું મંથન કરી અનેક તાત્ત્વિક બાબતોના સંવાદી ઉકેલો શોધીને આગમાનુસારી પુણ્યાત્માઓની આગમભકિત ખૂબ જ પરિપુષ્ટ કરવા પ્રયત્ન કરેલ.

આવા ૧૪૪૬ સંસ્કૃત પ્રશ્નોત્તરોના સંગ્રહ સ્વરૂપ "**तात्त्विक प्रश्नोत्तराणि**" નામે પ્રતાકારે ગ્રંથ શ્રી આગમોદ્ધારકગ્રંથ સંગ્રહ-૧૨ રૂપે સુરતથી પ્રકાશિત થયેલ છે.

પૂ. આગમતલસ્પર્શી, સચોટ પ્રતિભાસંપન્ન, પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની સર્વતોમુખી જ્ઞાન શક્તિનાં દર્શન સંસ્કૃત નહી ભણેલ જનતાને પણ થાય તે હેતુથી તે પ્રશ્નોત્તરોનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ અહીં આપવાનો નમ્ર પ્રયાસ છે. સં.]

**પ્રશ્ન ૪૬**-ગ્લાનિ રહિતપણે ધર્મદેશના આદિ વડે જિન-નામકર્મ વેદાય છે. એ નિર્યુક્તિના વ્યાખ્યાનમાં **આદિ** શબ્દનો

પ્રકાર અર્થપણામાં લેવા માટે દેશનાની પહેલાં થતી અશોકાદિની પૂજા વગેરેનું ગ્રહણ યુક્ત છે. પણ તે ફળ પ્રાપ્ય (પામી શકાય તેવું) છે. તેનું સાધ્ય ફળ તે નથી. જો સાધ્યફળ તે માનીએ તો મૂળથી જિન નામકર્મ બંધાય જ નહિ, કારણ કે તે તો પ્રતિબંધક છે. આથી અવયવ અર્થ અને સાધ્યને આશ્રીને આદિ શબ્દ કેવી રીતે વ્યાખ્યા કરવા યોગ્ય છે.

ઉત્તર–ચૂર્ણિકાર મહારાજે જિન નામકર્મ વેદવામાં ધર્મ-કથનની સાથે પ્રવ્રાજન (દીક્ષા આપવી) અને શિક્ષણ આપવું એ ગ્રહણ કર્યાં છે. તે બે આદિ શબ્દનો અર્થ અને સાધ્ય જાણવું.

પ્રશ્ન ૪૭–શબ્દ સુધીના પાંચ નય કહ્યા છે, માટે તત્ત્વાર્થસૂત્ર દિગંબરનું કેમ નહિ?

ઉત્તર–આવશ્યકની અંદર શબ્દ સુધીના પાંચ નયનું કથન સ્પષ્ટ છે. તેથી તત્ત્વાર્થ જૈનીય જ છે.

પ્રશ્ન ૪૮–ભગવાન આર્યરક્ષિતસૂરિની દીક્ષા પ્રથમ શિષ્ય-ચોરીરૂપે થયેલી છે. એમાં વિવાદ નથી, તો તે રાજકુલને, લોકોને ઈષ્ટ નથી તેથી કે સોળ વર્ષથી ઓછી ઉમંર હતી તેથી?

ઉત્તર–સાધુએ કહ્યું કે આ શ્રાવિકાનો (શય્યાતરીનો) બાળક (બચ્ચું) છે. એવા આવશ્યકના વચનથી સોળ વર્ષની અંદરનો છે. એમ સમજાય છે. જો બાવીશ વર્ષના છે તેમ માને તો ભ્રૂણ શબ્દથી વાચ્યાર્થ કોઈ પ્રકારે ઘટશે નહિ. વળી રાજકુલ વગેરેને અનભિમતપણું શિષ્ય નિષ્ફેટિકામાં કારણ નથી.

પ્રશ્ન ૪૯–વજ્રસ્વામી મહારાજ દક્ષિણપથમાં વિચરે છે. એ આવશ્યક સૂત્રના કથનમાં દક્ષિણપથ કયો?

ઉત્તર–અવંતીરૂપ જે વિદિશા વિષય, તેની દક્ષિણમાં એડકા ગામ છે. તેની આગળ અને કૌશાંબી અટવીની પહેલાં દક્ષિણપથ કહેવાય છે. એમ વગર વિરોધે સમજાય તેમ છે.

પ્રશ્ન ૫૦-જમાલિ જ્યારે વિપરીત થયો તે વખતે તેને આશ્રીને રહેલા સાધુઓ કઈ સ્થિતિને અનુસર્યા ?

ઉત્તર-પહેલાં અનેક સાધુઓ વીર પ્રભુને અનુસર્યા, વીર પ્રભુની ઉપસંપદા સ્વીકારી. ઢંક શ્રાવકથી સુદર્શના પ્રતિબોધ પામી ત્યારે બાકીના જે સાધુ જમાલિ સાથે હતા. તેઓએ પણ સુદર્શનાની સાથે આવીને વીર પ્રભુની ઉપસંપદા સ્વીકારી. (વિ.આ. ભાષ્ય ૨૩૩૨). આથી સુદર્શનાએ એકલા જમાલિને સમજાવવા માંડયું કોઈક જ ઠેકાણે તે બધા સાધુઓએ પ્રથમથી જ પ્રભુ વીરની ઉપ-સંપદા સ્વીકારી એમ કહે છે.

પ્રશ્ન ૫૧-નિહ્નવને અંગે બનેલું આધાકર્માદિક સાધુઓએ વર્જવું કે નહિ ?

ઉત્તર-જો કે બોટિક સિવાયના નિહ્નવ સાધુઓ (માત્ર) નિર્ગ્રન્થ વેષવાળા છે. નહિ કે તે તેવા પ્રકારના નિર્ગ્રન્થો છે. આમ હોવાથી નિહ્નવો સંબંધીનું જે આધાકર્માદિક છે તે 'આ નિહ્નવો છે.' એ પ્રકારના નિહ્નવનો ભેદ લોકના જાણવામાં હોય તો તે સાધુઓએ ત્યાગી દેવાની જરૂર નથી, ખરી રીતે તો બનાવનાર જો (તેવા) ભેદને જાણનારો હોય તો નિહ્નવ સંબંધીનું આધાકર્માદિક પરિહરવાની જરૂર નથી. અન્યથા લોકો ભેદને જાણનાર કે ન જાણનાર હોતે છતે પણ ગ્રહણ કરવું નહિં.

પ્રશ્ન ૫૨-આય-લાભ તેને આશ્રીને પચ્ચક્ખાણ હોવાથી 'आयाए सव्वदव्वाणं' એમ કહેવાય છે, તે સ્થળે સમ્યક્ત્વનું સર્વ દ્રવ્ય-પર્યાયગતપણું મનાય છે અને શ્રુતમાં સર્વજ્ઞપણું ન હોવાથી સર્વપર્યાય ન હોય એ વાત તો ઠીક છે, પરંતુ પ્રાણાતિપાતવિરતિ આદિ સ્વરૂપ ચારિત્રને વિષે સર્વ પર્યાયોનો વિષય કેમ ન હોય ?

ઉત્તર—તે વિરતિ સર્વ પ્રકારની નથી, પરંતુ (સર્વ) સાવદ્ય યોગ સંબંધી જ વિરતિ છે. તેવા પ્રકારના જ્ઞાનાદિ માટેની પ્રવૃત્તિ કરણ-કારણ આદિથી અન્યથા પણ થતી છતી બાધા કરનાર નથી.

પ્રશ્ન ૫૩—આવશ્યકની ઉપોદ્ઘાત નિર્યુક્તિમાં '**कतिविध**' એ સુધીના દ્વારો કહીને '**कस्य**' ઈત્યાદિ દ્વારોનો અવતાર કહ્યા સિવાય વચ્ચમાં જ '**एसेव य णिज्जुत्ति**' ઈત્યાદિ વાકયોથી કેમ ભલામણ કરી?

ઉત્તર—'**कतिविध**' સુધીના દ્વારો શેષ અધ્યયનનાં સરખા વક્તવ્યતાવાળા છે. એટલા માટે તે સામાન્ય છે. '**कस्य**' એ વગેરે દ્વારો વિશેષ વિષયવાળા છે, તેથી ત્યાં જે ભલામણ કરી તે ન્યાયથી ઈષ્ટ છે.

પ્રશ્ન ૫૪—'**कस्स**' એ દ્વારની વ્યાખ્યામાં '**काऊण सागराणं०**' એ વગેરે બતાવવું જોઈએ, કારણ કે તે સ્થિતિવાળાઓને સામાયિક ચતુષ્ક (શ્રુતસામાયિક વગેરે) હોય છે છતાં '**काऊण सागराणं०**' એ વગેરે કેમ બતાવ્યું નહિ?

ઉત્તર—તે કારણ છે અને તે જ અંતરંગ કારણ છે. પરંતુ સામાયિકવાળાઓની કેવી સ્થિતિ હોય? કે જેથી વિદ્વાનોથી ઓળખી શકાય તે જણાવવા માટે સામયિકવાળાનું સ્વરૂપ જણાવ્યું છે, '**जस्स सामणिओ**' એ આદિ વીતરાગ સામાયિકવાળાનું સ્વરૂપ કહ્યું છે, પણ તે ઉપદેશ્ય નથી, તેથી તે તેમનું સ્વરૂપ અને સ્થિતિ છે. '**सावज्ज**' ઈત્યાદિથી તો સર્વવિરતિવાળાનું સ્વરૂપ છે. આથી જ તે સ્થિર કરવા માટે '**गिहत्थ धम्मा परमंति णच्चा**' આવું વચન છે. નિર્ગ્રન્થપણાના પ્રયત્નને વધારવા માટે '**कुज्जा बुहे आयहियं परमत्थ**' એ વચન છે. દેશવિરતિ સામાયિકવાળાને સર્વવિરતિ સામાયિકના લાભરૂપ સાધુપણાની પ્રાપ્તિ સુધી જ્યારે જ્યારે અવકાશ

મળે ત્યારે ત્યારે હંમેશા સામાયિક કરવાને માટે ઘણીવાર કરવાનો ઉપદેશ છે, ત્યાં જ ખરેખર શ્રમણોપાસકપણાની પ્રાપ્તિ છે. સમ્યક્‌ત્વ સામાયિકવાળાને રાગાદિ પ્રમત્તતા અનર્થકારક છે. એમ જણાવીને કારક સમ્યક્‌ત્વ તેનો બીજો પર્યાય જે અપ્રમત્ત દશા છે, તે રૂપ એકાગ્રતાનો ઉપદેશ છે અને શ્રુત સામાયિકવાળાને એ સંસારના હેતુ છે અને એ રાગદ્વેષ એકબીજા વગર થવાવાળા નથી એમ જણાવીને એકકે પક્ષનો સ્વીકાર નહિ કરવાથી મધ્યસ્થપણાના પ્રયત્નનો ઉપદેશ કરીને અને સમ્યક્‌શ્રુતના ફળનો ઉદ્દેશ છે.

**પ્રશ્ન ૫૫**—સામાયિક કેમ પમાય એ દ્વારમાં (૧) મનુષ્યપણું વગેરે તેર (૨) આલસ્યનો ત્યાગ વગેરે તેર (૩) યાન, આવરણ વગેરે સાત (**आ. नि.** ૮૪૩) (૪) દર્શન વગેરે ચાર (**आ. नि.** ૮૪૪) અને (૫) અનુકંપા વગેરે જે અગ્યાર હેતુ કહ્યા છે. (**आ. नि.** ૮૪૫) તે પરસ્પર અવિનાભાવી છે કે વિનાભાવી છે? સહચારી છે કે અસહચારી છે?

ઉત્તર—તેમાં (૧) મનુષ્યપણું વગેરે તેર, ક્રમે કરીને દુર્લભ છે અને સહચર છે. (૨) આલસ્યનો ત્યાગ વગેરે તેર કાઠિયા તો પ્રતિબંધકના અભાવના સમૂહરૂપે સંભવધાર્ય છે. (૩) મહાવ્રતરૂપી યાન વગેરે તો સાધકતા સ્વરૂપ છે. (૪) દર્શન વગેરે તો સ્વસ્થાન સ્વતંત્ર છે અને (૫) અનુકંપા વગેરે તો પરંપર હેતુઓ હોઇને સહચર અને અસહચર પણ હોય છે. જેઓ આ ગાથાથી બાલતપથી અકામ નિર્જરા વગેરેનું અલગપણું અંગીકાર કરે છે. તે ઉચ્છૃંખલા મતિવાળા (અજ્ઞાની સમજવા) છે. કારણ કે અહીં એની ગંધ પણ નથી, કારણ કે અનુકંપાદિકમાં સકામ નિર્જરાનો નિયમ નથી. તેઓએ તેનાં દૃષ્ટાંતો જોવા જોઈએ. (ક્રમશઃ ચાલુ)

# 卐 તાત્ત્વિક વિચારણા 卐

અર્થાત્

પરમારાધ્ય આગમસમ્રાટ આગમવાચનાદાતા
આગમપારદશ્વા બહુશ્રુત સૂરિપુરંદર ધ્યાનસ્થ
સ્વર્ગત આગમોદ્ધારક

**આ. શ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતે**

સર્વતોમુખી તાત્ત્વિક પ્રતિભાબળે

**શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર (?)** ઉપર કરેલ સુંદર ટિપ્પણરૂપ

**તાત્ત્વિક વિમર્શ** ગ્રંથનો

સરળ અનુવાદ

(વર્ષ ૪ અંક ૪ પૃ. ૨૮૬ થી ચાલુ)

પરમપૂજ્ય, ગીતાર્થસાર્વભૌમ, શ્રીદેવસૂરતપાગચ્છ-સામાચારી-સંરક્ષક, વાદિ-મદભંજક, પ્રવર પ્રાવચનિકધુરંધર આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી એક ક્ષણ પણ પ્રમાદમાં ગાળ્યા વિના જ્યારે સમય મળતો ત્યારે ભવિષ્યની તત્ત્વરૂચિવાળી જનતાના હિતાર્થે પોતાના ઊંડા ચિંતન-મનનના બળે આગમિક-તાત્ત્વિક ગ્રંથોના રહસ્યને સ્પષ્ટ કરવામાં ગાળતા.

તે રીતે **તાત્ત્વિક વિમર્શ** નામની આ કૃતિ (જે કે પૂ. ગચ્છાધિપતિશ્રીના સંશોધન તળે **आगमोद्धारककृतिसंदोह** ભા. ૧ માં પ્રારંભમાં જ મંગલ તરીકે છપાએલ છે.) દશપૂર્વધર આ. શ્રી ઉમાસ્વાતિજી મ. ના ભાવદયાપૂર્ણ હૈયામાંથી પ્રગટેલ અપૂર્વકૃતિરૂપ શ્રી **તત્ત્વાર્થાધિગમસૂત્રના** કેટલાક પદાર્થોના તાત્ત્વિક વિવેચનરૂપે પૂ. આગમો૦શ્રીએ બનાવી છે.

પ્રૌઢ સંસ્કૃત ભાષામાં સંક્ષિપ્ત શૈલિથી રચાયેલ આ કૃતિનો યત્કિંચિત્ રસાસ્વાદ વર્તમાનકાળે જ્ઞાન-ધ્યાન અને સ્વાધ્યાયની રૂચિ-પ્રવૃત્તિના હ્રાસ કાળે મુનિઓને આંતરિક પ્રેરણા મળે એ આશયથી સરળ ભાષામાં રૂપાંતર કરવાનો લઘુ પ્રયત્ન સ્વપર હિત-બુદ્ધિથી શરૂ થયો છે.

આનો ચોથો હપ્તો અહીં રજુ થાય છે.

ગમે તે અજ્ઞાત કારણે "આગમો० કૃતિ સંગ્રહ"માં **શ્રી તત્ત્વાર્થસૂત્રના** ક્રમ સાથે ટિપ્પણમાં પૂર્વાપરભાવ-ક્રમની વ્યવસ્થા જળવાઇ નથી. મુદ્રિત ગ્રંથને આધારભૂત માની ઉત્ક્રમથી પણ અહીં રજુઆત કરાઈ છે.

સુજ્ઞ વિદ્વાનો યથાયોગ્ય તેનો ઉપયોગ જરૂર કરશે. **सं.**]

(१७) (अ) "**त्रयाणामेकतराऽभावे**" **इत्यादि निश्चयनयेन, स हि कारकमेव वाञ्छति।**

(आ) **यद्यपि द्विबन्धकादीनामपि मोक्षहेतुता परं न तत्र पुरुषकारप्राधान्यमिति न मार्गत्वं, तथा च व्यसनादीनां सम्यक्त्वोत्पत्ति हेतुत्वेऽपि न मार्गता॥**

(अ) પ્રથમ સૂત્ર ઉપર સ્વોપજ્ઞભાષ્યમાં એમ કહેવાએલ છે કે: "**एतानि च समस्तानि मोक्षसाधनानि, एकतराभावेऽप्यसाधनानीत्यतस्त्रयाणां ग्रहणम्**" ભાષ્યકારના આ વચન ઉપર વિવેચનમાં એમ કહેવાએલ છે કે **त्रयाणामेकतराऽभावेप्यसाधनानि** વગેરે.

તેના ઉપર પૂ. આગમો. શ્રી એમ રહસ્યપૂર્ણ રીતે સૂચવે છે કે "સમ્યગ્દર્શન આદિ ત્રણમાંથી એક પણ ન હોય તો તે મોક્ષનો માર્ગ નથી બનતો" એ ભાષ્યકાર કે ટીકાકારના વચનનું રહસ્ય એ છે કે—

આ વાકય પારમાર્થિક નિશ્ચયનયના આધારે જાણવું, કેમકે તે નય દીપક, રોચક અને કારક એ ત્રણ ભેદના સમ્યક્ત્વમાંથી કારક સમ્યક્ત્વને જ પ્રાધાન્ય આપે છે. તેથી તે નયની દૃષ્ટિએ સમ્યગ્દર્શન અને ચારિત્ર એકરૂપ બને છે. સમ્યગ્જ્ઞાન તો ચારિત્ર પાલનમાં જરૂરી હોય જ, આ રીતે પારમાર્થિક નિશ્ચયનયના મતે એકના અભાવે ત્રણે મોક્ષના સાધન નથી" એ ભાવનું વાકય વિચારવું.

(आ) મોહનીય આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધવાની અપેક્ષાએ જ્ઞાનીઓએ સકૃદ્બંધક અને અપુનર્બંધક એમ બે ભેદ દર્શાવ્યા છે. પણ તે સિવાયના એકથી વધુ વાર બે ત્રણ યાવત્ અસંખ્યવાર મોહનીય આદિ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર જીવોની તે તે અવસ્થા પણ મોક્ષનો માર્ગ કેમ નહિ? તેમાં પણ યથાયોગ્ય મોક્ષની નિકટતા થાય છે. આવો પ્રશ્ન અહીં ઉપજે ખરો? પણ બે કે તેથી વધુ વખત ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ વગેરે પુરુષાર્થ સાધ્ય નથી. કાલપરિપાક કે તથા ભવ્યત્વથી થાય છે. અને તેને મોક્ષમાર્ગ ન કહેવાય. મોક્ષમાર્ગ તે જેમાં કે પુરુષાર્થની પ્રધાનતા હોય.

તથા અકામનિર્જરા આદિના કારણભૂત એવા વિશિષ્ટ દુઃખોના નિમિત્તે પણ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. પણ તેથી તે દુઃખો મોક્ષના માર્ગ તરીકે ન ગણાય, કેમ કે તે દુઃખો ભોગવનાર બધાને સમ્યક્ત્વ પ્રગટતું નથી.

(१८) आवर्त्तेऽन्त्ये आरब्धे शुक्लपाक्षिकतानियमः स च कालप्रधानः।

मोक्षाऽऽशयप्रभावेणाऽऽनन्त्यपरावृत्तिनाशनियमः, स च परिणति प्रधानः।

मोक्षसाधनाय क्रियारम्भकता चेत् मतान्तरीयार्धपुद्गलपरावर्त्त-मात्रसंसारता शुक्लपाक्षिकताहेतुः, सा हि क्रियाप्रधाना।

अवाप्तसद्दर्शनस्य सप्ताऽष्टभवी, सा च गुणप्रधाना।

आशातनाद्वारा तु तस्याऽपार्धपुद्गलपरावर्त्ताऽवशेषता, सा तु विराधनाप्रधाना।

असंख्यशः क्षायोपशममिकं यत् तदपि तथा विधानामेवेति॥

અહીં પૂ. આગમોદ્ધારકશ્રી ભવસ્થિતિના સંબંધી જુદી જુદી વિચારધારાનો સમન્વય કરે છે.

શુકલપાક્ષિક તે ચરમાવર્તી.

સમ્યક્ત્વ પછી અર્દ્ધપુદ્ગલપરાવર્ત.

સમ્યક્ત્વ પછી ૭/૮ ભવ બાકી સંસાર.

આ પ્રમાણે જે જુદી જુદી વિચારધારાઓ છે. તેનો આશય શો ? તે સમજાવતાં પૂ. આગમોદ્ધારકશ્રી એમ જણાવે છે કે—

જે શુકલપાક્ષિક હોય તેને એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી એમ ન સમજતાં જ્યારે જીવને એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે ત્યારે જીવ શુકલપાક્ષિક થાય, એટલે આમાં કાલની પ્રધાનતા વિવક્ષિત કરવી.

તે ચરમ આવર્તમાં જીવ આવે ત્યારે મોક્ષના અસ્પષ્ટ પણ આશયથી–મોક્ષપ્રતિ રૂચિ ઉપજવાથી અનંત પુદ્ગલપરાવર્ત નાશ પામી જાય છે. અહીં પરિણતિની–મોક્ષ પ્રતિ રૂચિવિશેષની પ્રધાનતા જાણવી.

મોક્ષના ઉદ્દેશ્યથી ધર્મ ક્રિયાની પ્રવૃત્તિ કરવાપણું જ્યારે આવે ત્યારે અર્દ્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલો સંસાર રહ્યો જાણવો.

આમાં ધર્મક્રિયાની પ્રધાનતા જાણવી.

સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેને ૭/૮ ભવ કહ્યા છે. તે આત્માના વિશિષ્ટ (મોહના) ક્ષયોપશમદ્વારા ઉત્પન્ન થતા ઉઘાડ-વિકાસને મુખ્ય રાખીને જાણવા.

અર્થાત્–ચઢતે પરિણામે સમ્યક્ત્વ પામ્યા પછી પડિવાઈ પરિણામી ન બને તો જઘન્યથી તે જ ભવે મધ્યમથી ત્રીજે યાવત્ સાતમે ભવે ઉત્કૃષ્ટથી આઠમે ભવે તો જરૂર સર્વ કર્મ નિર્જરી મોક્ષે જાય જ !

આમાં આત્મશક્તિના વિકાસની ચઢતી કળા મુખ્ય છે.

સમ્યક્ત્વવાળાને અર્દ્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલો સંસાર તો કો'ક જીવ તેવી ભયંકર કોઈ આશાતના તીર્થંકર પ્રભુ આદિની કરે તો તે વધુમાં વધુ વાન્તસમ્યક્ત્વી પણ અર્દ્ધપુદ્ગલપરાવર્ત્તે જરૂર મોક્ષે જાય જ.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યવાર આવે છે-જાય છે, તે પણ તેવાઆત્મશક્તિહીન જીવોની અપેક્ષાએ જાણવું.

આગમિક પદાર્થોના તાત્ત્વિક ચિંતનથી ભરપૂર

શ્રી આગમ જ્યોતના પ્રકાશનાર્થે

# સ્થાયી કોષની યોજના

[જૈન શાસનના સમર્થપ્રભાવક આગમમર્મજ્ઞ-શિરોમણિ આગમજ્યોતિર્ધર, પૂ. આગમોદ્ધારક, ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્ય-દેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ શ્રીના** અપ્રકાશિત તાત્ત્વિક વ્યાખ્યાનોને પ્રકટ કરવાની યોજના '**આગમજ્યોત**'ના પ્રકાશનરૂપે વિ. સં. ૨૦૨૧ના ચોમાસામાં **આગમોદ્ધારકશ્રીના** પટ્ટધર **પૂ. ગચ્છાધિપતિ આચાર્ય** ભગવંતની નિશ્રામાં તૈયાર થઈ, ત્રણ વર્ષ ત્રૈમાસિકરૂપે પ્રકટ કર્યા પછી સુરક્ષા અને સ્થાયિ-ત્વની દૃષ્ટિએ ચારે પુસ્તકો કાર્તિક સુદ ૫ પુસ્તકાકારે ભેગાં બાંધીને આપવા ચોથા વર્ષથી શરૂઆત કરી અને લવાજમ યોજના બંધ કરી **સ્થાયીકોષની** યોજના શરૂ કરી, જેમાં ગત વર્ષના ચોથા પુસ્તકમાં નામાવલી છાપ્યા પછી જે શ્રુતભક્તિ-પ્રેમી સંઘો અને વ્યક્તિઓએ લાભ લીધો છે, તે નામો અહીં હાર્દિક અનુમોદના સાથે પ્રકાશિત કરવામાં આવે છે.

— प्रकाशक]

શ્રી 'આગમજ્યોત' સ્થાયીકોષ માટે નામ નોંધાવનાર

# ભાગ્યશાળી શ્રદ્ધાળુઓની નામાવલી

રૂા.

૧૧૫૧ પરમપૂજ્ય ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મ.ના શિષ્યા પૂ. મનોહરશ્રીજી મ. તથા સમેતશિખર તીર્થોદ્ધારિકા પૂ. સા. શ્રી રંજન-શ્રીજી મ.ના તપોનિષ્ઠા વિદુષી પૂ. સાધ્વીશ્રી ગુણો-

દયાશ્રીજી મ.ના ઉપદેશ તથા પ્રેરણાથી માલવપ્રદેશમાંથી જેની વિગત નીચે મુજબ છે.

| રૂા. | |
|---|---|
| ૫૧૦ | શ્રી જૈન શ્વે. ધર્મોત્તેજક મહિલા મંડળ ઉપાશ્રય, પીપલી બજાર, ઈન્દોર. |
| ૧૦૧ | જૈનસંઘ રાજગઢ તરફથી પૂ. સાધ્વીશ્રી અમૃતશ્રીજીના ઉપદેશથી. |
| ૧૦૧ | જૈનસંઘ આગર તરફથી પૂ. સાધ્વીશ્રી ખીરભદ્રાશ્રીજીના ઉપદેશથી. |
| ૧૦૧ | જૈનસંઘ સીતામઉ તરફથી પૂ. સાધ્વીશ્રી તત્ત્વજ્ઞાશ્રીજી તથા પૂ. શશીપ્રભાશ્રીજીના ઉપદેશથી. |
| ૧૦૧ | જૈનસંઘ બદનાવર તરફથી પૂ. સા. શ્રી કલ્પલતા શ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૧૦૧ | જૈનસંઘ અરણોદ તરફથી પૂ. સા. શ્રી સુનયજ્ઞા શ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૨૫ | જૈનસંઘ ગૌતમપુરા તરફથી પૂ. સા. શ્રી ઈન્દુશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૨૫ | જૈનસંઘ બડોદ તરફથી પૂ. સા. શ્રી ધ્યાનશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૨૫ | જૈનસંઘ પીપલોન તરફથી પૂ. સા. શ્રી ફલ્ગુશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૨૫ | જૈનસંઘ 'હાટપીપલીયા' તરફથી પૂ. સા. શ્રી હેતપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૨૫ | જૈનસંઘ બાગલી તરફથી પૂ. સા. શ્રી દમીતાશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૧૧ | જૈનસંઘ વાંસવાડા તરફથી પૂ. સા. શ્રી ધૈર્યતાશ્રીજી મ.ના ઉપદેશથી. |
| ૧૧૫૧ | |

રૂા.

૬૦૦ વિશાશ્રીમાલી તપાગચ્છીય શ્રાવિકાઓ તરફથી જામનગર પૂ. વિદુષી સાધ્વીશ્રી સુરપ્રભાશ્રીજીના શિષ્યા શાંત સ્વભાવી પૂ. સાધ્વી ધર્માનંદશ્રીજી મહારાજના ઉપદેશથી વૈયાવચ્ચ-કારિકા પૂ. સાધ્વીશ્રી મોહાનંદશ્રીજીની પ્રેરણાથી.

આ રકમ સંબંધેની નામાલી હવે પછી પ્રગટ થશે. —પ્રકાશક

*

૩૦૧ પ્રતાપગઢ જૈનસંઘ તરફથી પૂ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ના ઉપદેશથી.

૨૫૧ શેઠ વ્રજલાલ હરિભાઈ જૈન ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી હ. કમલાબેન, કપડવંજ, પૂ. સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી મ. (સાગર સમુદાય)ના ઉપદેશથી.

૨૫૧ ગોડીજી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ, પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી (સાગર સમુદાય)ના ઉપદેશથી.

૨૫૦ ચોપાટી જૈનસંઘ મુંબઈ, પૂ. ગણિશ્રી અભયસાગરજી મ.ની પ્રેરણાથી. શ્રી રમણિકભાઈ ફોઝદાર, અમદાવાદ

૨૪૦ આધોઈ (કચ્છ) જૈન સંઘની શ્રાવિકાઓ તરફથી પૂ. સાધ્વીશ્રી રત્નત્રયાશ્રીજી આદીઠાણાના ઉપદેશથી.

૧૦૧ સાગરગચ્છ જૈન ઉપાશ્રય ગોપીપુરાના જ્ઞાનખાતામાંથી, સૂરત. પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીજી મ. (સાગર સમુદાય)ના ઉપદેશથી

રૂા.

૧૦૧ દશા પોરવાડ જૈન ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (પૂના) હ. ગોરીવાલા કમળાબેન, સ્વ. પૂ. સા. શ્રી પુષ્પાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી નિરંજનાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ શ્રી શ્વે. મૂર્તિ. તપાગચ્છ જૈનસંઘ, પોરબંદર, વ્યા. વા. પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજના ઉપદેશથી.

૧૦૧ શેઠ વેલજીભાઈ મોતીચંદ શાહ, લુણાવાડા, પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ શેઠ મણીલાલ માણેકલાલ શાહ, લુણાવાડા, પૂ. ગણીશ્રી યશોભદ્રસાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ લલ્લુભાઈ ખેમચંદ ગાંધી, લુણાવાડા, પૂ. ગણિશ્રી લબ્ધિ-સાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જ્ઞાનખાતા, લુણાવાડા, પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મ.ના ઉપદેશથીના ટ્રસ્ટમાંથી હ. ચીનુભાઈ ડાહ્યાભાઈ તેલી,

૧૦૧ શેઠ ખેમરાજજી દલાલ ભવાનીનીમંડીવાલા, રતલામ, પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ શેઠ દિનકરભાઈ સાંકળચંદભાઈ, અમદાવાદ, પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ હરિપુરા જૈનસંઘના જ્ઞાનખાતામાંથી, સૂરત, પૂ. ગણીશ્રી વિમલસાગરજી મ.ના ઉપદેશથી.

રૂા.

૧૦૧ ચંદનબેન ડાહ્યાલાલ જંબુસરવાલા, વડોદરા, પૂ. ગણીશ્રી વિમલસાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧ બેનોના ઉપાશ્રય તરફથી, ધુલીયા, પૂ. સા. શ્રી સુજ્ઞતાશ્રીજી મ.ના ઉપદેશથી.

૧૦૧ શ્રી ગુલાબબેન જીવનચંદમલજીના શ્રેયાર્થે હ. પ્રેમચંદ વિનોદ, બકુલભંડાર, સુરત.

સ્વ. પૂ. સૂર્યકાંતાશ્રીજી મ.ના શિષ્યાઓ, પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી તથા પૂ. વિદુષી સા. શ્રી મયણાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ લીલાવતીબેન પોપટલાલ લલ્લુભાઈ, વેજલપુર (ભરૂચ), પૂ. વ્યાખ્યાતા અભ્યુદયસાગરજી મ.ના ઉપદેશથી તથા પૂ. તપસ્વી નવરત્નસાગરજી મ.ની પ્રેરણાથી.

૧૫૦ શ્રી ઉપધાન તપવાલી બાલિકાઓ તરફથી, કપડવંજ, શાંતસ્વભાવી પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી (સાગર સમુદાય) મ.ની પ્રેરણાથી.

૧૦૧ શાહ નટવરલાલ લલ્લુભાઈ, નડીયાદ, પૂ. ગણીશ્રી યશોભદ્રસાગરજી મ.ની પ્રેરણાથી.

૧૦૧ મેસર્સ અશ્વિનકુમાર પ્રતાપરાયની કું.,
હ. મહેતા પ્રતાપરાય માણેકચંદ. જામનગર,

૧૦૧ વીરપુર જૈનસંઘ હ. ભાઈલાલ ચંદુલાલ, વીરપુર, પૂ. બાલમુનિરાજશ્રી સિદ્ધસેનસાગરજીની પ્રેરણાથી.

રૂા.

૧૦૧ શ્રી ઋષભદેવ મોતીલાલ જૈનપેઢીના જ્ઞાનખાતામાંથી, રાજગઢ. સમેતશિખર તીર્થોદ્ધારિકા પૂ. સા. શ્રી રંજનશ્રીજી-મ.ના વિદુષી–તપસ્વિની સા. શ્રી ગુણોદયાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ સંઘવી રૂપચંદજી મીશ્રીમલજી, રાજગઢ શ્રી સિધ્ધગિરિજીના છ'રી' પાળતા પાવન યાત્રા સંઘ પ્રસંગે પૂ. સુશીલ-સાગરજીમ. ની પ્રેરણાથી.

૧૦૧ મહુવા જૈનસંઘ જ્ઞાનખાતામાંથી પદ્માતારા જૈન પેઢી, મહુવા, પૂ. સુશીલ સાગરજી મ.ના ઉપદેશથી તથા પૂ. અમીસાગરજી મ.ની પ્રેરણાથી.

૧૦૧ એક સદ્ગૃહસ્થ તરફથી વિદૂષી સા. શ્રી સુતારાશ્રીજી મ.ના ઉપદેશથી તથા પૂ. સા. શ્રી તત્ત્વરેખાશ્રીજી મ.ની પ્રેરણાથી ભાવનગર

## શ્રી આગમજ્યોતના પ્રકાશનમાં ભેટ આપનાર શ્રદ્ધાળુઓની નામાવલી

રૂા.

૨૭૦ પ્રતાપગઢ ના સુ શ્રાવકો તરફથી પૂ. અશોકસાગરજી મહારાજના ઉપદેશથી પ્રતાપગઢ (રાજ.)

૨૪૦ શ્રી ઓસવાલ જૈનસંઘના સદ્દગૃહસ્થો તરફથી જામનગર પૂ. વિદુષી સા. શ્રી મલયાશ્રીજી મ.ના ઉપદેશથી.

૨૪૦ આઘોઈ જૈનસંઘની શ્રાવિકાઓ તરફથી આઘોઈ, પૂ સરલ સ્વભાવી સાધ્વીશ્રી રત્નત્રયાશ્રીજી મ.ના ઉપદેશથી.

૬૧ સાઠંબા જૈનસંઘની શ્રાવિકાઓ તરફથી સાઠંબા, પૂ. વિદુષી સા. શ્રી પ્રગુણાશ્રીજી મ. (સાગર સમુદાય)ના ઉપદેશથી.

૬૦ 'ઊંઝા' જૈનસંઘ તરફથી ઊંઝા પૂ. ઉવતીદર્શનસાગરજી મ.ના ઉપદેશથી.

૫૧ શેઠ ધરમચંદ દીપચંદભાઈ, ટીંટોઈ, પૂ. ગણિશ્રી કંચનસાગરજી મ.ના ઉપદેશથી.

૫૧ જૈનસંઘ, લીંબડી, પૂ. સા. શ્રી ધૈર્યતાશ્રીજીના ઉપદેશથી તથા પૂ. સા. શ્રી સૂર્યકાન્તાશ્રીજીની પ્રેરણાથી.

૫૧ મોડાસા જૈનસંઘના જ્ઞાનખાતામાંથી હ રમણીકલાલ સાકરચંદ, મોડાસા, સ્વ. પૂ. પુષ્પાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રાગંજનાશ્રીજી તથા પૂ. કનકપ્રભાશ્રીજીના ઉપદેશથી.

૫૧ જોટાણા જૈનસંઘના જ્ઞાનખાતામાંથી, જોટાણા.

રૂા.

૫૧ દીપકનગર જૈન સોસાયટી, જૈનસંઘના જ્ઞાનખાતામાંથી, અમદાવાદ, શાંતસ્વભાવી તપસ્વીની પૂ. સાધ્વીશ્રી રેવતીશ્રીજી મ.ના ઉપદેશથી.

૫૧ જૈન મરચન્ટ સોસાયટી, અમદાવાદ, પૂ. સરસ્વતીશ્રીજી મ. (સાગર સમુદાય)ના ઉપદેશથી.

૫૧ શ્રી જૈન શ્વે. ધર્મોત્તેજક મંડળ, ઈન્દોર, પૂ. વયોવૃદ્ધ સા. શ્રી મનહરશ્રીજી મ.ના ઉપદેશથી.

૫૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી જામનગર.

૫૦ પારેખ ચુનીલાલ દુર્લભજીના ધર્મપત્નિ ચંદનબેન-જ્ઞાનખાતામાંથી ભાવનગર

૫૦ દાદાસાહેબ જૈનઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી ભાવનગર પૂ. વિદૂષી સા. શ્રી સુતારાશ્રીના મ.ના ઉપદેશથી હ. અજવાળીબેન

૪૮ પૂ. સાધ્વીશ્રી રત્નરેખાશ્રીજીની વડીદીક્ષા પ્રસંગે લુણાવાડા પધારેલ બહારગામના સદ્‌ગૃહસ્થો તરફથી, લુણાવાડા, પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીજી મ. (સાગર સમુદાય)ના ઉપદેશથી.

૩૦ ચંદુલાલ મગનલાલ શાહ, સાઠંબા, સંયુક્તાબેનની દીક્ષા નીમિત્તે.

૩૦ શાહ સુમતીલાલ મોહનલાલ જામનગર, પૂ. સુશીલસાગરજી મહારાજના ઉપદેશથી.

૨૫ શ્રી વીરવિજયજી જૈન ઉપાશ્રય, અમદાવાદ, પૂ. પંન્યાસજી મ.ના ઉપદેશથી.

રૂા.

૨૧ ગોલવાડ, નવો ઉપાશ્રય, અમદાવાદ, પૂ. સા. શ્રી પ્રભંજના-
શ્રીજી મ.ના ઉપદેશથી.

૧૫ શ્રી શાહ ખાતે, મુંબઈ.

૧૧ એક સદ્‌ગૃહસ્થ.

૧૦ શા. ચંપકલાલ ભોગીલાલ.

૧૦ શેઠ નરસિંહદાસ વખતચંદ, ધ્રાંગધ્રા.

તા. ક. :—સં. ૨૦૨૪ની સાલમાં કપડવંજ શહેરમાં પૂ. અભ્યુદય સાગરજી મહારાજની નિશ્રામાં ભવ્ય ઉપધાન તપની આરાધના થઈ હતી. તેઓશ્રીના ઉપદેશથી ૨૦૨૫ ના મા. સુ. ૬ના આંતરસુંબાનો પગપાળો સંઘ નીકળ્યો હતો ત્યાં પૂ. સાધુ તથા સાધ્વીઓને આગમજ્યોત પુસ્તક ભેટ આપવા માટે નામો નોંધાયા હતા તેની વિગત હવે પછી છપાશે. (પ્રકાશક)

૧૦૧ શ્રી કાન્તિલાલ સાંકળચંદ શામળાની પોળ, વચલો ખાંચો, અમદાવાદ પૂ. મુનિશ્રી ચંદ્રોદય વિજયજી મ. તથા પૂ. મુનિશ્રી દક્ષવિજયજી મ.ના સદુપદેશથી.

૧૦૧ સુશ્રાવક અશ્વિનકુમાર વિક્રમભાઈ દોશી તરફથી. (વીજાપુરવાળા)

૧૦૦ ડૉ. દીનકરભાઈ સાંકળચંદ દલાલ, કાળુશીની પોળ

૧૦૦ લવારની પોળના ઉપાશ્રય તરફથી, હ. કસ્તુરચંદ ચુનીલાલ

૫૧ જૈન મરચંટ સોસાયટી સંઘ, પૂજ્ય સરસ્વતીશ્રીજી મહા. રાજની પ્રેરણાથી.

૫૦ જૈન શ્વેતાંબર ધર્મોત્તેજક મહીલા મંડળ, મનહરશ્રીજી સાધ્વીજીની પ્રેરણાથી.

૧૫ પૂજ્ય યશોવિજયજી મહારાજની સૂચનાથી, શાહ ખાતે મુંબઈ



## હા....ર્દિ....ક....ક્ષ....મા....પ....ના

પૂ. આગમોદ્ધારકશ્રીના તાત્ત્વિક સાહિત્યને રુચિપૂર્ણ રીતે પ્રકાશન કરવાની ઉદાત્ત ભાવનાથી કરાતા આ સંપાદનમાં છદ્મસ્થ-સુલભ મતિમંદતા કે દૃષ્ટિદોષથી પૂ. આગમો૦ શ્રીના આશયથી અને જિનશાસનની સુવિહિતમાન્ય પરંપરાથી કંઈ પણ વિરુદ્ધ થયું હોય તો તે બદલ સંઘ સમક્ષ ત્રિકરણશુદ્ધિએ.

મિ....ચ્છા....મિ....દુ....ક્ક....ડં

આ પુસ્તક શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ માટે
શ્રી શક્તિ પ્રિન્ટરી, ઠક્કર પોપટલાલ ગોકળદાસ, ૬, સુરેન્દ્ર હાઉસ, ઘીકાંટા રોડ, અમદાવાદે છાપ્યું.

॥ श्री वर्धमान स्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળપ્રેરણાની ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન પ્રકાશન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो ॥

● ● ●

प्रकाशितं जिनानां यै-र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

● ● ●

गीतार्थाय जगज्जन्तु—परमानन्ददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

● ● ●

પ્રાકૃત–ગુજરાતી–મરાઠી–સંસ્કૃત–હિંદી–અંગ્રેજી ભાષામાં

卐 પૂ. શ્રી. આગમોદ્ધારક આચાર્યદેવની સ્તુતિ 卐

सिद्धददौ भाणुदंगे वरसुयभवणा શૈલતાગ્રાગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि पसरासाठीं केले सुयत्ना ।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकालमेंभी,
एसे श्रीसागरानंद मुनिपति जिन्हें

MOST GAIN ACCLOMATION

● ● ●

सम्यक् तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधमकम् ।
कान्तं दान्तं सदा शान्तं, गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

# સાગરનાં મોતી



* ગુણી જનો તરફ હાર્દિક બહુમાન જીવન ઉન્નતિનું અચૂક પગથીયું છે.

* દોષોનો ડંખ જીવનમાં ઉગે ત્યારે સમજવું કે અંતર જીવન શુદ્ધિને લાયક બની રહ્યું છે.

* પોતાની જાતના વખાણ કરવાની વૃત્તિ અંતરની આત્મ શક્તિઓની સાચી સમજણની ખામી સૂચવે છે.

* આપણી જાતનો વિચાર અંતરમાં વિવેકની ગેરહાજરી સૂચવે છે.

* ત્યાગની ભાવનાના પગથારે ચઢયા વિના આત્મ શુદ્ધિના માર્ગ પર આવી શકાતું નથી.

* મૃત્યુનો ભય જિનશાસનની સાચી આરાધનાની ખામી જણાવે છે.

* વિચારોની ગંભીરતા કેળવાય તો શુદ્ધ પદાર્થોનો વ્યામોહ બહુ લાંબો કાળ ટકી ન શકે.

* જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉદ્યમ જેટલો હોય છે, તે કરતાં વધુ જ્ઞાનને પરિણત કરવા તરફ લક્ષ્ય આપવાની જરૂર છે.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧